વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/-

વર્ષ : ૪૨મું
ઓક્ટોબર - ૨૦૧૭
અંક : ૪૭૩




શ્રી કચ્છી જૈન સેવા સમાજ

# મંગલ મંદિર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર

## દીપોત્સવી અંક
### કચ્છની વર્તમાન વિભૂતિઓ




: મુખ્ય કાર્યાલય :
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન (કોડાય-સુપ્રીમવાલા)
શ્રી કચ્છી જૈન ભવન
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬
ફોન : (079) 2657 8892, 2658 1501, 2657 9469 ફેક્સ : (079) 2658 2060
Email : kutchijainamd@gmail.com • Website : www.kutchijainahd.org

# 'નવનીત'નાં જનરલ નોલેજ માટેનાં શ્રેષ્ઠ પ્રકાશનો

શૈક્ષણિક, વૈજ્ઞાનિક, વ્યાપારિક, રાજકીય, માનવીય, શારીરિક, માનસિક, બૌદ્ધિક, વ્યાવસાયિક, સ્વાસ્થ્યલક્ષી, વાસ્તુલક્ષી, ખેચર-ભૂચર-જળચર, પશુ-પંખી-જીવ-જંતુ-કીટાણુ, વાનસ્પતિક, જૈવિક, ભૌગોલિક, ખગોલીય, બ્રહ્માંડીય / વૈશ્વિક – તમામ વિષયો માટે 'ગાગરમાં સાગર' સમાં ને જ્ઞાનના ખજાના જેવાં આ પ્રકાશનો દરેક ઘરમાં અવશ્ય હોવાં જ જોઈએ. આજે જ વસાવી લેશો. આબાલ-વૃદ્ધ સૌ માટે આ પ્રકાશનો ખૂબ જ ઉપયોગી નીવડશે!

દરેક બુકસેલરને ત્યાં મળે છે.




NAVNEET®
Knowledge is wealth

**NAVNEET EDUCATION LIMITED**


**Correspondence Address :** Navneet House, Gurukul Road, Memnagar, Ahmedabad – 380 052, India.
**Phone :** (079) 6630 5000 • 6630 5001, 2745 1000 • **Fax :** (079) 6630 5011, 2748 8000
**e-mail :** navneet.ahd@Navneet.com • **Website :** www.navneet.com

# Available on HIRE

- Gas Engine Driven Generators
  Range : 50 KVA to 10 Mega Watts
- Gas Engine Driven Gas Compressors
  Range : 10 HP to 8000 HP
- Oil & Gas Processing Equipments Readily Available
- Work Over Rig 100 Ton, 50 Ton & 30 Ton Capacity
- 120 kg/cm2 Air Compressors

# We Provide

- Complete equipment Readily Available
- Spare Parts
- Operation & Maintenance
- Engineering Consultancy



**Corporate Office :**

**Deep Industries Limited**

6th Floor, N.G. Tower, Opp. Fun Republic Cinema,
S.G. Highway, Ahmedabad - 380 015.
Tel # 91-79-26862076/78
Fax # 91-79-26862077

**Registered Office :**

**Deep Industries Limited**

Opp. Suryanarayan Bunglows,
State Highway, Motera,
Dist. Gandhinagar.
Phone # 91-79-27571128
Fax # 91-79-27502464
Email info@deepindustries.com

Certified ISO 9001 2000 by BVQi UKAS QUALITY MANAGEMENT

AN ISO 9001 - 2000 COMPANY

ભાગ્ય વિધાતા
અમ જીવનનાં ઘડવૈયા
સ્વ. તા. ૩૦-૧૦-૨૦૧૫

# શ્રી મણીલાલ કુંવરજી ગોસર

નથી હયાત તમે પણ સાથે છો એવું હમેશાં લાગ્યા કરશે.....
હરક્ષણે તમારી ઉપસ્થિતિનો આભાસ થયા કરશે
ક્યારેક કહેવાયેલી વાતોનાં ભણકારા થયા કરશે
યાદમાં તમારા પરોક્ષ દર્શન થયા કરશે દુઃખનું ઓસડ દહાડા એમ ભલે કહેવાય છે
સ્વજનની વિદાયનાં ઘાવ કયાં રૂઝાય છે, મીઠા આવકારથી સહુને પોતીકા લાગતા એવા
આપની મધુર યાદ આવતાં અમારી આંખો ભીની થયા વિનાં રહેતી નથી.

## માનવતાના મસીહા મુઠ્ઠી ઊંચેરા માનવી



કચ્છ ગોધરા

અમદાવાદ

પ્રાપ્ત આયુષ્ય ખંડને અજવાળી ગયેલા આપના પુનિત આત્માને સત્વરે
પરમ પદની પ્રાપ્તિ થાઓ એવી અરિહંત પ્રભુને પ્રાર્થના સાથે આપને અંતરભીની

## શ્રધ્ધાંજલિ અર્પણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| પુત્ર | : મનીષ મણીલાલ ગોસર | ગોધરા | દોહિત્ર | : પિનાંક કિશોર છેડા | પુનડી |
| પુત્રવધુ | : સ્વીટી મનીષ ગોસર | ગોધરા | દોહિત્રવધુ | : નેહા પિનાંક છેડા | પુનડી |
| પૌત્ર | : હેતાંશ મનીષ ગોસર | ગોધરા | દોહિત્રી | : ટિવન્કલ કિશોર છેડા | પુનડી |
| પુત્રી | : ભાવના કિશોર છેડા | પુનડી | બેન | : અમૃત ઉર્ફે ભારતી અમૃતલાલ ગડા | મોટા આસંબિઆ |
| જમાઈ | : કિશોર કુંવરજી છેડા | પુનડી | બનેવી | : અમૃતલાલ પ્રેમજી ગડા | મોટા આસંબિઆ |

છેલ્લા ૪૧ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર

**"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧
ફેક્સ : (૦૭૯) ૨૬૫૮૨૦૬૦
ઈ-મેઈલ : kutchijainamd@gmail.com
વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રી**
પ્રતાપ નારાણજી દંડ

*અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.*

## લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

***– મુખ્યતંત્રી***

# અનુક્રમણિકા

**તંત્રી લેખ :**
- શીખવા માગીએ તો જાપાન પાસેથી ઘણું શીખવા જેવું છે ..... ૭
- આગામી કાર્યક્રમોની એક ઝલક ..... ૧૨

**લેખ વિભાગ**
- પર્વોની મહારાણી : દીપોત્સવી ..... **કમલેશ ચાવડા** ..... ૯

**પ્રતિભા પર્વ : કચ્છની વર્તમાન પ્રતિભાઓ**
- કચ્છમાં પ્રતિભા માટે વધતી તકો ..... **હરેશ ધોળકિયા** ..... ૧૩
- કચ્છની વર્તમાન સંગીત પ્રતિભાઓ ..... **નિરુપમ છાયા** ..... ૧૬
- કચ્છના પરંપરાગત લોકવાદ્ય સંગીતની પ્રતિભાઓ ..... **ઉમેશ પી. જડિયા** ..... ૧૮
- કચ્છની વર્તમાન નાટ્ય પ્રતિભાઓ ..... **ગૌતમ જોષી** ..... ૨૧
- કચ્છની વર્તમાન શૈક્ષણિક પ્રતિભાઓ ..... **દિવ્યેશ વૈદ્ય** ..... ૨૩
- કચ્છમાં વર્તમાન ગુજરાતી પદ્ય સર્જકો ..... **ડૉ. પલ્લવી કે. શાહ** ..... ૨૭
- કચ્છના સાંપ્રત ગદ્ય સર્જકો ..... **દર્શના ધોળકિયા** ..... ૨૯
- કચ્છના વર્તમાન સંશોધકો ..... **નરેશ અંતાણી** ..... ૩૧
- કચ્છમાં કૃષિ ક્ષેત્રે પ્રતિભાઓ ..... **માવજી એલ. બારૈયા** ..... ૩૪
- કચ્છની વર્તમાન મહિલા પ્રતિભાઓ ..... **પૂજા કશ્યપ** ..... ૩૮
- શિક્ષણધર્મી કવિ, સર્જક : રવિ પેથાણી 'તિમિર' ..... **ડૉ. કાંતિ ગોર 'કારણ'** ..... ૪૩
- શ્રી કનકસિંહ ગોકુલદાસભા અને ખીમજી રામદાસ ..... **નારાયણ શનિશ્વરા** ..... ૪૪

**કચ્છની રસધાર**
- ગૌધનની વહારે ..... **દુલેરાય કારાણી** ..... ૪૫

**કચ્છી કથા**
- મહાસતી મૂમલ ..... **સ્વામી સચ્ચિદાનંદ** ..... ૪૭

**ધારાવાહિક નવલકથા**
- છોરાંવછોઈ – (૧૨)
  પતિને દારૂ છોડાવવા પ્રેમિકા બની ..... **હંસરાજ સાંખલા** ..... ૪૯

**વાર્તા**
- ટેરવાંનો સ્પર્શ ..... **અજય સોની** ..... ૫૨
- પાણીનો અવાજ ..... **રાજેશ અંતાણી** ..... ૫૬
- કાકાની નિશાની ..... **માવજી મહેશ્વરી** ..... ૫૯

**નિબંધ**
- કોણે કહ્યું, વીતેલો સમય પાછો આવતો નથી? ..... **ધીરેન્દ્ર મહેતા** ..... ૬૨
- આ કોઈ ખાસ પર્વની જ્ઞાનવાર્તા નથી ..... **રતિલાલ 'અનિલ'** ..... ૬૪

**સત્ય કથા**
- માલબાઈના રતિયાનું હોઠવાજું ..... **ભાનુબેન એમ. સાવલા** ..... ૬૬

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના

**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
ઘર : ૦૭૯- ૨૬૪૦૫૦૪૭ મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ
ઘર : ૨૬૪૪ ૬૪૧૩, ઓ. ૨૬૪૦ ૧૧૫૦
મો. ૯૮૨૫૦ ૩૧૫૨૮

**ઉપપ્રમુખ-૨**
શ્રી શાંતિલાલ મુળજી સાવલા
ઘર : (૦૨૭૧૭) ૨૩૪૪૫૫ મો. ૯૮૨૫૦ ૪૮૬૪૫

**માનદ્ મંત્રી**
શ્રી કાંતિલાલ રામજી શાહ
ઘર : ૨૬૪૨૩૮૯૫, ઓ. : ૨૫૮૯૪૫૫૬/૨૫૮૩૩૯૮૯
મો. ૯૩૨૮૦ ૦૧૧૪૦

**સહમંત્રી**
શ્રી હસમુખ બાબુભાઈ શાહ (ખાંડવાલા)
ઘર : ૨૬૬૦૩૪૫૮, ઓ. : ૨૬૬૦૫૪૫૩
મો. ૯૮૨૫૦ ૪૦૬૬૬

**ખજાનચી**
શ્રી ચંદ્રકાંત દામજી શાહ
ઘર : ૨૬૬૦૫૨૨૫

**સહ ખજાનચી**
શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર
ઘર : ૨૬૬૫૦૨૯૯, મો. ૯૪૨૮૩ ૫૧૩૭૦

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪.
ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે,
સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા,
અમદાવાદ-૩૮૦ ૦૨૨. ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

**'મંગલ મંદિર'ના અંકો સમાજની વેબસાઈટ**
**www.kutchijainahd.org**
**ઉપર... *ઉપરાંત*....**
**www.hellokutchis.com**
**ઉપર વાંચી શકાય છે.**

### મંથન

● આ દિવાળી વેકેશનને યાદગાર કેમ બનાવશો? .......................... **ડૉ. મિહિર એમ. વોરા** ..... ૬૯

### ચિંતન

● અપરાધની તીવ્ર લાગણી .......................... **ફાધર વર્ગીસ પોલ** ..... ૭૦

### સમાજ ચિંતન

● સંબંધોના સથવારે : જીવન એક પતંગ .......................... **ઇલા કે. શાહ** ..... ૭૨

### સંવેદન

● અનેકાંત .......................... **મયૂર દેઢિયા** ..... ૭૪

### રેખા ચિત્ર

● પગમેં ભમરી
– મારી સહિયરો – પરમા અને ભરમા .......................... **લીલાધર માણેક ગડા** ..... ૭૬

### સ્વાસ્થ્ય

● મારા દીકરાને ભણવાનું મન થતું નથી .......................... **ડૉ. મણિલાલ ગડા, ડૉ. દિપ્તી શાહ** ..... ૭૯
● પિત્તાશયમાં થતી પથરી અને તેની સારવાર .......................... **ડૉ. તપન શાહ** ..... ૮૧

### પ્રદેશ

● કામણગારું કચ્છ : ભુજની ભવ્યતા .......................... **દિનેશચંદ્ર જગજીવન શાહ** ..... ૮૨

### કચ્છી ભાષાની પ્રસાદી

● મામઈ દેવજી વાણી
– જડે મેઘો થીંધો રા, તડે મડઈ થીંધી મસાણ .......................... **મુકુંદ કે. મહેતા 'અલ્પ'** ..... ૮૩

### નિયમિત વિભાગો

● બાલુડેં જ્યું ગાલિયું .......................... **ગુલાબચંદ ધારશી રાંભિયા** ..... ૮૪
● આંજો કાગર .......................... ૮૫
● અન્ય સંસ્થાના સમાચાર .......................... ૮૬
● *Nano Nine* શબ્દ રમત-૧૩૩ .......................... **સંકલન : રજનીકાંત પારેખ** ..... ૮૭
● *Nano Nine Sudoko* (ક્રમાંક : ૧૦૯૦) .......................... **સંકલન : રજનીકાંત પારેખ** ..... ૮૯
● જાણવા જેવું .......................... **સંકલન : રજનીકાંત પારેખ** ..... ૯૦
● વલોવતન .......................... **સંકલન : દિનેશચંદ્ર જગજીવન શાહ** ..... ૯૧
● સમાજ દર્પણ .......................... ૯૩
● સંસ્થા સમાચાર .......................... ૯૪
● ઊડતી નજરે .......................... ૧૦૦

Printed & Published by : **Mr. Pratap Dand,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**. Printed at **Vinayak Offset,** Dudheshwar, Ahmedabad. Published at **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. Editor : **Mr. Pratap Dand ● Yearly Subscription : Rs.150/-**

## તંત્રી લેખ

# શીખવા માગીએ તો જાપાન પાસેથી ઘણું શીખવા જેવું છે

જાપાન પાસેથી ભારતે ઘણું બધું શીખવા જેવું છે. વડાપ્રધાન શિન્ઝો ઍબે અને એમનાં ધર્મપત્ની અકીએ અમદાવાદના જનદર્શન દરમિયાન શુદ્ધ ભારતીય પરિધાનમાં દેખાવાનું પસંદ કર્યું તે શું સૂચવે છે? સામેના માણસનો જ ખ્યાલ કરવો એ માનવતામાં માનનારી કોઈ પણ વ્યક્તિ કે વ્યક્તિ વિશેષની પ્રાયોરિટી હોવી જોઈએ. બોલીને નહીં પણ આચરણમાં મૂકીને જાપાનના વડાપ્રધાને આ મુદ્દો ઉજાગર કર્યો. એમની નમસ્કાર પદ્ધતિ પણ વિશેષ છે. ભેટવા કરતાં છેક કમ્મર સુધી ઝૂકી જઈને નમન કરવાની જાપાનની વિવેકી શૈલી આપણા પક્ષે એમને આવકારતી વેળાએ અપનાવાઈ હોત તો બેઉ મહેમાનો રાજીનાં રેડ થઈ ગયાં હોત. જાપાનને પોતાના દેશ જેટલું જ મહેમાન રાષ્ટ્ર માટે માન છે એ તો એમના વાયુયાન પર ફરકતા બે રાષ્ટ્રધ્વજ જોઈને જ સમજી શકાય. મોરારિ બાપુ ગયે વર્ષે જાપાનના ક્યોટો નગરમાં રામકથા કરવા ગયા ત્યારે કથાના હૉલના દરવાજે બેઉ દેશોના રાષ્ટ્રધ્વજ ફરકાવેલા. આ દોસ્તી આજકાલની નથી. આપણે બુદ્ધ પેદા કરી શકીએ છીએ પણ બુદ્ધને જીરવી શકતા નથી. બુદ્ધને જાપાને જીરવી અને જોગવી જાણ્યા છે. મહાત્મા ગાંધીની કર્મભૂમિ સાબરમતી આશ્રમ ખાતે ત્રણ વાંદરાની પ્રતિકૃતિ નિહાળી વિચારમગ્ન થઈ ગયેલા જાપાનના વડાપ્રધાને મુલાકાતપોથીમાં જે કંઈ લખ્યું તે જાપાનીઝ ભાષા અને લિપિમાં. આપણા નેતાઓ જેવું આવડે એવું કાચું પાકું અંગ્રેજી જ લખે - બીજા દેશમાં જઈને પોતાની ભાષામાં વાત કરતાં પણ સંકોચ અનુભવે. યોગાનુયોગ જાપાનીઝ વડાપ્રધાને આપણા વડાપ્રધાન સાથે મળી હિન્દી દિવસ - ૧૪ સપ્ટેમ્બરના રોજ અનેક પ્રોજેક્ટ ખુલ્લા મૂક્યા છે, પરંતુ આપણને આપણી ભાષાનું અભિમાન નથી. આખો કાર્યક્રમ અંગ્રેજીમાં જ સંપન્ન થાય એવું આયોજન આપણા બ્યુરોક્રેટ્સ કરી ચૂક્યા હોય અને નેતાઓએ તો એમનો રોલ ભજવી દેવાનો હોય. આશ્ચર્ય છે કે જાપાનના લોકો અંગ્રેજી બહુ ઓછું જાણે છે, છતાં દુનિયામાં ટેકનોલૉજી ક્ષેત્રે એમનો દબદબો છે. મૂળ કારણ છે પ્રજામાં અનુસ્યૂત રાષ્ટ્રપ્રેમ. પોતાના દેશની અસ્મિતા અને સંસ્કૃતિને અકબંધ રાખી બાકીની દુનિયા સાથે શ્રેષ્ઠ વ્યવહાર કરવાનું તો કોઈ જાપાન પાસેથી શીખે. વિનમ્રતા એના એકે એક નાગરિકનો સ્થાયી ભાવ. જ્યારે જુઓ ત્યારે જાપાનીઝ નરનારીઓના ચહેરા પર નિર્મળ હાસ્ય જ વિલસતું હોય. એક પણ એવો જાપાનીઝ નહીં મળે જેનો ચહેરો કરડાકીવાળો હોય. આ ત્યાંની પ્રજાને છેક ગળથૂથીમાંથી અપાતા સંસ્કારોનો પ્રતાપ છે. જાપાનમાં આપણી જેમ બાળકને જલદી જલદી ભણાવી દઈ પોપટ બનાવી દેવાની ઘેલછા નથી પ્રવેશી. એ લોકો તો દસ વર્ષનું થાય ત્યાં સુધી બાળકને વિનયવિવેકના સંસ્કાર જ શીખવે છે. ત્યાંની શાળા-મહાશાળા કે યુનિવર્સિટી અમેરિકા કે યુરોપની શિક્ષણ સંસ્થાઓનું આપણી જેમ આંધળું અનુકરણ નથી કરતી. એમની પોતીકી શૈલી મુજબની આગવી શિક્ષણ શૈલી વિકસાવીને જાપાને નોબેલ વિજેતાઓ પેદા કર્યા છે. ત્યાં ભ્રષ્ટાચારની ગંધ આવતાંની સાથે ભ્રષ્ટાચારી હારાકીરી કરીને પોતાની જાતને જ સજા કરી દે છે. ભારત પ્રત્યે હંમેશ માટે ઋણભાવ પ્રદર્શિત કરતા રહેતા જાપાને આપણને બુદ્ધના વારસદારો ગણી લીધા છે. પરંતુ બુદ્ધને પચાવ્યા છે જાપાને. યુદ્ધની દારુણ વિભીષિકાનો કારમો અનુભવ વેઠ્યા પછી જાપાન વિશ્વશાંતિના અગ્રદૂત તરીકે વિશ્વ પટલ પર સ્થાપિત થયું છે. વસતિ વધારાની જે સમસ્યા ભારત કે ચીનને નડે છે, એથી તદ્દન ઊલટી સ્થિતિ જાપાનની છે. ત્યાં મોટી ઉંમર સુધી લોકો લગ્ન જ નથી કરતા બલકે એમને પોતાના કામમાં એટલી હદે ખૂંપી જવાની આદત પડી ગઈ છે કે લગ્ન કરવાની ઉંમર વીતી જાય ત્યાં સુધી

પરણવાનું યાદ જ નથી આવતું. એથી જાપાન દિનપ્રતિદિન 'વૃદ્ધ દેશ' બની રહ્યો છે. ત્યાં ૧૦૦ વર્ષ વટાવી ચૂકેલા વડીલો પણ કાર્યરત હોય છે. આપણે જાપાન પાસેથી બુલેટ ટ્રેન કે અલંગ માટે સૉફ્ટ લોન લઇને સંતોષ માનશું કે એના સદ્ગુણો - મંગલમય જીવનશૈલી જેવું પણ કંઈક શીખીશું?

## વાદા નિભાઓગે - સાયોનારા!

ભારતના પ્રથમ વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરુને જાપાનના વડાપ્રધાને બહુ જ ભાવભીની અંજલી આપીને ખાનદાની કોને કહેવાય એનું દૃષ્ટાંત પેશ કર્યું છે. શિન્ઝો અબેના નાના જ્યારે ખુવાર થયેલા જાપાનના વડાપ્રધાન તરીકે ભારત આવેલા ત્યારે પંડિત નહેરુએ એમને ઉમળકાભેર આવકારી જાપાનના નવસર્જન માટે પ્રોત્સાહિત કર્યા હતા. જાપાનનાં ભૂલકાં માટે ભેટ મોકલાવેલી હાથણીનું નામ પણ 'ઇંદિરા' રાખ્યું હતું. આ બધા ઉપકાર જાપાન ભૂલ્યું નથી. એટલે એ ભારતની પ્રગતિમાં કે કસોટીકાળમાં એક સાચા મિત્ર તરીકે ભારતની સાથે રહેવા ઉત્સુક છે. અલબત્ત આ ઘટના વર્તમાન શાસન દરમિયાન ઘટી રહી છે. જાપાન સાથેના મીઠા સંબંધોનાં મૂળ તો બોધિસત્ત્વના સમય જેટલાં ઊંડાં છે અને યુગે યુગે જાપાન ભારતને ગુરુસ્થાને ગણી એનો આદર કરતું રહ્યું છે. ગુજરાતના મુખ્યમંત્રી પદે હતા ત્યારે માધવસિંહ સોલંકી પણ જાપાનની મુલાકાતે ગયા હતા. ગાંધીનગર ખાતે જે વિશિષ્ટ સ્થાપત્ય ધરાવતું મુખ્યમંત્રીશ્રીનું નિવાસ સ્થાન છે એની ડિઝાઇન માધવસિંહભાઈ જાપાનથી લઈ આવ્યા હતા. 'લવ ઇન ટોકિયો' જેવી રોમાન્ટિક ફિલ્મનાં નાયિકા ગરવાં ગુજરાતણ આશા પારેખ હતાં. 'લે ગઈ દિલ મેરા ગુડિયા જાપાન કી' કે 'સાયોનારા, સાયોનારા — વાદા નિભાઊંગી સાયોનારા' જેવાં લોકજીભે ચડી ગયેલાં ગીતો હજી પણ એવાં ને એવાં તરોતાજા લાગે છે. આપણા પ્રસિદ્ધ રામાયણી સંત મોરારિબાપુને જાપાનમાં ફરી ફરીને કથા કરવાનાં નિમંત્રણો મળતાં રહ્યાં છે. જાપાનના સમ્રાટ ઓકીહીતો તદ્દન સાદાઈથી રહે છે. પોતાને સમ્રાટ તરીકે મળનારી સુવિધાઓ અને સમ્રાટનો હોદ્દો સુધ્ધાં છોડી 'કૉમન મૅન' તરીકે જીવવા માંગતા આ મહાન રાજવીને સન્માનવા તત્કાલીન વડાપ્રધાન ડૉ. મનમોહનસિંહ પણ પ્રસ્થાપિત પ્રોટોકોલ તોડી રૂબરૂ ઍરપોર્ટ પર પહોંચી ગયા હતા. વડાપ્રધાન મોદીએ એ પરંપરા જાળવીને વડાપ્રધાન શિન્ઝો અબેને ભરપૂર સાચવ્યા છે. બદલામાં જાપાન પાસેથી ભારતને બીજા કોઈ દેશ પાસેથી નહીં મળી હોય એવી નજીવા દરની અબજો રૂપિયાની લોન મળી છે. ચીનની દાદાગીરી સામે જાપાન સાથેનું ભારતનું કૂટનીતિક જોડાણ શિન્ઝો અબેના પ્રવચનમાં વ્યક્ત થયેલ ''જય''ની આલબેલ બની રહે એવી અપેક્ષા સાથે અબે દંપતીને સાયોનારા!

★

'મંગલ મંદિર'ના દીપોત્સવી અંકની થીમ તરીક વિદ્વદ્વર્ય ડૉ. હરેશભાઇ ધોળકિયાના માર્ગદર્શન અને અતિથિ સંપાદક પદે વિવિધ વર્તમાન કચ્છની પ્રતિભાઓ વિશેના વિવિધ વિદ્વાનોના લેખો સાંપડ્યા છે. તંત્રી સ્થાનેથી હું એ તમામનો ઋણ સ્વીકાર કરું છું. ગુજરાતને લોકમાતા નર્મદાની ભેટ મળી એનો આનંદ વ્યક્ત કરી સૌ વાચકોને શુભ દીપાવલી અને નૂતન વર્ષાભિનંદન પાઠવું છું. ■

*વિક્રમ સંવત ૨૦૭૩ના વર્ષને અંતરથી અલવિદા....*

*વિક્રમ સંવત ૨૦૭૪ના વર્ષને મંગલમય આવકાર.*

**નૂતન વર્ષ સર્વે પરિવારજનોને લાભદાયી, ફળદાયી નીવડે એવી શુભેચ્છાઓ.**

# પર્વોની મહારાણી : દીપોત્સવી

કમલેશ ચાવડા

દીપોત્સવી પર્વ આપણા ભારત દેશમાં છેલ્લાં બે હજાર વર્ષોથી પ્રકાશ અને પ્રગતિના સોપાનરૂપે ઊજવાતું રહ્યું છે.

'અસતોમા સદ્‌ગમય, તમસો મા જ્યોતિર્ગમય' અર્થાત્ અસત્યથી સત્ય તરફ અને અંધકારમાંથી પ્રકાશ તરફ લઇ જનારું પર્વ એટલે દિવાળી. જેમ ઋતુઓની રાણી વર્ષા તેમ તહેવારોનો રાજા એટલે દિવાળી. આબાલવૃદ્ધ સૌ કોઇ દિવાળીનો અવસર પરસ્પરના સાથ-સહકારથી આનંદિત થઈને ઊજવે છે. 'દિવાળી' એ મૂળ શબ્દ 'દીપમાળા' કે 'દીવડાની હારમાળા' પરથી બન્યો છે. માટે જ ભારતીય સંસ્કૃતિમાં તેનું ખૂબ જ મહત્ત્વ છે. પર્વના આ દિવસોમાં દીપમાળા પ્રગટાવીને આપણે ભારતીય સંસ્કૃતિને સજાવીએ છીએ. 'દિવાળી' એટલે તેજ કે પ્રકાશ અને આ પ્રકાશનું પ્રતીક એ દીપક છે. આ દીવો માત્ર અજવાળું આપતો દીવો નથી પરંતુ અંધકાર પર પ્રકાશના, અજ્ઞાન પર જ્ઞાનના અને આસુરીવૃત્તિ પર દૈવી સદ્‌વૃત્તિના વિજયનું પ્રતીક છે. પ્રાચીનકાળથી અંધકારમય જીવનને ઝળાંહળાં કરી દેતો દીપક સ્વયં બળીને બીજાને પ્રકાશ આપવાનો મહિમા ધરાવે છે. માટે જ દીપકને અંધકાર દૂર કરનાર પ્રકાશનું ચેતનવંતું પ્રતીક કહ્યો છે.

શ્રી રામ ચૌદ વર્ષનો વનવાસ ભોગવીને લંકા પર વિજય હાંસલ કરી સીતાજી સહિત અયોધ્યા પાછા ફર્યા હતા. ત્યારે ઉત્સાહ પ્રગટ કરવા અયોધ્યાવાસીઓએ દીપમાળા પ્રગટાવી હતી અને ત્યારથી આ દિવાળીનો તહેવાર ઊજવાય છએ. આવી કેટલીયે બીજી દંતકથાઓ દીપોત્સવી તહેવાર સાથે સંકળાયેલી છે.

દિવાળી એ હિંદુઓનો સૌથી મહત્ત્વનો તહેવાર છે. આમ છતાં આ તહેવાર માત્ર હિંદુ ધર્મનો જ નથી કે માત્ર ભારત પૂરતો સીમિત નથી. દુનિયાના ઘણા દેશો અને જુદા જુદા ધર્મોના લોકો આ તહેવાર ધામધૂમથી ઊજવે છે. દીપોત્સવી પર્વ એ માત્ર એક દિવસ માટે ઊજવાતું પર્વ નથી. ગુજરાતમાં તો આસો વદ અગિયારસ - રમા એકાદશીથી કારતક સુદ પાંચમ - લાભ પાંચમ સુધી દીપોત્સવીના ઉત્સવો ચાલે છે. રમા એકાદશી, વાઘ બારસ, ધનતેરસ, કાળી ચૌદસ, દિવાળી, બેસતું વર્ષ, ભાઈબીજ, લાભપાંચમ એમ સતત ઉત્સવની હારમાળા ઊજવાય છે. વિજયા દશમીથી વીસ દિવસ પછી આવતું તહેવારોની હારમાળા સમાન દીપોત્સવી પર્વ માત્ર ગુજરાતી પ્રજામાં જ નહીં, સમગ્ર ભારતીય સમાજમાં અદ્‌ભુત સ્થાન પામ્યું છે. મુખ્યત્વે હિંદુઓના છતાં હવે સર્વકોમના લોકો સ્નેહ, સંપ અને શાંતિથી દીપાવલીના તહેવારો ઊજવે છે.

દીપોત્સવી તહેવારો વિક્રમ સંવતના સર્વ ઉત્સવો કરતાં મોટા તહેવારો છે. આ પર્વના બધા દિવસો ખૂબ ખૂબ શુભ ગણાતા મહત્ત્વના દિવસો છે, જેને વિક્રમ સંવતની તિથિ પ્રમાણે જોઈએ.

- **દીપાવલી પર્વનું ઝૂમખું :**

| *તિથિ* | *ઉત્સવો* |
|---|---|
| આસો વદ અગિયારસ | રમા (ભાગવત) એકાદશી |
| આસો વદ બારસ | વાઘ (વાણી) બારસ |
| આસો વદ તેરસ | ધનતેરસ |
| આસો વદ ચૌદસ | કાળી ચૌદસ |
| આસો વદ અમાસ | દીપાવલી - દીપોત્સવી |
| કારતક સુદ એકમ | નૂતનવર્ષ |
| કારતક સુદ બીજ | ભાઈબીજ - યમદ્વિતીયા |
| કારતક સુદ પાંચમ | લાભપાંચમ |

- **રમા એકાદશી - ભાગવત અગિયારસ :**

આસો વદ અગિયારસને રમા એકાદશી કહેવામાં આવે છે. આ દિવસથી દીપોત્સવીના શુભ પર્વની શરૂઆત થાય છે, જે 'ભાગવત એકાદશી'ના નામથી પણ ઓળખાય છે. આ દિવસે ઉપવાસ, વ્રત ને તપ કરવાનું માહાત્મ્ય છે. અગિયારસ એટલે ઇન્દ્રિયોને વશમાં રાખવાનું એક પર્વ. આમ દિવાળીના પર્વનો પ્રારંભ સંયમથી થાય છે.

- **વાઘ (વાણી) બારસ - ગોવત્સ દ્વાદશી**

આસો વદ બારસના દિવસને 'વાઘ બારસ' તરીકે ઉજવવામાં આવે છે. 'વાઘ બારસ' એટલે ગોવત્સ દ્વાદશી. આ દિવસે ગાય, બળદ, વાછરડાં વગેરેની પૂજા કરવામાં આવે છે. ઘરના આંગણાના સાફ કરી વાઘનાં ચિત્રોથી તેને શણગારવામાં આવે છે.

સંસ્કૃત શબ્દ 'વાક્'નો ગુજરાતી અર્થ 'વાણી' થાય છે. આથી આ દિવસને વાણી બારસ પણ કહેવામાં આવે છે. બાર મહિના કેવી વાણી વાપરી તેનું આ દિવસે નામું લખવું જોઈએ.

સારી કે નરસી વાણી બોલીને આખું વર્ષ બગાડ્યું કે સુધાર્યું તે જોવાનો દિવસ એટલે વાઘ (વાણી) બારસ - 'વાગદ્વાદશી.'

ધાર્મિક ગ્રંથોના ઉલ્લેખ પ્રમાણે જગતજનની અંબામા આસો વદ બારસના પવિત્ર દિવસે વાઘના વાહન ઉપર બિરાજમાન થયાં હતાં. આ સમયે સમગ્ર દેવી-દેવતાઓએ આકાશમાંથી પુષ્પવૃષ્ટિ કરી હતી. અંબામાનું આ સ્વરૂપ 'વાઘેશ્વરી' તરીકે ઓળખાય છે. અંબામાએ જે પવિત્ર દિવસથી વાઘનું વાહન ગ્રહણ કર્યું તે દિવસ વાઘબારસ તરીકે ઊજવાય છે. ગુજરાતમાં આવેલાં અંબામાનાં મંદિરોમાં અદ્‌ભુત શણગાર રચવામાં આવે છે. ગુજરાતના લોકોમાં આ દિવસે 'વાઘેશ્વરી'ના દર્શનનું ધાર્મિક માહાત્મ્ય છે.

- **ધનતેરસ - લક્ષ્મી પૂજન :**

આસો વદ તેરસના દિવસને 'ધનતેરસ' તરીકે ઊજવવામાં આવે છે. આ દિવસે લક્ષ્મીપૂજન અને શારદાપૂજન કરવામાં આવે છે. દીપાવલીની ઉજવણીનો ખરો ઉત્સાહ ધનતેરસથી ઘરઘરમાં જોવા મળે છે. વાઘબારસની રાતથી જ ઘરના આંગણે રંગોળી પૂરાય છે અને ઘર, દુકાન કે ઑફિસો દીપકના પ્રકાશપુંજથી ઝગમગી ઊઠે છે. વ્યાપારી પેઢીઓ અને ઘરોમાં લક્ષ્મીજીનું સ્થાપન કરી શુભ મુહૂર્તમાં પૂજન કરવામાં આવે છે.

લક્ષ્મીપૂજન એટલે નીતિમત્તાવાળું ધન મેળવવું, તેની પૂજા કરવી. પેઢી દરપેઢીથી ચાલી આવતી પૂજનની પરંપરામાં પુષ્ય નક્ષત્ર અથવા તો ધનતેરસે શુકનરૂપે ખરીદવામાં આવેલા ચાંદીના સિક્કાઓ અને જૂના, પરંપરાગત દાગીનાઓ ધરીને તેનું પણ પૂજન કરવામાં આવે છે. ધનતેરસને દિવસે ગાયોને શણગારવામાં આવે છે. ધનતેરસે લોકો ઘરમાં લક્ષ્મીનો નિવાસ રહે તે માટે સંપૂર્ણ સ્વચ્છતા જાળવવા ઉપરાંત રોશનીનો ઝળહળાટ કરે છે. મોડી રાત સુધી ઘરની બહાર રંગોળીઓ સજાવવામાં આવે છે. ઘરને આસોપાલવના તોરણથી શોભાવવામાં આવે છે. આ દિવસે પરિવારના સભ્યો અને સ્નેહીજનો એકઠાં મળી લક્ષ્મીપૂજન કરવા સાથે મોં મીઠાં કરે છે.

આસો વદ તેરસના દિવસે જ આરોગ્યના દેવતા ધન્વંતરિજીનો પ્રાદુર્ભાવ થયો હતો. વર્ષોથી ગુજરાતના લોકો ધનતેરસે લક્ષ્મીપૂજન સાથે ધન્વંતરિ પૂજન કરે છે. લોકો હવે પોતાના આરોગ્ય પ્રત્યે સભાન બની રહ્યા છે ત્યારે ધનતેરસે ધન્વંતરિ પૂજનનો વ્યાપ પણ વધી રહ્યો છે. ઘરના ઉંબરામાં ધન્વંતરિ ભગવાનનો ફોટો મૂકી દીવો કરી તેમનું પૂજન કરવામાં આવે છે.

- **કાળી ચૌદસ :**

દિવાળીના પર્વનો ચોથો દિવસ એટલે કે આસો વદ ચૌદસને કાળી ચૌદસ તરીકે ઊજવવામાં આવે છે.

હિંદુ સંસ્કૃતિમાં કાલરાત્રિ, મહારાત્રિ અને મોહરાત્રિ એ ત્રણ રાત્રિનું મહત્ત્વ છે. કાલરાત્રિ એટલે કાળી ચૌદસ, મહારાત્રિ એટલે મહા શિવરાત્રી અને મોહરાત્રિ એટલે જન્માષ્ટમી.

કાળી ચૌદસ મેલી સાધનાના સાધકો, તાંત્રિકો, ઉપાસકોની સાધના માટે શ્રેષ્ઠ દિવસ મનાય છે. આ દિવસે મહાકાલી, હનુમાનજી, ભૈરવ સહિતના ઉગ્રદેવોની ઉપાસના કરવામાં આવે છે. કાળી ચૌદસને નરક ચતુર્દશી કે રૂપ ચતુર્દશી તરીકે પણ ઓળખવામાં આવે છે. વૈષ્ણવ સંપ્રદાયના મત અનુસાર આ દિવસે શ્રીકૃષ્ણએ નરકાસુરનો વધ કર્યો. તેથી આ દિવસ નરક ચતુર્દશી તરીકે ઓળખાય છે. શક્તિ સંપ્રદાયમાં કાલીમાતાની ઉપાસના અને અનુષ્ઠાન કરવાનું હોવાથી કાલી ચતુર્દશી કહેવાય છે.

કાળી ચૌદસના દિવસે યમપાશના બંધનમાંથી મુક્ત થવા આંગણામાં તેલ દીપ પ્રગટાવી યમપૂજા થાય છે. આ દિવસે આંખમાં મેશ આંજવાનો પણ મહિમા છે. એથી જ કહેવાય છે કે 'કાળી ચૌદસના આંજ્યા, કદી ન જાય ગાંજ્યા...' અઘોરી પંથના પ્રેતાત્માઓના સ્વામી શિવ છે. તેથી આ દિવસે શિવ-માહાત્મ્ય પણ ઘણું છે. કાલરાત્રિ માત્ર તાંત્રિકો માટે જ નહીં, સાત્ત્વિક ઉપાસકો માટે પણ શ્રેષ્ઠ છે. કાળી ચૌદસની - અમાસની રાત્રિની રાહ તાંત્રિકો કાગડોળે જોતા હોય છે. અંધાર રાત્રિએ સૂનકાર સ્મશાનમાં જઈ તેઓ કઠિન પૂજા કરે છે. સાત્ત્વિક ઉપાસકો ઈષ્ટદેવનું સ્મરણ - પૂજન તથા વિધિઓ કરે છે, ઘરને શાંત અને સુખી બનાવવાનો, ઘરમાંથી કાળ કાઢવાનો અવસર એટલે કાળી ચૌદસ. કહે છે કે કાળી ચૌદસની રાત્રિએ શનિ અને રાહુનું બળ સૌથી વધુ હોય છે. આ ગ્રહોની પનોતીથી બચવા માટે રાત્રિનો સમય પસંદ કરવામાં આવે છે. તંત્ર વિદ્યામાં વિશ્વાસ ધરાવતા શ્રદ્ધાળુઓ ઘરમાંથી કકળાટ, ગુસ્સો, ખરાબ તત્ત્વોનો નાશ કરવા ચાર રસ્તા પર વડાં, ખીર વગેરે વસ્તુ મૂકીને કાંઈ પણ બોલ્યા વિના કે તેની સામે જોયા વિના પાછા ફરે છે.

આ દિવસે શુભ સાધના કરવાથી તમામ અનિષ્ટો, રૂકાવટોથી છુટકારો મળે છે એવી ધાર્મિક માન્યતા છે. તાંત્રિકો ખાસ કરીને હનુમાનજી, ચામુંડા માતા, મેલડીમાતા, ભૈરવનાથ અને ઘંટાકર્ણ મહાવીરના જાપ કરે છે, હવન કરે છે. કાળી ચૌદસની રાત્રિએ તમામ ઘરોમાં પૂરી-ભજિયાં બને છે અને તેનો અમુક ભાગ ઉઘરાવીને તેને ગામના પૂર્વ તરફના સીમાડે મૂકી આવવામાં આવે છે. આ દિવસે કાલિકાને અડદવડાનું નૈવેદ્ય પણ ધરાવવામાં આવે છે. આ નૈવેદ્યનો અમુક હિસ્સો નાનાં બાળકોના માથે અણવારીને ચકલે મૂકવાથી કૂંડાળામાં પગ આવી જવા છતાં કંઇ અનિષ્ટ કે અશુભ થતું નથી તેવી માન્યતા છે. જોકે વર્તમાન સમયમાં ગુજરાતમાં વધતાં જતાં નગરસંસ્કૃતિ, શિક્ષણ, આધુનિકતા વગેરે પરિબળોથી કેટલીક રૂઢ માન્યતા લુપ્ત થતી જાય છે, તો સામે પક્ષે કેટલીક નવી પ્રવૃત્તિઓ દ્વારા આધુનિક 'ટચ' આપીને પર્વને ઊજવવામાં આવે છે.

● **દિવાળી :**

આસો વદ અમાસના દિવસને દિવાળી તરીકે ઊજવવામાં આવે છે. ભારતમાં ઊજવાતા તહેવારોમાં દિવાળીનું આગવું મહત્ત્વ છે. સવિશેષ ગુજરાતમાં આ દિવસે શારદા - ચોપડા પૂજન અને લક્ષ્મીપૂજન પણ કરવામાં આવે છે. વિવિધ પુરાણો જેમ કે સ્કંદપુરાણ, પદ્મપુરાણ અને ભવિષ્યપુરાણમાં દિવાળી અંગે વિવિધ મત દર્શાવવામાં આવ્યા છે.

દિવાળીના પર્વનો ઉત્સવ ઊજવવાનાં વિવિધ ધાર્મિક કારણો છે. જેમ કે,

૧. શ્રીરામ લંકાવિજય કરી અયોધ્યા પધાર્યા.
૨. ભગવાન શ્રીકૃષ્ણે નરકાસુરનો નાશ કર્યો.
૩. પાંડવો વનમાંથી પાછા ફર્યા.
૪. સમુદ્રમંથનમાં લક્ષ્મીજી પ્રકટ થયાં.
૫. પૃથુ ભગવાને પૃથ્વીનું દોહન કરી રસકસ કાઢ્યા. વગેરે.

આમ અસુરોના ત્રાસથી પ્રજામુક્ત થઈ. જેની યાદમાં દિવાળીના દિવસે દીવડા પ્રકટાવી તેની ઊજવણી શરૂ થઈ. આમ દીપોત્સવી પર્વ બન્યું.

*દિવાળી એટલે દીવડાઓનો દરબાર,*
*દિવાળી એટલે પર્વોનું પર્વ.*

દીપાવલીનું પર્વ ખૂબ જ ધામધૂમથી ઊજવાય છે. આ દિવસે ઘેરઘેર સગાસંબંધીઓ એકબીજાને મીઠાઈ વહેંચે છે. ભેટ-સોગાદની આપ-લે કરે છે. દિવાળીની રાત્રે આબાલવૃદ્ધ સૌ કોઈ ફટાકડા ફોડીને તહેવારનો આનંદ માણે છે. દિવાળીના દિવસોમાં સર્વત્ર ઉલ્લાસ હોય છે. રાત્રે શહેર-ગામ-નગર રોશનીથી ઝળહળે છે. બાળકોને આ તહેવાર ખૂબ ગમે છે. દારૂખાનું ફોડવાનું, નવાં નવાં કપડાં પહેરવાનાં, મીઠાઈઓ ખાવાની, હરવાફરવાનું અને રમવાનું. બસ મજા જ મજા.

*ફટાકડા ફટફટ ફૂટે ને દોષ જલાવી નાખે દિવાળી*
*જૂનું ઝેર ભૂલાવી દઈને, નવા વર્ષને લાવે દિવાળી.*

રંગોળીના રંગો વિનાની દિવાળી શક્ય જ નથી. રંગોળીના રંગો નદીની રેતી તથા ચીરોડીમાંથી બને છે. રંગોળી પૂરવા માટે લોકો ભીની માટી તેમજ છાણાનું લીંપણ કરે છે. લીંપણ સુકાયા બાદ બહેનો તેના પર સફેદ, પીળો, ગુલાબી, લાલ, પોપટી, મોરપીંછ જેવા જરીવાળા રંગોથી સુસ્વાગતમ, ભલે પધાર્યા, શુભ દીપાવલી, નૂતન વર્ષાભિનંદન, હેપ્પી દિવાળી, હેપ્પી ન્યુ યર જેવાં લખાણો, ગણેશજી, લક્ષ્મીજીનાં પગલાં, પંખાળી, શુભ - લાભ, શ્રી જેવી ધાર્મિક રંગોળી તેમજ કુદરતી દૃશ્ય, પશુપંખીઓ, ફળ, ફૂલ, ફ્રિહેન્ડ જેવી વિવિધ ડિઝાઈનોની રંગોળી બનાવે છે. જોકે આજની રંગોળીએ 'મોડર્ન લૂક' અપનાવ્યો છે. આજે દરેક પોતાની રંગોળીને બીજાથી અલગ લુક આપી અન્યથી ચઢિયાતી બનાવવા રંગોળી બનાવતી વખતે રંગની સાથે સાથે કળશ દીવડા, સોપારી, લેશ કે નાડાછડી, જરી તેમજ ફૂલોથી ડેકોરેશન કરતા હોય છે. રંગોળીએ જમાના સાથે કદમ મિલાવતાં આધુનિક રૂપરંગ ધારણ કર્યાં છે. આજે રંગોળી રંગો ઉપરાંત રેતી, લાકડાનો વેર, ઓઈલ પેઈન્ટ, પાણી, ફૂલો તથા ધાન્ય પદાર્થોથી બનાવાય છે. રંગોળી બનાવવી એક કળા છે. રંગો ધાર્મિક, સાંસ્કૃતિક આસ્થાના પ્રતીક સમા છે. દિવાળી દરમિયાન નવવધૂ પાસે રંગોળી પુરાવી તેને ઘરનાં વડીલ દ્વારા ભેટ આપવાનો પણ ઘણા સમાજમાં રિવાજ જોવા મળે છે. આજે પણ રંગોળીને શુભ શુકનની નિશાની માનવામાં આવે છે.

● **નૂતન વર્ષ :**

કારતક સુદ એકમ એટલે નૂતન વર્ષ. આ દિવસે વિક્રમ સંવતના વર્ષના પ્રથમ દિવસની શરૂઆત થાય છે. આ નૂતન વર્ષના પ્રારંભ દિવસને સંબંધના વિકાસના પર્વ તરીકે ઊજવવામાં આવે છે. આ દિવસે લોકો પરસ્પર, એકબીજાને મળી તેમની વચ્ચેના રાગ, દ્વેષ, ઝઘડા, વેર, કડવાશને ભૂલી નવા સંબંધો સુધારે છે. વર્ષ દરમિયાનની ભૂલોની ક્ષમા માંગી નવા વર્ષથી નવજીવનનાં નવાં કાર્યો શરૂ કરે છે. આ દિવસે લોકો વહેલી સવારે પોતાની દૈનિક ક્રિયા પતાવીને પૂજાપાઠ કરી દેવદર્શને મંદિરોમાં જાય છે. આ દિવસે મંદિરોમાં દર્શનાર્થીઓની ભીડ જામેલી હોય છે. મંદિરોમાં આ દિવસે ભગવાનને 'અન્નકુટ' ધરાવવામાં આવે છે.

સૌ આ દિવસે નવાં નવાં સુંદર ને વૈવિધ્યસભર આભૂષણો, રંગીન વસ્ત્રો પહેરીને એકબીજાને ઘેર જઈ શુભેચ્છાઓ વ્યક્ત કરે છે. સૌ એકબીજાને મીઠાઈ, ભેટ-સોગાદો આપે છે. ગામડામાં એકબીજાને રામ-રામ કરે છે. તો નગરમાં લોકો એકબીજાને સાલમુબારક પાઠવે છે. દૂર વસતા સ્વજનોને 'હેપ્પી ન્યુ યર' વાળાં ગ્રીટિંગ્સ કાર્ડ મોકલે છે. વિક્રમ સંવતના નવા વર્ષનો પ્રારંભ ગુજરાતમાં આ દિવસથી ગણાય છે. દેશના અન્ય વિસ્તારોમાં ચૈત્રી પંચાંગનું ચલણ છે. તેથી ત્યાં દિવાળી તો ધામધૂમથી ઊજવાય છે, પણ નવું વરસ ચૈત્ર પ્રતિપદાથી શરૂ થાય છે. ગુજરાત અને દુનિયાભરમાં વસતા ગુજરાતીઓ માટે કારતક સુદ એકમનો મહિમા અનેરો છે.

● **ભાઈબીજ - યમ દ્વિતીયા :**

કારતક સુદ બીજ એટલે ભાઈબીજ. ભાઈબીજ એ ભાઈ-બહેનના મિલનનું અનોખું પર્વ છે. બાળપણમાં સાથે જ રમેલા, સાથે જ જમેલા, ઊછરેલા પોતાના નાના ભાઈને કેડમાં તેડી રમાડતી, પારણામાં નાખી હાલરડાં ગાતી બહેન મોટી થઈને પરણીને પારકે ઘેર જાય છે. બહેન પારકે ઘેર સુખી કે દુઃખી? તેનું માન-સન્માન કેવું છે? એ જોવા-જાણવા આ દિવસે ભાઈ બહેનને ત્યાં સામે ચાલીને જાય છે. બહેન ભાઈના ભાલ પર ચાંલ્લો કરી તેનું સન્માન કરીને આદરપૂર્વક પ્રેમભરી રસોઈ જમાડે છે. ભાઈ તેની બહેનને યથાશક્તિ ભેટ આપે છે.

એક દંતકથા અનુસાર યમરાજાએ પોતાની બહેન યમુનાજીને ઘેર જઈ જમીને વરદાન આપેલું કે આ દિવસે જે વ્યક્તિ બહેનના ઘેર જમશે તેને હું પાપોથી ને દુષ્કર્મોથી મુક્ત કરી દઈશ. આથી આ તહેવાર 'યમ દ્વિતીયા' તરીકે પણ પ્રચલિત છે.

● **લાભ પાંચમ :**

કારતક સુદ પાંચમ એટલે લાભ પાંચમ. નૂતન વર્ષના પ્રારંભે દરેક વ્યક્તિ પોતાના ધંધા-વ્યવસાય કે નવા કાર્યની શરૂઆત માટે આ દિવસને શુભ મુહૂર્ત ગણે છે.

જૈનો દેરાસરોમાં આજે પોથીપૂજન કરવા જાય છે. આથી આ દિવસ 'પોથી પૂજન દિન' તરીકે પણ ઓળખાય છે. સરસ્વતી સાધનારૂપે આ દિવસે 'જ્ઞાન પંચમી'ના રૂપે અનોખી ઉજવણી કરવામાં આવે છે. તેથી 'જ્ઞાન પંચમી' પણ કહેવાય છે.

માનવ જીવનમાં તહેવારોનું અનોખું મહત્ત્વ છે. પ્રત્યેક દેશમાં, પ્રત્યેક ધર્મમાં વિવિધ પ્રકારના ચિત્ર-વિચિત્ર તહેવારો ઊજવાતા હોય છે. દરેક તહેવારોની ઉજવણી પાછળ કોઈ માહાત્મ્ય, કોઈ ધાર્મિક ભાવના કે સામાજિક હેતુ સમાયેલો હોય છે. આસો માસના કૃષ્ણ પક્ષના છેલ્લા દિવસોમાં ઊજવાતો દીપોત્સવી ઉત્સવ એ આપણું મુખ્ય પર્વ છે. પર્વના આ દિવસો આપણી ચેતનાને અવનવા ઓપ આપે છે. બીબાંઢાળ જીવનશૈલીને શણગારવાની તક પૂરી પાડે છે. આ પર્વને આપણે ધૂમધામથી આનંદથી આતશબાજીના ધૂમધડાકા સાથે ઊજવીએ છીએ.

દિવાળીનું આ મંગલ અને આનંદદાયક પર્વ માત્ર આપણા દેશમાં જ નહીં વિશ્વના ખૂણેખૂણામાં જ્યાં ભારતીયો વસે છે ત્યાં ઊજવાય છે. ભારતનાં દરેક રાજ્યોમાં, દરેક પ્રદેશોમાં આ દીપોત્સવી પર્વ ઉમંગભેર, ઉત્સાહપૂર્વક ઊજવાય છે. અલબત્ત, દરેકની ઉજવણીની શૈલી, દિવાળીનો રસથાળ, રીતભાત વૈવિધ્યસભર છે.

આપણા ગુજરાતમાં દિવાળીનું પર્વ નોરતાં પૂરાં થતા જ જાણે શરૂ થઈ જાય છે. ગરબે ઘૂમતી ગુજરાતણોનો ઉત્સાહ જ અનેરો હોય છે. ગરબાનો થાક વીસરી જઈ ઘરની સાફ સફાઈમાં લાગી જાય છે. જૂનાં વાસણો સ્વચ્છ માંજીને ચકચકતાં બનાવી દેતી હોય છે. દિવાળીના ફરસાણથી રસોઇઘર ધમધમી ઊઠતું હોય છે. જોકે આજે તો ગૃહિણીઓ તમામ મીઠાઈ, ફરસાણ બહારથી જ ખરીદવામાં માને છે! આપણા ગુજરાતમાં આસો વદ અગિયારસ - રમા એકાદશીથી જ દિવાળી પર્વની શરૂઆત થઈ જાય છે અને કારતક સુદ પાંચમ - લાભપાંચમ સુધી ઉજવણી ચાલુ રહે છે.

ગુજરાતમાં આ દીપોત્સવી પર્વ પરંપરાગતની સાથે સાથે આધુનિક પરિવર્તનો પણ ઝીલતું ચાલે છે. માત્ર રંગોળી જ મોડર્ન લૂક પામી છે એવું નથી, સાથે સાથે અન્ય પરિવર્તનો પણ આવ્યાં છે. દીપાવલી પર્વમાં નવા વર્ષની શુભેચ્છા આપવા આવતા મહેમાનો મોં ભાંગી નાખતી મીઠાઈઓ જોઈને મોં મચકોડવા લાગે છે ત્યારે મીઠાઈ સાથે નમકીન પીરસવાનો ટ્રેન્ડ ઘરઘરમાં જોવા મળી રહ્યો છે. દિવાળીમાં મીઠાઈને બદલે નમકીન, ચોકલેટનો ક્રેઝ વધતો જાય છે. 'હેપ્પી ન્યુ યર'ના ગ્રિટીંગ્સ કાર્ડની સાથે સાથે મોબાઈલ મેસેજનો ઉપયોગ વધ્યો છે. ઇલેક્ટ્રોનિક્સ મીડિયાના વિકાસથી ઇ-મેઇલ અને હોટ મેઇલ દ્વારા નૂતન વર્ષની શુભેચ્છાઓ આપવામાં આવે છે. મૂળે વેપારી - સાહસિક ગણાતા ગુજરાતીઓ વરસ દરમિયાન દૂર દેશાવર ખેડતા રહેતા પણ દિવાળી કરવા દીપોત્સવી પર્વમાં પોતાના વતનમાં આવતા. આજે ગુજરાતીઓ સહેલાણીનું માનસ ધરાવતા હોય છે. દીપોત્સવીના આ પર્વોમાં હવે લોકો ઘરમાં પુરાઈ ન રહેતાં સહેલગાહે નીકળી પડે છે. તેમજ પ્રવાસન સ્થળોએ દિવાળી ઊજવવા જાય છે. આમ પહેલાંના સમયમાં દીપોત્સવી પર્વોમાં ઘેર વતનમાં આવતા ગુજરાતીઓ આજે આ તહેવારની ઉજાણી માટે ઘર કે વતનથી દૂર જતા થયા છે. એ સંદર્ભે પણ તે ઘણો વ્યાપક અને વૈશ્વિક ઉત્સવ બની રહ્યો છે. ■

## આગામી કાર્યક્રમોની એક ઝલક....

| તારીખ – સમય | સ્થળ | કાર્યક્રમ - આયોજનકર્તા | કાર્યક્રમની વિગત |
|---|---|---|---|
| ● શુક્રવાર, તા. ૧૩-૧૦-૨૦૧૭ બપોરે ૪.૦૦ વાગ્યાથી | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | વયસ્ક સમિતિ | અદ્‌ભુત રંગારંગ કાર્યક્રમ. |
| ● શુક્રવાર, તા. ૨૦-૧૦-૨૦૧૭ સાંજે ૫.૦૦થી ૭.૦૦ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ | નૂતન વર્ષ મિલન સમારંભ |
| ● શનિવાર, તા. ૪-૧૧-૨૦૧૭ | સ્થળ – નક્કી થયેથી | સાંસ્કૃતિક કાર્યક્રમ સમિતિ | સમાજના યુવક-યુવતીઓ માટે સાંસ્કૃતિક કાર્યક્રમ. |
| ● દર મહિનાના બીજા રવિવારે સવારે ૯ થી ૧૨ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિ | કરિયર કાઉન્સેલર પ્રો. જયરાજ પંડ્યા દ્વારા વિદ્યાર્થીઓને ઉપયોગી કરિયર કાઉન્સેલિંગ |

પ્રતિભા પર્વ : કચ્છની વર્તમાન પ્રતિભાઓ

# કચ્છમાં પ્રતિભા માટે વધતી તકો

હરેશ ધોળકિયા

એકવીસમી સદી એવી પહેલી સદી છે જ્યાં પ્રથમ વાર પ્રતિભાને સામૂહિક રીતે પ્રોત્સાહન મળવું શરૂ થયું છે. સમગ્ર વિશ્વ સમજવા લાગ્યું છે કે આ વિશ્વને જો સ્વચ્છ રાખવું હશે, તો કેવળ પ્રતિભાઓને જ મહત્ત્વ આપવું પડશે. સમાજમાં નેવું ટકા લોકો સારા હોય છે, પણ તેઓ સામાન્ય હોય છે અથવા રહે છે. તેઓ મોટી જવાબદારીઓ ઉપાડી નથી શકતા કે કોઈ મોટું સર્જનાત્મક કામ નથી કરી શકતા કે નવાં નવાં સંશોધનો કરી દુનિયાની પ્રગતિને આગળ લઈ જઈ નથી શકતા. આ કામ તો વિશ્વમાં રહેલા કેવળ દસ ટકા પ્રતિભાશાળી લોકો જ કરી શકે છે. તેઓ પણ, પાયામાં તો, સામાન્ય જ છે, પણ તેમનામાં આગળ વધવાની એક તમન્ના હોય છે, ડ્રાઈવ હોય છે, તે માટે કંઈપણ કરવાની પ્રતિબદ્ધતા હોય છે. તે માટે તેઓ જીવનનો ભોગ પણ આપવા તૈયાર હોય છે. આવા પ્રતિબદ્ધ લોકો જ વિશ્વને આગળ વધારે છે. ઈતિહાસની કોઈ પણ સદીમાં કેવળ ને કેવળ આવા લોકોએ જ પ્રગતિને વેગ આપેલ છે અને આજે પણ આપે છે.

આવા લોકો ખૂબ જ શાંતિથી ચૂપચાપ કામ કરે છે. પોતાના ક્ષેત્રમાં પુષ્કળ મહેનત અને રિયાઝ કરી સિદ્ધિ મેળવે છે અને પોતાનું અને સમાજનું ગૌરવ વધારે છે. પણ આવા લોકોને પણ શરૂઆતમાં ટેકાની જરૂર હોય છે, પ્રોત્સાહનની જરૂર હોય છે. બહુ ઓછા લોકો હોય છે જેઓ કેવળ ને કેવળ પોતાની તાકાતથી સીધા જ પ્રગતિ કરે છે. બાકીનાને તો સહકાર અને ટેકાની જરૂર પડે જ છે. જો તે ન મળે તો અનેકો આગળ વધવા પહેલાં જ મુરઝાઈ જાય છે.

અત્યાર સુધી આવા લોકોને કેવળ રાજાઓ કે હવે, સરકારનો જ ટેકો મળતો હતો. જો આ ટેકો મળે તો જ તેઓ ઝડપી પ્રગતિ કરી શકતા હતા. પણ આવી તકો તો કંઈ વધારેને ન મળે. સરકારની મર્યાદાઓ હોય છે. તેમાં પણ જો પૂર્વગ્રહ હોય તો વ્યક્તિને મદદ ન પણ મળે. આવું પણ બને છે. એટલે સરકારની મદદ શરતી હોય છે. નોકરશાહી પર આધારિત હોય છે. તેમાંથી જો સફળતાપૂર્વક પસાર થઈ જઈ શકાય તો વાંધો નથી આવતો અને મદદ મળે છે.

પણ, હમણાં કહ્યું તેમ, ધીમે ધીમે સમાજને જ એવું લાગવા માંડ્યું છે કે સમાજે જ આમાં પહેલ કરવી પડશે. સમાજે જ પોતાને સ્વસ્થ રાખવા મદદ કરી આવા લોકોને ટેકારૂપ થવું પડશે. એટલે ધીમે ધીમે સ્થાનિક સમાજથી લઈ વૈશ્વિક સમાજો હવે પ્રોત્સાહન આપવાનું કામ કરે છે. પરિણામે હવે સુષુપ્ત પ્રતિભાઓને મદદ મળવાનું ક્ષેત્ર વિશાળ થતું જતું દેખાય છે. અને સદ્‌ભાગ્યે, આવી સુષુપ્ત પ્રતિભાઓને પણ તેનો ખ્યાલ આવે છે અને તેઓ મદદ લે પણ છે. તેથી ક્રમશઃ હવે નવી નવી પ્રતિભાઓ પ્રગટ થતી દેખાય છે.

કચ્છના સંદર્ભમાં આ બાબતનો અભ્યાસ કરીએ તો છેલ્લાં થોડાં વર્ષો પર નજર કરીએ તો અહીં પણ આવું જ દર્શન થતું જોવા મળે છે. પહેલાં કોઈ પણ ક્ષેત્રમાં કોઈ પ્રતિભાશાળીને શોધવાનો પ્રયાસ કરાતો તો બહુ મહેનત કરવી પડતી. મોટા ભાગના પ્રતિભાશાળીઓ કચ્છ છોડી જતા પછી જ તેઓ આગળ વધી શકતા હતા. કચ્છમાં તે બાબતે કોઈ જ અનુકૂળ પર્યાવરણ ન હતું. કોઈ રડ્યાખડ્યા લોકો જ સ્વબળે આગળ વધી શકતા હતા. પણ હવે પરિસ્થિતિ બદલાતી જાય છે અને બહાર સાથે સ્થાનિકે પણ પ્રોત્સાહનની સગવડો વધતી જતી દેખાય છે. જેનો લાભ લઈ નવી નવી પ્રતિભાઓ વિકસતી જોવા મળે છે.

પહેલાં સરકાર પર જ નજર કરીએ. સરકાર તો આગળથી જ અનેક એવા કાર્યક્રમો કરતી રહી છે જેના કારણે વિવિધ ક્ષેત્રના લોકોને ટેકો મળે. પણ વર્ષમાં તેની સંખ્યા થોડી રહેતી. પણ વર્તમાનમાં જોઈએ છીએ તો સરકારે પણ તકો વધારી છે જેના કારણે નવા નવા લોકો બહાર આવે છે. યુવક મહોત્સવો, વિજ્ઞાન મેળા, સેમિનારો વગેરે તો વર્ષોથી થાય છે. આજે પણ ચાલુ છે. પણ તે બધાની વ્યાપકતામાં વધારો થયો છે. હવે સરકાર એવા કાર્યક્રમો તૈયાર કરે છે જે કેવળ શહેરોને જ ન સ્પર્શતાં ગ્રામ્ય સ્તરના લોકોને પણ તક આપે છે. ખેલ મહાકુંભ, કલા કુંભ, રાજ્ય કક્ષાના કાર્યક્રમો વગેરે હવે લગભગ સમગ્ર વર્ષ ચાલે છે. દરેક જિલ્લામાં ચાલે છે. તેમાં ભાગ લેનાર માટે ઈનામોની રકમો પણ વધી છે. જે સફળ થાય છે તેમને રાષ્ટ્ર સ્તરે પણ જવાની તક મળે છે. આ બધાનું કારણ કદાચ એ છે કે આંતરરાષ્ટ્રીય સ્તરે આપણા યુવાનો હરીફાઈ કરવામાં સતત નબળા પડતા જોવા મળે છે. તે બાબતે સરકારની સતત ટીકા થઈ રહી છે. એટલે સરકાર હવે જાગી છે. એટલે નીચલા સ્તરથી લઈ મેગા સીટી સ્તરે વિવિધ બાબતોમાં હરીફાઈઓ યોજી યુવાનોને પડકાર ઝીલવા આમંત્રણ આપે છે. તેમાં અલબત્ત સરકારીકરણ તો છે જ, છતાં ધીમે ધીમે હરીફાઈનું તત્ત્વ વધી

રહ્યું છે, મુદ્દાઓ વધી રહ્યા છે. એટલે અનેક લોકોને અનેક ક્ષેત્રોમાં ભાગ લેવાની તકો વધી રહી છે.

પણ સરકાર સાથે, સમાંતરે, વિવિધ સામાજિક સંસ્થાઓ પણ હવે જાગૃત બનતી જાય છે અને નાના મોટા સ્તરે હરીફાઈયુક્ત કાર્યક્રમોનું સતત આયોજન કરી યુવાનોને સજાગ રાખે છે અને તૈયાર પણ કરે છે. વિવિધ જ્ઞાતિઓ પોતાની જ્ઞાતિઓના યુવાનો માટે આવા કાર્યક્રમો યોજે છે. ધાર્મિક સંસ્થાઓ કદાચ સીધી રીતે આમાં જોડાઈ શકતી નથી, પણ તે પણ, પોતાના સ્તરે, થતા આવા કાર્યક્રમોને આડકતરું પ્રોત્સાહન પૂરું પાડી, સ્પોન્સર થઈ, ભાગ લે છે.

હવે સમાજમાં દરેક ક્ષેત્રના વિકાસમાં સંસ્થાઓ ઊભી થતી જાય છે. આ સંસ્થાઓ પણ પોતાના ક્ષેત્રમાં હરીફાઈઓ યોજી યુવાનોને ભાગ લેવા આમંત્રણ આપે છે અને કદર પણ કરે છે. નવોદિતોને તો ખાસ પ્રોત્સાહિત કરવા પ્રયાસ કરે છે. સાહિત્ય, સંગીત, નૃત્ય, રમતગમત, વિજ્ઞાન, ટેકનોલોજી, ઉદ્યોગ, અભિવ્યક્તિ, રેડિયો, ટી.વી. ફિલ્મ – આવાં અનેક ક્ષેત્રોમાં હરીફાઈઓ યોજાય છે અને અનેક યુવાનો ભાગ લે છે.

આજે ચારે તરફ નજર કરશું તો વિવિધ સંસ્થાઓ દ્વારા ફેશન, ક્રિકેટ, અન્ય રમતો, કરાટે, વક્તૃત્વ કે નિબંધ સ્પર્ધાઓ, નાટક સ્પર્ધાઓ, સંગીત સ્પર્ધાઓ, પર્વતારોહણના કાર્યક્રમો, પ્રવાસો જેવા અનેક કાર્યક્રમો યોજાયા જ કરતા હોય છે. તેઓ સ્વતંત્ર રીતે અથવા શાળા-કોલેજ સ્તરે કાર્યક્રમો યોજી મોટા પ્રમાણમાં યુવાનોને ભાગ લેવા પ્રેરે છે. આવા ભાગ લેનારાનું પ્રમાણ હવે વધી રહ્યું છે.

આ સંદર્ભમાં એકાદ બે બાબતો ધ્યાન ખેંચે છે. હવે સંસ્થાઓ સમજવા લાગી છે કે માત્ર નાના મોટા કાર્યક્રમો કરીને કામ નહીં ચાલે. માત્ર કાર્યક્રમો કરવાથી જે પરિણામો આવતાં દેખાય છે તેમાં ક્યારેક નબળાઓ પણ આગળ આવે છે. પણ તેઓ વધારે આગળ જઈ સ્પર્ધા કરી શકતા નથી. જો યુવાનોને વધારે પ્રતિભાશાળી બનાવવા હશે તો પહેલાં તેમને તાલીમની જરૂર છે. જેને યોગ્ય તાલીમ મળશે તેઓ જ આગળ વધી શકવાની ક્ષમતા કેળવી શકશે. એટલે હવે સ્પર્ધાઓ સાથે તાલીમની પણ ધીમે ધીમે શરૂઆત થઈ છે. સૌથી વધારે તાલીમ રમતગમત ક્ષેત્રમાં જોવા મળે છે. આમ તો આખું વર્ષ, પણ મોટા ભાગે વેકેશનમાં વિવિધ રમતોના તાલીમ કેમ્પો યોજાય છે. તેમાં બને તેટલી સરસ તાલીમ આપવાના પ્રયાસ થાય છે. તે માટે જરૂર પડે તો બહારના નિષ્ણાતોને પણ બોલાવવામાં આવે છે. તેમની મદદથી શાસ્ત્રીય તાલીમ અપાય છે. તેને કારણે હવે રમતગમતમાં ભાગ લેનારા સાથે પ્રગતિ કરનારા અને રાજ્ય અને રાષ્ટ્ર સ્તરે ભાગ લેનારાની સંખ્યા પણ ક્રમશઃ વધતી જોવા મળે છે.

આવું જ નૃત્ય ક્ષેત્રે જોવા મળે છે. ધીમે ધીમે નૃત્યની તાલીમ આપતી સંસ્થાઓ વધતી જોવા મળે છે. તો આપણે છાપાઓમાં રાષ્ટ્રીય સ્તરે નૃત્યમાં પુરસ્કાર મેળવતી વ્યક્તિઓની સિદ્ધિઓ પણ વાંચીએ છીએ. ફેશન ડિઝાઈનમાં પણ આવું જ વલણ જોવા મળે છે. ટેકનોલોજીમાં તો યુવાનોને વધારે રસ હોવાથી તેમાં પ્રગતિ કરવા લોકોની - ખાસ કરીને યુવાનોની સંખ્યા ઝડપથી વધતી દેખાય છે. આવું બીજું ક્ષેત્ર વહીવટ છે. હવે યુવાનોમાં વહીવટમાં આગળ વધવાની આકાંક્ષા વધતી દેખાય છે. એટલે બેન્કિંગ, ગુજરાત પબ્લિક સર્વિસ કમિશન, યુનિયન પબ્લિક સર્વિસ કમિશન, રેલવે સર્વિસ કમિશન વગેરેની પરીક્ષાઓ આપનારની સંખ્યા ધીમે ધીમે પણ ચોક્કસ રીતે વધતી જોવા મળે છે. પરિણામે તેની તાલીમ આપનાર સંસ્થાઓ પણ વધી રહી છે. આમાં તો એવું જોવા મળે છે કે નાના ગામડામાં પણ આવી તાલીમ આપનારાઓ પણ જોવા મળે છે. એવાં દૃશ્યો જોવા મળે છે કે કોઈ નાનકડા ગામમાંથી પસાર થઈએ ત્યારે તેના ચોરા પાસે આવી વહીવટી તાલીમ આપતી કોઈ સંસ્થાનું બોર્ડ જોવા મળે છે. અને તે કેન્દ્રની મુલાકાત લઈએ છીએ ત્યારે માત્ર ગ્રેજ્યુએટ જ નહીં, દસમા-બારમાના વિદ્યાર્થીઓ તેમાં રસ લેતા જોવા મળે છે. આ દૃશ્ય ખૂબ આનંદ પમાડે છે. અને તેમાં વધારે આનંદ તો ત્યારે થાય છે જ્યારે આ વિદ્યાર્થીઓમાં પણ આર્થિક અને સામાજિક રીતે પછાત મનાતા યુવાનો મહેનત કરતા જોવા મળે છે. અને તેમાં છોકરીઓની સંખ્યા જોઈ નવાઈ સાથે પરમાનંદ થાય છે.

આ સાથે સંતોષની એક બાબત એ પણ જોવા મળે છે કે આ તાલીમ લેનારામાંથી એવા પણ હોય છે જેમને આ તાલીમ આર્થિક રીતે પોષાતી નથી. પણ હવે તેમને સમાજના મહાજનો સાચવવાનો પ્રયાસ કરે છે. ચૂપચાપ મદદ કરે છે અને વિદ્યાર્થીને ખબર પણ ન પડે તેમ પ્રેરે છે. તે સાથે જેઓ હરીફાઈમાં ભાગ લે છે, તેમને જે ઇનામો મળે છે તે પણ તેમને આગળ વધવા મદદરૂપ થાય એવાં હોય છે. આગળ પેન્સિલ કે પચાસ કે સો રૂપિયાનાં ઇનામ મળતાં તેની જગ્યાએ આજે પાંચ હજાર સુધીનાં ઇનામો પણ મળતાં જોવા મળે છે.

હરીફાઈના ક્ષેત્રમાં આગળ આવવા મથતા યુવાનોને બીજી પણ અનેક મદદની જરૂર પડતી હોય છે. અનેકોને વાંચવાની જગ્યા હોતી નથી. તો તેમને પુસ્તકાલયો કે સંસ્થાનાં મકાનોમાં આરામથી વાંચવાની સગવડો પૂરી પાડવાના પણ પ્રયાસો થતા જોવા મળે છે. વહીવટની કે સ્પર્ધાત્મક પરીક્ષાઓ આપનારને સંદર્ભ ગ્રંથોની જરૂર પડે છે. તો આજે કચ્છ યુનિવર્સિટી કે વિવિધ પુસ્તકાલયોમાં આ સંદર્ભગ્રંથો વસાવવામાં આવ્યા છે અને સ્પર્ધકોને તેનો મુક્ત રીતે ઉપયોગ કરવા દેવામાં આવે છે. ફી લેતી સંસ્થાઓ સાથે અનેક નિષ્ણાત વ્યક્તિઓ અંગત રીતે પણ આવાઓને મદદ કરે છે.

આવી વ્યક્તિઓ અને સંસ્થાઓમાં કેટલીક તો ખાસ ધ્યાન ખેંચે છે. વ્યક્તિઓમાં વહીવટી ક્ષેત્રે માર્ગદર્શક તરીકે કામ કરનાર પ્રો. રાજપુતની સેવાઓનો ઉલ્લેખ કરવો ખાસ જરૂરી છે. તે જી.પી.એસ.સી. કે યુ.પી.એસ.સી. ની તૈયારી કરનારાઓ માટે

આશીર્વાદરૂપ થયા છે અને આજે પણ થાય છે. તાલીમ વર્ગો કે છાપા દ્વારા માર્ગદર્શન સતત પૂરું પાડતા રહે છે. અનેક યુવાનો તેમનાથી લાભાન્વિત થતા રહે છે.

તો સંસ્થાઓમાં બે સંસ્થા ખાસ ધ્યાન ખેંચે છે. માંડવીમાં આવેલ વિવેકાનંદ રિસર્ચ એન્ડ ટ્રેઇનિંગ ઇન્સ્ટિટ્યૂટ કચ્છના નવોદિત સહિત અનેક લેખકોને તેમનાં પુસ્તકો પ્રકાશિત કરી મોટી પ્રેરણા પૂરી પાડે છે. આજ સુધી સો જેટલા લેખકોને પ્રોત્સાહિત કરી તેમને લેખન તરફ પ્રેરિત કર્યા છે. ખૂબ જ ચૂપચાપ રીતે સંસ્થા આ કામ કરે છે, પણ તેનાથી કચ્છમાં અનેક નવોદિતોનાં પુસ્તકો પ્રકાશિત થઈ શક્યાં છે અને તેનાથી પ્રેરાઈ તેમની લેખન પ્રવૃત્તિ આગળ વધે છે. સાહિત્યના ક્ષેત્રમાં આ બહુ નોંધનીય કામ થઈ રહ્યું છે. આજે પણ ચાલુ છે. આ સંસ્થા તો સાથે નવોદિતોને લેખન કે નાટકની તાલીમ આપીને તૈયાર પણ કરે છે. તે માટે સમયાંતરે શિબિરો કરે છે અને અનેક ઇચ્છુકોને તૈયાર કરે છે. આ કામ બદલ તે સલામને પાત્ર છે.

તો કચ્છના યુવાનોને વ્યવસાયિક રીતે દિશા આપવા અને તૈયાર કરવા એવી જ એક બીજી યુવા સંસ્થા ઇન્સ્ટિટ્યૂટ ઓફ યુથ ડેવલપમેન્ટ પણ બહુ મોટું કામ કરે છે. તે તો છેલ્લા ત્રણ દાયકાથી યુવાનોને અનેક મુદ્દાઓ પર તાલીમ આપે છે અને તૈયાર કરે છે. મેડિકલ, શિક્ષણ, સાહિત્ય, બેન્કિંગ, વહીવટ, ભાષા વગેરે અનેક ક્ષેત્રોમાં તેણે તાલીમ શિબિરોનું આયોજન કરેલ છે અને આજે પણ કરે છે. જે કામ યુનિવર્સિટીનું હોય તે કામ સાહિત્યમાં યુવા વિવેચકોને તૈયાર કરવાનું એક બહુ ઉત્તમ રીતે તેણે કર્યું છે આજે પણ કરે છે. અને આ યુવા વિવેચકોને પ્રોત્સાહન મળે તે માટે તેણે ગુજરાતી સાહિત્ય પરિષદ ભુજમાં યોજી પ્રોત્સાહન પૂરું પાડ્યું છે. આજે અનેક સરકારી અધિકારીઓ મોટા પદો સંભાળે છે તેમને આ સંસ્થાએ તૈયાર કરેલ છે.

આજ રીતે થોડા વર્ષોથી માંડવીમાં "વિઝ્યુઅલ આર્ટ" નામની સંસ્થા યુવાનોને નાટકમાં તાલીમ આપી તૈયાર કરે છે. તેની પ્રવૃત્તિ પણ ધ્યાન ખેંચે છે.

આ બધાનું પરિણામ એ આવ્યું છે કે હવે દરેક ક્ષેત્રમાં કચ્છના યુવાનો પ્રવેશતા અને સફળ થતા જોવા મળે છે. ખાસ કરીને આઈ.એ.એસ., આઈ.પી.એસ. ઇન્ડિયન પોસ્ટલ સર્વિસ, ગુજરાત વહીવટી સેવા વગેરેમાં કચ્છના યુવાનોની, ભલે ધીમે, પણ સંખ્યા વધતી જાય છે. સી.એ., એમ.બી.એ, પીએચ.ડી, એમ.ફીલ, મેનેજમેન્ટ, સોશિયલ સર્વિસ, કમ્પ્યુટર ક્ષેત્રના ડિગ્રીધારીઓની સંખ્યા વધે છે. ફિલ્મ અને ટી.વી.માં પણ કચ્છીઓનો પગપેસારો શરૂ થઈ ગયો છે. રમત ગમતમાં તો રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે યુવાનો ભાગ લઈ રહ્યા છે. આમાં પણ ઝીણી નજર કરીએ તો છોકરીઓની સંખ્યા છોકરાઓની તુલનામાં વધારે જોવા મળે છે. પછાત મનાતા વર્ગની સંખ્યા પણ ક્રમશઃ વધે છે. ચારે બાજુ અનેક થનગનતા યુવાનો જોવા મળે છે ત્યારે આનંદ થાય છે કે હવે કચ્છનું યુવા ધન પ્રતિભા મેળવવા ખૂબ પ્રયાસ કરી રહ્યું છે. હા, સફળ થનારની સંખ્યા કદાચ ઓછી દેખાશે, પણ તેથી નિરાશ થવાની જરૂર નથી. થોડા જ સમયમાં તેમાં ઝડપ આવતી જોવા મળશે. કારણ? વધતી જતી તકો.

અને હવે તો એક મોટી બાબત કચ્છમાં આવી ગઈ છે - કચ્છ યુનિવર્સિટી. તેણે જાદુઈ લાકડી ફેરવી કચ્છના ગ્રામ્ય વિસ્તારોમાં કૉલેજો શરૂ કરી છે. નવા નવા વિષયો શરૂ કર્યા છે. પ્રોફેશનલ કોર્સીસ શરૂ કર્યા છે. સંશોધનની સગવડો વધારે છે. પરિણામે અંતરિયાળ કચ્છના યુવાનો પણ હવે શિક્ષણ લેવા લાગ્યા છે. તેઓ ટેકનિકલ કે પ્રોફેશનલ કોર્સીસ કરી કચ્છમાં અને કચ્છ બહાર આગળ વધવાનો પૂરો પ્રયાસ કરી રહ્યા છે. બહુ થોડા સમયમાં તેનાં ખૂબ જ હકારાત્મક પરિણામો જોવા મળશે તેની ખાતરી રાખવી.

આમ, કચ્છમાં વર્તમાનમાં પ્રતિભા કેળવવાની અને વિકસાવવાની તકો સુંદર રીતે વધવા લાગી છે અને તેનો લાભ કચ્છના મોટા ભાગના લોકો લઈ રહ્યા છે. તે કચ્છની સર્વાંગી પ્રગતિને જબરો ધક્કો આપશે. આમાંથી જ અનેક પ્રતિભાઓ જન્મશે અને પ્રકાશિત થશે અને કચ્છનું ગૌરવ વધારશે.

*પેરીસ બેકરી પાસે, ન્યુ મિન્ટ રોડ,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*

## કચ્છની વર્તમાન સંગીત પ્રતિભાઓ

**(અનુસંધાન : પાના નં.-૧૭ ઉપરથી ચાલુ)**

સ્તુતિ કારાણી - જાની, પ્રીતિ અંતાણી, સુગમ વોરા, ભુજમા વાચા માંકડ જેવા કલાકારો પણ પ્રતિભાનો પ્રકાશ રેલાવી રહ્યા છે. આ ઉપરાંત એક સમયે ખ્યાત અનિલ નરેન્દ્ર સંગીત વૃંદના શ્રી અનિલ ધોળકિયા પણ આ ક્ષેત્રે કાર્યરત છે. એમના પુત્ર પણ એમની સાથે આગળ વધી રહ્યા છે. ભુજમાં શ્રીમતી હર્ષિદાબહેન અને કિશોર જોશી પણ કાર્યરત છે.

વાદ્યવૃંદોની વાત કરીએ તો ફિલ્મ સંગીત પીરસતા આવા વૃંદોમાં શ્રી ભટ્ટી, મયુર સોની, ચિરાગ વોરા વગેરે અને તેમની સાથે ગાયન વાદનમાં અનેક કલાકારો સંકળાયેલા છે. એ જ રીતે લોક સંગીતમાં પણ નીતા યાજ્ઞિક, મંજુલા કાપડી, રવિ બારોટ, ભાવેશ પંડિત, સુરેન્દ્ર ઠક્કર, મુબારક ઓસમાણ વગેરે કલાકારો પ્રધાનપણે કાર્યરત છે. કેટલીક સંસ્થાઓ પણ સંગીતક્ષેત્રે કાર્યરત છે. જેમાં અભિયાન સાથે સંકળાયેલી 'સૂરવાણી' સંસ્થા તેમજ આશાપુરા વુમન્સ એકેડેમી દ્વારા પણ અનેક પ્રવૃત્તિઓ સાથે સંગીત પ્રશિક્ષણનું કાર્ય કરી રહેલ છે.

આ વિષય ઘણો વિશદ છે. સંશોધનાત્મક પદ્ધતિસર અભ્યાસ માંગી લે છે. સમય, સ્થળ સંકોચ વગેરે મર્યાદાઓને કારણે ઘણી વિગતો - ઉલ્લેખો રહી ગયા હોય એમ બને. પણ આ પ્રસ્તુતિને ભાવિ વિશાળ પથ માટેની એક કેડીરૂપ ગણાય તો વિધેયાત્મક કાર્ય થઈ શકશે.

*૮૧-એ, મારુતિ પ્લોટ, સંસ્કાર નગર,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. મો. ૯૪૨૭૨ ૩૫૧૮૯*

પ્રતિભા પર્વ : કચ્છની વર્તમાન પ્રતિભાઓ

# કચ્છની વર્તમાન સંગીત પ્રતિભાઓ..

નિરુપમ છાયા

સંગીત મનુષ્યનાં જીવનમાં રસાયેલું તત્ત્વસત્ત્વ છે. શ્વાસ અને પ્રાણ, હૃદયના ધબકાર, રક્તસંચાર – આ બધામાં એક સ્વર અને લય છે. સમગ્ર બ્રહ્માંડમાં જે અનાહત નાદ રણકી રહ્યોછે, તેનું આ પ્રગટ સ્વરૂપ છે. અરે, પ્રકૃતિના તત્ત્વોમાં પણ આ સંગીત જ પ્રગટે છે. એટલે જ મનુષ્યના જીવનના સર્વ પ્રસંગોએ કંઠમાંથી સ્વર શબ્દો સાથે જોડાઈને પ્રગટ થાય છે. મનુષ્યનાં અસિત્વના મહત્ત્વના પાસાં ભાવ અને તેની અભિવ્યક્તિ સંગીત થકી સરળ અને શક્ય બને છે. સંગીત થકી ભાવ સઘન બને છે. લય, સૂરથી સમગ્ર અસ્તિત્વ આનંદથી છલકાઈ વહે છે.

આમાં પણ કેટલીક વ્યક્તિઓના સ્વર અને કંઠ એવા મધુર હોય છે કે દરેકનાં હૃદય ઝંકૃત થઈ ઊઠે.

આપણે કચ્છની વાત કરીએ તો કચ્છમા ંસમય સમય પર આવી પ્રતિભાઓએ કચ્છને ગૂંજતું રાખ્યું છે - મધુર શબ્દોથી. વર્તમાનમાં પણ આવી પ્રતિભાઓ પોતાના મધુર કંઠ અને સ્વરથી આ ક્ષેત્રને અજવાળી રહી છે.

ઝટ સ્મરણમાં આવે અને લોકહૃદયમાં જેમનું સ્થાન છે અને હવે તો રાષ્ટ્રીય કક્ષાએ ખ્યાત છે એવા શ્રી ઓસમાણ મીર. આદરણીય શ્રી મોરારિ બાપુ જેમને 'આસ્માન' મીર કહે છે તેવા આ કલાકાર મૂળે તો તબલાના નિષ્ણાત, પણ ગાયકીથી તો છવાઈ જ ગયા. માધુર્ય સાથે સ્વરનો વિસ્તાર અને ઊંડાણ પણ પ્રગટ કરતા આ કલાકારને સાંભળતાં ધ્યાનસ્થ થઈ જવાય.

એ જ રીતે ગુજરાતી કાવ્ય સંગીત અને અન્ય ક્ષેત્રે પ્રથમ પંક્તિનાં કલાકાર નિશા ઉપાધ્યાય સંગીતની સંઘર્ષપૂર્ણ સાધના કરતાં આગળ વધ્યા છે. પરિવારમાંથી જ સંગીતનો વારસો ગળથુથીમાં જ મેળવ્યો અને વિશેષ શિક્ષણ મેળવી આ વારસામાં મળેલ મધુર કંઠને ઘૂંટ્યો. મુંબઈમાં કલ્યાણજી આણંદજીની સંગીત અકાદમિમાં સઘન શિક્ષણ મેળવી પોતાની કલાને ઉજ્જવળ, પાસાદાર બનાવી. તે દરમિયાન જ એવા જ સિધ્ધહસ્ત, સુરતના કલાકાર શ્રી સોલી કાપડિયા સાથે પરિચય થયો. કાર્યક્રમો બંને સાથે આપતા રહ્યાં અને પછી તો જીવનમાં સહયાત્રી સંવાદી બની, સંગીતમય બની રહ્યાં. ફિલ્મો, ટી.વી., સી.ડી. અને વિવિધ કાર્યક્રમો થકી ગુજરાતની ગણતરીની સંગીતબેલડી બની રહ્યાં. પ્રથમ હરોળાં ઉપસી આવ્યા. નિશા બહેનના ભાઈ નિગમ ઉપાધ્યાય પણ પરિવારનો વારસો મેળવી, સંગીત ક્ષેત્રે ચમકી રહ્યા છે. રાજકોટમાં આકાશવાણીમાં એન્જિનિયર તરીકે કાર્યરત નિગમભાઈ સંગીતના રસજ્ઞો માટે ઉપયોગી પ્રવૃત્તિમાં પણ સંકળાયેલા છે.

કચ્છમાં પણ આ જ રીતે એક એવી પ્રતિભા વિદ્યમાન છે જે સંગીત ક્ષેત્રને પ્રકાશ અર્પી રહ્યાં છે એમ કહીએ તો પણ ખોટું નથી. એક સંગીત સંસ્થાની સંગીતમાં M.A., B.Ed. સમકક્ષ અલંકારની પદવી પ્રાપ્ત શ્રીમતી કાજલ છાયા આટલી ઉચ્ચ વિરલ સિધ્ધિ પ્રાપ્ત કર્યા બાદ આજે પણ એટલા જ સાધનારત છે અને માન્ય યુનિવર્સિટીની પણ અનુસ્નાતક કક્ષાની પદવી પ્રાપ્ત કરવા અભ્યાસ કરી રહ્યાં છે જે પણ એક વિરલ ઘટના બની રહેશે. સંગીતમાં રસ અને મધુર કંઠ એમને દાદા અને પિતા તરફથી વારસામાં મળ્યાં જેને એમણે પોતાની સાધના થકી દીપાવ્યા છે. પંડિત ઓમકારનાથ ઠાકુર શાસ્ત્રીય ગાયન સ્પર્ધામાં પ્રથમ સ્થાન મેળવવા સાથે સંગીત સાધક તરીકે પણ સન્માનિત છે. એમના પતિ કૌશલ છાયા પણ હાર્મોનિયમ, ઓર્ગન વાદનમાં નિપુણ છે અને કાર્યક્રમો, સી.ડી. વગેરે સાથે સિંક્રો અકાદમી દ્વારા કલાના વિવિધ ક્ષેત્રો માટે પ્રશિક્ષણ પણ આપી રહ્યાં છે. કાજલબહેને સંગીતનાં, શાળા માટેનાં પાઠ્ય પુસ્તકો માટેની સમિતિમાં કાર્ય કરવા ઉપરાંત "સ્વર-વીણા" પુસ્તકનું પણ સંપાદન કર્યું છે. ટી.વી. રેડિયો વગેરેમાં પણ પોતાના સ્વરને વહેતો મૂક્યો છે. એમનો પુત્ર દક્ષ પણ આ જ ક્ષેત્રે આગળ વધી રહ્યો છે. એટલું જ નહીં, હાલે પંડિત જશરાજજીના શિષ્ય વિકાસ કૃષ્ણકાંત પરીખ પાસે ગુરુશિષ્ય પરંપરાને અનુસરતાં એ પદ્ધતિએ શિક્ષણ મેળવી રહેલ છે. સિંધી ભાષાનાં ગીતોથી પણ એમણે ચાહના મેળવી અને એ ભાષાનાં ગીતોની સી.ડી. પણ લોકપ્રિય થઈ છે.

આવા જ એક બીજા કલાકાર છે પ્રગતિ વોરા / મહેતા. દાદા, પિતા અને કાકા એમ પરિવારમાં ચાલતી સંગીત વારસા પરંપરાની શૃંખલા એમણે જાળવી અને વડોદરાની મ.સ. યુનિ.માંથી માસ્ટર ઇન પરફોર્મિંગ આર્ટ્સની પદવી મેળવી. જીવનમાં વેદના પણ આવી. પણ આ વિદારક પળોમાં સંગીતે તેમને સ્થિર કર્યા. પ્રખ્યાત મોઢેરા ઉત્સવ, રાજકોટ - વડોદરા વગેરેની વિવિધ સંસ્થાઓ ઉપરાંત આખા ગુજરાતમાં પોતાના સ્વરનાં મધુર આંદોલનો પ્રસરાવ્યા છે. ભક્તિ સંગીત, ગુજરાતી કાવ્ય સંગીત, ગરબા વગેરેની સી.ડી. પણ તેમના સ્વરમાં બહાર પડી છે. "સંગીત મારો શ્વાસ છે" એમ કહેતા પ્રગતિબહેન

શાસ્ત્રીય સંગીત સર્વોપરી જ રહે એ માટે પુરુષાર્થ (સ્ત્રીઆર્થ) કરી રહ્યાં છે. તેમના પતિ શ્રી વિપુલ મહેતા તબલા વાદનમાં નિપુણતા ધરાવે છે. તબલા વિશારદની ઉપાધિ તેમની સાધનાનો પરિપાક છે. અનેક કાર્યક્રમોમાં મધુર સ્વરો સાથે તેમનો લયબધ્ધ મધુર ધબકાર ગૂંજતો રહ્યો છે.

જ્યારે વર્તમાન પ્રતિભાઓની વાત થઈ રહી હોય ત્યારે રાજેશ પઢારિયાને કેમ ભુલાય? સંગીતજ્ઞ પિતાનો વારસો લઈને પોતાના મધુર કંઠ અને પ્રસ્તુતિનો વિશિષ્ટ પ્રભાવ ઉપસાવતા શ્રી રાજેશભાઈ હવે તો વિવિધ કાર્યક્રમોમાં પ્રથમ પસંદગી બની રહે છે. વિશ્વના અનેક દેશોનો પ્રવાસ કરી ચૂકેલા રાજેશભાઈએ ત્યાં સમય અને આવશ્યક્તા પ્રમાણે સંગીત પ્રશિક્ષણના વર્ગો પણ ચલાવ્યા છે. હાલે સરકારી શાળામાં વિશેષ રીતે સંગીત શિક્ષક ઉપરાંત સંગીત સંસ્થા માન્ય સંગીત પ્રશિક્ષણ કેન્દ્રમાં પણ માર્ગદર્શન આપી, કલાકારોને તૈયાર કરી રહ્યા છે. પોતે એક અચ્છા સ્વર નિયોજક પણ છે અને એમના સ્વરાંકન અને કંઠમાં ભક્તિ સંગીતની અનેક સી.ડી. બહાર પડી છે. તેમનો પુત્ર શ્રેયસ પણ પિતાના પગલે આગળ વધી રહ્યો છે. હમણાં યોજાયેલી જુદી જુદી સ્પર્ધામાં સ્થાન મેળવી, પોતાની પ્રતિભાનો પરિચય આપ્યો છે.

પરિવારના વારસાને આ જ રીતે ઉજ્જવળ કરતા વિશિષ્ટ બહુમુખી પ્રતિભા ધરાવતા યશ અંતાણી આકાશવાણીમાં સંગીત કાર્યક્રમ નિયામક તરીકે કાર્યરત છે. ગઝલ, ગીતોના પ્રયોગશીલ સ્વરકાર તરીકે એમણે આગવું સ્થાન પ્રાપ્ત કર્યું છે. સ્વરકાર અને ગાયક ઉપરાંત તબલાવાદક તરીકે પણ વિશિષ્ટ લયકારીની છાપ ઉપસાવી છે.

સંગીત અનેક ક્ષેત્રોમાં વિસ્તર્યું છે. તેમાં 'સૂફી સંગીત' પણ એક સ્થાન ધરાવે છે. કચ્છમાં સૂફી સંગીતના આવા જ એક કલાકાર શ્રી કમલેશ સોલંકીએ સ્વબળે આ ક્ષેત્રે પોતાની પ્રતિભા પ્રગટ કરી છે. મૂળે તો શાસ્ત્રીય સંગીતનાં પ્રશિક્ષણ પછી, કાવ્ય સંગીતમાં અને સાથે સાથે ચીલો ચાતરીને, પ્રયોગો કરીને સ્વર નિયોજન કરતાં સૂફી સંગીતનાં અજવાળાં આંખે અંજાયા. હમણાં જ આદરણીય અને મોરારિ બાપુની કેદારનાથની કથા સમયે સૂફી ભક્તિ સંગીતની એક સી.ડી. પણ બહાર પડી છે.

'વર્તમાન પ્રતિભાઓ'ની વાત કરતાં કરતાં કેટલીક સંગીત બેલડીઓનો ઉલ્લેખ થયો. એમાં જ ઉમેરવા જેવી બેલડી એટલે દીપા અને હીરેન દવે. દીપાબહેને એમ.એસ. યુનિ.માંથી ગાયન અને સિતારવાદનનો ડિપ્લોમા મેળવી પં. નારાયણ પટવર્ધન પાસે શિક્ષણ મેળવ્યું. તેમના પતિ હીરેન દવે નાનપણથી જ પિયાનો અને કીબોર્ડ પર હાથ ચલાવતા. પછી, કાંતિભાઈ સોનછત્રા પાસેથી પ્રશિક્ષણ મેળવ્યું. બહુ જ ઓછા જોવા મળે એવા બે ગ્રાન્ડપિયાનો ધરાવતા હીરેનભાઈનાં આંગળાં પિયાનોને સ્પર્શ કરે છે ત્યારે જાણે રચાતી સ્વર કલાકૃતિ દશ્યમાન થાય છે અને ભાવકોને મુગ્ધ કરે છે. વિવિધ સંસ્થાઓમાં કામ કર્યા બાદ આ સંગીત બેલડી હાલે 'કલાશ્રી સંગીત સંસ્થાન' દ્વારા પ્રશિક્ષણ પણ આપે છે.

શાસ્ત્રીય સંગીતમાં ગાયન ઉપરાંત વાદન ક્ષેત્રે પણ કચ્છ પાસે વિશિષ્ટ પ્રતિભાવાન વાદ્યકારો છે. આવા જ બહુમુખી પ્રતિભાશાળી કલાકાર એટલે શ્રી નિર્મલ સંઘવી. મેન્ડોલિયન, સિતાર અને હાર્મોનિયમ તબલા પર પણ પ્રભુત્વ ધરાવતા આ કલાકાર ભાવકોને ડોલાવે છે. તેઓ પણ ઓમકારનાથ ઠાકુર વાદન સ્પર્ધામાં પ્રથમ સ્થાને આવ્યા હતા. માંડવીના આ કલાકારે માંડવીમાંથી જ શ્રી ચમનભાઈ પટેલ પાસેથી સંગીતનું શિક્ષણ પ્રાપ્ત કર્યું. આકાશવાણી માન્ય આ કલાકારે વિખ્યાત પંડિત વિનાયક વોરાથી લઈને પુરુષોત્તમ ઉપાધ્યાય અને આશિત દેસાઈ સાથે સંગત કરી છે. અમેરિકાની સંસ્થા દ્વારા પણ તેમની સી.ડી. બહાર પડી છે.

આવા જ કલાકાર છે વાંસળી વાદન નિષ્ણાત શ્રી મહેશભાઈ દવે. માંડવીના આ કલાકારે પણ અનેક કલાકારો સાથે અનેક કાર્યક્રમોમાં વાંસળી વાદનમાં સંગત કરી છે. રાષ્ટ્રીય કલાકારોની સમકક્ષ મૂકી શકાય એવી વાદનકલા એમને વરેલી છે. શબ્દોથી એમનો પરિચય મેળવીએ એના કરતાં એમની કલાને હૃદયમાં ઉતારતા ધ્યાનસ્થ થતાં એમને ઓળખીએ એ જ ઈષ્ટ. એમણે સંગીત વિશારદ પ્રાપ્ત કર્યું અને ૨૦૦૦ની સાલમાં પંડિત ઓમકારનાથ ઠાકર સંગીત સ્પર્ધામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું.

શાસ્ત્રીય સંગીતમાં વિશેષપણે ગુરુ શિષ્ય પરંપરાને અનુસરતાં શિક્ષણ આપવાનું મહત્ત્વ છે અને એ જ પ્રમાણે સંગીતમય નામ ધરાવતા શ્રી સારંગ અધિકારી આજે શ્રી હરિપ્રસાદ ચોરસિયા પાસે બેંગ્લોરમાં શિક્ષણ મેળવી રહ્યા છે. માંડવીમાં મહેશભાઈ દવે પાસે શીખતાં, વગાડતાં, અચાનક ગાયક શ્રી હરિહરનના કાર્યક્રમને માણતાં એ.આર. રહેમાન સાથે કામ કરનાર અશ્વિન શ્રીનિવાસન સાથે ભેટો થયો અને જાણે તેમને આ ક્ષેત્રમાં વિશાળ ગગનમાં ઉડવાની પ્રેરણા મળી. મુંબઈ ગયા. ત્યાંથી હરિપ્રસાદજી ચોરસિયાના વૃંદાવન ગુરુકુળ વિશે જાણવા મળતાં જ પહોંચી ગયા અને તેની જ્ઞાન પિપાસા, ધગશ દ્વારા બેંગ્લોરના ગુરુકુળમાં પસંદગીના ૭ શિષ્યોમાં સ્થાન મેળવી, હાલે ત્યાં પ્રશિક્ષણ સાધના ચાલી રહી છે. "આ ક્ષેત્રનો અંત નથી" એમ કહેતાં સારંગ હજુ ૫-૬ વર્ષ સાધના કરવા માંગે છે અને વિશ્વમાં શાસ્ત્રીય સંગીતની સુગંધ પ્રસરાવવા ઈચ્છે છે. કાજલબહેન છાયાના પરિવાર સાથે સંબંધ ધરાવતાં ઉન્નતિ ઠાકરિયા અને શેખર ઠાકરિયા પણ સંગીતમાં પૂરા રસ સાથે આગળ વધી રહ્યાં છે.

આ જ રીતે વાંસળીમાં પણ ત્રણ પેઢીનો વારસો ધરાવતા આલોક વૈશ્નવ, ગીટાર પર ઓજસ વોરા, તબલા પર શ્રી જીગર માંકડ, ફાલ્ગુન માલાણી, સાગર દવે જેવા કલાકારો વિશિષ્ટ પ્રતિભાઓ સમાન છે. તો ગાયકોમાં હાલે કચ્છ બહાર એવા

**(અનુસંધાન : જુઓ પાના નં.-૧૫ ઉપર)**

પ્રતિભા પર્વ : કચ્છની વર્તમાન પ્રતિભાઓ

# કચ્છના પરંપરાગત લોકવાદ્ય સંગીતની પ્રતિભાઓ

ઉમેશ પી. જડિયા

આજે કચ્છના પરંપરાગત લોકવાદ્ય સંગીતના જે વાદ્યો જોવા, સાંભળવા મળે છે તેમાં ખાસ કરીને ભોરીંદો, ડાક / ડાકલું, ડમરું, ઢોલક, ડફ, ઢોલ, વાંસળી, ઘડો / ઘાઘર, જોડિયા પાવા, કાની, ખંજરી, ઝાંઝ, મંજિરા, મોરચંગ, મોરલી, નગારા, નાગફણી, નાલ, સંતાર / રામસાગર / ઘંબુરો / તંબુરો / એકતારો / બેતારો, શરણાઈ, સુંદરી વગેરે કચ્છની પાંચ હજાર જૂની સિંધુ સંસ્કૃતિ કાળની પરંપરા રજૂ કરે છે અને આ તમામ લોકવાદ્યો ભારતના અનેક પ્રદેશો ઉપરાંત સિંધ - પાકિસ્તાન, અફઘાનિસ્તાન, ઈરાન, ઈરાક, ટર્કી, ઇજિપ્ત આદિ દેશો જ્યાં સૂફી પરંપરા રજૂ થાય છે ત્યાં પણ જોવા, સાંભળવા મળે છે. પરંતુ હવે કચ્છ ઉપરાંત આ તમામ દેશોના પરંપરાગત લોકવાદ્યોના નિષ્ણાત બુઝુર્ગ કલાકારો અને આ વાદ્યોના કારીગરોના અવસાન થઈ રહ્યા હોવાથી અસલી પરંપરાનો નાશ થઈ રહ્યો છે. તેથી લોકવાદ્ય સંગીતના અસલી પરંપરા વિલુપ્ત થઈ રહી છે. જેના માટે મહત્ત્વના કારણોમાં ફિલ્મ સંગીતનું જનજીવન પર આક્રમણ અને આ વાદ્યોની પરંપરાને જીવંત રાખવાની જવાબદારી છે તેવી સરકારી સંસ્થાઓની ઉદાસીનતા જવાબદાર છે. કેમકે આ લોકવાદ્યો અને તેના વાદ્ય કલાકારોને યોગ્ય પ્લેટફોર્મ આપવામાં આવતું નથી. પરિણામે વાદ્ય કલાકારો અને વાદ્યો બનાવનાર કારીગરોને આર્થિક મદદ મળતી ન હોવાથી તેઓ પોતાની કલા-કારીગરી છોડી અન્ય વ્યવસાય તરફ દોરાય છે અને લોકવાદ્યની અસલી પરંપરા નામશેષ થઈ રહી છે.

કચ્છની અંદર આ તમામ વાદ્યોના ઉત્કૃષ્ટ કલાકારોની માહિતી આ પ્રમાણે છે.

૧. **ભોરીંદો :** આ ભોરીંદો વાદ્ય કલાકારમાં મુસા ગુલામ જત અને મોહમ્મદ અલી ફાધલ નોડે મુખ્ય હતા. પરંતુ તેમનું અવસાન થયું છે. અન્ય કલાકારમાં ઓસમાણ ગની કુંભાર છે, જે પોતાના શોખ માટે ભોરીંદો વગાડે છે.

૨. **ડાક / ડાકલું :** આ વાદ્યના કલાકારોમાં માવજી આસરિયા જાગરિયા, મુરજી લધા જાગરિયા, ગુલુ શામજી જોગી, બુધિયા જેઠા જોગી છે. તેઓ તાંત્રિક વિધિ દરમિયાન તેમની મા આશાપુરાની આરતી દરમિયાન વગાડે છે.

૩. **ડમરુ :** ભગવાન શિવજીનું આ પ્રિય વાદ્ય નટ - બજાણિયા જાદુઇ ખેલ દરમિયાન લોકોના મનોરંજન દરમિયાન વાદન કરે છે. ઈશ્વરગીરી ગોસ્વામી શિવ મંદિરમાં આરતી દરમિયાન વગાડે છે.

૪. **ઢોલક :** કચ્છના લંઘા, મીર તથા અન્ય કલાકારો સંગીત સમારંભમાં ઢોલક વગાડે છે. જેમાં પ્રેમજી જોગી, આદમ લંઘા, ફકીર મામદ લંઘા, યુસુફ તારવાણી મોખરે છે.

૫. **ડફ :** ડફ ખાસ કરીને તાજિયા જુલુસ દરમિયાન ઓસમાણ ગની કુંભાર, સિદી મામદહુસેન, નઝીર ઈશાની મોખરે છે.

૬. **ઢોલ :** માંગલિક પ્રસંગોમાં કચ્છના લંઘા, મીર, નટ ઢોલવાદન કરે છે. જેમાં આસીફ કાસમ સોરઠિયા, તલત ઓસમાણ તારવાણી, યુસુફ રમઝુ તારવાણી, નઝીર ઈશાની મોખરે છે.

૭. **વાંસળી / બંસરી :** શાસ્ત્રીય સંગીત, લોકવાદ્ય સંગીત સમારંભમાં મહેશ દવે, આલોક વૈષ્ણવ મોખરે છે.

૮. **ઘડો / ઘાઘર :** કચ્છી / સિંધી લોકવાદ્ય સંગીત, આરાધી વાણી દરમિયાન દાના ભારમલ, ભુરા વેલા મારવાડા, જુસબ હસન જત, હરજી ડોસા મારવાડા આ વાદ્ય વગાડે છે.

૯. **જોડિયા પાવા :** કચ્છી / સિંધી લોકવાદ્ય સંગીત સમારંભમાં જોડિયા પાવા વગાડવામાં આવે છે. જેમાં મુસા ગુલામ જત, નૂરમામદ સોઢા, રવા વાઢા, કાનજી રાણા મારવાડા મુખ્ય છે.

૧૦. **કાની :** આ વાદ્ય કાની સુફી સંગીત સમારંભમાં વગાડવામાં આવતી. જેમાં મરહૂમ ઈશાક ફકીર ચીનકી, લક્ષ્મણ રબારી મુખ્ય હતા. હાલે આ વાદ્યના કલાકાર કોઈ નથી.

૧૧. **ખંજરી / ઝાંઝ / મંજીરા :** આ વાદ્યો કચ્છી / સિંધી લોકવાદ્ય સંગીત સમારંભમાં વગાડવામાં આવે છે. જેમાં હીરા ખજૂ મારવાડા, કરમલ મારવાડા, લાખા વેરસી મારવાડા મુખ્ય છે.

૧૨. **મોરચંગ :** કચ્છના માલધારીનું વાદ્ય મોરચંગ ઢોરઢાંખર ચરાવતી વખતે વગાડવામાં આવે છે. આ વાદ્યના કલાકારોમાં સામત સાજન પઠાણ, મુસા ગુલામ જત, જાકબ હાસમ જત મુખ્ય છે.

**૧૩. મોરલી :** કચ્છમાં આ વાદ્ય ખાસ કરીને સર્પ, નાગને રીઝવવા માટે વગાડવામાં આવે છે અને આ કલામાં લાલ વાદી, ફુલવાદી, પ્રવીણ મનાય છે. આ વાદ્યના માહીર કલાકાર સુરતનાથ મોતીનાથ વાદી મુખ્ય હતા. અન્ય કલાકારોમાં ડંકાનાથ વાદી, કેશનાથ લાલનાથ વાદી મુખ્ય છે.

**૧૪. નગારાં :** કચ્છના લંઘા, મીર, આ વાદ્યના માહિર કલાકારો છે જે ખાસ કરીને માંગલિક પ્રસંગોએ વાદન કરે છે. આ વાદ્યના પ્રવીણ કલાકારોમાં સ્વ. સુલેમાન જુમા, રમજુ બુઢા લંઘા, ઈબ્રાહિમ ઓસમાણ લંઘા મુખ્ય હતા. હાલે અલીભાઈ ધાફાની, ગની કાદર લંઘા ઉસ્તાદ કલાકારો છે.

**૧૫. નાગફણી :** નાગફણી ખાસ કરીને ભગવાન શિવજીના મંદિરમાં આરતી સમયે વગાડવામાં આવે છે. જેનો અવાજ શંખના અવાજને મળતો આવે છે. આ વાદ્યના માહિર કલાકારમાં ઈશ્વરગીરી ગોસ્વામી મુખ્ય છે.

**૧૬. નાલ :** આ લોકવાદ્ય નાલ ઢોલકને મળતું આવે તેવું જ વાદ્ય છે અને કચ્છના લંઘા, મીર અને અન્ય કોમના વાદ્ય કલાકારો કચ્છી / સિંધી / લોકવાદ્યના સાંસ્કૃતિક સમારંભોમાં વાદન કરે છે. આ વાદ્યના માહિર કલાકારોમાં સિદ્દીક તારવાણી, તનસુખ પરમાર, રફીક લંઘા, રીયાઝ ધાફાની મુખ્ય છે.

**૧૭. સંતાર / રામસાગર / ઘંબુરો / તંબુરો / એકતારો / બેતારો / રાવણ હથ્થો :** કચ્છના આરાધી વાણી, ભજન, કીર્તનના કલાકારો ઈશ્વર / અલ્લાહની આરાધના - બંદગી સમયે વાદન કરે છે. આ વાદ્યોના કલાકારોમાં મુસલાલા મારવાડા, હીરા ખજુ મારવાડા, લાખા મારવાડા આદિ કલાકારો છે. અમૃતલાલ બારોટ, નટવરલાલ તેરવાડા રાવણ હથ્થાનો માહિર કલાકારો છે.

**૧૮. શરણાઈ :** કચ્છના લંઘા, મીર કોમના કલાકારો માંગલિક પ્રસંગોએ શરણાઈ વાદન રજૂ કરે છે. જેમાં ગની કાદર લંઘા, અબ્દુલ્લા ધાફાની, સિદ્દીક લંગા, મમીમ ઉસ્તાદ આદિ કલાકારો મુખ્ય છે.

**૧૯. સુંદરી :** શરણાઈને મળતું આ વાદ્ય સુંદરી કચ્છના લંઘા કોમના કલાકારો દેશી રાગરાગીણી, લોકગીતમાં વાદન રજૂ કરે છે. સુંદરી વાદનના શ્રેષ્ઠ કલાકાર મરહુમ સુમાર સુલેમાન જુમાણી હતા. હવે આ વાદ્ય કોઈ વગાડતું નથી.

**૨૦. સુરંદો :** કચ્છી / સિંધી લોકવાદ્ય સાંસ્કૃતિક સમારંભમાં તેમજ નિજાનંદ માટે કચ્છના ફકીરાણી જતના કલાકારો સૂફી સંગીતના રાગરાગીણી સુરંદા પર વગાડે છે. આ સુરંદા વાદ્યના શ્રેષ્ઠ કલાકારોમાં મરહુમ સિદ્દીક મીઠા જત, સોનુ સાવણ જત મુખ્ય હતા અને હવે ઓસમાણ સોનુ જત વગાડે છે.

હવે જોડિયા પાવા, મોરચંગ અને સુરંદા પર વિસ્તૃત માહિતી આ મુજબ છે.

**૧. જોડિયા પાવા :**

કચ્છનું આ લોકવાદ્ય જોડિયા પાવા વાંસના બે અલગ અલગ પાવા હોઠ પર વ્યવસ્થિત ગોઠવીને વગાડવામાં આવે છે. એક પાવો માદા હોય છે અને બીજો પાવો નર હોય છે. માદા પાવ પર આઠથી દસ છિદ્રો હોય છે અને નર પાવા પર દસથી બાર છિદ્રો હોય છે. માદા પાવા પર અલગ અલગ પ્રકારની રાગરાગીણી રજૂ કરવામાં આવે છે અને નર પાવો માત્ર એક જ પ્રકારનો સૂર રજૂ કરી માદા પાવાને સાથ આપે છે. જોડિયા પાવા ખાસ કરીને કેર, કૌ, તાલી, સોપારી, સીસમના લાકડામાંથી બનાવવામાં આવે છે. જેની લંબાઈ દોઢથી બે ફૂટની રાખવામાં આવે છે. ડ્રીલની મદદથી જોડિયા પાવામાં સળંગ છિદ્ર કરવામાં આવે છે અને એના મુખ પર ભુંગળી બેસાડી વગાડાય છે. સિંધના સૂફી સંત શાહ અબ્દુલ લતીફ ભટાઈએ રચેલી સૂપી કવિતાઓ જે શાહ-જો-રસાલો, સૂફી કલામ, સુફિયાના કલામ, કચ્છી કાપી વગેરે નામથી ઓળખાય છે તે ૩૬ પ્રકારની રાગરાગીણી જેમાં ૬ રાગ અને ૩૦ રાગીણી છે. દરેક રાગને પાંચ પાંચ પત્નીઓ કે જે રાગીણી તરીકે પ્રચલિત છે. આ ૩૬ રાગ રાગીણીમાં રાણો, કારાયડો, સારંગ, મલ્હાર, દેશ, આશાવરી, ભેરવી વગેરે રાગો મુખ્ય છે. કચ્છના માલધારી જત લોકો અલ્લાહની બંદગી કરવા માટે તેમજ તેઓના ધાર્મિક પ્રસંગોએ જોડિયા પાવાનું વાદન કરે છે. કચ્છમાં જોડિયા પાવાના નિષ્ણાત કલાકારમાં મરહુમ મુસા ગુલામ જત હતા જેઓએ સિંધ - પાકિસ્તાનના જોડિયા પાવાના કલાકાર મરહુમ ખમીસા ખાન પાસે તાલીમ લીધી હતી. અંદાજે ૧૫થી ૨૦ રાગરાગીણી પર સારી એવી હથોટી મેળવી હતી. ભુજ આકાશવાણીના આ માન્ય કલાકાર પોતાની જોડિયા પાવાની કલા રજૂ કરતા મુસા જતે ગુજરાત રાજ્યનો ગૌરવ પુરસ્કાર મેળવ્યો હતો. મુસા જતે પોતાની જોડિયા પાવાની કલા દેશ-વિદેશના અનેક સાંસ્કૃતિક કાર્યક્રમોમાં રજૂ કરી કચ્છનું ગૌરવ વધાર્યું હતું. હાલે જોડિયા પાવાના અન્ય કલાકારોમાં નૂરમામદ સોઢા, રવા વાઢા, કાનજી રાણા મારવાડા, જાકબ જત છે. આ વાદ્ય કચ્છમાં જોડિયા પાવા તરીકે, રાજસ્થાન - પાકિસ્તાનમાં અલ્ગોઝી તરીકે, અફઘાનિસ્તાનમાં ડોનાલી, સતારા તરીકે ઓળખાય છે. હાલે યુરોહના ફ્રાંસ, જર્મની, સ્વિટ્ઝરલેન્ડ પણ જોડિયા પાવાના અનેક કલાકારો માહિર બન્યા છે. મરહુમ મુસા ગુલામ જતની જોડિયા પાવાની કલા પર મૂળ ભુજના હાલે મુંબઈ નિવાસી સોની ગ્રાફિક્સના રમેશભાઈ સોનીએ "Notes from the Desert" નામની દસ્તાવેજી ફિલ્મ તૈયાર કરી છે જેને સંગીત નિર્દેશક શ્રી એ.આર. રહેમાને વખાણી હતી અને મુસા ગુલામ જતને મળવા માટે હાજીપીરની ખાસ મુલાકાત લીધી હતી. જોડિયા પાવા વાદક શ્રી રવાભાઈ વાઢાએ પોતાની જોડિયા પાવાની કલા ભારતના માનનિય પૂર્વ રાષ્ટ્રપતિ શ્રી પ્રણવ મુખર્જી સમક્ષ રજૂ કરી કચ્છનું નામ રોશન કર્યું હતું.

**૨. સુરંદો :**

કચ્છના માલધારી ફકીરાણી જતનું પ્રિય લોકવાદ્ય સુરંદો એક જ લાકડાના ટુકડામાંથી બનાવવામાં આવે છે. જેનો આકાર ખૂબ જ સુંદર હોય છે. સુરંદાના છ તાર હોય છે. જેમાં એક તાંબાનો તાર અને બાકીના પાંચ સ્ટીલના બનેલા હોય અને દરેક તારના વિશિષ્ટ નામો જેવા કે અઘોર, ઢીમ, જારા વગેરે હોય છે અને તેને ગજથી વગાડવામાં આવે છે. આ ગજમાં ઘોડાની પૂંછડીના વાળ હોય છે અને તેને પોલીશ કરવા બેરજો / રાજન લગાડવામાં આવે છે. સુરંદા વાદક મરહુમ સિદ્દીક મીઠા જતે જણાવેલ હતું કે તેઓએ સુરંદા વાદનની કલા તેમના કાકા પાસે ૧૯૩૫ પહેલા મેળવી હતી. ત્યારથી તેમના અવસાન સુધી સુરંદો વગાડતા હતા. સિંધી પરંપરાગત સંગીતની કલા જે સૂફી કવિતા નામે જાણીતી છે તે કલાના તેઓ ૧૫ રાગરાગીણી સારી રીતે સુરંદા પર વગાડી શકતા. સુરંદા વાદનને સાથ આપવા તાલ વાદ્ય - ઘડો વગાડવામાં આવે છે અને તેની સાથે કચ્છી / સિંધી કાફી, બેત ગાવામાં આવે છે. કચ્છમાં આ વાદ્ય સુરંદો તરીકે ઓળખાય છે જ્યારે ઉત્તર ભારત, સિંધ, નેપાળ, પર્સિયા, બાંગ્લાદેશમાં સરીન્દા, સરોદો તરીકે ઓળખાય છે. પર્સિયન લોકકથામાં ઉલ્લેખ છે કે સિંધના રાજવી સોરઠ રાઈ દીયાએ સુરંદાની સંગીત કલાથી એટલા પ્રભાવિત થઈ ગયા હતા કે તેમણે પોતાના જીવનનું બલિદાન આપવાની ઇચ્છા વ્યક્ત કરી હતી. પર્સિયા, સિંધમાં સુરંદો ખૂબ જ લોકપ્રિય વાદ્ય ગણવામાં આવે છે. આજે પણ આ પ્રદેશના બુઝુર્ગ વાદ્ય કલાકારો કલાકો સુધી અવિરત સુરંદો વગાડી શકે છે. કચ્છના મરહુમ સિદ્દીક મીઠા જત, સોનુ સાવણ જત ખૂબ સારી રીતે સુરંદો વગાડી શકતા. હાલે સુરંદાના એકમાત્ર સારા કલાકાર ઓસમાણ સોનુ જત છે. ભુજ આકાશવાણીના માન્ય કલાકાર સિદ્દીક મીઠા જતે પોતાની સુરંદા વાદનની કલા દેશ-વિદેશમાં રજૂ કરી કચ્છનું ગૌરવ વધાર્યું હતું. ગુજરાત સરકારે તેમને ગૌરવ પુરસ્કાર એનાયત કર્યો હતો. ૧૯૯૧માં જર્મની અને ઇંગ્લેન્ડમાં યોજાયેલ ફેસ્ટીવલ ઑફ ઇન્ડિયામાં સુરંદાની કલા રજૂ કરી હતી પરંતુ તેઓના અવસાન સુધી અમદાવાદની એક ખાનગી કંપનીમાં ચોકીદાર તરીકે કામ કરતા હતા.

**૩. મોરચંગ :**

કચ્છના માલધારીનું લોકવાદ્ય મોરચંગ લોખંડનું ચીપિયા આકારનું હોય છે જેમાં ચીપિયાની વચ્ચે સ્ટીલની પટ્ટી બેસાડવામાં આવે છે. મોરચંગ દાંત વચ્ચે ગોઠવી આંગળીથી હલેસો આપવાથી વાગે છે અને સ્ટીલની પટ્ટી પાસેની જગ્યાએ હવાના અવરજવરથી હવા કપાય છે અને અવાજ નીકળે છે. મોરચંગમાંથી અલગ અલગ સૂર કાઢવા માટે તબલા, ઢોલકના તાલની રીતે, જીભની હલનચલન, ગળાની હલનચલન અને પેટની હલનચલનથી આકર્ષક કર્ણપ્રિય અવાજ નીકળે છે. કચ્છના માલધારી લોકો જ્યારે જંગલમાં પોતાના ઢોર ચરાવે છે ત્યારે ઝાડની નીચે બેસી મોરચંગ વગાડે છે ત્યારે તે પોતાના ઢોરને સુચના આપે છે અને ઢોરને પોતાની પાસે બોલાવે છે. એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જવા માટે મોરચંગ વાદન કરે છે. કચ્છના મોરચંગ વાદક સામન સાજન પઠાણ મોરચંગ વાદન સાથે કચ્છી / સિંધી કવિતા ગાઈ શકે છે. ભુજના સદ્‌ગત ઇશાક મહેશ્વરી મોરચંગ વાદ્ય વિના આંગળીના હલન ચલનથી મોંમાંથી મોરચંગનો અવાજ કાઢી શકતા. આજે મોરચંગ કચ્છમાં લોખંડનું બનતું જોવા મળે છે, જ્યારે રાજસ્થાનમાં પિત્તળનું બને છે. ભારતના પૂર્વીય પ્રદેશોમાં વાંસમાંથી મોરચંગ બને છે. યુરોપ, રશિયાના પ્રદેશોમાં સ્ટીલના મોરચંગ બને છે. દક્ષિણ એશિયાના પ્રદેશોમાં વાસ, પિત્તળના અલગ અલગ કદના મોરચંગ બને છે. ફ્રાંસમાં સીમકાર્ડ, એ.ટી.એમ. કાર્ડમાંથી બને છે. રશિયાના કેટલાય પ્રદેશોમાં મોરચંગ લોકપ્રિય વાદ્ય ગણાય છે અને તેનું ધાર્મિક મહત્ત્વ અનેરું છે. ત્યાંના અનેક કલાકારો મોરચંગ વાદન સાથે જાતજાતના પશુ-પંખીના અવાજ કાઢે છે. વિશ્વનું એકમાત્ર મોરચંગનું સંગ્રહાલય સાઈબીરિયાના યકુટિયા પ્રદેશમાં છે. જ્યાં દસ હજાર ભાઈઓ - બહેનો મોરચંગ વાદન રજૂ કરે છે. નેધરલેન્ડની પાન રેકોર્ડ કંપની દર વર્ષે મારચંગ સમારંભ યોજે છે. જેમાં વિશ્વના કલાકારો ભાગ લઈ મોરચંગ વાદન રજૂ કરે છે. ભારતના ગોવા પ્રદેશમાં પણ મોરચંગ - માઉથ હાર્પ ફેસ્ટીવલ યોજાય છે. દક્ષિણ ભારતના અનેક સાંસ્કૃતિક કાર્યક્રમોમાં મોરચંગ શાસ્ત્રીય વાદ્ય તરીકે વગાડવામાં આવે છે. રાજસ્થાનમાં લોક સંગીતના કાર્યક્રમોમાં મોરચંગનું અનેરું મહત્ત્વ છે. પૂર્વીય ભારતના બહેનો લોકનૃત્ય સમયે મોરચંગ વાદન રજૂ કરે છે. રશિયાના તુવા પ્રદેશમાં અંતિમ શ્વાસ લઈ રહેલ વ્યક્તિની પાસે શાંતિ માટે ત્યાંના મોરચંગ વાદકો મોરચંગ વાદન રજૂ કરે છે. ભારતના વૈદિક શાસ્ત્રોમાં પણ મોરચંગનો ઉલ્લેખ જોવા મળે છે. વિશ્વના અનેક દેશોએ મોરચંગની પોસ્ટલ સ્ટેમ્પ્સ, સાહિત્ય પ્રકાશિત કરેલ છે.

આ લેખના કલાકાર પાસે દેશ-વિદેશના અનેક મોરચંગનો અનેરો સંગ્રહ છે અને તેમની પાસે દેશ-વિદેશમાં મોરચંગ કયા નામે ઓળખાય છે તેના ૧૦૦૦ નામોનો સંગ્રહ છે અને તેમણે અનેક સાંસ્કૃતિક કાર્યક્રમોમાં મોરચંગ વાદન કરેલ છે અને તેમણે કચ્છના લોકવાદ્યો પર અંગ્રેજીમાં બુકલેટ પ્રકાશિત કરેલ છે. દેશ-વિદેશની સંસ્થા દ્વારા કચ્છી સંગીત પર દશ્ય - શ્રાવ્ય દસ્તાવેજી ફિલ્મ બહાર પાડવામાં આવેલ છે તેમાં તેમણે સહયોગ આપેલ છે.

*૮૮, આઈયા નગર વિભાગ-૨,*
*ઓધવ પાર્ક-૨ પાછળ, મુંદ્રા રિલોકેશન સાઇટ,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*મો. ૯૮૨૫૭ ૧૪૧૯૮*

પ્રતિભા પર્વ : કચ્છની વર્તમાન પ્રતિભાઓ

# કચ્છની વર્તમાન નાટ્ય પ્રતિભાઓ

ગૌતમ જોષી

લોકોની મનોવેદનાને વાચા આપવા માટે અનાદિકાળથી અભિવ્યક્તિ દ્વારા રજૂ કરવામાં આવતી કળાને રંગભૂમિ પર પ્રસ્તુત કરવામાં આવતી. કાળક્રમે આવી અભિવ્યક્તિની પ્રવૃત્તિઓને નાટક એવું નામ આપવામાં આવ્યું. નાટ્ય સંસ્કૃતિનો જન્મ ગ્રીક સંસ્કૃતિ સાથે સંકળાયેલું નોંધાયું છે અને ધીરે ધીરે આ કળા જે રંગમંચ પર પ્રસ્તુત કરવામાં આવતી તે નાટકનો પ્રસાદ વિશ્વના દરેક દેશોમાં થતો ગયો અને ભારતમાં પણ રંગમંચનો ધબકાર ઝિલાતો થયો. ભારતના તમામ રાજ્યોમાં નાટકો રજુ થાય છે પરંતુ ખાસ કલાત્મક નાટકો બંગાળ, મહારાષ્ટ્ર અને ગુજરાતમાં નોંધનીય છે. બંગાળની રંગભૂમિ આજે પણ નવીનતમ પ્રયોગાત્મક નાટકો પ્રસ્તુત કરે છે અને વિવિધ ટેકનિકોનો ઉપયોગ પણ ખરે છે. જ્યારે મહારાષ્ટ્રની રંગભૂમિએ પણ આધુનિક ટેકનોલોજી સાથે સારું કાઠું કાઢ્યું છે અને એની અસર ગુજરાતમાં અમદાવાદ, વડોદરા, રાજકોટ અને ભાવનગરમાં જોવા મળે છે.

ભૂકંપ પછી કચ્છના વિકાસમાં રંગભૂમિની પણ એટલી જ ભૂમિકા રહી છે. ભૂકંપગ્રસ્ત લોકોના માનસ પર એક મનોરંજનનો સાત્ત્વિક અર્ક આ નાટ્ય પ્રવૃત્તિએ મૂક્યો છે. કચ્છના ભૂકંપ પછી નાટકોની વાત કરીએ તો દરેક નાટકોના દરેક કલાકાર એક પ્રતિભાવાન કલાકાર છે. ફક્ત ભુજમાં જોઈએ તો શૈલેન્દ્ર ચોકસી, પંકજ ઝાલા, નયન રાણા, ડૉ. કાંતિભાઈ ગોર, નિરૂપણ છાયા જેવા કલાકારો છે તો આવી પ્રતિભાઓ માંડવી, ગાંધીધામ, અંજાર, નલિયા અને નખત્રાણામાં છુપાયેલી છે. માટે આજે આપણે સમગ્ર કચ્છની નાટ્ય પ્રવૃત્તિ પર અલ્પ નજર કરી દરેક પ્રતિભાઓને ઓળખવાની કોશિશ કરશું.

આજે આપણે કચ્છની ભૂકંપ બાદની રંગભૂમિની વાત કરીએ તો કચ્છ જિલ્લામાં અવેતન રંગભૂમિની ભાવના સાથે કાર્યશીલ રહેલી ભુજની સંસ્થાઓ સાંનિધ્ય, નટરાજ, પ્રોગ્રેસીવ ગ્રુપ, અખિલ કચ્છ યુવા સંઘ, સપ્તરંગ, વિઝ્યુઅલ આર્ટ જેવી અનેક સંસ્થાઓ તથા વ્યક્તિગત નામો સાથે સંકળાયેલ ગ્રુપો દ્વારા ભગવાન નટરાજની આરાધના કરવામાં આવી રહી છે. અને કચ્છના લોકોને સમયાંતરે સુંદર અને સંસ્કારી મનોરંજન પૂરું પાડે છે અને ગાંધીધામ, આદિપુરમાં સિંધોલોજી સાથે સંલગ્ન સંસ્થાઓ અને ખાસ કરીને ડૉ. રમેશ લોહાણા અને કમલ નહેલાણી જેવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓને જીવંત રાખવા કાર્યરત છે.

ભૂકંપની ભયાનક પરિસ્થિતિ બાદ જિલ્લાનું મુખ્ય કેન્દ્ર ભુજ અને સમગ્ર જિલ્લો ખૂબ જ અનુકંપા અનુભવતો હતો ત્યારે કચ્છના કળા જગતના સુમેરુઓને આર્થિક મદદ કરવાનો પ્રસ્તુત પ્રયાસ "ધ ભુજ મર્કેન્ટાઈલ કો-ઓપરેટીવ બેંક" ના ચેરમેન શ્રી મહેન્દ્ર મોરબિયા દ્વારા કરવામાં આવ્યો અને રંગમંચના કર્મીઓની પીઠ થાબડવાનો પ્રયાસ થયો. ધીરેધીરે કચ્છનો નાટ્ય કલાકાર નાટક તરફ પાછો આવ્યો .નયન રાણા, પ્રકાશ ગોસ્વામી, પંકજ ઝાલા, સ્વ. પીયૂષ શુકલ, પ્રકાશ શુકલ, આશુતોષ મહેતા, કીર્તિભાઈ હાથી, ઝવેરીલાલ સોનેજી વગેરે તમામ કલાકાર મિત્રો ભેગા થઈ "કંઈક કરીએ" ની ભાવના સાથે ચર્ચા-વિચારણા થાય. ભુજના સાંસ્કૃતિક ધબકાર ઝીલતો ટાઉન હોલ ધ્વંસ હાલતમાં જોઈ હવે નાટક ક્યા કરવું? તે પ્રશ્ને બધા એક થઈ સાંનિધ્ય ગ્રુપ દ્વારા "અસત્યનારાયણ"ની કીર્તિ હાથી, પંકજ ઝાલાની રાહબરી હેઠળ માતૃછાયા કન્યા વિદ્યાલયના મંચ પર પ્રસ્તુતિ કરવામાં આવી. ત્યારબાદ પ્રોગ્રેસીવ ગ્રુપના નેજા હેઠળ પીયૂષ શુક્લ અને પ્રકાશ શુક્લ દ્વારા 'ચકડોળ' ને પણ માતૃછાયાના મંચ પર ભજવવામાં આવેલ. ત્યારબાદ નયન રાણા દિગ્દર્શિત નાટક "ટોબા ટેકસિંહ" ની પ્રસ્તુતિ પણ એજ મંચ પર કરવામાં આવી. આ રીતે ટાઉનહોલની અવેજીમાં માતૃછાયા કન્યા વિદ્યાલયનો મંચ આશીર્વાદ રૂપ રહેલ.

આ ઉપરાંત ગુજરાત રાજ્ય સંગીત નાટ્ય નૃત્ય અકાદમી-ગાંધીનગર દ્વારા આયોજિત ફુલ લેન્થ પ્લેની હરીફાઈ ૪ દિવસ માટેની આ વિદ્યાલયના મંચ પર યોજવામાં આવેલ. જેમાં ભુજની સંસ્થા "સાનિધ્ય" દ્વારા નાટક "અંટસ" ભજવાયું અને નયન રાણા દિગ્દર્શિત "ટોબા ટેકસિંહ" ફરી ભજવાયું.

૨૦૦૭-૨૦૦૮ની સાલમાં ટાઉન હોલ નવા રંગરૂપ સાથે શરૂ થયો ત્યારે સપ્તરંગના અધ્યક્ષ ઝવેરીલાલ સોનેજી અને જગદીશ ભટ્ટ દ્વારા સામાજિક નાટક "બુઢાએ મારી બાઉન્ડ્રી" ની અપ્રિતમ સફળતા સહ પ્રસ્તુતિ થઈ. આ નાટકમાં દિગ્દર્શક અને મુખ્ય કલાકારની ભૂમિકા શૈલેન્દ્ર ચોકસીએ ભજવી અને આ નાટક સંપૂર્ણ મનોરંજન આપતું નાટક રહ્યું. આ નાટકનો એક પ્રયોગ માંડવીના ગોકુલ રંગભવનમાં પણ કરવામાં આવ્યો. આ નાટક ખરી રીતે વ્યાવસાયિક નાટકની સમકક્ષ ઊભું રહે એટલી ક્ષમતા ધરાવતું હતું.

કચ્છનાં વિવિધ ગામો અને શહેરોમાં નાના-મોટા નાટ્ય પ્રયોગો થવા લાગ્યા. જેમાં શેઠ સગાળશા, નરસિંહ મહેતા, શેઠ

જગડુશા અને વિવેકાનંદના જીવન પર આધારિત નાટક પણ રજૂ થયાં, જે સફળ રહ્યાં.

શૈલેન્દ્ર ચોકસી દિગ્દર્શિત અને અભિનીત નાટક કચ્છના 'દાનવીર શેઠ જગડુશા'ના ઘણા પ્રયોગો કચ્છના વિવિધ ગામોમાં થયા. જેમાં ભદ્રેશ્વર, વસઈ તીર્થના નવીનીકરણ પ્રસંગે આ નાટક મંચસ્થ થયું અને લોકચાહના મેળવી. તો અનિરુદ્ધસિંહ ગોહિલ લિખિત અને દિગ્દર્શિત નાટક શેઠ સગાળશા પ્રસ્તુત થયું. સાથોસાથ નયન રાણા દિગ્દર્શિત નાટક ચક્રવર્તી રાજા કુમારપાળ માંડવી તાલુકાના કોડાય ગામમાં પ્રસ્તુત થયું. તો માંડવી ખાતે ડૉ. પ્રા.આર.વી. બસિયા, વી.આર.ટી.આઈ.ના ગોવર્ધન પટેલ "કવિ" તથા ખી.રા. ટ્રસ્ટના ભરતભાઈ વેદના માર્ગદર્શન હેઠળ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અને વિઝ્યુઅલ આર્ટનાં નાટકો, નાટ્ય શિબિરો, વર્કશોપો અને નવોદિતોની શોધ કરવામાં આવી. ડૉ. બસિયાના દિગ્દર્શન હેઠળ ડૉ. જગદીશ ત્રિવેદી લિખિત સામાજિક કોમેડી નાટક "આહ જિંદગી...વાહ જિંદગી..." માંડવી તેમજ ભુજના રંગમંચ પર ભજવાયું. તેમજ ડૉ. બસિયા દ્વારા ગુજરાતી સાહિત્યના સાહિત્યકાર ડૉ. જયંત ખત્રીની વાર્તા "લોહીનું ટીપું" નું નાટ્ય રૂપાંતર ભુજ અને માંડવી ખાતે વિઝ્યુઅલ આર્ટના કલાકારો દ્વારા પ્રસ્તુત કરવામાં આવેલ. તો ધનલક્ષ્મી ગડા લિખિત અને શૈલેન્દ્ર ચોકસી દિગ્દર્શિત પછી નાટક "મન મિલ્યા તેજા અખર મલ્યા" ભુજ ટાઉન હોલમાં કચ્છી સાહિત્ય અકાદમીના નેજા હેઠળ રજૂ થયું. જેમાં કચ્છના કલાકારોએ યાદગાર ભૂમિકા ભજવી.

ડૉ. કાંતિભાઈ ગોર લિખિત અને દિગ્દર્શિત નાટક "ભગવાન પરશુરામ" સમસ્ત બ્રહ્મ સમાજના નેજા હેઠળ ભુજ, માંડવી વગેરે સ્થળોએ ભજવાયું જેમાં ડો. કાંતિભાઈ ગોર, પ્રકાશ શુકલ, રાજેશ દવે, રમેશ સોનપાર, મનોજ સોનપાર, રીષી જોષી જેવા અનેક કલાકારોએ પોતાની કલાનાં કામણ પાથર્યાં. ત્યારબાદ ડૉ. કાંતિભાઈએ કચ્છી નાટક "હકલ કરે હિંયારી" લખ્યું અને કચ્છી સાહિત્યની અસલ ઢબે મસ્કા ગામે પ્રસ્તુત કર્યું જેને પણ અદ્‌ભુત પ્રતિસાદ મળ્યો.

ભૂકંપના ઓછાયા રૂપ સમયમાં શ્રી નલિનભાઈ ઉપાધ્યાય લિખિત અને શૈલેન્દ્ર ચોકસી દિગ્દર્શિત તથા ઝવેરીલાલ સોનેજી નિર્મિત (શેરી નાટક) "આફ્ટર શોક" ભુજના વિવિધ મહોલ્લા શેરી અને ચોકમાં ભજવાયાં. આ શેરી નાટકનો મુખ્ય ઉદ્દેશ માત્ર લોકોમાં ભૂકંપ અંગેની જાગૃતિનો હતો. સાથે લોકસભાની ચૂંટણીમાં મતદાન પ્રત્યેની જાગૃતિ અંગેનાં શેરી નાટક રજૂ થયાં.

અંતે કચ્છના રંગકર્મીઓ સ્વ. હસન જમાદાર, સ્વ. વિનુભાઈ શુકલ, સ્વ. જયંત મકવાણા, સ્વ. પીયૂષ શુકલ, સ્વ. ભાનુ માંકડ, સ્વ. પ્રાણકુંવર શાહ તથા ભાસ્કર બુચ, સવિતાબેન શાહ, હંસાબેન સોની, નિશા પંડ્યા, કમલેશ પંચોલી, જયેશ રાવલ, પ્રમોદ માંકડ, રસનિધિ અંતાણી, સ્વ. એન. એલ. ચીનિયારા, પ્રદીપ જોષી, રમાકાંત સોનપાર, ચાર્લી સર્કલ-ગાંધીધામના ડૉ. અશોક આશવાણી વગેરે કલાકાર મિત્રોને આજના અવસરે યાદ કરવા ઘટે. સાથોસાથ કચ્છ યુવક મંચ મુંબઈ દ્વારા દર વર્ષે કચ્છમાં ડૉ. વિશન નાગડા અનુવાદિત કચ્છી નાટકો પણ થાય છે જે પણ નોંધનીય છે. કચ્છની આ તમામ નાટ્ય પ્રતિભાઓને વંદન સહ નમો નમો નટરાજ.

*'૪૩૦' જૂની રાવલવાડી,*
*વ્યાયામ શાળા પાછળ, ભુજ, કચ્છ.*
*મો. ૯૪૨૮૨૨૦૩૪૦*

## કચ્છના રાજવીઓની તવારીખ

| | વર્ષ | રાજવીઓનાં નામ |
|---|---|---|
| ★ | ૧૧૪૭ - ૧૧૭૫ | જામ લાખો |
| ★ | ૧૧૭૫ - ૧૨૧૫ | જામ રાયઘણ |
| ★ | ૧૨૧૫ - ૧૨૫૫ | જામ ઓઢો |
| ★ | ૧૨૫૫ - ૧૨૮૫ | જામ પાઓજી |
| ★ | ૧૨૮૫ - ૧૩૨૧ | જામ વહેણજી |
| ★ | ૧૩૨૧ - ૧૩૪૭ | જામ મુળવોજી |
| ★ | ૧૩૪૭ - ૧૪૧૪ | ... કાંયાજી |
| ★ | ૧૪૧૪ - ૧૪૨૯ | જામ આમરાજી |
| ★ | ૧૪૨૯ - ૧૪૭૨ | જામ ભીમજી |
| ★ | ૧૪૭૨ - ૧૫૦૬ | જામ હમીરજી |
| ★ | ૧૫૦૬ - ૧૫૮૬ | રાવ ખેંગારજી |
| ★ | ૧૫૮૬ - ૧૬૩૨ | રાવ ભારમલજી |
| ★ | ૧૬૩૨ - ૧૬૪૫ | રાવ ભોજરાજજી |
| ★ | ૧૬૪૫ - ૧૬૫૪ | રાવ ખેંગારજી |
| ★ | ૧૬૫૪ - ૧૬૬૬ | રાવ તમાચીજી |
| ★ | ૧૬૬૬ - ૧૬૯૮ | રાવ રાયધણજી |
| ★ | ૧૬૯૮ - ૧૭૧૫ | રાવ પ્રાગમલજી |
| ★ | ૧૭૧૫ - ૧૭૧૯ | રાવ ગોડજી |
| ★ | ૧૭૧૯ - ૧૭૫૨ | રાવ દેશમજી |
| ★ | ૧૭૫૨ - ૧૭૬૧ | રાવ લખપતજી |
| ★ | ૧૭૬૧ - ૧૭૭૯ | રાવ ગોડજી બીજા |
| ★ | ૧૭૭૯ - ૧૮૧૪ | રાવ રાયધણજી બીજા |
| ★ | ૧૮૧૪ - ૧૮૧૯ | રાવ ભારમલજી બીજા |
| ★ | ૧૮૧૬ - ૧૮૬૧ | રાવ દેશળજી બીજા |
| ★ | ૧૮૬૧ - ૧૮૭૬ | રાવ પ્રાગમલજી બીજા |
| ★ | ૧૮૭૬ - ૧૯૪૨ | રાવ ખેંગારજી ત્રીજા |
| ★ | ૧૯૪૨ - ૧૯૪૮ | રાવ વિજયરાજજી |
| ★ | ૧૯૪૮ - ....... | રાવ મદનસિંહજી |

*સંકલન : દિનેશચંદ્ર જગજીવન શાહ - અમદાવાદ*
*મો. ૯૪૨૬૫ ૭૭૬૭૮*

પ્રતિભા પર્વ : કચ્છની વર્તમાન પ્રતિભાઓ

# કચ્છની વર્તમાન શૈક્ષણિક પ્રતિભાઓ

**દિવ્યેશ વૈદ્ય**

કચ્છ ભલે અછત અને અર્ધ અછતનો વારંવાર ભોગ બનેલા પ્રદેશ તરીકે ગણાવાયેલો છે. વળી સરહદી, અંતરિયાળ એવી ભૌગોલિક સ્થિતિ વચ્ચે શૈક્ષણિક રીતે પણ પછાત પ્રદેશ તરીકે જાણીતો છે. પરંતુ આ ભોમકામાં તેજસ્વી પ્રતિભાની કોઈ ઓટ નથી. વિદેશની ધરતી પરથી ભારતની આઝાદીનો જંગ લડનારા ક્રાંતિવીર શ્યામજી કૃષ્ણવર્માની આ જન્મભૂમિએ સંખ્યાબંધ પ્રતિભાઓને દેશને ચરણે ધરી છે. શિક્ષણના પ્રમાણની રીતે જોવામાં આવે તો કદાચ, છેલ્લા એક દાયકામાં જ સાક્ષરતાનો દર કચ્છમાં સુધરેલો દેખાય છે. પરંતુ અનેક શૈક્ષણિક તેજસ્વી પ્રતિભાઓ અને શિક્ષણસેવામાં જ સમગ્ર જીવન ગાળનારાની મોટી સંખ્યા ભૂતકાળમાં પણ હતી અને આજે પણ અનેક વ્યક્તિત્વો પ્રદેશનું નામ રોશન કરી રહ્યા છે. ઉચ્ચ ડિગ્રીઓ મેળવીને પોતાની કારકિર્દી ઉજ્જવળ કરવા સાથે સાથે શિક્ષણને પ્રેમ કરતાં તેને જ જીવનમાં પોતાના વ્યવસાય તરીકે અપનાવીને પોતાનું આયખું શિક્ષણ અને વિદ્યાર્થીઓના વિકાસ માટે ખપાવી દેનારાઓથી વર્તમાનમાં કચ્છ ભર્યોભર્યો છે. દરેક પ્રતિભાઓ વિશે બહુ લાંબુ લખી શકાય એવું તેમનું યોગદાન છે. પરંતુ અહીં તેમના જીવનની એક પ્રેરણાત્મક ઝલક જ આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

આ યાદીમાં પ્રથમ ઉલ્લેખ ડૉ. ધીરેન્દ્ર મહેતાનો આવે છે. વર્ષ ૨૦૧૨માં ગુજરાતી સાહિત્યના નોબેલ પારિતોષિક ગણાતા રણજિતરામ સુવર્ણચંદ્રક વિજેતા ડૉ. મહેતા નાનપણથી તેજસ્વી રહ્યા બાદ ઉચ્ચ શિક્ષણનું કચ્છનું સૌથી જૂનું મથક ભુજની રામજી રવજી લાલન કૉલેજમાં વરિષ્ઠ પ્રાધ્યાપકપદે પહોંચ્યા. અનેક સિક્ષણક પ્રતિભાઓ તેમના ગુરુપદ હેઠળ પાંગરી. પ્રાધ્યાપકની રુએ છાત્રોને ખીલવવાની સાથે સાથે તેમણે વિપુલ સાહિત્ય સર્જન કર્યું અને ગુજરાતના લબ્ધપ્રતિષ્ઠિત સાહિત્યકાર તરીકે નામના હાંસિલ કરી. ઈશ્વરદત્ત શારીરિક પડકારને તેમણે ક્યારેય પોતાના જીવનમાં અવરોધવા ન દઈને પ્રેરણા આપતાં સાહિત્યના અનેક પારિતોષિક મેળવ્યા. 'છાવણી' નવલકથા માટે કેન્દ્રીય સાહિત્ય પુરસ્કાર, 'હું એને જોઉં એ પહેલાં' માટે ૨૦૦૭માં ધૂમકેતુ સાહિત્ય પુરસ્કાર, ૨૦૦૫માં મેઘાણી સાહિત્ય પુરસ્કાર ઉપરાંત ગોવર્ધનરામ નવલકથા પારિતોષિક, કનૈયાલાલ મુનશી સુવર્ણચંદ્રક સહિતના અનેક બહુમાન મળ્યાં છે.

કચ્છની એક શિક્ષણ પ્રતિભા એવી છે કે, જેમણે પાલનપુરની સારા પગારની નોકરી મૂકીને પોતાના માતા-પિતાના સેવાયજ્ઞમાં જોડાઈ અંતરિયાળ - અભાવગ્રસ્ત ખડીરમાં શિક્ષણ પ્રવૃત્તિ માટે જીવન સમર્પિત કરી દીધું. ગાંધીવાદી વિચારધારાવાળા ગ્રામ સ્વરાજ સંઘના સ્થાપક મણિભાઈ સંઘવીના પુત્ર રમેશભાઈ સંઘવીને નાનપણથી લોકલક્ષી પ્રવૃત્તિનો રંગ હતો. ગુજરાત વિદ્યાપીઠમાંથી એમ.એ., એમ.એડ. થયા બાદ વિવિધ સંસ્થાઓમાં અધ્યાપન, રતનપર લોક નિકેતન વિદ્યાપીઠમાં નિયામક તરીકે પાંચ વર્ષ, દયાપરમાં આચાર્ય અને બી.એડ. કૉલેજમાં અધ્યાપક રહ્યા બાદ અચાનક કૉલેજ શિક્ષણથી વ્યથિત થઈને સારા પગારની નોકરી છોડી દીધી. ૧૯૯૨થી કચ્છમાં સેવા આપી રહ્યા છે અને ૨૦૧૧થી 'શાશ્વત ગાંધી' નામનું સામાયિક શરૂ કર્યું છે. જિલ્લામાં પુસ્તકોના પ્રકાશન વિતરણ માટે ૧૯૮૪માં 'અક્ષરભારતી'ની સ્થાપના કરી. વલ્લભપુર આશ્રમ - રાપર, સુશીલ ટ્રસ્ટ - રતનપર ખડીર, સિંચન એજ્યુકેશન - ભુજ વગેરે સંસ્થાઓના માધ્યમથી છેવાડાના આદિવાસી લોકોમાં શિક્ષણ સેવા આદરી છે. આ સિવાય વિવિધ સંસ્થાઓના માધ્યમથી દવાખાનું, પુસ્તકાલય, વ્યવસાયલક્ષી તાલીમ પણ ચલાવી રહ્યા છે.

શિક્ષણ ક્ષેત્રની વાત કરવી હોય તો કચ્છે ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે ૨૦૦૪માં આવેલો ઐતિહાસિક બદલાવ કેમ ભુલાય? આ વર્ષે કચ્છ યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી. એ પછી બે વર્ષે આ જિલ્લાને મળેલી સ્વતંત્ર યુનિવર્સિટીના પ્રથમ કુલપતિ બન્યા કચ્છી ડૉ. કાંતિ ગોર. માંડવી તાલુકાના મસ્કા ગામમાં ૧૯૫૩માં જન્મેલા ડૉ. ગોર બે વખત એમ.એ., શિક્ષણમાં પીએચ.ડી.ની ડિગ્રી મેળવી છે. પ્રાથમિક શિક્ષણથી લઈને મુંદ્રા બી.એડ. કોલેજના આચાર્ય સુધીની કારકિર્દી પછી કુલપતિ સુધી પહોંચનારી આ પ્રતિભાનો નાનપણથી નાટક સાથે પણ નાતો છે. ૧૯૭૫માં એમનું નાટક રાજ્યકક્ષાએ વિજેતા બન્યા પછી ૨૦૦૨માં પ્રસાર ભારતી આયોજિત નાટ્ય લેખન સ્પર્ધામાં રાષ્ટ્રીય સ્તરનું પારિતોષિક મળ્યું હતું. નાટ્યકલામાં લેખનની સાથે દિગ્દર્શન અને અભિયન પણ કર્યો છે. સાહિત્યમાં પણ તેમનું યોગદાન છે અને અખબારોમાં લેખનની સાથે હાલમાં 'લક્ષ્યવેધ' નામની નવલકથા પ્રસિધ્ધ થઈ ચૂકી છે. યુનિવર્સિટીને મળેલા ત્રણ કુલપતિમાં વર્તમાન ત્રીજા કાયમી કુલપતિ ડૉ. ચંદ્રસિંહ જાડેજા પણ મૂળ કચ્છી છે. માંડવી તાલુકાના કોજાચોરા ગામના અને શાળાકીય શિક્ષણ કચ્છમાં લીધા પછી સુરેન્દ્રનગર

જિલ્લાના લીમડીની કૉલેજમાં મનોવિજ્ઞાનના વરિષ્ઠ પ્રાધ્યાપકપદે પહોંચેલા ડૉ. જાડેજા જાન્યુઆરી-૨૦૧૬થી યુનિ.ના કુલપતિપદે છે અને યુનિ.ના વિવિધ પ્રશ્નોના ઉકેલની દિશામાં ઝડપી પગલાં ભરીને અનેક વિસ્તરણ અને વિકાસના કામો હાથ ધર્યા છે. જેનાથી કચ્છમાં છાત્રો માટે મોટી સવલતો ઊભી થઈ છે.

સતત વિદ્યાર્થીઓનું ચિંતન રાખનારા અને કૉલેજના પ્રાધ્યાપકની ઑફર નકારી કચ્છમાં જ રહીને શિક્ષણના અડગ ભેખધારી રહેનાર પ્રતિભા છે રમેશ છબીલદાસ દવે. કોટડા જેવા નાના ગામમાં જન્મેલા અને ગઢશીશાને કર્મભૂમિ બનાવી માત્ર નોકરી નહીં, કાવ્યો, વાર્તાસંગ્રહો, બાળ વાર્તાઓનું સર્જન કરનાર મૂળે સાહિત્ય જીવ રમેશભાઈએ શિક્ષક તરીકે રાજ્ય અને રાષ્ટ્રીય ઍવોર્ડનું સ્થાન મેળવવા સાથે નેશનલ કાઉન્સિલ ઓફ ચાઈલ્ડ એજ્યુકેશન - દિલ્હીનો પણ ઍવોર્ડ હાંસિલ કર્યો છે. હાઈસ્કૂલમાં આચાર્ય તરીકે અનેક શિક્ષણ સુધારાના પ્રયોગો આદર્યા હતા અને રાજ્ય સરકારને શિક્ષણ સંબંધી અનેક સૂચનો કર્યા હતા. તેમના સૂચનો પરથી ધોરણ દસમાં બોર્ડે ફેરફારો પણ કર્યા હતા. સાહિત્યના જીવ રમેશભાઈએ શિક્ષણ વિષયક સંખ્યાબંધ પુસ્તકો લખ્યા છે અને સામયિકોનું સંપાદન કર્યું છે. શાળામાં 'વલ્લરી' સામાયિક પ્રસિધ્ધ કરતા રહ્યા, જે ઐતિહાસિક દસ્તાવેજ બની ગયો છે. આ સિવાય 'આદર્શ શાળા' અને 'દીપદીક્ષા' નામના પુસ્તકો ભાવિ શિક્ષકો માટે દીવાદાંડીરૂપ છે. એમ.એ., એમ.એડ.ની ઉપાધિ મેળવનારા રમેશભાઈ, એ સર્જન અને કેળવણીના સમન્વય સમાન છે. ૧૯૯૯થી નિવૃત્તિ જીવન ગાળે છે અને શિક્ષણ સહિતના વિષયોમાં તેમનું ચિંતન આપતા રહે છે.

આવું જ એક બીજું નોખું વ્યક્તિત્વ છે ગુજરાતના જાણીતા લેખક, કેળવણીકાર, સતત વિદ્યાર્થીઓની વચ્ચે રહેનારા અને પોતાના સતત વાંચન-લેખન-ચિંતનની આદત પર પોતાની ઉંમરને હાવિ થવા ન દેનારા હરેશ ધોળકિયા. સ્વભાવે અને વ્યવસાયે શિક્ષક એવા શ્રી ધોળકિયા ૧૯૬૬થી શિક્ષણ ક્ષેત્રમાં છે. ૨૦ વર્ષ ભુજની સ્વામિનારાયણ હાઈસ્કૂલમાં રહ્યા બાદ ૫ વર્ષ વી.ડી. હાઈસ્કૂલના આચાર્યપદે રહ્યા. કચ્છમિત્ર અખબારમાં છેલ્લા ચાર દાયકાથી વધુ સમયથી નિયમિત લેખન સાથે આઠ નવલકથાઓનું સર્જન કર્યું છે. વિશેષ તો પૂર્વ રાષ્ટ્રપતિ સ્વ. ડૉ. અબ્દુલ કલામની આત્મકથાનો અનુવાદ 'અગનપંખ' નામથી તેમણે કર્યો હતો. આ પુસ્તકે તેમને ભારે નામના અપાવી હતી. આ સિવાય વૈવિધ્યસભર સાહિત્ય સર્જન કરતાં વાર્તાઓ, હાસ્યલેખો, આરોગ્ય વિષયક પુસ્તકો ક્ષેત્રે તેમનું યોગદાન છે. આ ઉપરાંત કચ્છ વિષયે 'છેલ્લાં સો વર્ષનું કચ્છ' પુસ્તક લખ્યું છે. તેમની 'અંગદનો પગ' નવલકથાની ૧૪ આવૃત્તિઓ બહાર પડી ચૂકી છે.

માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણનું નામ આવે એટલે પરંપરાગત રીતે દર વર્ષે બોર્ડની પરીક્ષાઓમાં ઉજ્જવળ પરિણામ લાવનારી માતૃછાયા કન્યા વિદ્યાલયનું નામ આવે અને આ નામ આવે એટલે આ શાળામાં ઉચ્ચ ગુણવત્તા માટે અથાક યત્નો કરનારા નલિનીબેન શાહનું નામ અચૂક આવે. નાનપણ આઝાદી પહેલાના કરાંચીમાં વિત્યું અને સંઘર્ષમય સંજોગોમાં ગુજરાતી - સંસ્કૃત સાથે એમ.એ., બી.એડ. થયેલાં નલિનીબેન ૧૯૬૨માં ઑલ્ફ્રેડ હાઈસ્કૂલમાં અને ૧૯૬૪માં ભુજની ઈન્દ્રાબાઈ ગર્લ્સ હાઈસ્કૂલમાં જોડાયા. ૧૯૭૯ના વર્ષમાં એમની બિડદા બદલી કરવામાં આવી પણ એમનું શિક્ષણમાં યોગદાન અને વિદ્યાર્થિનીઓમાં ચાહના એટલી હતી કે, બદલી રોકવા છાત્રાઓએ આંદોલન કર્યું. જો કે સરકાર માની નહીં અને અંતે નલિનીબહેને રાજીનામું ધરી દીધું. એ પછી શિક્ષકની તેમની બીજી ઈનિંગનો દોર શરૂ થયો અને ભુજની માતૃછાયા કન્યા વિદ્યાલયમાં શિક્ષકથી શરૂ કરીને નિયામકના પદે પહોંચ્યા. આજે આ શાળા કન્યા કેળવણીનું મહત્ત્વનું મથક છે. ૧૯૮૭માં માતૃછાયાને શ્રેષ્ઠ શાળાનું બહુમાન મળ્યું અને ૧૯૯૧માં તેમને શ્રેષ્ઠ શિક્ષકનો રાષ્ટ્રીય ઍવોર્ડ જાહેર થયો. ૧૯૯૮માં નિવૃત્ત થયા. પરંતુ કોઈ વેતન વિના નિઃસ્વાર્થપણે શિક્ષણસેવા જારી રાખી છે. માતૃછાયામાં નિયામક તરીકે જોડાયેલા રહ્યા છે.

એક કચ્છી પ્રતિભા એવી છે, જેની કર્મભૂમિ ભલે કચ્છ નથી રહી પણ ૬૦થી વધુ પુસ્તકોના સર્જન અને ૧૫થી વધુ પારિતોષિકો મેળવવા સાથે સમગ્ર ગુજરાતના સાહિત્યમાં મુઠી ઊંચેરું નામ છે. જેની બાળવાર્તાઓ શાળાઓમાં બાળકોને પ્રેરણા આપે છે. એ છે ઈશ્વરભાઈ પરમાર. રેહા ગામમાં જન્મ. આઠમા ધોરણ સુધીનું શિક્ષણ લઈને મુંબઈ જવાનું થયા બાદ ફરી મેટ્રીક પરીક્ષા ભુજની ઑલ્ફ્રેડ હાઈસ્કૂલમાં પાસ કરી. જ્યારે બી.એડ. અને એમ.એડ. અલિયાબાડામાં પાસ કર્યું. નાનપણથી ફિલ્મોનો શોખ અને એટલે સુધી કે એમ.એ., પીએચ.ડી. હિંદીમાં જ કર્યું. દ્વારકાની કૉલેજમાં પ્રાધ્યાપક તરીકેના વ્યવસાય સાથે 'શિક્ષણ સિતારા' પુસ્તક લખ્યું, જે પ્રખ્યાત બન્યું. નાનપણમાં ગામડામાં તેમણે ઢોર ચરાવ્યા હતા. પાછળથી તેમણે એક વાર્તા લખી હતી 'ઢોરાં', જે મુંબઈના પાઠ્યપુસ્તકમાં સ્થાન પામી.

જેનામાં શિક્ષણ અને સાહિત્ય બંનેનો સમન્વય છે તેવા એક લેખિકા છે ડૉ. દર્શનાબેન ધોળકિયા. એમ.એ., પીએચ.ડી.ની ડિગ્રી મેળવેલા દર્શનાબેને જેમાં ભણ્યા હતા એ ભુજની લાલન કૉલેજમાં જ પ્રાધ્યાપક તરીકે કારકિર્દી શરૂ કરી અને કચ્છ યુનિવર્સિટીની સ્થાપના થઈ ત્યારથી ગુજરાતી ભવનના અધ્યક્ષપદે છે. ૨૦૦૯માં ઈન્ચાર્જ કુલપતિનું પદ સંભાળ્યું હતું. વિદ્યાર્થીકાળ અને કૉલેજમાં પ્રાધ્યાપકના વ્યવસાયની સાથે સાથે વર્ષોથી લેખનમાં પ્રવૃત્ત છે. કચ્છમિત્ર અખબારના આ કટાર લેખિકાને ૧૯૯૪ના વર્ષમાં જ સાહિત્ય વિવેચન માટે ઍવોર્ડ મળ્યો હતો. ૨૦૧૨માં કેન્દ્રીય સાહિત્ય અકાદમીનો ભાષાંતર ઍવોર્ડ અને ૨૦૧૪માં તેમને અરવિંદ સુવર્ણ ચંદ્રકથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

હવે અહીં ત્રણ એવી મહિલા પ્રતિભાઓનો ઉલ્લેખ કરવો છે જેમનું ઉચ્ચ શિક્ષણના વિકાસમાં ભારે યોગદાન અને પોતાના જીવનનું સમર્પણ છે. જેમાં બે મૂળ કચ્છી નથી પણ કચ્છમાં કાર્યરત છે. એક છે, ગાંધીધામ કોલેજિયેટ બોર્ડના ચેરમેન અંજના હજારે અને બીજાં છે જૈન સાધ્વી અને વીરાયતન વિદ્યાપીઠનાં કચ્છના વડાં શિલાપીજી મહારાજ. જ્યારે ત્રીજાં મહિલા છે, મૂળ કચ્છી પણ મુંબઈમાં શિક્ષણ ક્ષેત્રે કાઠું કાઢનારાં ડૉ. માધુરી છેડા.

આજે આદિપુરની એક શિક્ષણનગરી તરીકેની ગુજરાતભરમાં ખ્યાતિ છે, પણ તેના પાયામાં એક શિક્ષણપ્રેમી ઉદ્યોગપતિ છે કાકા પ્રભુદાસ તોલાણી. એમના પુત્રી અંજનાબેન ભૂકંપ પછી અમેરિકાથી કચ્છમાં આવ્યા અને સ્થિતિ જોઈને અહીં જ રહી, તેમની શિક્ષણ સંસ્થાના માધ્યમથી સેવારત રહેવાનો નિર્ધાર કર્યો. છેલ્લા દોઢ દાયકાના તેમના કાર્યકાળમાં મેનેજમેન્ટ સહિત નવી ચાર કૉલેજો શરૂ કરવામાં આવી. બીજી બાજું, મૂળ બિહારની સંસ્થા વિરાયતન કચ્છમાં ભૂકંપ પછી સેવાકીય હેતુથી આવી હતી. પરંતુ એક પછી એક પ્રકલ્પો પૂરા કરતાં આજે માંડવી તાલુકાના જખણિયા ખાતે ઈજનેરી કૉલેજ, બીબીએ - બીસીએ કૉલેજ અને વિશેષ તો કચ્છની પહેલી સ્નાતક સ્તરની ફાર્મસી કૉલેજ સ્થાપીને મોટી સુવિધા ઊભી કરી છે. તેમાં દિલ્હી યુનિવર્સિટીમાંથી એમ.કોમ. અને લંડનની યુનિવર્સિટીમાંથી માસ્ટર ઑફ ફાઈનાન્સિયલ તથા એમ.ફિલ. કરનારા સાધ્વી શિલાપીજી મ.સા.નું મહત્ત્વનું યોગદાન છે. જ્યારે કચ્છના પ્રતિભાશાળી મહિલા ડૉ. માધુરી છેડા એમ.એ., પીએચ.ડી. થયા બાદ કૉલેજમાં પ્રાધ્યાપક રહેવાની સાથે ચાર દાયકા શિક્ષણ વિકાસમાં સમર્પિત રહ્યા અને એસ.એન.ડી.ટી. યુનિવર્સિટીના ડાયરેક્ટરપદે પહોંચ્યા.

તાજેતરમાં રાષ્ટ્રીય શિક્ષક ઍવોર્ડ મેળવનારા અને ગુજરાતમાં નવી પેઢીના સાહિત્યકાર તરીકે નામનાપ્રાપ્ત કચ્છી પ્રતિભા છે માવજીભાઈ મહેશ્વરી. વ્યવસાયે અંજારના શિક્ષક પણ વાર્તાસંગ્રહો અને નવલકથાઓથી ગુજરાતી સાહિત્યના જાણીતા સર્જક બન્યા છે. કચ્છમિત્રના આ કટાર લેખકને તેમના લલિત નિબંધ 'બોરા' માટે ગુજરાતી સાહિત્ય પરિષદનું અને નવલકથા 'મેળો' માટે ગુજરાતી સાહિત્ય અકાદમીનો તૃતીય અને કલા ગૂર્જરીના દ્વિતીય પુરસ્કાર મળી ચૂક્યા છે. 'મેઘાડંબર' નામની તેમની નવલકથા પણ લોકપ્રિય બની હતી.

શિક્ષણ તજજ્ઞોમાં નખત્રાણા કૉલેજના પૂર્વ પ્રાધ્યાપક અને હાલમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ગુજરાતી વિભાગના વડા ડૉ. યોગેન્દ્ર પારેખનું નામ મોટું છે. સતત અધ્યયન - લેખન અને વિદ્યાર્થી પ્રશ્નો માટે ચિંતિત રહેતા આ પ્રાધ્યાપક સમય સમય પર કચ્છના શિક્ષણ માટે અવાજ ઉઠાવતા રહ્યા છે. કચ્છમિત્રમાં તેમની કટાર 'સમજણ સેતુ'ના સંગ્રહ પરથી પ્રસિધ્ધ પુસ્તક 'એક માણસને એવી ટેવ' માટે તેમને ગુજરાતી સાહિત્ય પરિષદનું શ્રેષ્ઠ પુસ્તકનું સન્માન પણ મળ્યું હતું.

કચ્છમાં માલધારી સમાજનો મોટો વર્ગ છે અને તેમના પશુપાલનના વ્યવસાયને કારણે તેમના બાળકોમાં શિક્ષણનું પ્રમાણ ઓછું છે. પરંતુ માત્ર માલધારી જ નહીં, સામાજિક શૈક્ષણિક પછાત જાતિઓના બાળકો ભણે તેવા ઉમદા ઉદ્દેશ સાથે એક લોકસાહિત્યકાર - કથાકાર મૂકસેવક બનીને કામ કરી રહ્યા છે. ને એ છે, પુંજલભાઈ રબારી. કેન્દ્ર સરકાર દ્વારા પદ્મશ્રી ઍવોર્ડથી વિભૂષિત આ વિદ્વાન વક્તા પોતે નથી ભણ્યા પરંતુ ભુજોડી ગામ પાસે માલધારી મંગલ મંદિરમાં બાળકોને રહેવા, જમવા અને વિનામૂલ્યે ભણવાની સવલતો આપીને જાણે વનવાસમાં બાળપૂજા કરે છે. મૂળ કચ્છના નથી, વઢવાણના છે પરંતુ ૧૯૯૭થી મંગલ મંદિર ટ્રસ્ટ સ્થાપીને સવાયા કચ્છી બની ગયા છે.

*૨૦, કચ્છમિત્ર કોલોની, નાના યક્ષ મંદિર રોડ,*
*નવા વાસ, માધાપર, કચ્છ-૩૭૦ ૦૨૦.*

## દિવાળી ઉજમાળી

દુર્ગા નીસર્યાં બારસે વાઘસવારી
નાના મોટા કરે સૌ ઉત્સવની તૈયારી
આવી દિવાળી ઉજમાળી.

મનનાં કમાડ ખુલ્લાં રાખી કરીએ ધનનું દાન,
એ જ સાચું લક્ષ્મીપૂજન ઉજવીએ ધનતેરસ નિરાળી
આવી દિવાળી ઉજમાળી.

શંકા ભૂત, મંછા ડાકણ, કહે ચૌદસ કાળી,
વેરઝેરના કકળાટ કાઢો
આવી દિવાળી ઉજમાળી.

રાંધણિયે પકવાનોની સોડમ,
અમાસ જાણે થઈ ગઈ પૂનમ.
ટોડલે - ટોડલે તોરણ, શોભે આંગણિયે રંગોળી
આવી દિવાળી ઉજમાળી.

નૂતન વર્ષાભિનંદન
શારદી પ્રભાતે સૌને બિરદાવી,
અંતરને લે અજવાળી
આવી ઝગમગતી દિવાળી.

બાજોઠે ભાઈને કુમકુમ અક્ષતે ઓવારી,
બહેનની, ભાઈ કરે રખવાળી,
આવી ભાઈબીજ હેતાળી.

વણજ મહુરતો પાંચમે કરે લાભ,
પ્રકાશના પર્વે કોડિયું અજવાળે આભ,
અંધકાર સૌના દૂર હો,
એવી દિવાળી ઉજમાળી.

*ભાનુબેન એન. સાવલા - વિલેપાર્લા, મુંબઈ*
*ફોન : (૦૨૨) ૨૬૨૮૩૬૧૧*

*With Best Compliments From*



# JETHABHAI DOONGARSHI TRANSPORT CO.

# J. D. LOGISTICS

**■ H.O. ■**

708/18, Bhavani Peth, Near Gurunanak Telephone Exchange, Pune-411 402.
Tel. : (020) 26434611 / 08425818000 ● Fax : (020) 26434525
E-mail : jdtcompany@gmail.com

**■ Admn. O. ■**

313/315, Narshi Natha Street, Khajurwala Chamber, Masjid Buunder, Mumbai-400 009.
Tel. : (022) 23426818, 23400597 ● Fax : (022) 23451950
E-mail : jdadmnoff@yahoo.co.in

***DAILY PARCEL & FULL TRUCK LOAD SERVICES FROM MUMBAI & GUJARAT TO PUNE & SOLAPUR AND RETURN***

**MUMBAI OFFICE**

| | |
|---|---|
| ANDHERI | 09323963410 |
| BHAT BAZAR | 09323963409 |
| BHIWANDI | 08425818022 |
| VASAI | 09323320952 |
| VASHI | 08425818023 |
| TARAPORE | 09322407169 |
| ULHASNAGAR | 09324495236 |
| BHAYANDER | 09820283922 |

**PUNE & OTHER MAHARASHTRA OFFICE**

| | |
|---|---|
| PUNE (BOOKING) | 08425818009 |
| PUNE (DELIVERY) | 08425818012-16 |
| CHINCHWAD | 08425818011 |
| WAGHOLI | 08425818020 |
| FURSUNGI | 08425818014 |
| TALEGAON | 08425818021 |
| SOLAPUR | 08425818030 |
| KOLHAPUR | 08425818027 |

**GUJARAT OFFICE**

| | |
|---|---|
| AHMEDABAD | 08866858858 |
| SURAT | 09377763408 |
| VAPI | 09377763409 |
| RAJKOT | 09327774777 |

**UTTAR PRADESH OFFICE**

| | |
|---|---|
| VARANASHI | 09336939327 |
| VARANASHI | 0542-2454585 |
| MAUNATH BHANJAN | 09335015165 |

પ્રતિભા પર્વ : કચ્છની વર્તમાન પ્રતિભાઓ

# કચ્છના વર્તમાન ગુજરાતી પદ્ય સર્જકો

ડૉ. પલ્લવી કે. શાહ

*પગલે પગલે કંઈક પુરાણા, ઘણા પાળિયા ગામે ગામ,*
*સતીઓને શૂરાનાં સ્થાનક, ગાતાં ગત ગૌરવનાં ગાન.*
*હસ્ત સતી, અશ્વે બળવંત, ગરવી કચ્છ ધરા ગુણવંત.*

આસમાની-સુલતાની અનેક આફતોનો સામનો કરીને ખડતલ બનેલી કચ્છની ભૂમિ રત્નગર્ભા વીરભૂમિ છે. ઘૂઘવતો સાગરરાજ એનાં ચરણ પખાળે છે. આવળ, બાવળને બોરડી જેવાં કાંટાળાં ઝાડોની ઝાડીમાંથી સૂસવાતો પવન વાય છે. એનું ખમીર અને એની ખુમારી અનેરાં છે. અહી અબડો અડભંગ છે અને જમાદાર ફતેહમામદ જેવાં શૂરા, જગડુશા જેવા દાનવીર, કુશળ ખલાસી કાનજી માલમ, કાંતિકારી શ્યામજી કૃષ્ણવર્મા, વિવિધ કલાઓને પરદેશમાંથી ખેંચી લાવનાર રામસિંહ માલમ, વનસ્પતિ શાસ્ત્રી જયકૃષ્ણ ઈન્દરજી, સાહિત્યકાર હાજી મહમદ જેવાં નરરત્નો અને સતી તોરલ, મીઠીબા, લીલાબા જેવાં નારીરત્નો કચ્છની શાન છે. આ જ છે કચ્છની સાચી સંપત્તિ અને કચ્છની અસ્મિતા. ભૌગોલિક રીતે વિશિષ્ટતા ધરાવતા આ પ્રદેશે અનેક સંતો, મહંતો, વિચારકો અને સાહિત્ય રત્નોની ભેટ ધરી છે.

મારે વાત કરવી છે એવા કચ્છના વર્તમાન ગુજરાતી પદ્ય સર્જકોની. સરળતા ખાતર પુરુષ સર્જકો અને મહિલા સર્જકો એવા બે વિભાગમાં પ્રદાન જોઈએ.

## ● પુરુષ સર્જકો ●

### ★ રમણીક સોમેશ્વર

એક બહુ આયામી કવિતા સર્જક તરીકે શ્રી રમણીકભાઈનું નામ કચ્છના સર્જકોમાં મોખરે છે. કવિતામાં તેમણે અનેક વિષયોનું ખેડાણ કર્યું છે. વર્તમાન સંદર્ભથી શરૂ કરીને પરમ તત્ત્વની પ્રાપ્તિ સુધીના અનેક વિષયો તેમની કલમ દ્વારા કવિતા સ્વરૂપે આકાર પામ્યા છે. એટલે કે તેમના કાવ્યોમાં વિષય વૈવિધ્ય ઉપરાંત ભાવ વૈવિધ્ય પણ એટલું જ જોવા મળે છે. તેમની પાસેથી કવિતાનું સુંદર પુસ્તક 'તમે ઉકેલો ભેદ' મળે છે તો 'ગુજરાતી કવિતા ચયન' નું સંપાદન તથા 'ઝંઝાવાત વચ્ચે ફૂલ'નો અનુવાદ પ્રાપ્ત થાય છે. કચ્છી પ્રજા રમણીકભાઈ માટે સમગ્ર ગુજરાતના કવિ તરીકે ગૌરવ અનુભવે છે. તેમની કાવ્ય રચનાઓ પાઠ્ય પુસ્તકોમાં સ્થાન પામી છે.

### ★ વંચિત કુકમાવાલા :

*હરિ હાથ પકડીને અમને ઘર વચ્ચે લઈ જાશે,*
*રાંધણિયામાં મારી સાથે મારા જેવું ખાશે.*
*આડા પડશે, ખેંચી લેશે મારી ચાદર મેલી,*
*મારી હરિ ખોલશે ડેલી...*

'એક આંખમાં સન્નાટો' અને 'અર્પણ વૃક્ષ' નામના સુંદર કાવ્ય સંગ્રહો આપનાર કવિની કલમ હરિને પોતાના સરસા કલ્પવાની તાકાત ધરાવે છે. કચ્છના દિગ્ગજ કવિમાં શ્રી કુકમાવાલા સ્થાન ધરાવે છે. તેમની કવિતાઓમાં પ્રણય, પ્રકૃતિ અને ભક્તિનો સમન્વય જોવા મળે છે. તેમના કાવ્યોમાં પ્રણયના નાજુક સ્પંદનો છે તો જીવનનો કઠોર સંઘર્ષ પણ છે. તેમની ગઝલમાં ઇશ્કે ફકીરી અને ઇશ્કે મિજાજી બન્ને ભાવો સામાંતરે ચાલે છે.

### ★ વિનોદ દવે :

શ્રી વિનોદ દવે પાસેથી 'અનુરણન' નામનું ગુણવત્તાસભર પુસ્તક પ્રાપ્ત થાય છે. પુસ્તકની પ્રસ્તાવનામાં ડૉ. દર્શનાબેન ધોળકિયા લખે છે : "આ સંગ્રહમાં સોએક જેટલાં કાવ્યોમાં સ્વરૂપનું વૈવિધ્ય છે. એટલે ભાવની મુલાયમતા છે, શબ્દોની ઝડઝમક છે ને રાગ-તાલનો લય તેમાં ભળે છે. અહીં ભક્તિ છે, પ્રીતિ છે, પ્રદેશ છે ને જીવનથી ઉપર ઉઠવાની તમન્નાય છે. હાઈકુ અને મુક્તકમાં વ્યક્ત થતું ભાવનું લાઘવ કવિની પ્રકૃતિગત ઋજુતાનું પરિચાયક બને છે."

આ વાતનું સમર્થન કરતી આ બે પંક્તિઓ જોઈએ :

***મોરની માફક ટહુક્યો એટલે તું સઘન આકાશ થઈ વરસી રહી,***
***શ્વાસ મારાં જ્યાં અડ્યા અધરે ધીરે, તું બનીને બંસરી વાગી રહી.***

### ★ મદનકુમાર અંજારિયા 'ખ્વાબ' :

કચ્છના કાવ્ય જગતમાં ખૂબ જ પ્રચલિત નામ એટલે મદનકુમાર અંજારિયા. 'ખ્વાબ'નું તખલ્લુસ ધરાવતા કવિની કવિતાઓ કવિતા રસિકજનોના ખ્વાબમાં આવે તેવી છે. લઘુ કાવ્યો એ તેમનો હસ્તસિદ્ધ કાવ્ય પ્રકાર છે. નાનકડી રચનામાં શાલીનતાથી મોટી વાત કહી દેવી એ વાતની પ્રતીતિ તેમના કાવ્ય સંગ્રહ 'સમક્ષ' વાંચતા થાય છે.

★ **મહેશ સોલંકી 'બેનામ' :**

કચ્છ કાવ્યાકાશમાં અન્ય ખૂબ જાણીતું નામ છે, મહેશ સોલંકીનું. ભલે ઉપનામ 'બેનામ' હોય પણ કાવ્ય જગતમાં ગુજરાત કક્ષાએ તેમણે નામ કાઢ્યું છે. કૃષ્ણ ભક્તિ, પ્રકૃતિ પ્રેમ, જીવનનું તત્ત્વજ્ઞાન, ઉત્સવો, લગ્ન ગીતો, બાળ ગીતો જેવી અનેકવિધ બાબતોને આવરી લઈ તેમણે 'તમે ટહુકો અને અમે વાંસવન' નામનો કાવ્ય સંગ્રહ આપ્યો છે.

આ ઉપરાંત ડૉ. ધીરેન્દ્ર મહેતા, રવિ પેથાણી 'તિમિર', નવીન ત્રિપાઠી 'અલ્પ', ચંદ્રવદન મહેતા, દિલીપ આચાર્ય 'દિલકશ', કૃષ્ણકાંત ભાટિયા 'કાંત', જગદીશ ગોર 'શરમાળ' અને બીજા અનેક નામી અનામી કવિઓ કચ્છના કાવ્યાકાશને શોભાવી રહ્યા છે.

## ● મહિલા સર્જકો ●

★ **મનીષા જોશી :**

માંડવીમાં જન્મેલ મનીષા કાવ્યો લખે છે એમ કહેવા કરતા કાવ્યોને જન્મ આપે છે એમ કહેવું વધુ ઉચિત લેખાશે. સામાન્ય રીતે કવિતા એટલે લય, શૃંગાર, કોમળતા, સંગીત...પણ મનીષાના કાવ્યો નોખી ભાત પાડી સામાન્યથી અસામાન્યની કક્ષાએ પહોંચે છે. પ્રેમ, પુરુષ ઝંખના, માતૃત્વ ઝંખના, રજોદર્શન, કામાવેગ વગેરે જેવા સંવેદનોને ઝીલતી તેમની કવિતાઓ 'કંદરા' તથા 'કંસારા બજાર' એવા બે કાવ્ય સંગ્રહોમાં ગૂંથાઈ છે.

★ **લક્ષ્મી ડોબરિયા :**

મૂળ અંજારના લક્ષ્મીબહેને કાવ્યનાં વિવિધ સ્વરૂપો, છંદ, બંધારણ વગેરેની કેળવણી લીધી છે. વાસ્તવિક જીવનનું ચિત્ર રજૂ કરતી તેમની ગઝલો 'શ્રી ગઝલ' ગઝલ સંગ્રહમાં સ્થાન પામી છે.

★ **અરુણા ઠક્કર :**

અરુણાબહેન કચ્છી લેખિકાઓમાં એક તરવરતું નામ છે. હાઈકુ ક્ષેત્રે ખેડાણ કરનાર અરુણાબહેને ગુજરાતીમાં 'અરુણોદય' તથા 'અસબાબ', કચ્છીમાં 'મીઠાશ' એમ ત્રણ હાઈકુ સંગ્રહો પ્રગટ કર્યા છે.

★ **ડૉ. પલ્લવી શાહ :**

કચ્છ કાવ્ય ઉદ્યાનમાં નવા ખીલેલા આ પુષ્પ પાસેથી 'સંચાર' કાવ્ય સંગ્રહ પ્રાપ્ત થાય છે. પલ્લવીબહેનનાં કાવ્યોમાં બિલાડીનું બચ્ચું જેવાં વિષયથી માંડીને જિંદગીના વમળની વાત લાઘવ પૂર્ણ રીતે મંડાઈ છે. અહીં ગીત છે, ગઝલ છે, મુક્તક છે, અછાંદસ પણ છે. ક્યાંક પ્રતીક્ષા છે તો ક્યાંક દ્વિધા ને ક્યાંક વળી મૂંઝવણ પણ અનુભવાય છે. કવિ મિજાજનો પરિચય કરાવતી તેમની આ પંક્તિઓ સ્પર્શી જાય છે :

*બંધ આંખો એટલે સપનાની ખુલ્લી દુકાન*
*બીડાયેલા હોઠે છે મૌનનો સાગર,*
*પાંપણની પલકોમાં પ્રીતની ભાષા*
*ને ધડકને ધડકને છે તારું નામ.*

સાહિત્ય તો મોટું ઉદ્યાન છે અને તેમાંય કવિતાનું ક્ષેત્ર. અનેક કવિઓ જુદી જુદી કવિતાઓથી અહીં રંગો ભરે છે, બધાનો ઉલ્લેખ અને પ્રદાન સમય અને સ્થળ માંગી લે તેવી બાબતો છે, તેમ છતાં અચૂક યાદ આવે તેવાં કવિયત્રીઓ પુષ્પા વૈદ્ય 'અમી', જોગેશ્વરી છાયા, સરસ્વતી સોલંકી 'રાહી', નિર્મલા ત્રિપાઠી 'નિર્મલ' દક્ષા સંઘવી, સુમિત્રા ઉપાધ્યાય, નીતુ ત્રિવેદી, નિષ્ઠા ઠક્કર તથા કાવ્ય નિર્ઝરીનું આખું ગ્રુપ અને બીજા અનેક નામો છે જેઓ પોતાની ભાવ સૃષ્ટિને કવિતા સ્વરૂપે પ્રતિબિંબિત કરે છે.

***આચાર્યા, મા આશાપુરા કૉલેજ ઑફ એજ્યુકેશન, ભુજ, કચ્છ***

## કચ્છના સાંપ્રત ગદ્ય સર્જકો

**(અનુસંધાન : પાના નં.-૩૦ ઉપરથી ચાલુ)**

ને એમાં પણ એમને યશ પ્રાપ્ત થયો. તેમના લલિત નિબંધ સંગ્રહ 'બોર'ને ત્રણ ત્રણ પારિતોષિકો મળ્યા. અત્યાર સુધી કચ્છમાંથી માત્ર બે જ લેખકોએ લલિત નિબંધ આપ્યા માવજી મહેશ્વરી અને વીનેશ અંતાણીએ. માવજી મહેશ્વરીની આઠેક જેટલી ટૂંકી વાર્તાઓના જુદી જુદી ભાષાઓમાં અનુવાદો થયેલા છે. 'મેઘાડંબર', 'કાંધનો હક્ક' વગેરે તેમની મહત્ત્વની કૃતિઓ છે.

આ લખનાર દ્વારા પાંચ વિવેચનો, બે ચરિત્રગ્રંથો, કાવ્યાસ્વાદો, અનુવાદ મળીને કુલ સત્તર પુસ્તકો પ્રકાશિત થયાં છે.

સાંપ્રત સમય સંદર્ભને લક્ષમાં લઈને રમીલા મહેતા, વિરાજ મહેતા, કૃષ્ણા મિસ્ત્રી, મુક્તા ખત્રી જેવાં નારી સર્જકો દ્વારા ગદ્યલેખન સાંપડતું રહ્યું છે. મૂળે કવિ તરીકે પ્રતિષ્ઠિત અને પ્રસ્થાપિત થયેલાં રમણિક સોમેશ્વર પાસેથી સુંદર લલિત નિબંધો સાંપડતા રહ્યા છે. રજનીકાંત સોની, નલિન ઉપાધ્યાય નવલકથાક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન કરતા રહ્યા છે. પ્રો. કમલ મહેતા પાસેથી ચિંતનાત્મક, આસ્થામૂલક ગદ્યલેખને સાંપડતું રહ્યું છે. રવિ પેથાણીની સ્મૃતિકથા 'સાત ઢગલી ધૂળમાં' પણ ગુજરાતીમાં નોંધપાત્ર પ્રદાન બની રહી છે. હસમુખ અબોટીને પણ તેમની સાગરકથાઓ માટે યાદ કરવા પડે.

છેક ડૉ. જયંત ખત્રીથી માંડીને છેલ્લા પાંચ દાયકા દરમિયાન ગુજરાતના આ ગદ્ય સર્જકોએ કચ્છ પ્રદેશને રાષ્ટ્રીય સ્તરે ઉજાળીને પ્રદેશને ગૌરવ બક્ષ્યું છે.

***પેરિસ બેકરી પાસે, ન્યુ મિન્ટ રોડ, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.***

પ્રતિભા પર્વ : કચ્છની વર્તમાન પ્રતિભાઓ

# કચ્છના સાંપ્રત ગદ્ય સર્જકો

**દર્શના ધોળકિયા**

ગુજરાતી ભાષામાં ગદ્યલેખન કરનારા કચ્છના સર્જકોની એક દીર્ઘ પરંપરા રહી છે જેમાં નવલિકા અને નવલકથાનાં ક્ષેત્રો સૌથી વધુ ખેડાયા છે.

કચ્છના મહત્ત્વના વાર્તાકાર બકુલેશે એમની વાર્તાઓ દ્વારા સૌનું ધ્યાન ખેંચ્યું પણ ટૂંકી વાર્તાને વળાંક તો આપ્યો ખત્રીએ. ખત્રીની વાર્તાઓમાં આલેખાયેલો આધુનિક અભિગમ, સ્ત્રી-પુરુષ સંબંધનું સંકુલ નિરૂપણ, કચ્છના પરિવેશનું આલેખન, ગદની તાજગીને લઈને ડૉ. ધીરેન્દ્ર મહેતાએ નોંધ્યું છે તેમ, આજના લેખકો તેઓને પોતાના પૂર્વજ નહીં પણ સમકાલીન માને છે.

ડૉ. મનુભાઈ પાંધીની 'ફીણોટા', વનુભાઈ પાંધીની 'છીપલાં' ને 'આવળબાવળ', નાનાલાલ જોષીની 'ધીમે પ્રિય' અને 'અનુરાગ', ઉમિયાશંકર અજાણીની 'ધરતીનાં વખ', પ્રીતમલાલ કવિની 'મારી શ્રેષ્ઠ વાર્તાઓ' અને એમની કેટલીક નવલકથાઓ, ગૌતમ શર્માની 'રેતનાં ફૂલ' વગેરે કચ્છના સર્જકોની પૂર્વકાલીન મહત્ત્વની કૃતિઓ.

આગલી પેઢીના વિદ્યમાન સાહિત્યકારોમાં ઉમિયાશંકર અજાણીને વિશેષરૂપે યાદ કરવા પડે. સાહિત્યમાં તેઓએ નવલકથાકાર તરીકે વિશેષ ખ્યાતિ મેળવી છે. મૂળ વાર્તા સ્વરૂપે લખાયેલું 'રખોપું' પછીથી મિત્ર અને સર્જક મૂળરાજ રૂપારેલ અને પ્રાણગિરી ગોસ્વામી સાથેની ચર્ચાને અંતે ૧૯૬૭માં નવલકથારૂપે 'મુંબઈ સમાચાર'માં પ્રગટ થઇ અને લોકાદર મેળવ્યો. ત્યારબાદ કચ્છના ઇતિહાસને ઉજાગર કરતી એકથી વધુ નવલકથાઓ આપીને કચ્છની આરસીને તેમણે પ્રજા સમક્ષ પ્રકટ કરી આપી.

સાંપ્રત ગદ્ય સર્જકોમાં કાલાનુક્રમની દૃષ્ટિએ તેમજ ઇયત્તા ને ગુણવત્તાની દૃષ્ટિએ ડૉ. ધીરેન્દ્ર મહેતાનું નામ પ્રથમ ક્રમે આવે. બાર જેટલી નવલકથાઓ, ચાર વાર્તાસંગ્રહો, ત્રણ કાવ્યસંગ્રહો, નવ જેટલા વિવેચન સંગ્રહો, છ જેટલાં સંપાદનો — આટલી તેમની સમૃદ્ધ લેખનયાત્રા. અલબત્ત, તેમની ખ્યાતિ વિશેષતઃ નવલકથાકાર તરીકે.

ધીરેન્દ્ર મહેતાનો જન્મ તા. ૨૯-૮-૧૯૪૪ના રોજ અમદાવાદ મુકામે. પિતા પ્રીતમલાલ, માતા રમીલાબહેન. પ્રાથમિક, માધ્યમિક અને સ્નાતક કક્ષાનું શિક્ષણ વતન ભુજમાં જ મેળવ્યું. તેમાંય ચોથા ધોરણ સુધીનું શિક્ષણ તો ઘરમાં જ, માતા પાસે. પછીથી શાળામાં સાંપડેલા વત્સલ શિક્ષકોના હાથે તેમનો વિદ્યાકીય ઉછેર થયો. ભુજની રવજી રામજી લાલન કૉલેજમાં ૧૯૬૬માં ગુજરાતી વિષય સાથે બી.એ.ના અભ્યાસ દરમિયાન ડૉ. રમેશ શુક્લ અને ડૉ. રસિક મહેતા જેવા વિદ્યાવ્યાસંગી અધ્યાપકોએ તેમનું હીર પારખીને તેમના વિકાસમાં રસ લીધો.

ગુજરાત યુનિવર્સિટીના ભાષાસાહિત્ય ભવનમાં ઉમાશંકર જોશી, નગીનદાસ પારેખ, ડૉ. હરિવલ્લભ ભાયાણી,ડૉ. રમણલાલ જોશી જેવા સારસ્વતોની નિશ્રામાં અભ્યાસ કરીને ધીરેન્દ્રભાઈએ ૧૯૬૮માં એમ.એ. અને 'ગુજરાતી નવલકથાનો ઉપેયલક્ષી સ્વાધ્યાય' વિષય પર આચાર્ય યશવંત શુક્લના માર્ગદર્શનમાં શોધનિબંધ લખીને ૧૯૭૬માં પીએચ.ડી.ની ઉપાધિ મેળવી.

વ્યવસાયનો આરંભ આકાશવાણી ભુજથી, રિસર્ચ ફેલોશિપ સાથે એચ.કે. આર્ટસ કૉલેજ - અમદાવાદમાં. ૧૯૭૦માં ગુજરાત કૉલેજ અમદાવાદમાં અધ્યયન કારકિર્દી આરંભી. ત્યાંથી બદલીને ૧૯૭૬માં ભુજની રામજી રવજી લાલન કૉલેજમાં ૨૦૦૬ સુધી ગુજરાતી વિભાગના અધ્યક્ષ તરીકે સેવાઓ આપીને નિવૃત્ત થયા. પછીથી કચ્છ યુનિવર્સિટીમાં એમ.ફિલ.ના ગુજરાતી વિષયના મુલાકાતી પ્રાધ્યાપક તરીકે પણ તેમણે અધ્યાપન કર્યું.

ધીરેન્દ્ર મહેતાની ટૂંકી વાર્તાઓ એ સમયનાં મહત્ત્વનાં સામયિકોમાં પ્રગટ થવા લાગી. આ ગાળામાં તેમણે આધુનિક હિંદી કથાકારોનો પરિચય પણ કેળવ્યો. 'નદી કે દ્વિપ'ના વાંચનથી ધીરેન્દ્ર મહેતાને સાહિત્યકાર અજ્ઞેયજીનો પરિચય થયો અને એ તેમના પ્રિય લેખક બની રહ્યા. એ જ સમયગાળામાં ગુજરાતીના સમર્થ નવલકથાકાર રઘુવીર ચૌધરીનો ગાઢ સંપર્ક થયો. રઘુવીરભાઈએ તેમના લેખનમાં ઊંડો રસ લીધો.

ધીરેન્દ્ર મહેતાની સર્જક પ્રતિભા વિવિધ સાહિત્ય સ્વરૂપોને લગતાં, સાહિત્યમાં પ્રદાનને લગતાં અને સમગ્ર સાહિત્યને લગતાં સમ્માનોથી વધાવાઈ છે. જેમાં ગુજરાતી સાહિત્ય પરિષદનું પારિતોષિક, ગુજરાતી સાહિત્ય અકાદમીનાં પાંચ પ્રથમ પારિતોષિક, ક્રિટિક્સ ઍવોર્ડ, ધનજી કાનજી ગાંધી સુવર્ણચંદ્રક, ક.મા. મુનશી સુવર્ણચંદ્રક, ધૂમકેતુ ચંદ્રક, જયંત ખત્રી, બકુલેશ ઍવોર્ડ, ર.વ. દેસાઇ ઍવોર્ડ, હરેન્દ્રલાલ ધોળકિયા સુવર્ણ ચંદ્રક, દર્શક ફાઉન્ડેશન દ્વારા અપાતો દર્શક ઍવોર્ડ આદિનો સમાવેશ

થાય છે.

ધીરેન્દ્રનાં સમગ્ર નવલકથા લેખનમાંથી પસાર થનાર સહૃદય એક સાથે વેદના ને સંવેદનાનો સંયુક્ત અનુભવ કરે છે. એનું કારણ એમાં રહેલી પ્રતીતિ ને સચ્ચાઇમાં પડેલું છે. લેખકની બૌદ્ધિક ને સાંવેદનિક ઊંચાઇ ને ઊંડાઈને લીધે એમની કૃતિઓ લોકપ્રિયતાનાં ધોરણને સાચવવા પ્રેરાઇ નથી તે સંસ્કૃતના આચાર્યોએ અપેક્ષેલો સજ્જ ભાવક જ એને આત્મસાત્ કરી શકે એવું એમની મોટાભાગની કૃતિઓમાં બનવા પામ્યું છે. પણ આ જ વિશેષતાને લઈને તેઓ વિચક્ષણ ભાવકોના હૃદયમાં આગવું સ્થાન પામ્યા છે. એમની કૃતિઓમાં રહેલી ભાષાને વિચારની પંડિતયુગીન ક્ષમતાને, મનુષ્યમાં પડેલી સામાન્યતાને પ્રતિની ગાંધીયુગીન સમદૃષ્ટિને તે વાસ્તવના તલ પર પાત્રોને સમજવાની અનુઆધુનિક સમજને ઓળખીને એમને એમના સમકાલીન સર્જકોની વચાળે પ્રશિષ્ટ સર્જક પ્રમાણિત કરે છે.

ધીરેન્દ્રની વાર્તાઓમાં પ્રયોગશીલતા છે ને પરંપરાનું સાધન પણ. જ્યાં વાર્તા પરંપરાનુસંધિત છે ત્યાંય એને રજૂઆતમાં વ્યક્ત થતું નાવીન્ય સર્જકનો આધુનિક દૃષ્ટિકોણ વ્યક્ત કરે છે.

ધીરેન્દ્ર મહેતાના સમકાલીન એવા સમર્થ ગદ્યકાર શ્રી વીનેશ અંતાણીને લોહીના લયમાં સર્જનની ઝંખના સાંપડી. જેમાં એમના ઘરનો પરિવેશ, પિતાનો શિક્ષકનો વ્યવસાય, ગામમાં ભજવાતાં નાટકો, કૉલેજનું શિક્ષણ અને આકાશવાણીના વ્યવસાયે ઘડતરબળ તરીકે મહત્તમ ભાગ ભજવ્યો. વીસેક જેટલી નવલકથાઓ, છએક વાર્તાસંગ્રહો, છ જેટલા નિબંધસંગ્રહો ઉપરાંત અનુવાદો, રેડિયો નાટકો જેવી લેખન સમૃદ્ધિથી વીનેશ અંતાણીએ ગુજરાતી સાહિત્યને રળિયાત બનાવ્યું.

'પ્રિયજન'ના પ્રકાશનથી વીનેશ ગુજરાતી સાહિત્યમાં નવલકથાકાર તરીકે પ્રસ્થાપિત થાય છે. એ પૂર્વે પ્રગટ થયેલી 'પલાશવન'માં વિચ્છિન્ન દાંપત્યની કથા છે. તો 'પ્રિયજન'માં વિલક્ષણ પ્રણય સંબંધની અભિવ્યક્તિ છે. કૃતિની અદ્યાપિ જળવાઈ રહેલી લોકપ્રિયતાનો મદાર એનાં વિષયવસ્તુ અને અભિવ્યક્તિના સ્તર પર રહેલો છે.

વીનેશના નવલકથા લેખનમાં વતન કચ્છનો પરિવેશ આગવી મુદ્રામાં પથરાયેલો છે. તેમની નવલકથાઓમાં વિશેષતઃ નગરજીવન ઉપસ્યું છે. પાત્રો સંસ્કારી, સમજદાર ને તેથી સ્વસ્થ છે. ઘણી નવલકથાઓમાં ફ્લેશબેકની ટેકનિક તેમણે કામમાં લીધી છે. કેટલીક કૃતિઓમાં પ્રથમ પુરુષની નિરૂપણ રીતિ અપનાવાઈ છે. સામાન્ય રીતે ગંભીર વિષયવસ્તુને આલેખતા સર્જકે એતદ કૃતિમાં હાસ્યનું આલંબન પણ લીધું છે. લેખકની પ્રકૃતિગત વેદનશીલતા ને રણના પરિવેશે અર્પેલા અભાવોની તીવ્રતા પાત્રોમાંય આરોપાતી દેખાય છે.

આ સર્જકના મોટાભાગનાં કથાનકો શહેરી જીવનની આસપાસ રચાયાં છે. પણ જ્યાં વતન કચ્છનો પરિવેશ વાર્તામાં આલેખાયો છે ત્યાં કચ્છના લોકોની બોલચાલની શૈલીને પ્રગટ કરે એવી રીતે લેખકે બોલીનું માધ્યમ સહજતાથી સ્વીકાર્યું છે.

નિબંધકાર વીનેશ અંતાણી બધા જ નિબંધ સંગ્રહોમાંથી પસાર થતાં કહી શકાય કે તેના બધા નિબંધોના વિષય વૈવિધ્ય, શૈલીનું અનેરૂં સ્થાન છે. સાથે સાથે સર્જક ખૂબ જ ઝીણવટતાથી બાળપણ, ભૂતકાળ, પ્રકૃતિ, એકલતા આદિ વિષયોને નિરખ્યા કરે છે. તેમના નિબંધોમાંથી પસાર થનાર લેખકનાં વતન કચ્છને ક્યારેય પણ ભૂલી શકતા નથી. આ નિબંધોમાં લેખકની કલ્પનાશક્તિ, ચિત્ર નિરૂપણ શક્તિ, અલંકાર વૈભવ અને સંવેદનશીલ જીવનદૃષ્ટિ તાદૃશ્ય થાય છે. જે નવલકથાકાર અને વાર્તાકાર વીનેશ અંતાણીને સમર્થ નિબંધકાર તરીકે સ્થાપિત કરે છે.

ધીરેન્દ્ર મહેતા ને વીનેશ અંતાણીની લગોલગ એમના સમકાલીન તરીકે રાજેશ અંતાણીનું પ્રદાન પણ નોંધપાત્ર છે.

સર્જકનું સર્જન વિષય વૈવિધ્યથી ભરપૂર છે. એક તરફ તેમણે 'અલગ' જેવી કૃતિ સંયુક્ત કુટુંબની પ્રથા આલેખતી નવલકથા રચી તો 'સફેદ ઓરડો' કૃતિમાં વતનપ્રેમનું સંવેદન આલેખ્યું. 'ખાલી છીપ' જેવી કૃતિમાં પ્રણય ત્રિકોણનો સંદર્ભ છે તો 'સંધિરેખા' કૃતિમાં મનોરોગનો ભોગ બનેલી નારીની વ્યથા આલેખાઈ છે.

લેખકે આધુનિક યુગનો પરિવેશ આલેખ્યો છે. પરંતુ સર્જક આધુનિકતાના ઘેરા પ્રભાવમાં આવ્યા નથી. તેમની કૃતિમાં ઘટનાનો લોપ નહીં પણ ઘટનાનો આધાર લઇને સર્જન થયેલું જોવા મળે છે.

હરેશ ધોળકિયાએ કુલ એકસો પચાસ જેટલી કૃતિઓ દ્વારા નવલકથા, નિબંધ, ચિંતન, કેળવણી જેવા વિષયો ખેડ્યા છે. જેમાં તેમની 'અંગદનો પગ' નવલકથાની પંદર જેટલી આવૃત્તિઓ થવા પામી છે. શિક્ષણ જગતને આલેખતી આ કૃતિ શિક્ષકત્વનાં શીલને ઉજાગર કરે છે. આ કૃતિમાં રામનું શૌર્ય અને રાવણની વૃત્તિનો સમન્વય છે. વાચકને ગમે તેવી પ્રવાહી શૈલીની સાથે સાથે એમાં રમતાં રમતાં મૂલ્યનિષ્ઠા પીરસાઈ છે.

આ નવલકથા શિક્ષકો અને વિદ્યાર્થીઓ બંનેને ગુરી ચાવી આપે છે - સાચાં શિક્ષકત્વને પામવાની. એમની અન્ય નવલકથાઓમાં આલેખાયેલો આધુનિક અભિગમ, નારી સંવેદના, જીવનને આગવી રીતે જોવાની દૃષ્ટિ ધ્યાન ખેંચે છે. 'ચારસો ટકા આનંદ' એમની શૈક્ષણિક આત્મકથા છે.

સાંપ્રતકાળમાં મહત્ત્વના સર્જક તરીકે માવજી મહેશ્વરીએ માત્ર ટૂંકી વાર્તામાં જ નહીં, નવલકથામાં પણ પોતાનું એક સ્થાન ઊભું કર્યું છે. તેમની પહેલી નવલકથા 'મેળો'ને મળેલાં પારિતોષિકો એનું પ્રમાણ છે. આ લેખકને કોઈ એક સ્વરૂપમાં બંધાઈ રહેવું ગમતું નથી. તેમણે લલિત ગદ્ય પર હાથ અજમાવ્યો

**(અનુસંધાન : જુઓ પાના નં.-૨૮ ઉપર)**

પ્રતિભા પર્વ : કચ્છની વર્તમાન પ્રતિભાઓ

# કચ્છના વર્તમાન સંશોધકો

નરેશ અંતાણી

ઈતિહાસના લેખનમાં સામાન્ય રીતે એવો ખ્યાલ અત્યાર સુધી પ્રવર્તતો હતો કે રાજા રજવાડાઓની વંશાવળી અને તેમણે કરેલી ચડાઈઓની ગાથા એટલે ઈતિહાસ. પરંતુ હવે આ ખ્યાલમાં મોટું પરિવર્તન આવ્યું છે અને રાજા રજવાડાઓ ઉપરાંત સામાજિક ઈતિહાસ લખાવવાનો આરંભ પણ થયો છે. તત્કાલીન જન સમાજ અને વિશાળ જન સમૂહની ગતિવિધિઓનું આલેખન પણ હવે કરાઈ રહ્યું છે અને તે હવે નવી પેઢી માટે જરૂરી પણ બન્યું છે.

શુદ્ધ ઈતિહાસ લેખન માટે અનેક સાધન સામગ્રી, પૂરક માહિતી અને આધારોની આવશ્યકતા રહેતી હોય છે જે વિવિધ રીતે ઉપલબ્ધ હોય છે. જેને સંશોધિત કરી સમાજ સામે મૂકવાનું કામ સંશોધકો કરતા હોય છે. કચ્છના સંદર્ભે આવા અનેક સંશોધકોએ સારું એવું કાર્ય કર્યું છે જેની વિગતે વાત કરવાનો અહીં ઉપક્રમ નથી. અહીં માત્ર કચ્છના ઈતિહાસ-પુરાતત્ત્વના સંદર્ભમાં કાર્યરત નવી પેઢીના સંશોધકોની વાત કરવાની છે.

ઉમિયાશંકરભાઈ અજાણી કે દિલીપભાઈ વૈદ્ય નવી પેઢીના સંશોધન ખબર બની રહ્યાં છે. અને તેઓ કચ્છના ઊંચા ગજાના ઈતિહાસકાર છે. નવી પેઢીના સંશોધકોનો પરિચય મેળવીએ એ પહેલા આ બન્ને વડીલ ઈતિહાસકારોના કાર્યની પણ નોંધ પણ કરીએ.

★ **ઉમિયાશંકર અજાણી :** ૧૯૩૪માં ભુજમાં જન્મેલા શ્રી ઉમિયાશંકરભાઈ કચ્છના ઊંચા ગજાના ઈતિહાસકાર છે. તેઓ ગુજરાત સરકારમાં મહેસૂલી વિભાગમાં મામલતદાર તરીકે નિવૃત્ત થયા છે. કચ્છના ઈતિહાસ અને સંસ્કૃતિ ક્ષેત્રે સંશોધન લેખનમાં તેમનું મોટું યોગદાન છે. તેમની પાંચ ઐતિહાસિક નવલકથા ઉપરાંત કચ્છનું લોક સાહિત્ય, ઈતિહાસ સંદર્ભના અનેક સંશોધન લેખ સંગ્રહો પ્રકાશિત થયા છે. અનુવાદ અને સંપાદન ક્ષેત્રે પણ તેમણે કાર્ય કર્યું છે. 'કચ્છ મિત્ર'નું વિશેષ પ્રકાશન 'કચ્છ તારી અસ્મિતા' તથા 'કચ્છનો સર્વાંગી ઈતિહાસ' પુસ્તકોના સંપાદન કાર્યમાં તેમનું વિશેષ યોગદાન રહ્યું હતું.

કચ્છના ઈતિહાસ સંશોધન તથા લેખન અને સાહિત્ય સર્જન સબબ તેમને વિવિધ સંસ્થાઓ દ્વારા બહુમાન તથા ચંદ્રક વગેરે પણ એનાયેત કરાયા છે.

★ **દિલીપભાઈ વૈદ્ય :** ૧૯૩૭માં માંડવી ખાતે જન્મેલા શ્રી દિલીપભાઈ વૈદ્ય ઈતિહાસ વિષય સાથે એમ.એ. થયા છે. તેઓ ગુજરાત સરકારના કચ્છના ભુજ મ્યુઝિયમ ઉપરાંત જુનાગઢ, રાજકોટ અને પ્રભાસ પાટણમાં ક્યુરેટર તરીકે સેવાઓ આપી વડોદરા ખાતે રાજ્યના સંગ્રહાલય ખાતાના નાયબ નિયામક તરીકે નિવૃત્ત થયા.

તેઓએ કચ્છના પુરાતત્ત્વ ક્ષેત્રના સંશોધનમાં મહત્ત્વનું યોગદાન આપ્યું છે. કચ્છ મ્યુઝિયમ માટે અણમોલ કહી શકાય એવા ક્ષત્રપ શિલાલેખો સહિત અનેક વસ્તુઓના સંશોધન અને સંગ્રહમાં તેમનું યોગદાન કાયમ યાદ રહે છે. નોંધપાત્ર બાબત એ છે કે શક સંવતની આરંભનો દસ્તાવેજી પુરાવા સમાન ક્ષત્રપ શિલાલેખની શોધ એ એમનું મહત્ત્વનું યોગદાન છે. તો દોલત મસ્તક, ધોળાવીરાનું સીલ વગેરે તેમની મુખ્ય શોધ છે. નિવૃત્તિ બાદ પણ તેઓ કચ્છના ઈતિહાસ પુરાતત્ત્વના સંશોધન માટે કાર્યરત રહ્યા છે.

★ **પ્રમોદ જેઠી :** કચ્છના પ્રવાસે જવું હોય તો ભુજના આઈના મહેલમાં દોઢથી ત્રણ દાયકા ક્યુરેટર તરીકે સેવાઓ આપી નિવૃત્ત થયેલા કચ્છના સંશોધક પ્રમોદ જેઠીનો સૌ કોઈ પ્રથમ સંપર્ક કરે. કચ્છની કલા, સંસ્કૃતિ અને ઈતિહાસના અભ્યાસી અને સંશોધક પ્રમોદભાઈને વિશ્વના પ્રવાસીઓ જાણે છે. આઈના મહેલની ફરજ દરમ્યાન માત્ર કર્મચારી તરીકે ફરજ બજાવી સંતોષ માની બેસી ન રહેનારા પ્રમોદભાઈએ પોતાના કાર્યસ્થળનો પૂરો સદ્‌ઉપયોગ કર્યો હતો. તેમણે ધૂળ ધોયા બનીને કચ્છની કલા, સંસ્કૃતિ અને ઈતિહાસ પર સંશોધન કર્યું. કચ્છની માટીએ માટીને પોતાના પગ નીચે પસાર કરી એમણે કચ્છમાં ઠેર ઠેર વેરવિખેર રહેલા પાળિયાઓનો અભ્યાસ કરી તેને આપણી સમક્ષ બોલતા કર્યા છે.

શ્રી પ્રમોદભાઈની જન્મભૂમિ અને કર્મસ્થળ ભુજ રહ્યું. અહીંની ધૂળમાં આળોટી રમીને મોટા થયા હોવાથી ભુજ શહેરની એક એક શેરી, એકે એક મહોલ્લો, ફળિયા, ઉપરાંત સમગ્ર કચ્છના ગઢ, કિલ્લા, રાજ મહેલો મંદિરો, જોવાલાયક સ્થળો, કચ્છમાં વસવાટ કરતી જાતિઓ, એમનું જીવન, રહેણી કરણી, ઉત્સવો અને ધાર્મિક ઐતિહાસિક સ્થળોની તલસ્પર્શી વિગતો એમણે ઝીણવટથી નોંધી છે, અભ્યાસ કર્યો છે. જેના પરિણામે એમની પાસેથી આપણને ગુજરાતી, હિંદી, અંગ્રેજી ભાષામાં દસ જેટલા પુસ્તકો મળ્યા છે. કેટલાંક પુસ્તકોનો ફ્રેંચ ભાષામાં અનુવાદ પણ થયો છે. જેને કારણે ભારત અને અન્ય રાજ્યોના પ્રવાસીઓને કચ્છની કલા અને સંસ્કૃતિમાં રસ લેતા તેમણે કર્યા છે.

પ્રવાસીઓ અને મિત્રોમાં જેઠીભાઈ તરીકે જાણીતા પ્રમોદભાઈ પાસેથી કચ્છ અચીજા, સંસ્કૃતિ દર્શન, ભુજ, કચ્છના ઇતિહાસના સાક્ષી શિલાલેખ અને પાળિયા, પ્રાગ મહેલ, આયના મહેલ, લધાશાપીર, પધારો મારે દેશ કચ્છ, કચ્છના ઐતિહાસિક લેખો, જયેષ્ઠીમલ્લ તથા અંગ્રેજીમાં Kutch Tour Guide જેવાં પુસ્તકો આપણને પ્રાપ્ત થયા છે.

★ **ડૉ. પુલીન વસા :** ૧૯૫૨માં મુંબઈ ખાતે જન્મેલા હૃદયરોગ નિષ્ણાત તબીબ પુલિનભાઈ વસાનું કચ્છના પુરાતત્ત્વ સંશોધન ક્ષેત્રે સારું એવું યોગદાન છે. માંડવી તાલુકાના રાયણ ખાતે સંશોધન કરી તેમણે કચ્છમાં સિંધુકાલીનથી લઈને ઇસુ પછી ૬૦૦ વર્ષ સુધીના સુસંસ્કૃત માનવ વસવાટના પુરાવાઓ તેમણે એકઠા કર્યા છે અને એ રીતે કચ્છની પ્રાચીન સંસ્કૃતિને ઉજાગર કરવામાં એમણે એકલાએ સારી જહેમત ઉઠાવી છે. કચ્છના વિવિધ સ્થળોએથી મળી આવેલા અશ્મિઓનો તબીબી જગતની સીટી સ્કેન સુવિધાના ઉપયોગ કરીને સંશોધન ક્ષેત્રે એક નવી પદ્ધતિનો પ્રયોગ કર્યો છે. તેઓ ગુજરાત રાજ્યના પુરાતત્ત્વ ખાતાના માનદ સલાહકાર તરીકે પણ રહી ચૂક્યા છે. કચ્છના પુરાતત્ત્વ સંદર્ભે તેમના બે ગુજરાતી પુસ્તકો 'કચ્છમાં સિંધુ સંસ્કૃતિ' તથા 'સમયની સરવાણી' અને એક અંગ્રેજી પુસ્તક Nani Rayan Mystery Unveiled પ્રકાશિત થયા છે.

★ **સંજય ઠાકર :** ભુજમાં ૧૯૬૫માં જન્મેલા સંજય પી. ઠાકરનું વતન મુંદ્રા છે. તેઓએ એમ.એ.બી.એડ., પી.ટી.સી. સુધી અભ્યાસ કર્યો છે તેઓ વ્યવસાયે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ભુજમાં લેક્ચરર છે. વાંચન, લેખન અને સંશોધન એ તેમના રસના વિષયો છે.

કચ્છની ઇતિહાસ-સંસ્કૃતિ, કલા સાહિત્ય-શિક્ષણ, જીવન ચરિત્ર વિષયક લગભગ ૨૫૦૦ જેટલા માહિતી અભ્યાસલેખો તેઓએ લખ્યા છે. જન્મભૂમિ જૂથના કચ્છમિત્ર દૈનિક (ભુજ) ની સુરખાબ સાપ્તા. પૂર્તિમાં અભ્યાસ સંશોધન કટાર ભ્રમણ ભૂમિ કચ્છ (૧૯૯૨ થી ૧૯૯૫), તથા જ્ઞાતિગંગા કચ્છની (૧૯૯૮-૧૯૯૯) તેમના ભાઈ ભરત ઠાકર સાથે ચલાવી હતી. અને મંગળ વિશેષ પૂર્તિમાં વ્યક્તિ વિશેષ ચરિત્ર લેખમાળા શતાબ્દી વંદના (૨૦૦૫ થી ૨૦૧૦) તથા હાલે 'કચ્છ મિત્ર' ની અર્ધ સાપ્તા. પરાગ પૂર્તિમાં 'સાત દાયકાના ૭૦ સીમાચિહ્નનું લેખન - વસતિ શિક્ષણ, સાક્ષરતા, શિક્ષણની નૂતન પદ્ધતિઓ, પ્રકલ્પો, તારુણ્ય શિક્ષણ વિશે સંખ્યાબંધ લેખોનું પ્રકાશન- આકાશવાણી, ભુજ પરથી સંખ્યાબંધ વાર્તાલાપ, સંકલિત કાર્યક્રમ, રૂપક, ચર્ચા સંવાદો પ્રસારિત થયેલા છે.

***સંપાદન-સંશોધન :*** સાહિત્ય સંકુલ સંસ્થાના મુખપત્ર સંભારણું તથા તાલીમ ભવન - ભુજના સાંપ્રત શિક્ષણ માસિક મુખપત્રનું સંપાદન કરેલું છે. જીસીઈઆરટી, ગાંધીનગરના માસિકપત્ર જીવન શિક્ષણના સંપાદન મંડળમાં ૨૦૦૮ થી ૨૦૧૦ કાર્યરત હતા. કચ્છમિત્ર હીરક જયંતી વિશેષાંક ૬૦ વર્ષનાં સંભારણા (૨૦૦૮), જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પ્રગટ થયેલા વિકાસ વાટિકા (૨૦૧૦) તેમજ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન પ્રકાશિત શિક્ષકો અને વિદ્યાર્થીઓ માટેના સ્થાનિક સાહિત્યનું સંપાદન કરેલું છે. તેમણે ૧૮ જેટલા શૈક્ષણિક ક્રિયાત્મક સંશોધનો અને લઘુ સંશોધનો પણ કર્યા છે.

ગુજરાત ઇતિહાસ પરિષદનું કે.જી. થાનકી પારિતોષિક (૧૯૮૮), સૌરાષ્ટ્ર કચ્છ ઇતિહાસ પરિષદનો પન્નાલાલ પરીખ રૌપ્ય ચંદ્રક (૧૯૮૮), સૌરાષ્ટ્ર કચ્છ ઇતિહાસ પરિષદના ૧૧મા અધિવેશન વખતે વિશેષ સન્માન (૧૯૯૪), પ્રથમ ફૂલશંકર પટ્ટણી સંશોધન એવોર્ડ (૧૯૯૫), કચ્છ શક્તિ મુંબઈ સંશોધન ઍવોર્ડ (૧૯૯૯) જેવા સન્માનો તેમને મળ્યા છે. તેમના તરફથી બે પ્રકાશનો મળ્યા છે જેમાં બે દાયકાની દાસ્તાન (કચ્છનું ઘટનાચક્ર : ઇ.સ. ૧૯૯૦ થી ૨૦૦૯) ઇ.સ. ૨૦૧૦ અને કચ્છની શતાબ્દી પ્રતિભાઓ (૨૦૧૦) નો સમાવેશ થાય છે.

★ **મહેન્દ્ર દોશી :** કચ્છના અબડાસા તાલુકાના તેરા ગામના મૂળ વતની અને હાલે અમદાવાદ વસતા જાણીતા ભાષા વિજ્ઞાની મહેન્દ્રભાઈ દોશી જાણીતા ભાષા સંશોધક છે. ભારતીય ભાષાઓમાં કચ્છી ભાષાના પ્રચાર અને પ્રસારમાં તેમનું મોટું યોગદાન છે. એમ.એ., એલ.એલ.બી. થયેલા શ્રી દોશીએ ભાષાશાસ્ત્રમાં ડિપ્લોમાં પણ કર્યું છે.

હાલે તેઓ કચ્છી બોલી, તેનો ઉદ્‌ભવ, સ્વરૂપ, કચ્છી બોલીના ઉચ્ચારણનું સર્વે તથા કચ્છી પ્રાદેશિક કોશ પર સંશોધન કાર્ય કરી રહ્યા છે. ભાષાશાસ્ત્રના તેમના છ જેટલા સંશોધન પુસ્તકો પ્રકાશિત થયાં છે. જેમાં કચ્છી બોલી, કચ્છી બોલી સંભવિત દ્વૈભાષીય સ્વરૂપ કંઠસંપદા, કચ્છ વિસ્તારમાં પ્રાથમિક કક્ષાના ગુજરાતી ભાષા દ્વારા શિક્ષણ મેળવતા બાળકોને પડતી મુશ્કેલી અને તેના નિવારણનો પ્રયાસ, Peoples Lingusistic Survey, Indian Folk Epics and Other Folk તથા Documentation of speech verities spoken in kachhi. Survey of District Central Institute of Language - Pune. આ ઉપરાંત એમનાં અન્ય ચાર જેટલાં આ વિષયનાં પ્રકાશનો હવે પ્રસિદ્ધ થનાર છે. આ ક્ષેત્રે કાર્ય કરતાં તેમને ત્રણ જેટલાં પારિતોષિક પણ મળ્યાં છે. કચ્છી ઉપરાંત તેઓ હાલારી અને વાઘેરી ભાષાઓ પર પણ સંશોધન કાર્ય કરી રહ્યા છે. જે માટે તેમને પંડિત બેચરદાસ જીવરાજ દોશી પારિતોષિક પણ એનાયેત કરાયું છે.

★ **ડૉ. મહેશ ઠક્કર :** ૧૯૬૮માં અમદાવાદ ખાતે જન્મેલા પ્રા. ડૉ. મહેશભાઈ ઠક્કર કચ્છ યુનિવર્સિટીના વિજ્ઞાન વિભાગના ડીન અને ભૂસ્તર વિભાગના અધ્યક્ષ છે. તેમણે ભૂસ્તર વિજ્ઞાનમાં અનુસ્નાતક કર્યું છે અને આ જ વિષયમાં ડૉક્ટરેટ પણ કર્યું છે. આ ઉપરાંત ઇન્ટરનેશનલ બાયોગ્રાફિકલ સેન્ટર કેમ્બ્રિજથી ટેકનોનિસ્ટ અને પેલીઓસિસ્મિક સ્ટડીઝનો ડિપ્લોમા મેળવ્યો છે.

તેઓ કચ્છમાં પ્રથમ ભુજની આર.આર.લાલન કૉલેજમાં જોડાયા પછી કચ્છ યુનિવર્સિટીમાં જોડાયા છે. તેઓ ભૂસ્તર વિજ્ઞાન સંબંધી જુદા જુદા અગિયાર પ્રોજેક્ટસ સાથે સંશોધન કાર્ય કરી રહ્યા છે. જે પૈકી કેટલાક પ્રોજેક્ટ્સ પૂર્ણ થયા છે અને આંતરરાષ્ટ્રીય સેમિનારમાં રજૂ પણ થયા છે. અમેરિકામાં તૈયાર થયેલી કચ્છ પરની એક દસ્તાવેજી ફિલ્મ A Land of Variationની સ્ક્રીપ્ટ એમણે લખેલી છે. તેમણે ૩૦ થી વધારે કચ્છના ભૂસ્તર પરના સંશોધન પત્રો, વીસ પૂરવણી સંશોધનો અને પાંચ અહેવાલો તૈયાર કર્યા છે.

★ **ભરત ઠાકર :** મૂળ મુંદ્રાના વતની અને હાલ અંજાર વસતા ફૂડ કોર્પોરેશન ઓફ ઇન્ડિયામાંથી નિવૃત્ત થયેલા ભરતભાઈ ઠાકર પણ કચ્છના જાણીતા સંશોધક છે. તેમણે પણ તેમના લઘુબંધુ સંજય ઠાકર સાથે રહીને જન્મભૂમિ જૂથના કચ્છમિત્ર દૈનિક (ભુજ) ની સુરખાબ સાપ્તા. પૂર્તિમાં અભ્યાસ સંશોધન કટાર ભ્રમણ ભૂમિ કચ્છ (૧૯૯૨ થી ૧૯૯૫), તથા જ્ઞાતિગંગા કચ્છની (૧૯૯૮-૧૯૯૯), કટાર ચલાવી હતી અને તે દ્વારા આ ક્ષેત્રે સારું સંશોધન કાર્ય કર્યું છે. તેઓ પણ કચ્છની કલા, ઈતિહાસ, પુરાતત્ત્વ વગેરે જુદા જુદા વિષયોને લઈને સારું એવું સંશોધન કરતાં રહ્યા છે.

★ **હસમુખ અબોટી :** કચ્છના જાણીતા કવિ હસમુખ અબોટી 'ચંદન' પણ કચ્છની સાગર કથાઓના સંશોધક છે. ૧૯૬૪માં અબડાસાના કોઠારા ગામે જન્મેલા હસમુખભાઈ વ્યવસાયે માંડવીમાં પ્રાથમિક શાળામાં શિક્ષક છે. કચ્છમિત્રની 'દરિયાની વાટે વાટે' કટાર દ્વારા તેમણે કચ્છની સાગર કથાઓ અને આપણા સામુદ્રિક વારસાને લગતી અવનવી વાતો, ઘટનાઓ, દરિયાઈ ઈતિહાસ વગેરેની વાતો કરી હતી. આ જ વિષયના તેમના લેખો ગુજરાતના પ્રતિષ્ઠિત સામયિકોમાં પ્રગટ થતા રહે છે. તો કચ્છની સાંસ્કૃતિક વિરાસત એવાં લોકસંગીત અને લોક કલાકારો, લોકવાદ્યોનો પરિચય કરાવતી એક કટાર 'સૂર અને સાધક' પણ કચ્છમિત્રમાં પ્રસિદ્ધ થઈ હતી. જેમાં કચ્છના આ ક્ષેત્રે થતાં કાર્યો અંગે સારું સંશોધન અને ખેડાણ એમણે કર્યું હતું.

એમના દરિયાઈ સંશોધન અંગેના પ્રસિદ્ધ થયેલા પ્રકાશનો જોઈએ તો 'દરિયાની વાટે વાટે,' 'સાગરના સૂસવાટા', અને 'હૂડીયો કોઠો' એમ ત્રણ પુસ્તકો આપણને મળ્યાં છે. તો 'ધરિયાજા ભીડા' નામક કચ્છી કાવ્ય સંગ્રહ પણ તેમના તરફથી મળ્યો છે. હસમુખભાઈ કચ્છી અને ગુજરાતી બન્ને ભાષામાં ગદ્ય અને પદ્ય બન્ને ક્ષેત્રે સારું ખેડાણ કરતા આવ્યા છે.

★ **ગૌતમ જોશી :** કચ્છી ભાષા સાહિત્યના જાણીતા સર્જક ગૌતમ જોશી મૂળ ભુજના વતની છે. કચ્છી ઉપરાંત ગુજરાતી ગદ્ય અને પદ્ય સાહિત્ય ક્ષેત્રે પણ સારું ખેડાણ કરતાં શ્રી જોશી કચ્છના પોલીસ તંત્રની ફરજમાંથી નિવૃત્તિ થઈ કચ્છની જૂની રંગભૂમિ અંગેના સંશોધન કાર્ય સાથે હાલે સંકળાયેલા છે અને આ અંગે કચ્છમિત્ર દૈનિકમાં તેમની 'રંગમંચ' નામની કટાર પણ પ્રસિદ્ધ થઈ રહી છે. કચ્છનાં ગામડે ગામડે રહેલી રંગભૂમિ અંગેની પ્રવૃત્તિઓનું સંશોધન અને દસ્તાવેજીકરણનું કાર્ય તેઓ કરી રહ્યા છે.

*૨૨/બી, શિવમ્ પાર્ક, નાના યક્ષ મંદિર પાસે,*
*માધાપર રિંગ રોડ, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*મો. ૯૯૯૮૨ ૨૦૪૭૮, ૯૪૦૮૭ ૩૧૮૭૮*

*આચાર વિનાનો વિચાર ગમે એવો સુંદર હોય પણ તે માણસના મન ઉપર સદા અત્યાચાર કર્યા કરે છે અને પરિણામે એની કાર્યશક્તિને મારી નાખે છે.*

પંચગની હવાફેર
પ્રકૃતિના સાનિધ્યમાં,
સુંદર મનોહર આલ્હાદક વાતાવરણમાં
હવાફેર કરવા પધારો.
શુધ્ધ સાત્વિક ભોજનશાળાની સુવિધા છે.
૩, ૪ અને ૭ દિવસ માટે રૂમ આપવામાં આવે છે.
રાજલક્ષ્મી આરોગ્યધામ
મુંબઈમાં બુકિંગ માટે સંપર્ક : 08879677709

Estd. 1955
Laxmichand Dharshi
Container Transportation & Handling
Govt. Contractors ● Erection Job
Owners & Suppliers
Crane ● Top Lifter ● Forklift ● Trailor ● Truck ● Labour
Calcuttawala Building, Masjid Bunder,
137/41, Samuel Street, Mumbai-400 009.
H.O. : 2347 5611 • 2345 4093 • Fax : 2347 5619
L. D. Yard (Jasai, JNPT) : 6522 3399

Corporate Office :
D 6-2, Road No. 34,
Wagle Estate, Thane 400 604. India.
T (General) : +91 22 21582600 F: +91 22 21582602
T (Direct): +91 22 21582603 M: +91 9322663991
E: narendra@hdfire.com ● www.hdfire.com
સ્વ. પૂ. માતુશ્રી રતનબાઈ નરશી દેવણાંધ ધરમશી (સુથરી)ના સ્મરણાર્થે....
HD FIRE PROTECT PVT. LTD.
Protecting What Matters Most to You

પ્રતિભા પર્વ : કચ્છની વર્તમાન પ્રતિભાઓ

# કચ્છમાં કૃષિ ક્ષેત્રે પ્રતિભાઓ

**માવજી એલ. બારૈયા**

કચ્છનો વિકાસ એના પોતાના પગ ઉપર વિશેષ રીતે થયેલો છે. કચ્છમાં દરેક ક્ષેત્રમાં વિશિષ્ટ પ્રતિભાઓ પોતાની છે. જેમાં ખેતી, પશુપાલન, હેન્ડિક્રાફ્ટ જેવા અનેક ક્ષેત્રો તમે લઈ શકો. કુદરતી આફતોનો સામનો કરતા કરતા ઘણી શિખામણો મળી છે અને તાકાત કેળવી છે. આ દરેક ક્ષેત્રમાં દરેક પ્રતિભાનું એક અનોખું તેજ અને પદાર્પણ છે. પોતાના વિસ્તારમાં કુદરતે આપેલ સંસાધનને ઓળખીને આગવી રીતે સંવર્ધન અને સંરક્ષણ કરીને તેને વિકાસની વાટે લઈ ગયા છે. કચ્છનો ખેતી ક્ષેત્રે વિકાસ અને ખેડૂતોની આગવી કોઠાસૂઝ, આવડત અને મહેનતની કમાઈ પર ઉભો થયો છે.

આજે મારે કૃષિ ક્ષેત્રના આગવી પહેલ કરનાર પ્રતિભાઓએ કૃષિ ક્ષેત્રને નવી દિશા આપી છે. માત્ર દિશા આપીને બેસી નથી રહ્યા પરંતુ નીતનવા ખેડાણ કરીને કચ્છના નહિ, દેશની સરહદ પેલે પાર તેની સુગંધ પહોંચાડી છે. અનેક પ્રતિભાઓને લેખના પાનામાં સમાવવી મુશ્કેલ છે. બાથરૂમમાં બુલેટ દોડાવી ન શકાય. એક આછેરી ઝલક આપીને આ પ્રતિભાઓને પાના પર પ્રગટ કરવાની કોશિશ જરૂર કરી શકાય. જેથી જ્યારે પણ કચ્છમાં કોઈ આવે તો આ પ્રતિભાને મળે, જાણે અને માણે.

### ★ શ્રી મનોજભાઈ પુરુષોત્તમભાઈ સોલંકી

**(ગામ : માધાપર, ફાર્મ - કુકમા પાસે ગામડિયા ડુંગર પાછળ રામકૃષ્ણ ટ્રસ્ટ)**

કચ્છમાં પોતાનો બાપા - દાદાનો વ્યવસાય ખનિજ પ્રોસેસિંગ પ્લાન, ચાઈના ક્લે, ખનીજ માઈનિંગ પરંતુ મનોજભાઈને ખેતીનો ભારે શોખ. ખેતીની શરૂઆત રાસાયણિક ખાતરોના વપરાશથી કરી. પરંતુ તેમને લોકોના આરોગ્યની ચિંતા. ખાતર-દવા નાખેલું ખાશું તો પોતે પણ મરીશું અને બીજાને પણ મારીશું. પરંતુ જેની ભાવના ઊંચી હોય એને ભગવાન રસ્તો બતાવે. સજીવ ખેતીના બીજ મનમાં રોપાયા. સજીવ ખેતી કરવી છે, ગાય આધારિત ખેતી કરવી છે, ગામડાંને પોસાય એવી ખેતી કરવી છે. પરિવારનો સહકાર પૂરો મળ્યો. ૨૦૦૧થી સજીવ ખેતીની શરૂઆત. ખેતીનું વિજ્ઞાન સમજ્યા. કુદરત તેના નિયમમાં એકેય ફેરફાર કરતું નથી. "કુદરતના કાયદા ફર્યા નથી ને કોઈ'દિ ફરશે નહિ." જ્યારે માનવ તેનામાં વિક્ષેપ નાખે ત્યારે એ વિફરે એટલે માઠા પરિણામો મળે. ખેતી કરવી પણ પૂરી સમજીને કરવી છે. સજીવ ખેતી કરતાં ખેડૂતોના ખેતરે ખેતરે ફર્યા, તેમને મળીને માહિતી મેળવી. જેમાં ગુજરાત અને દેશના સજીવ ખેતી કરતાં ખેડૂતોને જાતે મળ્યા, અનુભવો સાંભળ્યા. પોતાની પાસે જે રિસોર્સ છે તેમાં આ કઈ રીતે શક્ય બનશે. તેમનો અભ્યાસ બી.કોમ. એટલે નાણા ક્યારે કેટલા મળશે તેની વિગત જાણી. ઉપરથી તેમણે એલ.એલ.બી. કરેલ એટલે અદાલતમાં નહિ પણ જાતને પ્રશ્નો પુછેલા કે અધવચ્ચેથી આવી ખેતી મૂકી તો નહીં દેને? તું હારીશ એ નહીં ચાલે. આવા પ્રશ્નો દ્વારા દ્રઢ મનોબળ કેળવીને ખેતી ક્ષેત્રમાં-સજીવ ખેતીનું દરેક પગથિયું તેઓ મક્કતાથી ચડ્યા. આજે ટોચ ઉપર છે. પોતાની પાસે કુલ ૬ વાડીઓ લીલીકુંજાર, જેનો ૮૦ એકર જેટલો વિસ્તાર છે. ૨૦૦ જેટલી ગાયો છે. "પ્રાકૃતિક ગામ"નું મોડલ મનમાં રમતું હતું તે પોતાની વાડી ઉપર ઊભુ કર્યું. આજે ગાય આધારિત ખેતી કરી પોતાના પરિવાર અને સમાજને જરૂરી એવા શાકભાજી, અનાજ, મસાલા, ફળફળાદિ, ઘાસચારાના વિવિધ પાકો લે છે. ગાયના છાણ-મુત્રમાંથી વિવિધ ૬૦ થી ૭૦ જેટલી પ્રોડક્ટ બનાવે છે. પોતાના ફાર્મ પર સજીવ ખેતી, ગોપાલન, જીવનવિદ્યા, પંચગવ્ય ચિકિત્સા માટે નિઃશુલ્ક શિબિરો ચલાવીને સજીવ ખેતી ગાય આધારિત ખેતી માટે પ્રેરણાદાયી કામ કરી રહ્યા છે. તેમના રામકૃષ્ણ ટ્રસ્ટમાં એકદમ પ્રાકૃતિક વાતાવરણમાં ગૌવંશ આધારિત અનેક ઉત્પાદનો સાથે બળદથી ચાલતા ટ્રેક્ટર, મોટર, ગૌમુત્ર અર્ક, ઘનવટી, જૈવિક ઉત્પાદનો, હાઈડ્રોપોનિક્સ દ્વારા ઘાસચારા ઉત્પાદન વગેરે જોવા શીખવા મળે છે. આ ઉપરાંત અગ્નિઅસ્ત્ર, બ્રહ્માસ્ત્ર, નીમાસ્ત્ર વગેરે જૈવિક નિયંત્રણ પણ કરે છે.

તેઓ સજીવ ખેતીને જ ટકાઉ ખેતી ગણે છે. તેમને પોતાના ઉત્પાદનોનું ગ્રાહકવર્ગ નક્કી જ છે, જેમાં પોતાનું ઘર, પાડોશીઓ, સગા-સંબંધી, મિત્રવર્તુળ જે સ્થિર છે. તેઓ માને છે કે જેને પોતાનું આરોગ્ય સારું રાખવું છે, તેણે સજીવ ખેતી અને ગાય સિવાય નિરોગી રહી શકે નહિ તેવું દ્રઢપણે જણાવે છે.

### ★ કાંતિલાલ રવજીભાઈ ભીમાણી

**(ગામ : રત્નાપર (મઉ), તા. માંડવી-કચ્છ) :**

ખેતી માટે સતત નવું શીખવા અને શીખવવાનો અજંપો ધરાવતો ૫૦ વર્ષનો નવયુવાન ખેડૂત એટલે કાંતિભાઈ. ૪ હેક્ટર જમીન. તેમાં પરંપરાગત ખેતી એટલે રોટલા સિવાય કંઈ મળે

નહિ. ૯ ધોરણ પાસ એટલે ખેતી કર્યા સિવાય છુટકો નહિ. પરંતુ નવું શીખવાની એટલી પ્રબળ ઈચ્છા કે ગમે ત્યાં પહોંચી જાય. તેઓ તીર્થધામ કરતાં કૃષિ યુનિવર્સિટી અને પ્રગતિશીલ ખેડૂતોના ખેતરોમાં વધારે ગયા છે. ખેતી માટેની માહિતી જેની પાસેથી મળી તેની પાસેથી લીધી. આજે ૪ હેક્ટર જમીનમાં સંપૂર્ણ સજીવ ખેતી, ગૌમુત્ર અને ગોબર તેમજ જુદા જુદા વનસ્પતિ દ્વારા જીવામૃત તૈયાર કરી ખેતીમાં ઉપયોગ કરી તેનું નિરીક્ષણ કર્યું. જમીન અને પાક બંને પર સારી અસર જોવા મળી. હંમેશાં પહેલો અખતરો પોતાના ખેતરમાં કરે. પરિણામ સારું મળે એટલે માત્ર પોતે જોઈને જ રાજી ન થાય, બીજા અનેકને બતાવે. પારદર્શકતા એટલી કે જે કર્યું હોય તે અક્ષરસહ બધાને કહે. કૃષિ ક્ષેત્રે નામના મેળવનાર નાનકડા ઈઝરાયલ દેશની મુલાકાત લીધી. ઘણું શીખ્યા. તેનું પોતાના ફાર્મ પર અમલીકરણ. પોતાના પુત્રને પૂરો ભણાવીને પણ ખેતીના ક્ષેત્રમાં જ લીધો. ફાર્મમાં સંપૂર્ણ ડ્રીપ ઈરીગેશન અને સજીવ ખેતી. મોટાભાગે બાગાયતી ખેતી જ અપનાવે. આત્મા, કેવીકે, વી.આર.ટી.આઈ. દ્વારા યોજાતા વર્કશોપમાં પોતાના અનુભવોને ઉત્સાહથી બતાવે છે.

પોતે શીખ્યા તે બીજાને શીખવવા માટે જાય. નિઃસ્વાર્થ ભાવે શીખવે. તેમની કોઠાસૂઝ અને વૈજ્ઞાનિક અભિગમ દ્વારા પોતાને અનેક ક્ષેત્રમાં સન્માન મળ્યું છે. જેમાં સરદાર પટેલ કૃષિ ઍવોર્ડ-૨૦૧૦, નવસારી કૃષિ યુનિવર્સિટી દ્વારા ખેડૂત ગૌરવ ઍવોર્ડ - ૨૦૧૧, વન એમ.પી.વન આઈડિયા ઍવોર્ડ - ૨૦૧૩ તેમજ બેસ્ટ આત્મા ફાર્મર્સ ઍવોર્ડ ૨૦૧૩-૧૪ નો. આ ઉપરાંત જે ખેડૂતને સજીવ ખેતી માટે માર્ગદર્શન દ્વારા પ્રોત્સાહિત કરનારને તેની સાથે જોડાયેલા અનેક ખેડૂતો તરફથી તેમને 'પારકી છઠ્ઠીના જાગતલ' એવા બહુમાનથી નવાજવામાં આવે છે. આવા કાંતિભાઈને અમે કાંતિભાઈ તરીકે ઓળખીએ છીએ.

હમણાથી આપણા ઉત્સાહી અને હમદર્દ વડાપ્રધાન માન. શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ખેડૂતોની આવક બમણી કરવા માટે શું કરી શકાય તેના માટેના દરેક સ્તરેથી પ્રયત્નો શરૂ કરેલ છે. જેમાં ગુજરાતના પ્રગતિશીલ ખેડૂતોની એક સાફલ્યગાથાની બુક કૃષિ અને સહકાર વિભાગ દ્વારા તૈયાર કરવામાં આવી. આખા ગુજરાતની ૧૦૧ સાફલ્ય ગાથા છે. તેમાં કચ્છના ૮ ખેડૂતોની સાફલ્યગાથાનો સમાવેશ થયો છે.

(૧) **ગોહિલ પ્રેમજીભાઈ વેલજીભાઈ (ગામ : નાના કાદિયા, તા. નખત્રાા)** જેઓએ દિવેલાની આધુનિક ખેતી અપનાવીને પોતાની આવકને બમણી કરી છે. 'સરદાર પટેલ ઍવોર્ડ - ૨૦૦૯ તેમજ બેસ્ટ આત્મા ફાર્મર્સ ઍવોર્ડ - ૨૦૧૩-૨૦૧૪ માં મેળવેલ છે.

(૨) **લીંબાણી વિજયભાઈ શંકરભાઈ (ગામ : દેવપર (યક્ષ), તા. નખત્રાણા- કચ્છ)** જેઓએ ગ્રીન હાઉસમાં ટમેટાની ખેતી કરીને પોતાની ખેતીને સમૃદ્ધ બનાવી છે. સોલાર એનર્જીનો ઉપયોગ કરે છે. ટપક સિંચાઈ - મલ્ચીંગ મુખ્ય આધાર છે. તેઓ ૨૦૧૩ - ૧૪માં બેસ્ટ આત્મા ફાર્મર્સ ઍવોર્ડ મેળવેલ છે.

(૩) **પટેલ ભવાનજી ભાણજી (ગામ : બિદડા, તા. માંડવી-કચ્છ)** ભવાનજીભાઈએ પરંપરાગત ખેતી પદ્ધતિને તિલાંજલી આપીને અનેક જગ્યાએથી પ્રેરણા મેળવીને ૧૦૦% ડ્રીપ ઈરીગેશન દ્વારા દાડમની ખેતી કરી. દાડમના પાકને શુદ્ધ પાણી મળે તે માટે ફિલ્ટર પ્લાન્ટ નાખેલ છે. તેઓને પણ વર્ષ ૨૦૧૩-૧૪ નો બેસ્ટ આત્મા ફાર્મર્સ ઍવોર્ડ મળેલ છે.

(૪) **પટેલ ભાવનાબેન ભરતભાઈ (ગામ : રત્નાપર તા. માંડવી-કચ્છ)** એક મહિલા તરીકે ખેતીની જવાબદારી લઈને પોતાની કોઠાસૂઝથી ખારેકની ખેતી કરી તેમાં આંતર પાક લઈને આર્થિક અને સામાજિક રીતે આગળ આવ્યા છે. ખારેકનું જાતે માર્કેટિંગ કરવા ગાંધીનગર અને અમદાવાદમાં દર વર્ષે સ્ટોલ લગાવીને કરે છે.

(૫) **પોકાર જીતેશકુમાર ગોપાલભાઈ (ગામ : જીયાપર, તા. નખત્રાણા-કચ્છ)** જેઓએ આધુનિક અભિગમ દ્વારા પશુપાલન વ્યવસાય કરીને આર્થિક પાસુ મજબુત કર્યું છે. પશુ વ્યવસ્થાપનનું ઉત્તમ ઉદાહરણ ઊભુ કર્યું છે. રોજનું ૧૫૦ થી ૧૬૦ લીટર દૂધ સરહદ ડેરીમાં ભરે છે. બેસ્ટ આત્મા ફાર્મર્સનો ઍવોર્ડ મેળવેલ છે.

(૬) **પોકાર વાડીલાલ પરબતભાઈ (ગામ : કનકપર, તા. અબડાસા-કચ્છ)** જેઓ ટપક પદ્ધતિ તથા મલ્સીંગ દ્વારા ખેતી કરે છે. પોતે નમૂનારૂપ કામ કરી આખા ગામના ખેડૂતોને તૈયાર કરી ૧૦૦% ડ્રીપ ઈરીગેશન પદ્ધતિથી ખેતી કરતું ગામ આ વાડીલાલભાઈએ બનાવ્યું છે. કપાસ, પપૈયા, તરબુચ, એરંડા, બાજરી, દાડમ, એપલ, બોર, સુરજમુખી જેવા પાકો લે છે. તેઓને વર્ષ ૨૦૦૯માં રાજ્યપાલના હસ્તે "કૃષિ ઋષિ"નો ઍવોર્ડ તથા બેસ્ટ આત્મા ફાર્મર્સ ઍવોર્ડ મળેલ છે. ખેડૂતો માટે સહકારી મંડળી દ્વારા જ બધા ઈનપુટ મળે તેવું નેટવર્ક તેમણે ગોઠવેલ છે.

(૭) **પરબતભાઇ સુજાભાઈ પટારિયા (ગામ : કિડિયાનગર, તા. રાપર - કચ્છ)** જેઓએ વૈજ્ઞાનિક ઢબે સજીવ ખેતી અપનાવી. કમ્પોસ્ટ ખાતર, ગાયના છાણ-મુત્રથી જૈવિક નિયંત્રણ અને વરસાદી પાણીનો સંગ્રહ કરી ખેતીમાં નવા પ્રાણ પૂર્યા છે. વર્ષ ૨૦૧૪-૧૫ના જિલ્લા કક્ષાનો બેસ્ટ આત્મા ફાર્મર્સ ઍવોર્ડ મેળવેલ છે.

(૮) **કરશન દેવજી પટેલ (ગામ : મદનપુરા, તા. માંડવી-કચ્છ)** જેઓ ૧૦૦% ડ્રીપ ઈરીગેશનથી બાગાયતી અને શાકભાજીના પાકોની ખેતી કરી રહ્યા છે. પોતાની ૧૫ એકર જમીનમાં કોન્ટ્રાક્ટ ફાર્મિંગથી ખેતી કરે છે. બેસ્ટ આત્મા ફાર્મર્સ ઍવોર્ડ મેળવેલ છે.

**(૯) અરજણભાઈ ડોસાભાઈ ગઢવી (ગામ : મોટા ભાડિયા, તા. માંડવી-કચ્છ)** જેઓએ દેશી બીજથી ખારેકનું સંવર્ધન ખરી ૪૦૦૦ જેટલા ખારેકના ઝાડ ઉછેરેલ છે, જેમાં ૧૫૦૦ ઝાડ ખૂબ સારી જાતની ખારેક છે. જાતે માર્કેટિંગ કરે છે. ખેતી સાથે પશુપાલન અને ખારેકમાં વચ્ચે ઘાસચારાના પાકો વાવી આ વ્યવસાયને મજબુત બનાવેલ છે.

**(૧૦)વસંતભાઈ ગંગદાસભાઈ હળપાણી (ગામ : બિદડા, તા. માંડવી)** જેઓએ પોતાની ૧૦ એકર જમીનમાં ખારેક અને દાડમની ખેતી અપનાવીને જાતે માર્કેટિંગ વ્યવસ્થા ઊભી કરી છે. બીજા ખેડૂતોનો માલ લઈને તેમને પણ માર્કેટીંગ માટે પ્રેરણા આપે છે.

**(૧૧)રતન સુમાર જસાણી (ગામ : ભુજપુર, તા. મુંદ્રા-કચ્છ)** જેઓએ પોતાની ૨૫ એકર જમીનમાં ટીસ્યુકલ્ચરની ખારેકનું વાવેતર કરેલ છે. ૧૦૦% ડ્રીપ પદ્ધતિ અપનાવી છે. ખેતી સાથે પશુપાલન કરે છે. ખેતી પાકોનું માર્કેટિંગ જાતે કરે છે.

**(૧૨)કિશોરભાઈ રામજી ગોહિલ (દરજી) (ગામ : દહીંસરા, તા. ભુજ - કચ્છ)** જેઓ પોતે કેળા, દાડમ, પપૈયા, શાકભાજીની ખેતી ૧૦૦% ડ્રીપથી કરે છે. કોઠાસૂઝથી કાયો (આર્યન) નો પ્રશ્ન દૂર કર્યો છે. આત્માનો ઍવોર્ડ મેળવેલ છે. દરજીનો દીકરો જીવે ત્યાં સુધી સીવે એ કહેવતને ખોટી પાડી છે. સારી ખેતી પણ કરે છે.

**(૧૩)મગનભાઈ હમીરભાઈ આહિર (ગામ : લિંગાળ, તા. અંજાર - કચ્છ)** જેઓએ સંપૂર્ણ સજીવ ખેતી અપનાવી છે. સજીવ ખેતીના માર્ગદર્શક તરીકેની માન્યતા મળેલ છે. ઘણાં ઘણાં મેગેઝિનોમાં તેમની ખેતી પદ્ધતિ વિશે લખાયેલ છે. ભડલી વાક્યો પ્રમાણે વરસાદની આગાહીની જાણકારી ધરાવે છે. પોતાના અનુભવો ખેડૂતોને જાતે જઈને બતાવે છે.

**(૧૪)હીરજીભાઈ વેલજીભાઈ વેકરિયા (ગામ : કુંદનપુર, તા. ભુજ - કચ્છ)** જેઓ પોતાની વાડીમાં ૧૦૦% ડ્રીપ અપનાવીને મધમાખી ઉછેર કરી રહ્યા છે. શુદ્ધ મધ અને મધમાખી ઉછેરની તાલીમ તેમની પાસેથી મળે અને માર્ગદર્શન આપે. પોતાના ફાર્મમાં વર્મિકમ્પોસ્ટ વાપરે.

**(૧૫)રવુભા કેશુભા જાડેજા (ગામ : ધોકડા, તા. માંડવી-કચ્છ)** જેઓ પોતાના ખેતરમાં બળદથી જ ખેતી કરે છે. ટ્રેક્ટરને ખેતરમાં દાખલ થવા દીધું નથી. ગાય આધારિત ખેતી. આ ગામમાં હજુ ગાયનું દૂધનું વેચાણ કરવામાં આવતું નથી, માત્ર ઘી વેચાય છે.

**(૧૬)બટુકસિંહજી જાડેજા (ગામ : મઉ, તા. માંડવી-કચ્છ)** જેઓએ કચ્છની કેરીને રૂપિયાને બદલે ડોલરમાં વેચવાનું ચાલુ કર્યું. બાગાયતી પાક આંબામાં વૈજ્ઞાનિક અભિગમ સાથે ધાર્મિક અભિગમ (હકારાત્મક) ને જોડેલ. આંબાની સારી કલમો ખેડૂતોને આપવાની બાંહેધરી સાથે પૂરી પાડે છે. કૃષિ ઋષિ ઍવોર્ડ મેળવેલ છે. તેમજ પોતાના દરેક ફાર્મમાં ૧૦૦% ડ્રીપ ઈરીગેશનથી ખેતી કરે છે. સંગ્રહ માટે કોલ્ડ સ્ટોરેજ પણ ઊભું કરેલ છે. આજુબાજુના ખેડૂતોને કેરીના માર્કેટિંગ માટે ઉપયોગી બને છે.

**(૧૭)વેલજીભાઈ ભુડિયા (ગામ : માધાપર, તા. ભુજ-કચ્છ)** ભુજમાં દાખલ થતાં પહેલા રેલવે ક્રોસિંગ પાસે ભુડિયા ઓર્ગેનિક સ્ટોલ-હોટેલ ઉપર બધા જ જ્યુસ તથા વસ્તુઓ કાયમી મળે છે. હોટલના માલિક પરિવાર સાથે હોટલમાં જ જમતાં હોય એવી આ પ્રથમ હોટલ છે. ઓર્ગેનિક ખેતી માટેનું માર્ગદર્શન આપે છે. દૂધનું એ.ટી.એમ. સૌ પ્રથમ તેમણે બનાવ્યું છે. કચ્છના કૃષિ ઋષિ છે. સંસ્થા, રાજકીય ક્ષેત્ર, સમાજ ક્ષેત્રના અનેક સન્માનો મળ્યા છે.

**(૧૮)હરેશભાઈ ઠક્કર/જયંતિભાઈ ઠક્કર (ગામ : કુકમા, રેલડી, તા. ભુજ-કચ્છ)** જેઓએ પોતાના ફાર્મને વિભાગ પ્રમાણે વહેંચણી કરી, ૧૦૦ % ડ્રીપ ઈરીગેશન તથા ગ્રીન હાઉસ તથા પોલીહાઉસ ઊભા કરી આરક્ષિત ખેતીની શરૂઆત કરી. માર્કેટિંગ વ્યવસ્થાનું બહુ મોટું કામ તેમણે કર્યું છે. અનેક સન્માનો મેળવ્યા છે. મોટા ફાર્મહાઉસનું મોડલ તેમણે ઊભું કર્યું છે. તેમના પોતાના કોલ્ડ સ્ટોરેજ છે તેમજ ફળને પકાવવા માટેની ટેકનોલોજીનો ઉપયોગ કરે છે. કોન્ટ્રાક્ટ ફાર્મિંગ પણ કરે છે. જેમાં કેળા, પપૈયા અને શાકભાજી જેવા પાકો આવરી લીધેલ છે. ખેડૂતોને રો-મટીરીયલ, ટેકનિકલ માર્ગદર્શન આપે છે. માલ ખરીદવાની ગેરંટી આપે છે.

**(૧૯)ગાલા રાહુલભાઈ (ગામ : રેલડી, તા. ભુજ-કચ્છ)** જેઓના પિતાશ્રીએ જોર્ડનથી ખારેકના ટીસ્યુકલ્ચર પ્લાન્ટ લાવીને ખેતીની શરૂઆત કરી. તેમના પીલા કાઢવાની અનોખી પદ્ધતિ ડેવલપ કરી, આખા ફાર્મમાં ખારેકની ખેતી કરી. ૧૦૦% ડ્રીપ ઈરીગેશન દ્વારા પિયત આપે છે. ખેડૂતોને પોતાના તથા બહારથી પીલા લાવીને માર્ગદર્શન આપી વાવેતર કરાવે છે. ખારેકનું માર્કેટિંગ આઉટ ઓફ ઇન્ડિયામાં કરી કચ્છી ખારેકના સ્વાદનો ચસકો લગાવ્યો છે. અનેક ઍવોર્ડ મેળવી ખેડૂત સમાજમાં માનીતા છે.

**(૨૦)વિજયભાઈ મગનભાઈ શાહ (ગામ : રાયણ મોટી, તા. માંડવી-કચ્છ)** જેઓએ રાસાયણિક ખેતીથી કંટાળીને સજીવ ખેતી અપનાવી છે. ન્યુટેક ફાર્મ-રાયણ લોકજીભે વસેલું છે. કુવારપાઠું વાડી ઉપર વાવીને તેમનું મૂલ્યવર્ધન કરી અનેક પ્રોડક્ટ બનાવી તેનું માર્કેટિંગ કરે છે. દરિયાઈ તથા મીઠા પાણીની શેવાળને એકત્ર કરાવી તેમાંથી પ્રવાહી ખાતર અને પેલેટનો ઉપયોગ ખેતીમાં કરે છે. પશુપાલનનો વ્યવસાય

કરે છે. ખેતીમાં સફળતા મેળવી હવે વિપશ્યના સાધના કેન્દ્રમાં તેઓ માર્ગદર્શક તરીકેની ભૂમિકા પણ ભજવે છે.

**(૨૧) ગોપાલભાઈ ગોરસીયા (ગામ : ઝુમખા, તા. ભુજ)** જેઓએ ખારેકના પાકનું ટીસ્યુકલ્ચર બરહી વેરાયટીનું વાવેતર કર્યું છે. ૧૦૦% ડ્રીપ અપનાવેલ છે. વરસાદી પાણીના સંગ્રહની કામગીરી પોતાના ફાર્મમાં કરે છે. પાણીમાં કાયો (આર્યન) ની સમસ્યાનો પોતાની કોઠાસૂઝથી હલ કરેલ છે. પોસ્ટ હાર્વેસ્ટીંગની કામગીરી ખૂબ સારી રીતે કરે છે. બાગાયતમાં દાડમની ખેતી અપનાવે છે. ડ્રીપમાં કોમ્પ્યુટર સિસ્ટમથી પાણીનું નિયંત્રણ કરે છે. જે ભારતમાં બીજા ક્રમે આવે છે. જે આપણા સૌ માટે ગૌરવ છે.

આવી તો અનેક પ્રતિભાઓ કચ્છના ખેતરે ખેતરે, ખૂણે ખૂણે, વાડીએ વાડીએ પડેલી છે. પરંતુ એ બધી ખુણામાં બેસીને ઝીણું કાંતનારી છે. જાહેર થવું ગમતું નથી પરંતુ પરિવાર, સમાજ અને રાષ્ટ્ર માટે કંઈક કરી છૂટવાની ભાવનાથી એક અલગ ચીલો ચાતરીને કામ કરે છે. વ્યક્તિગત રીતે ખેતીની સાથે સાથે એક ગ્રુપમાં રહીને ખેતી ઉત્પાદનોનું મૂલ્યવર્ધન કરીને બજારનું વ્યવસ્થાપન કેમ કરવું તેની કામગીરી કરતા પણ અનેક ગ્રુપો છે. જેના વિશે પણ થોડી જાણકારી મેળવી લઈએ.

**(૧) શ્રી મહાલક્ષ્મી મહિલા મંડળ : મમાયમોરા, તા. માંડવી-કચ્છ.** આ ગ્રુપમાં ૧૦ થી ૧૫ બહેનો જોડાયેલ છે.

આ બહેનો સાથે મળીને પોતાના ગામમાં ઉત્પાદન થતી કૃષિ પેદાશો જેવી કે બાજરી, મગ, તલ, મગફળી વગેરે પાકોનું ક્લિનિંગ, ગ્રેડિંગ અને પેકિંગ કરવાની પ્રોસેસ કરે છે. ખેતીવાડી વિભાગ દ્વારા તેઓને એક યુનિટ ફાળવવામાં આવેલ છે. સમય પ્રમાણે આ બહેનોને જિલ્લા પંચાયતમાં સ્ટોલ પણ મળે છે. જેમાં તેઓ આ વેચાણ કરી શકે. ઉપરાંત દરેક કૃષિ મહોત્સવમાં પોતાનો સ્ટોલ રાખી વેચાણ કરે છે. બેસ્ટ ગ્રુપનો ઍવોર્ડ મળેલ છે. આ ગ્રુપનું નેતૃત્વ શ્રીમતી સરોજબેન પરષોત્તમભાઈ સેંધાણી કરી રહ્યા છે.

**(૨) શ્રી આશિર્વાદ મહિલા ગ્રુપ :** નાની વિરાણી, તા. માંડવી-કચ્છ. આ ગ્રુપમાં ૧૧ બહેનો જોડાયેલ છે. ખેતી પેદાશના પાકોમાંથી મૂલ્યવર્ધન કરી તેમાંથી ફરસાણ, મીઠાઈ, બટેટાની વેફર તેમજ જરૂરિયાતના સમયે ફૂડ પેકેટ પણ બનાવે. કચ્છમાં વેકરીયા રણમાં રવિ કૃષિ મહોત્સવમાં ૨૦,૦૦૦ લોકો માટેના ફૂડપેકેટ તૈયાર કરેલ. બેસ્ટ ગ્રુપનો ઍવોર્ડ મેળવેલ છે. દરેક મેળાઓમાં ભાગ લે છે. ફરસાણનો સ્વાદ કાયમી ટકાવી રાખવા તેલનો ઉપયોગ તળવામાં માત્ર એક વાર કરે છે. ત્યારબાદ એ તેલ ગ્રુપની બહેનો પોતે વાપરી નાખે. પરંતુ વારંવાર એ તેલને ગરમ કરી તળતા નથી. શુદ્ધ, સ્વાદિષ્ટ અને જાત મહેનતનું ફરસાણ ખાવું હોય તો આ ગ્રુપ પાસે જવું જ પડે. આ ગ્રુપના સંચાલક શ્રીમતી કમળાબેન જયંતિભાઈ પટેલ છે.

**(૩) આદિત્ય ગ્રુપ :** વિથોણ, તા. નખત્રાણા. આ ગ્રુપની સભ્ય સંખ્યા - ૧૧ છે. જેમાં બધાં ભાઈઓ જોડાયેલ છે. તેઓ ખેત પેદાશોના મૂલ્યવર્ધન કરીને મસાલા બનાવવાનું કામ કરે છે. શાક, છાશ, દાળ, દાબેલી વગેરે. તેમજ ધાણા-જીરું, મરચું, હળદર વગેરે પીસીને પેકિંગ કરી વેચાણ કરે છે. ઘઉં, બાજરી, વગેરેનું ક્લિનિંગ, ગ્રેડિંગ, પેકિંગ કરે છે. ગામના લોકોને ક્લિનિંગ, ગ્રેડિંગ ભાડેથી પણ કરી આપે છે. દિવસ રાત ધમધમતું આ યુનિટ છે. ટુલબેંક દ્વારા નાના સીમાંત ખેડૂતોને ટ્રેક્ટરની સર્વિસ આપે છે.

આ ઉપરાંત નાના-સીમાંત ખેડૂતોને માટે ખેતીમાં વપરાતા નાના ઓજારો ભાડે આપીને ઉપયોગી બને છે. જેમાં કિસાન ગ્રુપ - ભેરૈયા, લોકશક્તિ ગ્રુપ ગાંધીગ્રામ, ફાર્મર ક્લબ- મદનપુરા વગેરે ગ્રુપો ખેડૂતોને ઉપયોગી થાય છે.

આ ગ્રુપોના લીડરો પણ ખેતી ક્ષેત્રને ઉપર લાવવા, મદદરૂપ બનવા પોતાની તમામ શક્તિઓને કામે લગાડે છે. ખેતીને ભવાઈ સાથે સરખાવવામાં આવી છે. તેમાં દરેક પ્રકારની પ્રતિભા ધરાવતા લોકોની જરૂરિયાત રહે છે. હોય તો પણ ચાલે ને ન હોય તો પણ ચાલે એવું નથી. ઉત્તમ ખેતી, મધ્યમ વેપાર, કનિષ્ક નોકરી એ દિવસો આવતા જાય છે. ખેડૂતના દિકરાઓ પણ ખેતી તરફ વળી રહ્યા છે.

આજે આપણે જે પ્રતિભાઓનો નામોલ્લેખ કર્યા એ તો માત્ર ઝલક છે. હજુ પણ અનેક આવા પહેલ કરનારા, ખેતીને જીવંત રાખનારા, રાત-દિવસ મહેનત કરી ખેતીને ટકાવીને વિકાસની વાટે લઈ જનારા અનેક ખેડૂતો છે. ધૂળ અને ઢેંફામાં કચરાનું કમ્પોસ્ટ બનાવી મહેનતનું પાણી પીવડાવી કાંચન પેદા કરનારા ખેડૂતો ધન્યવાદને પાત્ર છે.

એન્જિનિયર કે ડૉક્ટરની તો ક્યારેક જરૂર પડે પણ દિવસમાં ત્રણવાર જેની જરૂર પડે છે એવા ખેડૂતને કેમ ભૂલાય? આથી કહેવાય છે કે જમતા પહેલા ખેડૂતને અને સુતા પહેલા સૈનિકને જરૂર યાદ કરશો. જેના કારણે તમે ભૂખ્યા રહ્યા વિના શાંતિથી સૂઈ શકો છો.

*વી.આર.ટી.આઈ., માંડવી, કચ્છ*

સ્થાપના : ૧૯૮૪
કે.કે.
સ્ટીલ ઈન્ડસ્ટ્રીઝ

હરખચંદ ગડા (મો. ૯૩૨૮૪ ૪૦૦૪૦) ★ નીલેશ ગડા ★ રીતેશ ગડા

લગ્નપદ, ઘરવપરાશ, લ્હાણી તથા હોટલ કેન્ટીન વાડી ફરાસખાના માટેના મોટા વાસણોના હોલસેલ વેપારી

એલ/૧૦૪૦/૭, વિજય ટ્રાન્સપોર્ટ પાસે, જી.આઈ.ડી.સી., અંકલેશ્વર. ફોન : ૦૨૬૪૬-૩૨૯૩૦૩, ૨૨૦૯૪૨

E-mail : kaykay_industries@yahoo.com

પ્રતિભા પર્વ : કચ્છની વર્તમાન પ્રતિભાઓ

# કચ્છની વર્તમાન મહિલા પ્રતિભાઓ

પૂજા કશ્યપ

વ્યક્તિમાં રહેલી પ્રતિભા કુદરતની દેન હોય છે. પણ સાથે એ પ્રતિભાને ખીલવવાનું, કેળવવાનું, નિખારવાનું કામ વ્યક્તિએ જાતે જ કરવું પડતું હોય છે. પોતામાં રહેલી પ્રતિભાને પારખીને પૂરી નિષ્ઠાથી તેને મઠારવાની જહેમત લેનાર વ્યક્તિની પડખે ખુદ કુદરત પણ ઊભી રહે છે. વાત કલા જગતની હો કે શિક્ષણ જગતની કે પછી વહીવટી ક્ષેત્રની, પ્રતિભા ખીલવવાની તક દરેક ક્ષેત્રમાં રહેલી છે.

૨૦૦૧ના ભૂકંપે કચ્છના સમયના જાણે બે ભાગ પાડી દીધા છે. ભૂકંપ પહેલાનું કચ્છ અને ભૂકંપ પછીનું કચ્છ. ભૂકંપ બાદ કચ્છને ફરીથી બેઠું કરવા, દોડતું કરવા જે પ્રયત્નો થયા તેણે કચ્છના લગભગ બધા જ ક્ષેત્રોમાં પરિવર્તન આણ્યું. ઔદ્યોગિકીકરણની સાથે હરણફાળ ભરતું કચ્છ આજે સમગ્ર ભારત દેશમાં પોતાની વિશિષ્ટ ઓળખ સ્થાપતું ગયું છે. આધુનિકતાનો રંગ કચ્છે પણ પૂર્ણપણે ઓઢ્યો છે. પરંપરાગત સંસ્કૃતિ અને ભાતીગળ વિરાસતમાં આધુનિકતા અને ઔદ્યોગિકતાનો સમન્વય થવાથી કચ્છ જિલ્લાના દરેક ક્ષેત્રમાં વિકાસની તકો ખૂલી છે. જેનો શક્ય તેટલો લાભ કચ્છની મહિલાઓએ પણ લીધો છે.

કચ્છની વર્તમાન મહિલા પ્રતિભાઓની વાત જ્યારે કરવાની હોય ત્યારે વિવિધ ક્ષેત્રોની માહિતી તેમાં આવરી લેવી પડે. અહીં પણ વિવિધ ક્ષેત્રોની વાત આવરી લઈ તેમાં કાર્યન્વિત સાંપ્રત મહિલા પ્રતિભાઓની વાત કરી છે. શક્ય તેટલી માહિતી એકત્રિત કરી એક આલેખ રજૂ કરવાનો આ પ્રયાસ માત્ર છે.

**(૧) સાહિત્ય :**

કચ્છના સાહિત્યની વાત કરવી હોય ત્યારે કચ્છી, સિંધી અને ગુજરાતી એમ ત્રણેય ભાષાઓમાં રચાતા સાહિત્યની વાત કરવી પડે.

**૧. કચ્છી સાહિત્ય :** કચ્છી સાહિત્યની વાત કરીએ તો કચ્છી ભાષામાં લખનારી મહિલાઓની સંખ્યા ઘણી અલ્પ છે. છતાં સાંપ્રત સમયમાં કચ્છી ભાષાની ગરિમા જાળવતું સર્જન સ્ત્રીસર્જકોને હાથે થઈ રહ્યું છે. કચ્છી ગદ્યસાહિત્યમાં મુક્તા નાનજી ઠક્કર 'ઉષ્મા', અરુણા અરુણ ઠક્કર, ક્રિશ્ના હિંમત મિસ્ત્રી, નિર્મલા ત્રિપાઠી, અલ્કા જોશી, નીતા જયેશ વ્યાસ, વીણા લીયા, કમલા નરેન્દ્ર ઠક્કર, સુમિત્રા ઉપાધ્યાય જેવાં નામો સમાવી શકાય. કચ્છી પદ્ય સાહિત્યમાં ઍકેડેમીનો પુરસ્કાર જીતનારાં મુક્તા ઠક્કર 'ઉષ્મા'થી લઈ નીતા જોશી, મંજુલા ભટ્ટ 'યાચના' ક્રિશ્ના મિસ્ત્રી, કમલા ચંદે 'કપિલા' વગેરેનો સમાવેશ થાય છે.

કચ્છી ભાષા શીખવવાના કોઈ પદ્ધતિસરના વર્ગોની ઊણપને લીધે કચ્છી ભાષાના સાહિત્યમાં ઓટ વર્તાય તે સ્વાભાવિક છે.

**૨. સિંધી સાહિત્ય :**

સિંધી સાહિત્યમાં મહિલા સર્જકોનું પ્રદાન ઘણું સારું કહી શકાય તેવું છે. ત્રણ પુસ્તકો અને વીસથી પણ વધુ રિસર્ચ પેપરો દ્વારા સિંધી સાહિત્યમાં ખૂબ સારું પ્રદાન કરનારા રીતુ ભાટિયા, હાલ પણ ખૂબ સક્રિય રીતે કાર્યરત છે. ૨૦૧૬માં સાહિત્ય અકાદમી દિલ્હીનો યુવા પુરસ્કાર જીતનારા ભારતી સદારંગાણી અને તેમનાં જ બહેન ડૉ. વિમ્મી સદારંગાણીએ પણ સંખ્યા અને ગુણવત્તા બંનેની દૃષ્ટિએ સારાં પુસ્તકો સાહિત્યને આપ્યાં છે. મંજુ મીરવાણીનાં બે પુસ્તકો પ્રકાશિત થયાં છે. તો કોમલ ડયાલાની, પુષ્પા ભાંભણી, સંગીતા ખીલવાણી, સીમા ભાંભાણી, પુનમ ધનવાણી વગેરે સ્ત્રી સર્જકોનું પણ સિંધી સાહિત્યમાં પ્રદાન રહ્યું છે.

**૩. ગુજરાતી સાહિત્ય :**

કચ્છનાં નારી સર્જકોએ ગુજરાતી સાહિત્યમાં પણ નોંધપાત્ર પ્રદાન કર્યું છે. સાંપ્રત સમયની વાત કરીએ તો કુલ સત્તર પુસ્તકો અને દિલ્હી સાહિત્ય અકાદમીનો રાષ્ટ્રીય પુરસ્કાર ઉપરાંત બીજા પણ અનેક પુરસ્કારો મેળવનારા ડૉ. દર્શના ધોળકિયાનું નામ આ યાદીમાં સૌથી મોખરે છે. સંશોધન, સંપાદન, અનુવાદ જેવા વિષયોને કેન્દ્રમાં રાખી કાર્ય કરતાં દર્શના ધોળકિયાનાં તમામ પુસ્તકોમાં તેમની સૂક્ષ્મ સંશોધનવૃત્તિનાં દર્શન થાય છે. સંશોધનમાં આંગળીના વેઢે ગણી શકાય તેવા સંશોધનકારોમાં પણ દર્શનાબેનનું નામ પ્રથમ હરોળમાં મૂકી શકાય.

આ ઉપરાંત મનીષા જોષી પાસેથી પણ ત્રણ ઉત્તમ કાવ્યસંગ્રહો મળે છે. ગુજરાતી સાહિત્યમાં આજે પણ સતત પ્રદાન કરતાં રહેતાં મનીષા જોષી હાલ વિદેશ સ્થિર થયાં છે.

અઠ્યાવીસ પુસ્તકો દ્વારા જૈનધર્મ અને પ્રૌઢશિક્ષણ વિશે કામ કરનારાં પુષ્પા ક. શાહ, બાળસાહિત્યમાં અગ્રેસર પુષ્પા અંતાણી, ક્રિશ્ના મિસ્ત્રી, રમીલા મહેતા, યશોદા પલણ, માધુરી છેડા, મુક્તા ખત્રી વગેરે પણ ઉલ્લેખનીય નામો છે.

**(૨) સંગીત :**

સંગીતક્ષેત્રને પણ શાસ્ત્રીય, સુગમ અને લોકસંગીત એવા ત્રણ વિભાગોમાં વિભાજિત કરીને જ જાણવું પડે.

**૧. શાસ્ત્રીય સંગીત :** સમગ્ર કચ્છમાં શુદ્ધ શાસ્ત્રીય સંગીત ક્ષેત્રે મહિલાઓમાં માત્ર એક જ નામ છે, કાજલ છાયા. કચ્છનાં એક માત્ર મહિલા ગાયક કે જેમણે સંગીત અલંકારની પદવી મેળવી છે તો ગુજરાત રાજ્યનો 'શ્રેષ્ઠ સાધક' ઍવોર્ડ પણ તેમણે મેળવ્યો છે. જુદી-જુદી સ્પર્ધાઓમાં અવ્વલ રહેવાની સાથે કુલ આઠ સીડીઓમાં પણ તેમના સ્વરનાં કામણ પથરાયાં છે.

**૨. સુગમ સંગીત :** સુગમ સંગીત ક્ષેત્રે કચ્છને વિશ્વભરમાં ખ્યાતિ અપાવનાર નિશા ઉપાધ્યાય ઉપરાંત કચ્છમાં જ સક્રિય રીતે સુગમ સંગીતમાં સ્વર રેલાવતાં પ્રગતિ મહેતાનું નામ મોખરે છે. તદ્‌ઉપરાંત ફોરમ રાણા, ડૉ. જ્યોત્સના ત્રિપાઠી, વાચા માંકડ, અર્ચના ચૌહાણ, રીમા ખત્રી વગેરે પણ આકાશવાણીના સુગમ સંગીતના માન્ય કલાકારો છે.

**૩. લોકસંગીત :** કચ્છી અને ગુજરાતી લોકસંગીતને પોતાના સૂરીલા કંઠ દ્વારા આરાધનારા કચ્છી મહિલા લોકસંગીત ગાયકોમાં હંસાબેન ચોટલિયા, અમીના મીર, દિવાળીબેન આહિર, નીતા યાજ્ઞિક, જ્યોતિમ પંડ્યા, પ્રભા દાણી, હીરબાઈ અલૈયા, રોમતબેન ઈબ્રાહીમ વગેરે સક્રિય રીતે કાર્ય કરી રહ્યા છે.

**(૩) ચિત્રકલા :**

ચિત્રકલાક્ષેત્રે ઍવોર્ડ મેળવનારા કે પ્રદર્શન યોજનારા મહિલા ચિત્રકારોની યાદી ખૂબ નાની છે. પણ એટલું ચોક્કસ કે જેને 'ક્વોલિટી ઓફ વર્ક' કહી શકાય તેવું કામ કરનારા ઘણા મહિલા ચિત્રકારો કચ્છમાં છે. જેમાં ભાવના શાહ, ચારુ સોમપુરા, કવિતા સોની, ભાવના ખત્રી, ડોલી મહેતાના નામો અગ્રેસર છે. તેમજ પ્રાચી ઠક્કર, જાનકી દવે, શેફાલી ચંદે, ભૂષા અંબાણી, શ્રેયા પટેલ, વીનલ ભટ્ટ, હેતસ્વી ગાંધી, હેમાંગી સોની, રાગિણી ગિરિ, શીતલ મહેશ્વરી વગેરે મહિલા ચિત્રકારો સક્રિય રીતે ચિત્રકલા ક્ષેત્રે યોગદાન આપી રહ્યા છે. કચ્છમાં યોજાતાં જુદાં - જુદાં ચિત્રકલા પ્રદર્શનોમાં તેમની કૃતિ મુકાતી રહે છે.

**(૪) નૃત્ય :**

કથ્થક અને ભરતનાટ્યમ્ એમ બે વિભાગોમાં નૃત્યકારોની વાત કરીએ.

**૧. કથક નૃત્ય :** સમગ્ર કચ્છમાં શુદ્ધ કથક નૃત્ય શીખવનારાં માત્ર ત્રણ જ મહિલાઓ છે : કૃપલ સોમપુરા, સ્વાતિ સોમપુરા અને ડૉ. મીના લાલપુરા કે જેઓ 'કલાક્ષેત્ર' ડાન્સ ઍકેડેમી ચલાવી રહ્યાં છે. કથકમાં માસ્ટર ડિગ્રીમાં ત્રણ ગોલ્ડ મેડલ મેળવનારાં કૃ. કૃપલ સોમપુરા કચ્છ અને દેશ-વિદેશમાં કથક નૃત્યના સ્ટેજ પ્રોગ્રામ્સ આપે છે. તેમજ વિવિધ ઍવોર્ડ્સ મેળવીને તેમણે કચ્છને ગૌરવ અપાવ્યું છે.

**૨. ભરત નાટ્યમ્ :** દક્ષિણ ભારતની નૃત્ય પરંપરાનું ભરત નાટ્યમ્ નૃત્ય આજે ખૂબ પ્રચલિત છે અને આ ક્ષેત્રમાં કચ્છની ઘણી મહિલાઓનું નોંધપાત્ર યોગદાન રહ્યું છે. સુમા મોહન અને ઉત્તરા અંજારિયા આ બે નામો કચ્છ ખાતે ભરત નાટ્યમ્‌નાં સૌથી અનુભવી નામો છે. તો વૈશાલી સોલંકી, કિંજલ શાહ, આશ્ના બારમેડા, મીરા દૈયા પણ ભરત નાટ્યમ ક્ષેત્રે સક્રિય છે. વૈશાલી સોલંકીએ રાજ્ય તેમજ રાષ્ટ્રીય સ્તરે ઇનામો મેળવીને કચ્છને નામના અપાવી છે.

**(૫) નાટક :**

પોતાની નાટ્ય અદાકારીથી તખ્તો ગજવનારા કચ્છી મહિલા નાટ્ય કલાકારોની યાદી પણ સંતોષકારક છે. રંગમંચ ક્ષેત્રે કચ્છ અને કચ્છની બહાર પણ જુદી જુદી નાટ્ય સ્પર્ધાઓમાં વિઝ્યુઅલ આર્ટસ - માંડવી અંતર્ગત ઘણી પ્રતિભાઓએ જુદાં-જુદાં પારિતોષિકો મેળવીને કચ્છને પણ ગૌરવ અપાવ્યું છે. જેમાં પૂજા કાનાણી, જીનલ સોલંકી, જીજ્ઞા રામાણી, આશાલતા સાધુનાં નામો સમાવિષ્ટ છે. ઉપરાંત શ્વેતા ગોર, માનસી માણેક, બિનિતા મકવાણા, પૂનમ ગોર, મીરા ભટ્ટ, નીશા પરમાર, વૈશાલી ત્રિવેદી, ભવ્યા ઝાલા, રિયા ઝોલપરા વગેરે પણ તખ્તા ક્ષેત્રે સક્રિય છે.

**(૬) રમતગમત :**

રમતગમત ક્ષેત્રે કચ્છને નેશનલ લેવલ સુધી નામના અપાવવામાં મહિલાઓનો સારો ફાળો રહ્યો છે. કેના ધોળકિયા, અપર્ણા પોપટ અને ભૂમિ પરમારથી શરૂ થતી આ યાદી જીનલ ખેતાણી (હેન્ડબોલ નેશનલ લેવલ), મહિલા પટેલ (હેન્ડબોલ - ગુજરાત ટીમ), ડિમ્પલ ચંદનાની (ટેબલ ટેનિસ), કૃપા નંદા (સ્વિમિંગ), વર્ષાબા જાડેજા (વોલીબોલ) સુધી વિસ્તરે છે. લેવા પટેલ સમાજની શાળા તેમજ કૉલેજ કક્ષાએ અભ્યાસ કરતી ઘણી દીકરીઓએ વિવિધ રમતોમાં રાષ્ટ્રકક્ષા સુધી કચ્છનું નામ અજવાળ્યું છે. તો માતૃછાયા કન્યા વિદ્યાલયની દીકરીઓ રસીલા મેપાણી, શ્યાલિયા ભક્તિ, ગોસ્વામી દેવાંશી, ધંધુકિયા હિમાંશી, ઠક્કર શ્રદ્ધા આ નામો હેન્ડબોલ ક્ષેત્રે રાજ્ય તેમજ રાષ્ટ્રકક્ષા સુધી અવ્વલ રહી ચૂક્યાં છે. જુડોમાં નિર્મલા મહેશ્વરીથી લઈ રુચિ જોષી, અવની નાકરાણી વગેરે નામો અગ્રેસર છે.

**(૭) ફોટોગ્રાફી :**

છેલ્લાં ત્રેવીસ વર્ષથી એકમાત્ર પ્રોફેશનલ મહિલા ફોટોગ્રાફર તરીકે કચ્છમાં નામના ધરાવતાં હીના પોમલ આજે પણ પૂરજોશમાં કાર્યરત છે. પિતા રામભાઈ પોમલ પાસેથી ફોટોગ્રાફીનો શોખ વારસામાં મેળવનારા હીના પોમલ દરેક પ્રકારની ફોટોગ્રાફીમાં માહેર છે. કચ્છના એકમાત્ર મહિલા ફોટોગ્રાફરની રૂએ તેમણે વિવિધ સંસ્થાઓ તરફથી ઍવોર્ડ્સ અને સન્માનો મેળવ્યા છે.

ફોટોગ્રાફીની દુનિયામાં પાપા...પગલી માંડનારાં મૂળ બારોઈ મુંદ્રાના અને હાલ ધુણઈ ફોરેસ્ટ વિભાગમાં કામ કરતાં

ઉર્મિ જાનીનું ભવિષ્ય પણ આ ક્ષેત્રે ઊજળું છે. પક્ષીઓ અને વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફીનો શોખ ધરાવતાં ઉર્મિ જાનીએ વિવિધ પ્રદર્શનોમાં પોતાના ફોટોગ્રાફ્સ મૂક્યા છે.

### ૮. શિક્ષણક્ષેત્ર અને ઉત્તમ શિક્ષિકાઓ :

શિક્ષણ એ સફળતાનો પાયો છે. કચ્છના શિક્ષણ જગત સાથે સંકળાઈને કાર્ય કરનારા ઉત્તમ શિક્ષકોની યાદી ઘણી જ સંતોષકારક છે તો સાથોસાથ નિવૃત્તિ પછી પણ શિક્ષણનો સેવાયજ્ઞ અવિરત ચાલુ રાખનારાં મહિલા શિક્ષણવિદો પણ કચ્છનું ગૌરવ છે.

ઉત્તમ શિક્ષિકા તરીકેનું રાષ્ટ્રીય સન્માન મેળવનારા મહિલાઓમાં નલિનીબેન શાહ, વસંતબેન સાયલ, મંજૂલાબેન આચાર્ય, મંજૂલાબેન ઉપાધ્યાય, રમીલાબેન મહેતા, પ્રેરણાબેન મહેતા, પ્રભાબેન વસા, દક્ષાબેન ઓઝા વગેરેનો સમાવેશ થાય છે.

તો રાજયકક્ષાના ઍવોર્ડ વિજેતાઓ તેમજ હાલ ઉત્તમ કામગીરી બજાવી રહેલા મહિલા શિક્ષણવિદોમાં જાગૃતિ વકીલ, ભારતી ગોર, શોભના વ્યાસ વગેરે નામો ટોચ પર છે. જાગૃતિ વકીલ અને ભારતી ગોર જેવા જાગૃત શિક્ષિકાઓ તો ભણાવવાની સાથે શિક્ષણ જગતના મૂલ્ય સંવર્ધન માટે પણ સક્રિય રીતે કાર્યરત છે.

આ ઉપરાંત ડૉ. પલ્લવી શાહ, ડૉ. હીના ગંગર, ચંદ્રિકા જાડેજા, દક્ષા ગોર જેવાં જુદી જુદી શૈક્ષણિક સંસ્થાઓ સાથે જોડાયેલા નારીરત્નો હાલ પ્રશંસનીય કામગીરી કરી રહ્યાં છે.

### ૯. બાળ પ્રતિભાઓ :

કચ્છની મહિલા બાળ પ્રતિભાઓ પણ સફળતાના શિખરો સર કરવામાં પાછળ નથી. માત્ર નવ વર્ષની ઉંમરે પ્રથમ કાવ્યસંગ્રહ અને ચૌદ વર્ષની વયે દ્વિતીય કાવ્યસંગ્રહ પ્રકાશિત કરનારી નિષ્ઠા કેશવાણી કચ્છનું ગૌરવ છે. સ્કેટિંગ, સ્વિમિંગ, કરાટે, કથક, એકપાત્રીય અભિનય જેવા વિવિધ ક્ષેત્રોમાં નેશનલ તેમજ ઈન્ટરનેશનલ સન્માનો મેળવનારી પાર્મી પરાગ ઠક્કરે દેશ-દુનિયામાં કચ્છનું નામ અજવાળ્યું છે.

રીયા કૌશિક શાહ, કોમલબા જાડેજા, દેવલ ગઢવી વગેરે દીકરીઓએ જુદા-જુદા ક્ષેત્રોમાં નામના મેળવી છે. કચ્છની આ લાડલીઓએ પોતાની પ્રતિભા થકી કચ્છને દેશ-દુનિયામાં જાણીતું કર્યું છે.

### ૧૦. ધાર્મિક આધ્યાત્મિક ક્ષેત્રે :

કચ્છ ભુજમાં સેવાની ધૂણી ધખાવી બેઠેલા અને દેવીભાગવતના ઉત્તમ કથાકાર એવા શ્રી અદ્વૈતગિરિજી, સમાજ સુધારણાનું ઉતમ કામ કરી રહ્યા છે.

ચંદુબા (ગઢશીશા), ગંગામા (કોડાય), દેવલમા (ઝરપર) અને વાલબાઈમાં (ઝરપરા) જેવા સંન્યાસિનીઓએ પણ પૂરી જાગૃતતાથી સમાજ પરિવર્તનનો શંખ ફૂંક્યો છે. 'સેવા પરમો ધર્મ' ની ઉક્તિને સાર્થક કરનારા આ બધા જ સેવાના ભેખધારીઓ ખરેખર વંદન યોગ્ય છે!

### ૧૧. પાઇલોટ :

કચ્છનાં મહિલા પાયલોટની યાદીમાં પ્રથમ નામ આવે ચંદાબેન બુદ્ધભટ્ટીનું.

કચ્છના નાનકડા ગામ કાળી તલાવડીથી યાત્રા શરૂ કરી ભારતીય તટરક્ષક દળની પ્રથમ કચ્છી મહિલા પાઇલોટ તરીકેનું સન્માન મેળવનાર પૂજા આહિરનું નામ સમગ્ર કચ્છમાં ગૌરવથી લેવાય છે. સતત પરિશ્રમનું ધાર્યું ફળ મેળનાર પૂજા પછી હાલમાં દિલ્લી મધ્યે પાઇલોટ સ્ટડીના અંતિમ તબક્કામાં અભ્યાસ કરતી કચ્છ મુંદ્રાની દીકરી વિધિ ઠક્કર પણ ટૂંક સમયમાં જ પાઇલોટની પદવી મેળવશે.

ભુજની જ દીકરી અફશા શેખ હાલ ઈન્ટરનેશનલ ફ્લાઈટ્સમાં ઍર હોસ્ટેસ તરીકે કાર્યરત છે.

### ૧૨. હસ્તકલા :

હસ્તકલા એ કચ્છની આગવી ઓળખ છે. બાંધણી, ભરતકામથી માંડી મડવર્કને ખરકીકલા સુધી કચ્છની કલા વિસ્તરેલી છે. તેથી આ ક્ષેત્રે અગ્રેસર હોય તેવી મહિલાઓની યાદી પણ ઘણી લાંબી છે.

પાબીબેન ડોટ કોમની સોશિયલ સાઈટ અને અવનવા 'પાબીબેગ્સ' થી ભારતમાંજ નહીં સમગ્ર વિશ્વમાં પ્રખ્યાત બનેલા કચ્છના અંજાર તાલુકાના પાબીબેન રબારીએ ફેશનની દુનિયામાં દેશી રંગો પૂર્યા છે. પાબીબેનની બેગોએ હોલીવુડ અને બોલીવુડમાં પણ ધૂમ મચાવી છે. સાથે કચ્છના કારીગરોને રોજગારી મળે અને તેમના કામને પૂરેપુરું મહેનતાણું મળે એ માટે પણ પાબીબેન સક્રિય રીતે દોડી રહ્યા છે.

ખમીર, શ્રૃજન અને કલારક્ષા જેવી હસ્તકલાના સંવર્ધન-સંરક્ષણ માટે કાર્ય કરતી સંસ્થાઓનો ઉલ્લેખ કરવો પણ અહીં અનિવાર્ય છે.

તો આ વિવિધ સંસ્થાઓના પાયારૂપ બહેનોમાં પરમાબેન આહિર (ધાણેટી), લાલકોરબા જાડેજા (કસબ), મધુબેન રબારી, નામાબેન બીજલ, વરડીબેન જત, મોંઘીબેન શામળિયા વગેરે બહેનો પણ હસ્તકળા ક્ષેત્રે જીવ રેડી રહી છે. આ બધી જ મહિલાઓ જે-તે કોમ કે સમુદાયની અગ્રણીઓ છે અને પોતાના સમાજમાં, અંતરિયાળ ગામડાંઓ સુધી રોજગારીની તકો પહોંચે એ માટે સખત અને સતત પ્રયત્નશીલ છે.

કચ્છની જુદી જુદી હસ્તકલાઓના માધ્યમ દ્વારા રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સન્માનો મેળવનારી મહિલાઓની યાદી પણ વિશાળ છે.

### ૧૩. ફિલ્મ ટીવી ક્ષેત્રે :

ફિલ્મ અને ટેલિવિઝન ક્ષેત્રે અદાકારીના ક્ષેત્રમાં પણ કચ્છી પ્રતિભાઓ ઝળકી છે. જેમાં અવિકા ગોર (બાલિકા વધૂ), તેરલ રસપુત્રા (બાલિકા વધુ), કાજલ નિષાદ (લાપતાગંજ), દિશા

સાવલા, જાહ્નવી છેડા (સી.આઈ.ડી.), ડિમ્પલ હાથી, શીતલ અંતાલી (તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા), કોમલ ઠક્કર (ગુજરાતી ફિલ્મો) વગેરે નામો પ્રચલિત છે.

તો ઝી ઈન્સ્ટિટ્યૂટમાંથી ફિલ્મ મેકિંગનો કોર્સ પૂર્ણ કરી હાલ ટૂંકી ફિલ્મો (શોર્ટ ફિલ્મ્સ) બનાવનારી મુંદ્રા કચ્છની ગોપી કાપડિયા પણ નોંધનીય રીતે કાર્યરત છે. ગોપીએ બનાવેલી શોર્ટ ફિલ્મ ડી.ડી.ગિરનાર પર પ્રકાશિત થઈ ચૂકી છે. તો હાલ તે મુંદ્રાની વિરાસત પર આધારિત નાની-નાની ડોક્યુમેન્ટરી ફિલ્મો બનાવવામાં વ્યસ્ત છે.

**૧૪. પત્રકારત્વ :**

કચ્છમાં પત્રકારત્વ ક્ષેત્રે મહિલા પત્રકારોની સંખ્યા પ્રમાણમાં ઘણી ઓછી છે. છતાં હાલ તેઓ પૂરી નિષ્ઠાથી ખબરપત્રી તરીકેની ફરજ બજાવી રહ્યા છે. જેમાં સોનલ પણિયા (કચ્છમિત્ર) હાલ સૌથી વધુ સક્રિય છે. નારાયણ સરોવર, કોટેશ્વરના અતિ સંવેદનશીલ વિસ્તારમાં તેઓ પત્રકાર તરીકે કાર્યરત છે.

કચ્છનાં મહિલા પત્રકારોમાં મૃદુલતાબેન ભાટિયા (કચ્છસત્તા-સપ્તાહિક), ડૉ. લક્ષ્મી ખોના, સવિતાબેન શાહ (જાગૃત કચ્છ), જિજ્ઞા વરસાણી, લીના ભાટિયા વગેરે નામો પણ નોંધપાત્ર પ્રદાનની યાદીમાં સમાવી શકાય તેવા છે.

**૧૫. પર્યાવરણ :**

છેલ્લાં પચ્ચીસ વર્ષથી 'સહજીવન' સંસ્થા સાથે જોડાઈને પર્યાવરણ જાગૃતિ માટે કામ કરનારાં કૃપા ધોળકિયાનું નામ આ યાદીમાં સૌથી મોખરે આવે. તો ભૂગર્ભ જળ પર વિસ્તૃત અભ્યાસ કરી પી.એચડી. કરનાર ડૉ. સેઝિના ખોજ્જાનું સંશોધન પણ મહત્ત્વનું ગણાય. શહેરી વિસ્તારના પાણીના પ્રશ્નો અને તેના નિરાકરણ માટે મનીષાબા જાડેજા પણ ઉલ્લેખનીય કામગીરી કરી રહ્યા છે. કચ્છના રૂરલ એરિયામાં પણ ઘણા બહેનો પર્યાવરણ જાગૃતિ માટે સક્રિય રીતે કાર્યરત છે. જેમાં હકીમાબેન ચેલાનું નામ ખાસ ઉલ્લેખનીય છે. તેઓ જાતે તો પર્યાવરણ સંરક્ષણ અંગે કામ કરી જ રહ્યા છે પણ સાથોસાથ ઘણી બહેનોને પણ આ મુદ્દે જાગૃતતાથી કાર્ય કરવા માટે તેમણે તૈયાર કરી છે. જેથી કચ્છના અંતરિયાળ ગામડાઓમાં વસતી મહિલાઓને જે ઘાસચારા તેમજ પીવાના પાણીની સમસ્યાઓ વર્તાય છે તેનો ઉકેલ જે-તે વિસ્તારની બહેનો જાતે લાવી શકે.

**૧૬. વહીવટ તેમજ ઉદ્યોગ સાહસિક ક્ષેત્રે :**

કચ્છના પ્રથમ મહિલા કે જેઓ ઈન્ડિયન પોસ્ટલ સર્વિસ (I.P.S.) થયા તેવા વિજયાબેન શેઠે પોસ્ટલ વિભાગ ક્ષેત્રે ઘણી મહત્ત્વની કામગીરી કરી છે. 'ઈસરો'નાં વડાં રહી ચૂકેલાં વિજયાબેન હાલે 'સારસ્વતમ્' નામક શૈક્ષણિક સંસ્થાના પ્રમુખપદે રહીને નોંધનીય કામગીરી કરી રહ્યા છે. વહીવટી ક્ષેત્રમાં કચ્છનું નામ ઝળકાવનારાઓમાં દર્શના મોમાયા અને ભૂમિકા પટેલનું નામ પણ સમાવિષ્ટ છે.

કચ્છનાં મહિલા ઉદ્યોગ સાહસિકોમાં ગાંધીધામનાં તુલસી સુઝાન મોખરે ઘણી શકાય. હેલ્થ અને ફિટનેસના આગ્રહી એવા શ્રી સુઝાને ગાંધીધામમાં જ વિશાળ જીમની સ્થાપના કરી અને તેમાં જોડાયેલા ફિટનેસ પ્રેમીઓને રાષ્ટ્રકક્ષા સુધીની હરીફાઈઓમાં લઈ જવા સુધી તેઓ પ્રયત્નશીલ રહ્યા છે. હાલ રાષ્ટ્રીય બોડી બિલ્ડિંગ ફેડરેશનમાં તેઓ સભ્યપદ ધરાવે છે. અમદાવાદમાં છેલ્લા ઓગણીસ વર્ષથી હોટલનો વ્યવસાય સંભાળનારા ઉષા બીરમી, આર્કિટેક્ટ તરીકે સક્રિય રીતે કાર્યરત ભૈરવી જૈન વગેરે નામો પણ આ શ્રેણીમાં ઉલ્લેખનીય છે. આમ તો અથાણા-પાપડથી માંડી બંધાણું બાંધી આર્થિક સધ્ધરતા મેળવનારી દરેક મહિલાને ઉદ્યોગ સાહસિક જ ગણવી જોઈએ!

**૧૭. આરોગ્ય :**

શારીરિક દષ્ટિએ કેટલીક કુદરતી ખામી સાથે જન્મેલા બાળકોને સામાન્ય જીવન જીવતા થાય એ માટે તન-મન-ધનથી જીવન રેડી દેનાર સ્વ. શાંતુબેન પટેલના નામથી જ આ યાદીની શરૂઆત કરવી ઘટે! તો હાલ 'માનસી' (બિદડા) સંસ્થામાં માનસિક વિકલાંગ બાળકો માટે પ્રશંસનીય કામગીરી કરનારા ગીતાબેન ગાલાનું નામ પણ ગૌરવભેર લેવું પડે. આજ ક્ષેત્રમાં માધવીબેન દવે પણ સક્રિય છે. ગ્રામ્ય આરોગ્ય ક્ષેત્રે નોંધનીય કામ કરનાર મોંઘીબેન મ્યાત્રા આજે જૈફ વયે પણ સક્રિય છે. આયુર્વેદ સાથે સંકળાયેલા ડૉ. દક્ષા ગાંધી (હાલ જામનગર) અને ડૉ. નિષ્ઠા ઠક્કર આ નામો પણ મહત્ત્વના છે. રાષ્ટ્રીય ઍવોર્ડ મેળવનારા મિડવાઈફ એવા જયશ્રીબેન ચાવડા જેવી ઘણી મહિલાઓ નર્સિંગ ક્ષેત્રે કચ્છમાં કાર્યશીલ છે. તો ભુજ સ્થિત જનરલ હોસ્પિટલના સિવિલ સર્જન પદ પર પણ ડૉ. જિજ્ઞા દવેનું નામ છે. કચ્છના અંતરિયાળ ગામડાંઓમાં બહેનોને ઘરે નહીં બલ્કે દવાખાને પ્રસૂતિ કરવી જોઈએ તેવું સમજાવનાર દાયણો અને પરિચારિકાઓનો સમાવેશ પણ અહીં કરવો પડે.

**૧૮. ગ્રામ્યક્ષેત્રે :**

ગ્રામ્યક્ષેત્રે મહિલા સશક્તિકરણનો પાયો નાખનાર અને 'સવાયી કચ્છી' તરીકે જેમને આજે આખું કચ્છ ગૌરવવંતી નજરથી જુએ છે એવા સુષ્માબેન આયંગરે એક ભેખધારીની જેમ ગ્રામ્યક્ષેત્રની મહિલાઓના ઉત્થાન માટે કાર્ય કર્યું છે અને આજે પણ એ કામગીરીમાં કોઈજ ઓટ આવી નથી. કચ્છ મહિલા વિકાસ સંગઠનની શરૂઆત સુષ્માબેનથી થયા બાદ તેમાં જોડાયા લતા સચદે, અલ્કા જાની, પ્રીતિ સોની જેવા બહેનો કે જેઓ આજે પણ કે.એમ.વી.એસ. સાથે જોડાઈને ગ્રામ્યક્ષેત્રના તમામ મોરચે કામગીરી કરી રહ્યા છે. આમ તો કચ્છ મહિલા વિકાસ સંગઠનની આખી ટીમનું ગ્રામ્યક્ષેત્રે ઘણું મોટું પ્રદાન રહ્યું છે.

**૧૯. રાજકીય :**

રાજકીય ક્ષેત્રમાં પણ કચ્છમાં બહેનો અગ્રેસર છે. કચ્છ

તાલુકાના ધારાસભ્યોમાં હાલ મહિલા ધારાસભ્ય તરીકે એકમાત્ર ડૉ. નીમાબેન આચાર્ય પદ પર છે. તો કચ્છનાં માજી સાંસદ તરીકે પણ પૂનમબેન જાટ રહી ચૂક્યાં છે. જિલ્લા પંચાયતની વીસ બેઠકો પર હાલ મહિલાઓ છે અને જિલ્લા પંચાયતના પ્રમુખપદે પણ કૌશલ્યાબેન માધાપરિયા ઉત્કૃષ્ટ કામગીરી કરી રહ્યા છે. આ ઉપરાંત તાલુકા પંચાયત ક્ષેત્રે ચોંસઠ તેમજ નગરપાલિકા ક્ષેત્રે બ્યાંસી જેટલી મહિલાઓની સંખ્યા સંતોષપ્રદ છે. આમ, રાજકીય ક્ષેત્રે કચ્છની બહેનો ઘણી અગ્રેસર છે એમ કહેવું પડે.

### ૨૦. લોકસાહિત્ય :

પોતાનાં ઘરેણાં વેચીને અભ્યાસ પૂરો કરનારા અને 'કચ્છી લોકગીતો' પર પીએચ.ડી. કરનારા ઝોહરાબેન ઢોલિયાએ કચ્છી લોકસાહિત્ય માટે મહત્ત્વનું કાર્ય કર્યું છે. તો જાગૃતિબા અને રસિકબા જાડેજાએ કવિ શ્રી ઇસરદાસ રચિત 'હરિરસ' પર વિવરણાત્મક પુસ્તક પ્રકાશિત કર્યું છે.

### ૨૧. રાંધણકળા :

નવાં-નવાં સંશોધનો અને બહુધા ટેકનોલોજીના ઉપયોગને લીધે રાંધણકળાના નિષ્ણાત વ્યક્તિઓ પણ આજે ખૂબ આગળ પ્રગતિ કરી શક્યા છે. કચ્છની નારીઓની જ વાત કરીએ તો ભુજના અને હાલ ઉત્તર ભારત સ્થિર થયેલા ભદ્રબાળાબેન વ્યાસે 'દિવ્ય ભાસ્કર' છાપાના માધ્યમ દ્વારા પોતાની કેટલીયે વાનગીઓ વાચકો સમક્ષ મૂકેલી જે બદલ તેમનું વિવિધ સંસ્થાઓએ સન્માન પણ કરેલું. ભુજનાં જ દીપા જહા બેકરી આઈટમોનાં માસ્ટર છે અને હાલ અમદાવાદમાં બેકરી આઈટમોના વર્ગો પણ ચલાવી રહ્યાં છે. રાંધણકળાને લગતા વર્કશોપ પણ તેઓ યોજે છે. ન માત્ર કચ્છ પણ સમગ્ર ગુજરાતમાં હાલ સુપ્રસિદ્ધ 'રસોઈ શો' માં કૂકિંગ એક્સપર્ટ તરીકે અવનવી વાનગીઓ બતાવતા સુરભિ વસા પણ ભુજ-કચ્છનાં છે. 'રસોઈની મહારાણી' બન્યા બાદ છેલ્લાં પાંચ વર્ષથી તેઓ ટી.વી. પડદે ઝળકી રહ્યા છે.

### ● ઉપસંહાર :

વ્યક્તિમાં રહેલી પ્રતિભા શોધવાનું કે તેનું માપન કરવાનું કોઈ સાધન હજી સુધી શોધાયું નથી. તેથી અહીં જે નોંધી છે એટલી જ નારીશક્તિઓમાં પ્રતિભા રહેલી છે એવું નથી. આ તો તેની ઝલક માત્ર છે. બાકી કચ્છની દીકરીઓ અત્યારે ગુજરાત, ભારત અને આંતરરાષ્ટ્રીય લેવલ સુધી જુદા-જુદા ક્ષેત્રોમાં શ્રેષ્ઠ કામગીરી કરી રહી છે. જેનો સંપૂર્ણ આલેખ બતાવવો અહીં શક્ય નથી તેથી મહત્ત્વના નામોલ્લેખ અહીં આપવાનો આ યત્ન છે. આપનાં સૂચનો, પ્રતિભાવો વધુ આગળ વધવા પ્રોત્સાહક બનશે તેવી કામના સાથે અહીં અટકું છું!

*અલંકાર જ્વેલર્સ,*
*૩૩-એ/બી, રિલાયન્સ મૉલની બાજુમાં,*
*ભાનુશાલી નગર, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*

પ્રતિભા પર્વ : કચ્છની વર્તમાન પ્રતિભાઓ

# શિક્ષણધર્મી કવિ, સર્જક રવિ પેથાણી 'તિમિર'

ડૉ. કાંતિ ગોર 'કારણ'

પોતાની અતિ પરિચિત વ્યક્તિ વિશે લખવાનું મન થાય ત્યારે મનમાં અનેક પ્રકારની અવઢવ થાય છે. મનમાં વિચારોનો ધોધ વહેતો હોય છે. પૂરપાટ જતી ગાડીમાં બેસીને રસ્તાની બાજુએ આવેલી પ્રકૃતિને જોતા હોઈએ ત્યારે આંખ સામેથી દશ્યો એટલી બધી ઝડપે નીકળી જતા હોય છે કે શું યાદ રાખવું અને શું ન રાખવું એ લગભગ અશક્ય બની જાય છે.

કઈ ઘટનાને, પ્રસંગને યાદ કરું?

રાજગોર બાળાશ્રમમાં સાથે ખીચડી ખાતી વખતે પણ વાંચેલી ચોપડીની ચર્ચા કરતા ભાઈ રવિને યાદ કરું? બાળાશ્રમના પંકજ અને શિરીષના હસ્તલિખિત અંકોની માવજત કરતા રવિભાઈને યાદ કરું? મારા નાટકોના બાલગોઠિયા કલાકાર મિત્ર, જે નિખાલસતાથી મારા નાટકોમાં મારા અવનવા ખ્યાલોને પૂરો સાથ આપીને નાટકની જરૂરિયાતોને અનુસરતા અને છેલ્લે સ્ટેજ પર એમનામાંનો કવિ જાગી ઊઠતાં સ્ટેજ પર મન ફાવે તેમ અભિનય કરતા અભિનેતા અને કવિની મિશ્ર અભિવ્યક્તિને યાદ કરું? કોઈ પુસ્તકનું કાળજીપૂર્વક પ્રુફ વાંચન અને સુધારણા કરીને કોઈ પણ સર્જકને મદદ કરીને અંદર બેઠેલ શિક્ષકને જાગૃત રાખતા શિક્ષક રવિભાઈને યાદ કરું? સાઇકલથી કે પગપાળા મસ્કાથી ફરાદી એમને સાથે કરેલી પદયાત્રાઓને યાદ કરું? સુથરીના દરિયા કિનારે બલવંતભાઈ મહેતાના સ્મારકની વિગતો અને હાલતની ચર્ચા કરતા મિત્રને યાદ કરું? મસ્કાથી માંડવીની ધી. તે હાઈસ્કૂલની અમારી રોજની પદયાત્રા વખતે થતી ગોષ્ઠિને યાદ કરું? કોઈને લગ્નપ્રસંગ માટે કંકોતરીનું લેખન કરતા, કે કોઈના સન્માનને માટે સન્માનપત્ર તૈયાર કરી આપતા કે કોઈ સામાજિક કાર્યક્રમની આમંત્રણ પત્રિકા તૈયાર કરી આપતા, સૌને ઉપયોગી થતાં સામાજિક કાર્યકર રવિ પેથાણીને યાદ કરું? કાવ્ય સંમેલનોમાં પોતાની લાક્ષણિક અદાથી કચ્છી કાવ્યોને પ્રસ્તુત કરીને સૌની દાદ મેળવી જતા કવિમિત્રને યાદ કરું? રાજગોર બાળાશ્રમ અને બાલિકાશ્રમના વિદ્યાર્થી - વિદ્યાર્થિનિઓને સતત માર્ગદર્શન આપતાં અને એ સંસ્થાઓના વિકાસને માટે હંમેશાં તત્પર રહેતા, મૂળ ગામ ફરાદી હોવા છતાં મસ્કાના બની ગયેલા સામાજિક કાર્યકર રવિભાઈને યાદ કરું?

ફરાદી જેવું એક એવું ગામ કે જેના મોવડીઓ એવું માનતા કે ગામમાં બસ આવશે કે ઇલેક્ટ્રિસિટી આવશે તો ગામમાં અનેક દૂષણો આવી જશે, તેથી વર્ષો સુધી ગામ બસ જેવી સગવડો અને લાઇટના પ્રકાશને દૂરથી દૂર રહેવું, એવા ગામમાં જન્મથી દસેક વર્ષના સમય સુધી અવનવા અનુભવો મેળવીને મસ્કાના રાજગોર બાળાશ્રમમાં રહીને લગભગ બારેક વર્ષ અભ્યાસ કરનાર, હાઈસ્કૂલના શ્રેષ્ઠ વિદ્યાર્થીનું સન્માન મેળવનાર રવિભાઈની રાજ્યના શ્રેષ્ઠ શિક્ષકના ઍવોર્ડથી સન્માનિત થવા સુધીની સફર અને સિદ્ધિઓથી ભરપૂર છે.

એમણે લગભગ ૧૬ વર્ષ સુધી કચ્છના છેવાડાના ગામ સુથરીની માધ્યમિક શાળામાં ૧૮ વર્ષ શિક્ષક અને આચાર્ય તરીકે અને માનકૂવા ગામની માધ્યમિક શાળામાં ૧૩ વર્ષ આચાર્ય તરીકે શિક્ષણકાર્ય કરીને વિદ્યાર્થીઓ અને ગ્રામજનોના હૃદયમાં અવિસ્મરણિય સ્થાન મેળવ્યું છે.

સાહિત્યક્ષેત્રે કચ્છી ભાષાનાં એમના કાવ્ય સર્જન માટે કચ્છી સાહિત્ય અકાદમીનો ગૌરવ પુરસ્કાર મેળવીને પોતાની સાહિત્યિક પ્રતિભાના શ્રેષ્ઠત્વનો સ્વીકાર કોઈને પણ કરવો પડે એવી સ્થિતિ નિર્માણ કરનાર આ કવિએ કચ્છી ભાષામાં 'અપાકે', 'વતર', 'નિણાઇ' અને 'ઓજાંગડ વાટ' નામે ચાર ચાર કાવ્યસંગ્રહો આપીને માતૃભાષાને ગૌરવ બક્ષ્યું છે. એમના આ ચારેય કાવ્યસંગ્રહો કચ્છી સાહિત્ય અકાદમીના પુરસ્કારથી પોંખાયા છે. એમને સંસ્મૃતિ સંસ્થા, માંડવીનો ડૉ. મનુભાઈ પાંધી પુરસ્કાર, શ્રીમતી તારામતી વિશનજી ગાલા સાહિત્યકલા પુરસ્કાર કાવ્ય સંગ્રહ વતરને શ્રેષ્ઠ સર્જન (૨૦૦૬) અને લાઇફ ટાઇમ ઍચિવમેન્ટ ઍવોર્ડ (૨૦૧૨), કચ્છી સાહિત્યસભા ભુજનો સાહિત્યરત્ન ઍવોર્ડ (૨૦૧૬) વગેરે અનેક સન્માન અને ઍવોર્ડ મળ્યા છે.

એમનું ગુજરાતીમાં લખાયેલું 'સાત ઢગલી ધૂળમાં' એમના જીવનના અનેક અનુભવોની સ્મરણકથા છે. પણ એમાં એમણે પોતાની જાતને પ્રસ્થાપિત કરવાને બદલે જે તે સમયના વાતાવરણને નિરૂપ્યું છે જેથી એનું દસ્તાવેજી મૂલ્ય અનેકગણું વધી જાય છે.

માણસ તરીકે સેવાભાવનાને સમર્પિત આ કવિમિત્રના કાવ્યોની સંગીતમય રજૂઆત કરતી ડીવીડીના લોકાર્પણનો એક ભવ્ય કાર્યક્રમ તાજેતરમાં માંડવી મુકામે યોજાઇ ગયો. આમ તો એમના ગીત ગઝલો અનેક કાર્યક્રમોમાં વર્ષોથી ગવાય છે. અને અનેક લોકોને એમની રચનાઓ કંઠસ્થ છે પણ વિસ્તાર ભયે એની વાત ન કરતા આ સર્જક અને પ્રતિભાસંપન્ન કવિ પાસેથી અનેક નવી રચનાઓ મળ્યા કરે અને સમાજ તથા શિક્ષણ જગતને એ વધારે ને વધારે સમૃદ્ધ કરે અને એમનું નિરામય દીર્ઘાયુષ્ય એમને ઉત્તમ સર્જનની અનુકૂળતા આપે એવી મા શારદાને પ્રાર્થના.

*'સુદર્શન', ૯૨, શ્રીજી નગર, એન.આર.આઈ. કોલોની, માધાપર, કચ્છ-૩૭૦ ૦૨૦.*

પ્રતિભા વિશેષ

# શ્રી કનકસિંહ ગોકુલદાસભા અને ખીમજી રામદાસ

નારાયણ શનિશ્ચરા

કલ્પના કરો, આજથી ૫૦ વર્ષ પહેલા માંડવીના અર્થકારણમાં ઉદ્યોગો નહીં, રેલવે નહીં, આઝાદી બાદ ધંધા ભુજમાં ચાલ્યા ગયેલ અને માંડવી આર્થિક દૃષ્ટિએ ઝઝૂમતું હતું.

ત્યારે ઠાકરશી પરિવારના આપણા માંડવીના ખીમજી રામદાસે ૧૪૦ વર્ષ પહેલાં ઓમાન-મસ્કતમાં પેઢીની સ્થાપના કરી અને માંડવીમાં જાણે કે સૂરજ ઉગ્યો અને આ કિસ્મતે આ યાત્રા સફળ બની. તેઓના પરિવારે માંડવીના યુવાનો માટે આર્થિક દ્વાર ખોલી નાખ્યા. શૈક્ષણિક ક્ષેત્રે ગુજરાતમાં ડંકો વગાડ્યો. ખીમજી રામદાસની પેઢીનું નામ માંડવીના હૈયે કોતરાઈ ગયું જે સૈકાઓ સુધી વિસરાઈ શકવાનું નથી.

શ્રી ગોકુલદાસ ખીમજીએ ખીમજી રામદાસ કન્યા વિદ્યાલય સને ૧૯૫૦માં શરૂ કરી. જે મહારાવશ્રીની મિલ્કત મહોલાત હતી. જેમાં મહારાવશ્રી પોતે ઉતરતા તે મહોલાત કન્યા વિદ્યાલય માટે બક્ષિસ આપી દીધું. પછી કન્યા છાત્રાલય ૧૯૬૪માં શરૂ થયેલ. ફરી બીજી નૂતન છાત્રાલય ૧૦,૦૦૦ ચોરસ ફીટ એરિયામાં રૂ. ૧.૧૦ કરોડના ખર્ચે ફેબ્રુઆરી ૨૦૧૦ માં શરૂ થયેલ. જેની ઉદ્‌ઘાટન વિધિ ભારતના ભૂતપૂર્વ પોલીસ વડા કિરણ બેદીના હસ્તે થયેલ. ત્યારે આ સંસ્થાએ તેના માનમાં માંડવી સિવાય ભુજ, અંજાર, મુન્દ્રા વગેરે સ્થળે આયોજન કરેલ. જેમાં પંકજભાઈ કનકસેન ખીમજીના પ્રવચને મોટી છાપ ઊભી કરેલ.

પંકજ કનકસેને નગર સેવા સદનને શબવાહિની અર્પણ કરેલ.

મસ્કતમાં ગુજરાતી કંપનીઓમાં સૌથી આગેવાન ખીમજી રામદાસ કંપની છે. રામદાસના પિતા ઠાકરશી બચુભાઈ દલાલ તરીકે પ્રખ્યાત. માંડવી મસ્કત વચ્ચે આવ-જાવ પછી રામદાસે આ પ્રથા ચાલુ રાખી. માંડવીમાં તેમની પેઢી વ્યાજે રકમ લઈ વ્યાપાર ખેડતા, પણ વ્યાપારમાં ખોટ જવાથી માંડવીમાં ઘણાની કોરીઓ લેણી રહેવા પામી. રામદાસ પછી ખીમજીએ પેઢીનું કામકાજ આગળ વધારેલ. પણ તેઓ આવ-જાવને બદલે મસ્કતમાં જ સ્થાઈ થયા.

તેમના પાંચ પુત્રો - ગોકુલદાસ, ધરમશી, રતનશી, જમનાદાસ અને મથરાદાસ અને બે પુત્રીઓના જન્મ મસ્કતમાં જ થયેલ.

ગોકુલદાસનું ભણતર મસ્કતમાં, બાકીનું માંડવીમાં. ચાર-પાંચ સુધી અંગ્રેજીનો અભ્યાસ કરી પિતાજીના વ્યાપારમાં જોડાયેલ.

ગોકુલદાસે સુવેક, મુરીના અને સૂરમાં શાખાઓ ખોલી. અન્ય ભાઈઓ પુખ્તવયના થતાં તેઓ પણ આ ધંધામાં જોડાયા. તે સમયે મસ્કતમાં બાવાજી, પુરુષોત્તમ દામોદર, ધનજી મુરારજી, જેરામ માધવજી, રતનશી પુરુષોતમ, માધવજી નેણશીની પેઢીઓ હતી. ગોકુલદાસે દાદા પર કોરીઓનું જે લેણું હતું તે તેમના વારસદારોને પોતાની બમણી રકમથી ચૂકવી આપેલ.

કન્યા વિદ્યાલય માટે મહોલાત મહારાવશ્રીએ રૂ. ૧ ના ટોકન ભાડાથી આપેલ.

બીજા વિશ્વ યુદ્ધ વખતે મશીરામાં બ્રિટિશ થાણું હતું, ત્યારે તેમને કોન્ટ્રેક્ટર્સ તરીકે નિમણૂક અપાયેલ. આ સેવાઓ બદલ બ્રિટીશ સરકારે ગોકુલદાસને રાયબહાદુર અને રાયસાહેબના ઈલકાબથી નવાજેલ.

માંડવીમાં તેમના ટ્રસ્ટમાંથી રામકૃષ્ણ હાઈસ્કૂલ અને સાકરબાઈ મેમોરિયલ અંગ્રેજી મીડિયમ સ્કૂલ ચલાવે છે. મસ્કતમાં આર્ય કેળવણી મંડળને રૂ. ૧ લાખનું દાન આપેલ છે. તેમના સંચાલન હેઠળની સ્કૂલ શેઠ ખીમજી રામદાસ આર્ય કેળવણી મંડળ નામે ઓળખાય છે. હાલમાં તે ઈન્ડિયન સ્કૂલ મત્રા બ્રાંચ નામે ઓળખાય છે.

ગોકુલદાસના જયેષ્ઠ પુત્ર કનકસિંહને ઓમાનના હિંદુ પ્રજાના પ્રતિનિધિ તરીકે માન્ય રાખ્યા છે. ઓમાનના ૪૦૦ વર્ષના જૂના ઈતિહાસમાં આ એક અભૂતપૂર્વ અને ગૌરવપૂર્ણ બાબત છે.

માંડવી નગરપાલિકાએ બંધાવેલ સ્વિમિંગ પુલ માટે શ્રી ગોકુલદાસભાએ રૂ. ૧,૫૦,૦૦૦/-નું દાન આપેલ છે.

ગોકુલ હોસ્પિટલ રૂ. ૪૫ લાખના ખર્ચે બંધાયેલ તેમાં ૬૫ જેટલા બેડ, રૂકમાવતી નદીના કિનારે આવેલ. તેમાં ફીઝિશિયન અને સર્જનની વ્યવસ્થા. બર્ન્સની સેપરેટ યુનિટ એરકંડિશન, એક્સ-રે, લેબોરેટરી, હાડકાના રોગોને શેક આપવાનું મશીન, ગર્દનના મણકાની તકલીફવાળા દર્દી માટે કસરતના સાધનો વગેરે સગવડ હતી. આ હોસ્પિટલમાં ધાર્મિક મંદિરની મૂર્તિ પણ દર્શન માટે રખાયેલ હતી. હાલે લાંબા સમયથી આ હોસ્પિટલ બંધ છે અને તેમાં તેમની ઍકેડેમિક હાઈસ્કૂલ ચાલે છે.

શ્રી ગોકુલ રંગભવન એ ગુજરાતનું શ્રેષ્ઠ કક્ષાનું બંધાવેલ છે. તેમાં ૮૩૫ બેઠકો છે. વધારાની ૨૦૦ બેઠકોની વ્યવસ્થા પણ છે. તેમાં બેડમિન્ટન, ટેબલ ટેનિસ તેમજ અન્ય ગેઈમની વ્યવસ્થા પણ છે. સાથે શિક્ષણની ફિલ્મ બતાવવા એક પ્રોજેક્ટ રૂમ, પ્રોજેક્ટ મશીન અને સ્કીન પણ છે. રંગભવનમાં સાઉન્ડ સિસ્ટમ અને વેશભૂષાની સંપૂર્ણ વ્યવસ્થા છે.

આવા જબરદસ્ત દાનવીર કુટુંબ તરીકે માંડવીનું શિક્ષણ જગત ઊજળું બન્યું છે તેને કોઈ નાગરિક વીસરી શકવાનું નથી. ■



કચ્છની રસધાર

# ગૌધનની વહારે

દુલેરાય કારાણી

દિવાળી પડવાનો દિવસ હતો. મુંદ્રા તાલુકામાં આવેલા કુંદરોડી ગામના કન્હડદે શિવુભાએ આજે જ ગળામાં વરમાળા આરોપી હતી. વીસ વરસનો એ યુવાન હતો. મોઢા પર સહેજ ફૂટેલો મૂછનો દોરો, બાંધી દડીનો સુદૃઢ અને ઘાટીલો એનો બાંધો કનૈયા કાન જેવી મનોહર એની સૂરત.

શિવુભા એની વૃદ્ધ માતાનો એકનો એક પુત્ર હતો. એના પિતા મૂળૂભાના સ્વર્ગવાસ પછી એની માતાએ પોતાના દેહની છાંયડી કરીને એને ઉછેરી મોટો કર્યો હતો. એના ઉપર જ હાથ શેકીને આ રાજપૂત વીરાંગનાએ પોતાનું જીવન જાળવ્યું હતું.

કેટલાયે દિવસથી જેની રાહ જોવાતી હતી એવો મોંઘેરો દિવસ આજે ઉગેલો હતો. એના ઘરનાં આંગણાં પણ ઊજમાળાં દીસતાં હતાં. એની માતાને મન આજે સોનાનો સૂરજ ઊગ્યો હતો.

રાજપૂતોના દાંડિયા રાસ અને રજપૂતાણીઓના કોકિલકંઠના રાસડા આજથી શિવુભાને આંગણે શરૂ થવાના હતા.

નવી લાડી ઘેર લાવવાના શિવુભાના કોડ સમાતા ન હતા. એની છાતી આજે ગજગજ કૂદી રહી હતી. અંગે પીઠી ચોળાવવાના લહાવા લેવાના, ચોરી-ફેરા ફરતાં લાડીની આગળ થઈ જવાના અને લગ્ન પછીની રમાતી રમતોમાં નવી લાડી પર વિજય મેળવવાનાં સ્વપ્નાં એના અંતરમાં રમતાં હતાં. તોરણ, ચાકળા અને બીજા અનેક શણગારોથી શણગારેલો એનો ઓરડો જુવાન રાણીના ચમકતા મુખચંદ્રથી ચમકતો જોવાની એને તાલાવેલી લાગી હતી.

સવિતાદેવ હજુ મધ્યાકાશે નહોતા પધાર્યા. પડવાનો દિવસ હોવાથી આસપાસ ગામડાંમાં સગાંસંબંધીઓને રામરામ કરવા ગયેલા રાજપૂતો હજુ પાછા ફર્યા નહીં.

શિવુભાએ માળા પહેરેલી હોવાથી તેનાથી બહારગામ જઈ શકાયું નહિ, એટલે એ તો આજે સવારથી ગામના ચોરા પર ટહેલી રહ્યો હતો. પીઠીથી પીળું બનેલું એનું અંગ હતું, માથે રૂમાલ બાંધેલો હતો. ભેટમાં ફૂમતાંવાળી નાડીથી બાંધેલ જોટાળી છરી શોભી રહી હતી. હાથમાં રૂપાની મૂઠવાળી તલવાર અને પગમાં પહેરેલાં તોડોકાંબી વારંવારના હલનચલનથી 'ખણક ખણક!'' અવાજ કરી રહ્યાં હતાં. લગ્નગ્રંથિની મંગળ વિચારમાળાના મણકા એક પછી એક શિવુભાના મનમાં ફરી રહ્યા હતા.

એટલામાં એકાએક ગામમાં ચીસાચીસ થવા લાગી. વાછરડાં ભાંભરવા લાગ્યાં. પાડાં રણકવા લાગ્યાં. ગોવાળિયે હાંફતાં હાંફતાં રાડ લીધી, કે દોડો દોડો! ગામનું ધણ બહારવટિયા વાળી જાય છે!' ધીંગેજી ધરા બરુકેજી બાયડી' એવો એ જમાનો હતો. ગામની રાડો સાંભળીને ચોરે બેઠેલા ચારણે પડકાર કર્યો.

*રજપૂતાંરી ખોટ, ગઢથી જાવે ગાવડી*
*દે કન્હડદે દોટ, મત લજાવે માવડી.*

રણહાકલ પડે અને ખરો રજપૂત આંખ આડા કાન કરે એમ કેમ બને? ચારણની રણહાક સાંભળતાં જ શિવુભાના મનમાં રમી રહેલાં શૃંગારિક સૃષ્ટિનાં મોહક સ્વપ્નાં એકાએક અલોપ થઈ ગયાં. વીરરસનો જુસ્સો એની રગેરગમાં ઉછળી આવ્યો.

એક પળનો પણ વિલંબ કર્યા વિના શિવુભાએ ચોરા પરથી દોટ મૂકી. નાનપણથી પાળેલી પોતાની તાજણ ઘોડીની પીઠ પર પડછી મૂકી, કૂદીને તેના પર સવાર થઈ ગયો. ગૌધણના પગ લેતોલેતો તે લૂંટારાની લારે લાગ્યો. પાણીના રેલા જેવી એની ઘોડી ચારે પગે ઊછળતી તીરની પેઠે આગળ ધપવા લાગી.

થોડી જ વારમાં ગાયોના ધણને હાંકી જતા ચાર પડછંદ જવાનો પર એની નજર પડી. એમને જોઈને શિવુભાના અંતરમાં નવું જોમ આવ્યું. તેણે ધણની વચ્ચેથી પોતાની તાજણને મારી મૂકી. લૂંટારાની નજીક આવતાં તેણે કંઈ પણ બોલ્યા ચાલ્યા વગર એક જ ઝાટકે ચારમાંથી બે જણનાં તૂંબડાં તો ભોંયભેળાં કરી દીધાં.

અણચિંતવ્યો આ કડાકો જોઈને બીજા બે જણ પણ હેબતાઈ ગયા. એમના હૈયામાં પડી ગયેલી ધાસ્તીને લીધે દોડતી ગાયોના ટોળા વચ્ચેથી એમને એકને બદલે અનેક વીરોની વાર આવતી હોય એવો ભાસ થયો. એટલે શિવુભાનો સામનો કરવાનું છોડી બાકીના બે લૂંટારા પોતાનો જીવ બચાવવા મૂઠીઓ વાળીને ઊભી પૂંછડીએ નાઠા.

ચોરટા ભાગી જતાં શિવુભાએ હરાઈ જતું ગૌધન વાળી લીધું અને ગાયોને હાંકીને વિજયના આનંદથી કુંદરોડીના માર્ગે પાછો ફર્યો.

અર્ધોક ગાઉ આમ રસ્તો કાપ્યા પછી એક નદી આવી. નદીને ઓળંગીને બધી ગાયો અને ભેંસો શિવુભાની સાથે સામે કિનારે આવી પહોંચી. પણ એક પાડું નદીકિનારે આવેલા પાણીના ધરાને જોઈ પોતાના જાતિસ્વભાવ મુજબ તેમાં કૂદી પડ્યું.

બે ચાર હાકલ માર્યા છતાં પાડું પાણી બહાર નીકળ્યું નહિ. શિવુભા પોતાની ઘોડી પરથી નીચે ઊતર્યો અને પાણા મારી પાડાને બહાર કાઢવા પ્રયત્ન કરવા લાગ્યો.

ધણને હાંકી જતા ચાર લૂંટારામાંથી બે જણનાં ડોકાં શિવુભાની તલવારથી એકાએક જમીન પર પટકાઈ પડવાથી નાહિંમત બનીને નાસી છૂટેલા બીજા બે જણાએ દૂરથી જોઈ લીધું, કે લૂંટેલી આથને ખૂંચવી જનાર તો માત્ર એક જ શખ્સ છે. પોતાના ડરપોકપણા માટે તેઓ મનમાં ને મનમાં શરમાવા લાગ્યા. એકલા શિવુભાને જોઈને એમના અંતરમાં વેર વાળવાનો વિચાર જાગી ઉઠ્યો. બદલો લેવાનો નિશ્ચય કરી આ બંને જણ ચૂપકીથી શિવુભાની લગોલગ આવી લાગ્યા.

પાણીમાંથી બહાર ન નીકળતા પાડાને બહાર કાઢવા મથી રહેલા શિવુભાનું ધ્યાન પાડા તરફ જ હતું. શિવુભાને બેધ્યાન જોઈને એક જણે લાગ જોઈને પોતાની બંદૂક શિવુભા તરફ તાકી અને દાગી દીધી.

સનનનન! કરતી ગોળી છૂટી અને તે શિવુભાના ખભામાંથી આરપાર નીકળી ગઈ.

આ અણધાર્યા બનાવથી શિવુભા ચમક્યો. કમર પર રહેલી તલવાર ખેંચી ગોળીનો જવાબ દેવા તેણે દોટ મૂકી. એટલામાં બીજી ગોળી આવી તે શિવુભાની છાતીને વીંધી ચાલી ગઈ. અને આ આશા ભરેલો, પીઠી ચોળેલો નવજવાન ત્યાં જ ઢગલો થઈને ઢળી પડ્યો.

નદી ઓળંગીને ગાયો-ભેંસોના ટોળાએ તો ગામ તરફ દોટ મૂકી પણ શિવુભાની તાજણ તો ત્યાં જ ઊભી હતી. લૂંટારા તેને પકડી લેવા આવ્યા ત્યારે તો તાજણ એકદમ છલાંગ મારીને નાઠી. પડછી ક્યાંક પડી ગઈ. ઉઘાડી પીઠે તે ગામમાં આવી. શિવુભા વિના સૂના બનેલા આંગણામાં દુઃખની હણહણાટી દેતી તે ઊભી રહી ગઈ.

શિવુભાની વૃદ્ધ માતા જે પોતાના લાડકવાયા લાલની ચાતકડોળે પ્રતીક્ષા કરી રહી હતી. તે તો તાજણને ઉઘાડી પીઠે એકલી આવેલી જોઈને કંપી ઊઠી - કમકમી ઊઠી.

'ભૂંડણ, મારા શિવુને મૂકીને એકલી આવતાં તને કાળે કેમ ન ખાધી?' વૃદ્ધ રજપૂતાણીને તાજણને તિરસ્કારપૂર્વક ઠપકો આપતાં ધુત્કારી કાઢી.

શિવુભાની આ તાજણ આ તાજણો ખમી શકે એવી ન હતી. તે જ વખતે તાજણ ઘોડી પૃથ્વી પર પટકાઈ પડી અને મૃત્યુ પામી.

આ જોઈને શિવુભાની માતા ધ્રુજી ઊઠી. ઘણા સમયથી શિવુભાના સ્નેહે દાબી રાખેલ સતીનું સતીત્વ એકાએક ઊછળી આવ્યું. આ વીર માતાના અંગેઅંગ થરથરી ઊઠ્યાં. શિવુભાના અવસાનથી તેની માતા છળી ઊઠી. 'જય અંબે!' ના ગગનભેદી નાદ સાથે શિવુભાની માતાએ એક વીર જનનીને છાજે એવી રીતે ચિતાપ્રવેશ કર્યો.

શિવુભાની માતાનો પાળિયો કુંદરોડી ગામની પાદરે એક વીર માતાનાં સ્નેહ, સત અને વીરતાનાં ગુણગાન ગાતો ઊભો છે અને શિવુભાનો પાળિયો કુંદરોડીથી ચારેક ગાઉ ઉપર અખીઆણ ગામ પાસે વીર શિવુની વિજયપતાકા ફરકાવી રહ્યો છે.

આ કન્હડદે યુવાનની કીર્તિ-કથા પર આજે પોણા બસો વર્ષના પડદા પડી ગયા છે. છતાં લોકહૃદયમાં એનું નામ અમર છે. ■

## આ કોઈ ખાસ પર્વની જ્ઞાનવાર્તા નથી

**(અનુસંધાન : પાના નં.-૬૫ ઉપરથી ચાલુ)**

પોષક સહજ ભોજન પણ બનવું જોઈએ. એ કામ પરિવ્રાજક કરે, એટલે તો 'સાધુ તો ચલતા ભલા' કહેવાયું છે અને ગૌતમ બુદ્ધ ચાલે છે તે વિહાર કહેવાય છે. તેઓ પોતાના કામ માટે ઘરેથી ભાતું બાંધીને કામે જતા માણસ નથી. નિર્વાહ માટે કામ કરતા માણસને સમજાય એવું સહજ જ્ઞાન આપવા ફરે છે, તેમની પાસે કોઈ સત્તા નથી, અધિકાર નથી, છતાં સર્વોપરી સત્તાધીશને પણ સ્નેહભાવે મિત્ર રૂપે સહજપણે તેના હિતમાં કહે છે ત્યારે તે સમાજહિતમાંયે હોય છે. સમાજ પણ માણસોનો જ બનેલો હોય છે. 'માનવ્યનું શિખર' કહેવાય તે માણસો વચ્ચે જ હોય અને માણસ તો પૃથ્વીના પટે બધે જ છે. 'આમ ન થઈ શકે, તે સજાપાત્ર છે' એવું તો કાયદો કહે છે અને તેનો ભંગ પણ થાય છે. કારણ કે એ હૃદય જે શાસન કરે છે, પ્રેમ અને જીવહિત ચીંધે છે, બોધે છે એને 'આ ગ્રહણ કરો, બાકીનું ત્યજો' એમ કહેવું પડતુ નથી. કરગ્રહણ કરનાર કરગ્રહણ કરે જ છે અને એ હાથની આંગળીએ સોનાની એક વીંટી તો હોય જ છે. શું યોગ્ય અને શોભાસ્પદ એ તો પરંપરાથી ચાલ્યું આવે છે, માત્ર તેનો અતિરેક ન થાય એ માણસ ન જુએ તો પોતાના સ્થાને એ જોનાર કોઈ હોય અને તેના હૈયે માત્ર અન્યનું હિત અને હૈયે મૈત્રીભાવ હોય એ વિશેષ બની જાય તો ઘણા અતિરેકોમાં એકનો વધારો થાય અને જુઓ કે એવો વધારો અતિશય થયો છે. જે વહેંચવાનું હોય તે સંઘરવામાં આવે. વહેંચવાને બહાને ઊંચા ભાવે વેચાતું હોય ત્યારે એ પોતે જ વધારાની અને માન્ય હોય તો મોટી સમસ્યા બને છે અને બની છે એટલે આજે સમસ્યા અપાર છે, જ્ઞાન અપાર નથી. ■

With Best Compliments From

**43 YEARS OF CIVIL ENGINEERING EXCELLENCE**

**We undertake Civil Works in Gujarat, Maharashtra & All Over India**

**M/s. NARENDRA SHAH & ASSOCIATES & M/s. D.N.D. Enterprises**

**Admn. Office :** 16, Shanti Bhuvan, 3rd Floor, Above Mcdonald's, Opp. Railway Station, Mulund (West), Mumbai-400 080. **Tel. : 25647572 E-mail : narendra_shah2006@yahoo.co.in**

કચ્છી કથા

# મહાસતી મૂમલ

સ્વામી સચ્ચિદાનંદ

પ્રાચીનકાળમાં લગ્નની અનેક પદ્ધતિઓ હતી, જેમાં એક સ્વયંવર પદ્ધતિ પણ હતી. આવી સ્વયંવર પદ્ધતિ ભારત સિવાય બીજે ક્યાંય હોય તેવું જાણ્યું નથી. સ્વયંવર પદ્ધતિ બે રીતની થતી : એક તો કન્યા કે કન્યાના પિતા તરફથી નિર્ધારિત શરત પૂરી કરે તેને કન્યા વરમાળા પહેરાવે. જેમ કે સીતાજી તથા દ્રૌપદીનો સ્વયંવર. ધનુષ્યભંગ કરે અથવા મત્સ્યવેધ કરે તે જ સીતાજી અથવા દ્રૌપદીને વરે. જોકે આ બંને સ્વયંવરો શાંતિથી પત્યા ન હતા. લોકો પરિણામને સ્વીકારી શક્યા ન હતા તેથી બખેડો થયો હતો. એવું લાગે છે કે પ્રાચીનકાળથી આપણે ન્યાયપૂર્વકના પરિણામને પણ ખેલદિલીથી સ્વીકારી શકતા નથી. આજે પણ કોઈ સ્પર્ધા કે ખેલ-હરીફાઈ થાય છે ત્યારે ઘણી જગ્યાએ પરિણામ સ્વીકૃત ન થતાં બખેડા થતા રહે છે. ચૂંટણીનાં પરિણામોમાં પણ આવું જ થતું રહે છે. પ્રજાની કક્ષાનું માપ તેની ન્યાયપ્રિયતાથી પણ કાઢી શકાય છે.

બીજો સ્વયંવર કોઈ શરતથી નહી, પણ કન્યાની પસંદગીથી થતો. બધા મુરતિયાઓ લાઈનસર બેઠા હોય અને કન્યા વરમાળા લઈને નીકળે. પછી જેને પસંદ કરીને વરમાળા પહેરાવે તે તેનો પતિ થાય. આમાં કન્યાની પૂરી સ્વતંત્રતા રહેતી હોય છે. જયચંદની પુત્રી સંયુક્તાનો સ્વયંવર આવી જ રીતે થયો હતો. સંયુક્તાએ પૃથ્વીરાજના પૂતળાને વરમાળા પહેરાવી અને પૃથ્વીરાજે સંયુક્તાનું હરણ કર્યું. પછી મહાબખેડો થયો, જેના પરિણામે પૃથ્વીરાજને દિલ્હીથી અને પ્રાણથી હાથ ધોવા પડ્યા હતા. હવે અત્યારે આવા કોઈ સ્વયંવર થતા નથી તે સારી વાત કહેવાય. કદાચ કોઈ કન્યા આજે સ્વયંવર રચે તો પારાવાર મુરતિયા પહોંચી જાય. પોલીસ બોલાવવી પડે તેટલો બખેડો થાય.

કોઈ મુરતિયાએ સ્વયંવર કર્યો હોય તેવું સાંભળ્યું નથી. માનો કે એક મુરતિયો સ્વયંવર કરે અને તેને વરવા સેંકડો કન્યાઓ ભેગી થાય - કોઈ જાડી અને કોઈ કદરૂપી, કોઈ ભણેલી અને કોઈ અભણ - આમ ભાતભાતની કન્યાઓ પોતપોતાનો બાયોડેટા લઈને ભેગી થઈ હોય અને પછી કોઈ મુરતિયો હાથમાં કન્યામાળા (વરમાળા નહીં) લઈને નીકળે અને પછી કોઈ એકને પહેરાવે તેવી કલ્પના રમૂજ ઉપજાવે તેવી કહેવાય.

વરમાળા પહેરાવવાનો અર્થ સમર્પિત થવું તેવો છે. ''હવે હું તમારી સંપૂર્ણ તમારી, બીજા કોઈની નહીં'' એવો ભાવ છે. સરિતા જેમ સમુદ્રમાં સમાઈ જાય તેમ કન્યા વરમાં સમાઈ જાય, પોતાનાં નામરૂપ છોડીને સમુદ્ર થઈ જાય. આને અદ્વૈત કહેવાય. જે સંપૂર્ણ સમર્પિત થઈ શકતી નથી તે કદી પણ યોગ્ય અને સફળ પત્ની થઈ શકતી નથી. તે ભાગ્યે જ સુખી થતી હોય છે. સુખી કરનારી સુખી થતી હોય છે, દુઃખી કરનારી દુઃખી થતી હોય છે.

આપણે એક સ્વયંવરની ચર્ચા કરવાની છે. કચ્છના કંડ કકરાડા પરગણામાં કોટેશ્વરથી થોડે દૂર ધૂનાઈ ગામમાં વીરમ ચાવડાની સત્તા ચાલતી હતી. તેની રાણી હીરાદેવીને એક પછી એક સાત કુંવરીઓ થઈ, એકે દીકરો ન થયો. લોકો ભલે કહે કે દીકરો-દીકરી એકમાન, પણ વ્યવહારમાં એવું હોતું નથી. દીકરો એ દીકરો જ હોય છે અને દીકરી એ દીકરી હોય છે. પુરુષો કરતાં સ્ત્રીઓ દીકરાની વધુ ઝંખના રાખતી હોય છે, કારણ કે બંનેનાં પરિણામ સરખાં નથી હોતાં.

વીરમની મોટી દીકરીનું નામ મૂમલ હતું. વીરમના અવસાન પછી કોઈ પુત્ર વારસદાર ન હોવાથી રાજગાદી ઉપર મૂમલને બેસાડવામાં આવી. સ્ત્રીઓ પણ રાજસત્તા ચલાવી શકે છે, પણ જ્યારે કોઈ પુરુષ સંભાળનારો ન હોય ત્યારે અને તે પણ પુરુષોના ટેકાથી.

પુરુષોના સહયોગ વિના એકલી સ્ત્રી રાજ્ય ન કરી શકે. હા, સ્ત્રીઓના સહયોગ વિના એકલો પુરુષ તો રાજ્ય કરી શકે. બંનેના ક્ષમતાભેદને સ્વીકારવો રહ્યો.

મૂમલે સત્તા સંભાળતાં જ પોતાનો શોખ પૂરો કરવાનો પ્રયત્ન કરી દીધો. પ્રત્યેક વ્યક્તિને પોતાનો આગવો કોઈ ને કોઈ શોખ હોય છે - સામર્થ્ય ન હોય તો પૂરો ન કરી શકે તે અલગ વસ્તુ છે. શાહજહાંને ઈમારતો બાંધવાનો શોખ હતો. સામર્થ્ય હોવાથી તે તેણે પૂરો કર્યો. અકબરને રાજવિસ્તારનો શોખ હતો તે તેણે રાજપૂતોના સહયોગથી પૂરો કર્યો. અશોકને શિલાલેખો લખવાનો શોખ હતો. તે તેણે પૂરો કર્યો. જેને કશો જ શોખ ન હોય તે સામર્થ્ય પ્રાપ્ત કરીને પણ અમરતા પ્રાપ્ત કરી શકતો નથી. તે ચીલાચાલુ જીવન જીવીને મરી જતો હોય છે.

મૂમલને બગીચા બનાવવાનો શોખ હતો. ત્યારે સિંધુ નદીની એક શાખા છેક કચ્છ સુધી આવતી અને તેના બંને કિનારાને લીલાછમ બનાવી દેતી. નદીઓ લોકજીવનમાં મહત્ત્વનો ભાગ ભજવતી હોય છે. નદીકિનારે વસતી પ્રજા અને નદી વિનાના ઉજ્જડ પ્રદેશમાં વસનારી પ્રજામાં સમૃદ્ધિભેદ હોય છે.

મૂમલે ઉત્તમ સ્થપતિઓને બોલાવીને એક એવો બગીચો બનાવડાવ્યો કે વિશ્વમાં ક્યાંય ન હોય. તેની ખાસિયત એ હતી કે એક વાર તેમાં દાખલ થનારને બહાર નીકળવું કઠિન થઈ જતું, કારણ કે તેમાં એટલી બધી ભૂલ ભુલામણીઓ મૂકેલી હતી. તેના બગીચાની ચારે તરફ ખૂબ પ્રશંસા થવા લાગી. કાર્યની પ્રશંસા વધુ કાર્યો કરવાનું પ્રોત્સાહન આપે છે. પછી તો મૂમલે નક્કી કરી લીધું કે જે રાજકુમાર આ બગીચામાં ભૂલો પડ્યા વિના સડસડાટ બહાર નીકળી જશે તેની સાથે હું લગ્ન કરીશ. મૂમલના સ્વયંવરની જાહેરાત થતાં જ ચારે તરફના રાજકુમારો ઉમટી પડ્યા. પુરુષ માટે સૌથી મોટો પડકાર સ્ત્રી હોય છે. કોઈ સ્ત્રીનો આપેલો પડકાર પુરુષને પુરુષાતન ચઢાવે છે.

એક પછી એક અનેક રાજકુમારો આવ્યા અને પ્રયત્નો કર્યા, પણ કોઈ શરત પૂરી કરી શક્યો નહીં. બધા શરમાઈને પાછા ફર્યા. એવું લાગ્યું કે મૂમલ કુંવારી જ રહી જશે. જે સ્ત્રીઓ પોતાની કઠોર શરતો સાથે પરણવા માગતી હોય છે તેમને કાં તો મુરતિયો મળતો નથી અને કદાચ મળે છે તો કહ્યાગરો કંથ મળે છે. કહ્યાગરો કંથ મેળવીને સ્ત્રી સુખી નથી થતી. તે કઠપૂતળીની માફક કોઈની આંગળીએ બાંધેલી દોરીથી નાચતો રહે છે. પતિને ઇચ્છા પ્રમાણે નચાવનારી પત્ની પતિ ઉપર સવારી કરી બેસતી હોય છે, જે અંતે પતિની પ્રતિષ્ઠા ઘટાડવાનું જ કામ કરતી હોય છે. પતિની પ્રતિષ્ઠા એ જ પત્નીની પણ પ્રતિષ્ઠા હોય છે, કારણ કે બંનેનું સંયુક્ત જીવન હોય છે. અંતે તો પત્ની પોતે જ પ્રતિષ્ઠા વિનાની થઈ જતી હોય છે.

જ્યારે બધા હાર્યા-થાક્યા ત્યારે ઉમરકોટનો રાણો મેંધરો તૈયાર થયો. તેણે બગીચાની ભૂલભુલામણીના રસ્તાના રહસ્યને પામવા માટે મૂમલની દાસીનો સંપર્ક કર્યો. મોટા ઘરનાં દાસ-દાસીઓને પ્રયત્ન કરીને ફોડી શકાતાં હોય છે. તેમાં પણ જે લોકો સતત તુચ્છકાર ભોગવતા હોય તેમને થોડી લાલચ આપીને પણ ફોડી શકાય છે. મોટા ઘરની સૌથી કમજોર કડી તેમનાં દાસ-દાસીઓ હોય છે. દાસી પાસેથી બધું રહસ્ય જાણી લઈને રાણો મેંધરો છેક મૂમલના મહેલના દરવાજે પહોંચી ગયો. મૂમલને ઘણી નવાઈ લાગી. અંતે વર મળ્યો ખરો! મૂમલે રાણાને વરમાળા પહેરાવી દીધી. બંનેનાં ખૂબ ધૂમધામથી લગ્ન થયાં. વાત પૂરી થઈ ગઈ.

પણ ના, વાત કદી પૂરી થતી જ નથી. કચ્છ કોરાકોટનો જામ લાખો પણ મૂમલને પરણવા તલપાપડ થઈ ગયો હતો. તે પણ કૂચ કરતો આવી રહ્યો હતો. અંતે ગુજરાસર આવી પહોંચ્યો. તેને ખબર પડી કે મૂમલ તો ઉમરકોટના રાણા મેંધરાને વરી ચૂકી છે. તેના અંગેઅંગમાં આગ લાગી ગઇ. મારી મૂમલને રાણો પરણી જાય તેવું બને જ નહીં! હું તેનું આણું જ થવા નહીં દઉં! મોટા ભાગના મુછાળા મર્દો કોઈ સ્ત્રીને નિમિત્ત બનાવીને લડી મરતા રહ્યા છે. પોતાની પત્નીનું કોઈ હરણ કરી જાય અને તેને પાછી મેળવવા યુદ્ધ થાય તે તો સમજી શકાય, પણ પારકી થઈ ચૂકેલી પત્નીને પોતાની બનાવવા કોઈ મહાવિનાશ નોતરે તેનું સમર્થન કેમ કરી શકાય?

જામ લાખાની સેના બાંભણાસરને ઘેરી વળી. મૂમલ ડાહી હતી. પોતાના નિમિત્તે હજારો વીર યોદ્ધાઓની લાશો બિછાઈ જવાની હતી. તેણે જામ લાખાને સમજાવવા માટે પોતાના મહેલમાં બોલાવ્યો અને પડદામાં રહીને તેને સમજાવવા લાગી : 'હું હવે વરી ચૂકી છું. પરણેલી રાજપૂતાણીને ફરી ન પરણાય. હવે તો તું મારો ભાઈ કહેવાય, માટે અનર્થ કર્યા વિના પાછો વળી જા.'' વગેરે

બરાબર આ જ સમયે રાણો મેંધરો આવી પહોંચ્યો. મૂમલ અને જામ લાખાને એકાંતમાં જોતાં જ તે પાછો ફરી ગયો. તેને થયું કે મૂમલ વફાદાર નથી. તેનું ચારિત્ર સારું નથી. ભારે આઘાત સાથે તે પાછો ઉમરકોટ ચાલ્યો ગયો. અત્યંત પ્રેમાળ દંપતીમાં પણ ક્યારે કેવી ગેરસરમજ ઊભી થાય અને સંબંધ કપાઈ જાય તે કહેવાય નહીં.

મૂમલની ત્રણ વ્યવહારિક ભૂલો હતી : (૧) તેણે લાખાને પોતાના મહેલમાં એકલો બોલાવ્યો. (૨) તે સમય રાત્રીનો હતો અને (૩) ત્યારે એકાંત હતું. ખરેખર તો તેણે પોતાના મંત્રીઓ વગેરેની વચ્ચે દિવસે લાખાને બોલાવવાની જરૂર હતી. વ્યવહારિક ભૂલો કેટલીક વાર ગેરસમજો પેદા કરીને મહાઅનર્થો કરી નાખતી હોય છે.

રાણા મેંધરાએ મૂમલનો ત્યાગ કરી દીધો. મૂમલ ત્યકતા થઈ ગઈ. સ્ત્રી માટે ત્યકતા થવું એ વિધવા થવા કરતાં પણ વધુ દુઃખદાયી હોય છે. વૈધવ્યમાં કોઈ કલંક નથી હોતું, ઉલટી લોકોની સહાનુભૂતિ રહે છે. પણ ત્યકતાપણું તો કોઈને કોઈ કલંક લગાડીને થતું હોય છે, તેથી લોકોની સહાનુભૂતિ નથી મળતી. કલંકના દુઃખ જેવું બીજું કોઈ દુઃખ નથી.

મૂમલે મેંધરાને મનાવવા ઘણા પ્રયત્નો કર્યા, ઘણી સ્પષ્ટતાઓ ખરી. પણ મેંધરો ન સમજ્યો તે ન જ સમજ્યો.

ત્યકતાના બે પ્રકાર હોય છે : એક તો લગ્નસંબંધ ત્યકતા અને બીજી પ્રેમસંબંધ-ત્યક્તા. જે લગ્નસંબંધ-ત્યકતા હોય છે તે બહુ દુઃખી થતી નથી. તેનાં લગ્ન તૂટી જાય છે, પણ થોડા જ સમયમાં તે બીજાં લગ્ન કરી લેતી હોય છે અથવા બીજો કોઇ રસ્તો કાઢી લેતી હોય છે. પણ જે પ્રેમત્યકતા હોય છે તે બહુ દુઃખી થતી હોય છે. તે પ્રેમસંબંધ કાપી શકતી નથી, તેથી બીજો રસ્તો પણ કાઢી શકતી નથી. તે પતિથી તરછોડાયેલી અત્યંત વ્યાકુળ દશામાં વિરહી જીવન જીવતી રહે છે.

મૂમલ આખી રાત જાગીને ઝૂરીઝૂરીને જીવવા લાગી. વિરહની વેદનામાંથી કાવ્યસ્ફૂર્તિ થતી હોય છે, જે હૃદયને હચમચાવી નાખતી હોય છે. જુઓ મૂમલ શું કહે છે :

*મોર મુહીંજા વલા, લાલ વરાએ લાંગ,*
*ડીપા તેલ ફૂલેલજા, બારીયાં નાહી બાંગ,*
*ત્રીઠી ઉઠાળ્યાં કાંગ સોઢો અચે મોંધરે.*

**(અનુસંધાન : જુઓ પાના નં.-૬૮ ઉપર)**

ધારાવાહિક નવલકથા

# છોરાંવછોઇ – (૧૨)

હંસરાજ સાંખલા

## પતિને દારૂ છોડાવવા પ્રેમિકા બની

અષાઢ મહિનાની શરૂઆતમાં જ વાવણીલાયક વરસાદ થઈ ગયો. વાડીઓમાં ને ખેતરોમાં પણ સમયસર વાવેતર પૂરાં થવા આવ્યાં. વાવણીના સમયમાં મણિલાલ પણ દાનકી જતો. વાવેતર થઈ જતાં હવે એ ફ્રી હતો. વિખેડાં કાઢવાનું હજુ ચાલુ થયું નહોતું.

એક સાંજ હુવાટાણુ થવા છતાં મણિલાલ ઘેર આવ્યો નહોતો.

ચારે દીકરીયું ને સુવરાવી રતન મણિલાલ આવવાની રાહ ઝોઈને કંડેલના અજવાળે સફેદ રૂમાલ પર ભરત ભરતી હતી. ડેલી ખૂલ્યાનો ને પગરખાંનો અવાજ આવતાં રતન રૂમાલ મૂકી ઊભી થઈ ત્યાં મણિલાલે દરવાજો ખોલવાનું કહ્યું.

રતને દરવાજો ખોલ્યો. મણિલાલ અંદર આવી ગયો.

રતનને મણિલાલના મોંમાથી કંઈક જુદા જ પ્રકારની ગંધ આવતી લાગી. ચોક્કસ ન થતાં એ કંઈ ન બોલી. એ ઓસરીનું કમાડ બંધ કરી ઘોડિયાની બાજુમાં ત્રણ દીકરીયું સૂતી હતી ત્યાં બેઠી.

મણિલાલ રૂમમાં પાથરેલા ખાટલા પર બેસતાં બોલ્યો, ‘મારી લુંગી ક્યાં મૂકી હે ગોતી દેજે.’

રતન ઊભી થઈ ચીમનીના અજવાળે રૂમની ધરીમાં લુંગી જોવા મંડી. પાછળથી મણિલાલે આવી તેને આલિંગનમાં લીધી. ચારે દીકરીયું સૂઈ ગઈ હતી.

રતનને એની આ હરકત ગમી હોય તેમ એણે પાછળ મણિલાલના મોં બાજુ પોતાનું મોં ફેરવ્યું. મણિલાલના મોંમાંથી પેલી ખાટી ગંધ આવતી અનુભવી. એના માટે આ અજાણી ગંધ હતી.

કામ દરમિયાન હરખાં ભેળાં થતાં ત્યારે કોલીની બાઈમણુંના મોંએ સાંભળેલ ચોલાંણાના આધારે અનુમાન કરી રતન સમજી ગઈ “એ આજે દારૂ પીને આવ્યા હે, એવું લાગેર્યું.”

મણિલાલે રતનને ઉપાડી ખાટલામાં સુવરાવી. એ બાજુમાં સૂવા જતો તો ત્યાં રતન બોલી.

‘તમારા મોંમાંથી શેની છટ આવેરી? કીં શું પીધું હે?’

‘દવા પીધી હે’ – મણિલાલે કહ્યું.

‘દવા પીધી નથી. કોને દારૂ પીધો હે.’

“લે દારૂ પીધો હે બીજું શું? આજ બપોરથી મજા નોતી આવતી. એટલે હાંજે ડાઢુ કને ગ્યો તો. થોડો પી આયો. હવે મજા આવેરી. તનેય મજા આવશે જોજે તાં ખરી” મણિલાલે કહ્યું.

“નથી ખપતી મને એવી મજા” કહેતાં રતન મણિલાલની બાહુમાંથી છટકી ખાટલામાંથી ઊભી થઈ ગઈ. રૂમ બહાર જતાં જતાં ઉંબરા પાસે ઊભી રહી.

“હવે મને હમજાયર્યું ફુઆ કનેથી છૂટા થયા પછી તમારો પગાર પેલાં કરતાં વધારે હતો. તો બધા પૈસા ક્યાં જતા’તાં.”

“ઇ વાત મૂકને. હમણાં પગારને શું કરવું હે? જે કરવું ખપે ઇ કર ને!’ જરા રોકાઈ મણિલાલે કહ્યું.

“ઈયાં આવજે એક વાત કઉં!”

“નથી હાંભળવી મને તમારી એકેય વાત.” રતને રીસ અને ગુસ્સામાં કહ્યું.

“તને મારા હમ હે.”

“ગમે એના હમ દ્યોને. હું આજ તમારી વાતુમાં નીં આવું.”

મણિલાલે રતનનો હાથ પકડતાં કહ્યું, “ઈયાં આવતાં ખરી” રતનને એની બાજુ ખેંચી એને ચુંબન કરવા પ્રયત્ન કર્યો. એને એમ હતું, રતન એના આગ્રહને વશ થઈ જશે તો પછી એને કઈ રીતે રાજી કરવી એ તો એને આવડે જ ર્યું. એણે રતનનો હાથ કાંડેથી મજબૂત પકડ્યો હતો.

“મૂકો મારો હાથ.” રતન મક્કમ બની. પોતાનો હાથ છોડાવવા પ્રયાસો કર્યા પણ એ સફળ ન થઈ. એને એક રસ્તો સૂઝ્યો. એણે કહ્યું. ‘મારો હાથ મૂકોર્યા કે નીં? નૈં તો મરઘાંમાને હાકલ કરૂંરી!”

“અડે આ આપણા બે માહણની વાત હે એમાં મરઘાંમાં શું કરશે?” મણિલાલે કહ્યું.

“મરઘામાં શું કરશે ઈ તમને જોવું હે ને? હું હમણાં બોલાવું રી. તમે શું કરી આયા હો ઈ એનેય ખબર પડે.” ઓસરી વચ્ચેના કરાની પેલી બાજુ માંડ માંડ સંભળાય એવા અવાજે રતને ‘બાઈજી’ કહ્યું. રતનના મોંમાંથી જેવો બાઈજી શબ્દ

નીકળ્યો કે રતનનો પકડેલો હાથ મણિલાલે છોડી દીધો.

"તું કેવી હો? કાંકતાં હમ જ. પારકો થોડો હઉ? હું તારો ધણી હોં! દશબાર મહિને, મૌનોમાહ (મહિનોમાસ) બારેથી આવીએ ને તું આમ ઠાગાઠૈયા કર ઈ તને ઠીક લાગેર્યું?" મણિલાલે કહ્યું.

"મનેય જરાય ઠીક નથી લાગતું ઈ વાત હાચી. મને તમારી વાત માનીયે ખપે. પણ તમે તમે હો? તમે જૈયે તમે નથી તૈયે આ મને ઠીક જ લાગેર્યું. કંઈક વિચારતાં રતનની આંખમાં આંસુ આવી ગયાં. "મેં તમારા હારું શું નથી કર્યું. આપડું આખું ગામ જાણેર્યું. આ ફૂલ જેવી દીકરીયું આડોશી-પાડોશને ભળાવી. પેટે પાટા બાંધી રાત દી કાળી મજૂરી કરી તમારી દવા કરાવી. વતાડવા વાળાએ વતાડી એટલી બાધા માનતા કરી. તમારા નામના આખા આખા દીના કેટલાંય એકટાંણાં કર્યા. તોય એક દાનકી નોતી પાડી. કેટલાય મૈના હુદી હવારી વેલી ચાર વાગ્યે ઊઠી ચાર ગાઉ પગે હાલીને એકલી રોજ માતાના આશીર્વાદ લેવા જતી. આવીને શિરામ પીધા વગર મજૂરે જતી. એની હામે આજ આવું કરીને તમે મારી બહુ કદર કરોર્યા." કહેતાં રતન રોઈ પડી.

એની વાતની કે એનાં આંસુની, દારૂના નશામાં મણિલાલના મગજ ઉપર કંઈ અસર ન થઈ. મણિલાલના મગજ ઉપર દારૂનો અને કામનો બેવડો નશો પૂરો સવાર થઈ ચૂક્યો હતો. એણે ઉપરથી ધમકીભર્યા અવાજે કહ્યું. "હું "હજીયે કઉર્યો, આ બે માહણનો મામલો હે એમાં માને ન બોલાવાય. મારું માન ને હું કઉ એમ કર."

"હો વાતની એક વાત. આજ હું તમારું કહ્યું નીં કરું' નીં કરું ને નીં જ કરું."

"તું ભૂલ કરોરી. તને તારી ભૂલનું પરિણામ ભોગવવું પડશે." મણિલાલે ધમકીભર્યા સૂરમાં કહ્યું.

'ભોગવું જ રી. નાં છેલાં બે-વરમાં તમે શું હુખ દીધું હે મને?' — રતને આંસુ લૂછતાં કહ્યું.

"હું હવેની વાત કરુંર્યો." મણિલાલે કહ્યું.

રતનને થયું "મા વગર આ મામલો પતે એવું લાગતું નથી.' વળી વિચાર્યું. માને બોલાવીશ તો વાત બધે મોકળી થૈ જશે. તો જશે કેની? એની જ ને? ઇ કોણ હે? મારું જ માહણ હે ને? જો મગજમારી (માથાકૂટ) વગર ઇ હુઈ જતા હોય ને બીજીવાર આવું ન કરે તો હજુયે હું બધું ભૂલી જઈશ. પછીયે રેવું તો એના ભેળું જ ને?"

રતનને એક ઉપાય સૂઝ્યો. 'જો એને છાય પાઈ દઉં તો દારૂ જલદી ઉતરે ને ઇ ઊંઘી જાય તો હવારે બધું થઈ પડે. આજના વર્તન માટે રતનને લાગ્યું એનો વાંક નથી. આ બધા દારૂના 'કામા' હે. આ વર્તન એણે નથી કર્યું દારૂએ કર્યું હે. દારૂ જલદી કેમ ઉતરે એ વિચારતી રતન રસોડામાં ગઈ. છાશનો મોટો વાટકો ભરી આવી.

"લ્યો છાય પીઓ ને મગજ ઠંડુ કરો. તમારું મગજ ઠેકાણે આવે પછી જોશું." રતને છાશનો વાટકો મણિલાલ સામે ધરતાં કહ્યું.

મણિલાલ 'પછી જોશું' ની આશાએ એ મોટો વાટકો છાશ ગટગટાવી ગયો. "હવે જરા વાર આડા પડો. હું કોકીને ધવરાવીને પછી આવુંરી!" અને રતન કોકીને ઘોડિયામાંથી તેડી ધવરાવવા બેઠી.

"પણ જલદી આવજે. વાર ન લગાડતી." કહી મણિલાલ ખાટલામાં આડો પડ્યો અને એને ઊંઘ આવી ગઈ. મણિલાલને નસકોરાં ગેડતો (બોલાવતો) જોઈ રતનને થોડી નિરાંત થઈ.

એ આડી પડી પણ એને ઊંઘ ન આવી. તે રાત્રે રતન ખૂબ રડી. એ વિચારોનાં જાળામાં બરાબરની અટવાઈ ગઈ. પ્રયત્ન છતાં એ બહાર ન નીકળી શકી. એને ઊંઘ ન આવી. એ પડખાં ફેરવતી રહી ને રડતી રહી. આ બધું ભૂલવા એણે જલાબાપાનું રટણ ચાલુ કર્યું. છતાં પણ એ કેમેય ભુલાતું ન'તું. વિચારતાં વિચારતા મોડે મોડે એની ક્યારે આંખ મળી હશે એની એને ખબર જ ન રહી.

એ રાતના બનાવની વેદના રતનના ચહેરા ઉપર સ્પષ્ટ વર્તાઈ આવતી હતી. મણિલાલની ટીબીની બીમારી સામે એકલે હાથે હિંમતથી મુકાબલો કરનાર રતનનું આ બનાવથી મનોબળ તૂટી ગયું હોય એવું લાગતું'તું. એ થોડી ઢીલી થઈ ગઈ હતી.

રતનને દર વર્ષની જેમ આ વખતે મણિલાલ બારેથી (પરદેશથી) આવ્યાનો જે આનંદ, ઉત્સાહ, ખુશી અને તૃપ્તિનો નશો એના ચહેરા ઉપર રહેતો, એ આ બનાવ પછી બિલકુલ અદૃશ્ય રહેવા લાગ્યો.

એ બનાવના આઘાતમાંથી અનેક પ્રયત્નો છતાં રતન બહાર નીકળી શકતી ન હતી. એ મનોમન મૂંઝાતી રહી. આ વાત માને કહેવાથી બીજી ઘણી બધી ગરબડો ઊભી થશે એવી બીક હતી. એ અકળાઈ જતી અને એના મનના 'ખાર' ક્યારેક એની દીકરીયું માથે પણ નીકળી જતા.

સદાબહાર રતનનો ઝાંખો પડેલો ઝંખવાયેલો ચહેરો જોઈ, એક સાંજે નાનબાઈએ પૂછ્યું, "રતન, કે' ન કે' તને કાંક તકલીફ હે!" અને રતને જે બન્યું હતું તે નાનબાઈને ખુલ્લા દિલે બધું કહી દીધું. રતન રડી પડી.

નાનબાઈએ ગંભીરતાથી કહ્યું, "તારા બનેવીને આજ જ વાત કરીશ. એની ડગળી ઠેકાણે તો લાવવી જ પડે. આવું કરે તો હલાવી થોડું લેવાય. તું ભરાભર પકડ લેજે. ઢીલી ન થજે. નકો દુઃખી દુઃખી થૈ જૈશ કોલણુંની જેમ. પણ ફરીવાર આવું ન કરે તો તારેય મગજમારી ન કરવી ને તુંયે બધું ભૂલી જજે.'

બીજે જ દિવસે મનસુખભાઈએ કામને બહાને વાડીએ બોલાવી નાનબાઈની હાજરીમાં મણિલાલને ઠપકોય દીધો ને કડક

થઈ ચેતવણી પણ આપી. મણિલાલે પોતાની ભૂલ કબૂલી અને એના માટે માફી પણ માગી ને ખાતરી પણ આપી "હવે તમારા કને ફરિયાદ નીં આવે બસ."

મનસુખભાઈ અને નાનબાઈએ આ રીતે ઠપકો આપ્યો એ બાબતે મણિલાલને થોડું ખોટું લાગ્યું. 'બે માણસ વચ્ચેની વાત ત્યાટને કરવાની શું જરૂર? ઇ તો એક જ વાર ભન્યું હતું ને? પછી મેં ક્યાં એવું કર્યું હે? જો ફરી ફરી એવું કર્યું હોય ને એના કને વાત કરે તો હમજ્યા. પણ એકવાર માંય ઘરનો મામલો ગામમાં થોડો લૈ જવાય."

એના વર્તનમાં અને એના ચહેરા ઉપર થોડા દિવસ આની અસર વર્તાઈ હતી. એ ચાલાક રતનથી અછાનું ન હતું.

રતનનું મન એમ કહેતું હતું. 'મનસુખ પટેલે જે કે'વું હતું તે ભલે કેધું પણ કોઈને ધાકધમકીથી સુધારવા એ ઘણું ઓખું કામ હે. ધાકધમકીની અસર તો આપણી હાજરી હોય ત્યાં હોદી રે પણ પછી? ઇ થોડા કાયમ ઇયાં રેનારા હે. જો એને હાચે હાચ સુધારવા હોય તો પ્રેમથી જ સુધારી હકાય. છેવટે સરવાળે દરેક જીવ પ્રેમનો જ ભૂખ્યો હે ને આ પ્રેમના અભાવનું જ પરિણામ હે.'

એના પછી રતન એના ઉપર ઓળઘોળ થઈ ગઈ. એ રાતનો બનાવ બન્યો જ નથી. એ રીતે ઓલ્ટાણાં દીધા વગર રતને મણિલાલને પ્રેમથી તરબતર કરી દીધો. એને દારૂના નશા કરતાં રતનના પ્રેમનો નશો વધુ અસર કરી ગયો. એના પછી મણિલાલને ક્યારેય દારૂ યાદ ન આવ્યો. એ દારૂને બિલકુલ ભૂલી ગયો. રતનનું વર્તન પણ એવું જ રહ્યું કે જાણે એ બનાવ બન્યો જ ન હોય. એ બનાવ અંગે રતને મણિલાલને એકપણ ઓલ્ટાણું નોતું આપ્યું. રતનને થયું, ભૂલ મારી જ હે 'મને પેલેથી કામને બદલે એનામાં થોડું વધું ધ્યાન દેવું ખપતુતું. મેં જો પહેલેથી જ એનામાં ધ્યાન દીધું હોત તો મજા ને સંતોષ હારું એને ડાડુ કોલી કને ન જવું પડત. આ તાં હારું થ્યું ડાડુ કને ગ્યાતા. પણ કોક મારા જેવું મલ્યું હોત તો હું એને કેમ વાળી હકી હોત. હું ક્યાંયની ન રે'ત."

રતને તે રાત્રે "કહ્યું ન કર્યાનો ને મનસુખ પટેલ અને નાનબાઈને વાત કાં કરી?" નો ડાઘ મણિલાલના મગજમાં થોડા દિવસ રહ્યો પણ રતનના નિર્મળ પ્રેમના ધોધમાં એ ડાઘ ટૂંક સમયમાં જ એવો જડમૂળથી ધોવાઈ ગયો કે મણિલાલના દિલમાં ક્યાંય એનું ઝાંખું ઝાંખું પણ નિશાન ન રહ્યું.

'હવે કલકત્તે નથી જવું.' એવું વિચારતો હતો ત્યાં કલકત્તાથી એના શેઠની ટપાલ આવી. જેમ બને તેમ જલદી આવી જવાનું શેઠે લખ્યું હતું.

નાનબાઈ અને મનસુખ પટેલ દ્વારા આગ્રહ કરી દિવાળીનાં ખળાં કઢાવીને જ જા. ત્યાં સુધી ગામમાં મૂલ મજૂર ચાલશે. પછી તને શું ખપે?' એમ રતને કહેરાવ્યું. ને મણિલાલને પણ એ ગમ્યું.

મણિલાલને રતનનો સતત સહવાસ ગમતો હતો. એની પણ કલકત્તે ન જવાની કે જેમ બને તેમ જવાનું ઠેલતા જવાની ઇચ્છા થતી હતી. રતને કહ્યુંય ખરું ક્યાંક વેત ખાય તો ઇયાં જ વરોંદી (વર્ષ આખાની બાંધી મજૂરી) ભરોને!' રતનને પેલી છૂપી બીક હતી કે મારાથી દૂર થતાં એ લગામ વગરના થઈ જશે તો?

પરંતુ ક્યાં કલકત્તા શાહા શેઠનો પગાર ને ક્યાં વરોંદીની આવક? અને કારતક ઊતરતાં નારી (= માગશર) મહિને મણિલાલે કલકત્તા જવાનું નક્કી કર્યું.

***(ક્રમશઃ)***

## આ દિવાળી વેકેશનને યાદગાર કેમ બનાવશો?

**(અનુસંધાન : પાના નં.-૬૯ ઉપરથી ચાલુ)**

હિન્દી, અંગ્રેજી મુવીઝ ઘરે જોઈ શકાય છે. જો કે, સારાં પુસ્તકો વાંચવા, મિત્રો, ભાઈઓ અને પાડોશી સાથે ઇન્ડોર આઉટડોર ગેમ્સ રમવાથી વેકેશનનો સદ્‌ઉપયોગ થાય છે. શારીરિક અને માનસિક પ્રવૃત્તિઓ દ્વારા બાળક વધુ સારું પ્રદર્શન કરવા સક્ષમ બને છે અને અભ્યાસ ઉપર તેની સકારાત્મક અસરો પેદા થાય છે. વેકેશન દરમિયાન પણ બાળક જે વિષયમાં નબળો હોય તેનો થોડા કલાક અભ્યાસ કરાવવાથી સારા પરિણામ પ્રાપ્ત થાય છે. પહેલાંની સરખામણીમાં આજના બાળકો પ્રત્યે વધુ ધ્યાન આપવું જરૂરી બન્યું છે. બાળકો વેકેશનનો સદ્‌ઉપયોગ કેવી રીતે કરી શકે તે બાબતે માતા-પિતા પણ ધ્યાન આપતા થયા છે અને હવે તેઓ પહેલેથી જ આયોજન કરે છે. યાદ રાખો, વર્ષમાં એક જ વાર દિવાળીની રજાઓ આવે છે અને તમે તેનો યોગ્ય ઉપયોગ કરો તે સુનિશ્ચિત કરો. પ્રકૃતિની સમીપે રહેવું એ જ ખરેખર જીવન છે. ઋતુ ઋતુ પ્રમાણેના ફળ આરોગવાં, વ્રતો-તહેવારોની મજા માણવી, સહૃદયો સાથે ગોષ્ઠી માંડવી, થોડું રખડવું-ફરવું અને આઠેય પહોર આનંદમાં રહેવું એ તો જીવનરસનો અનુપમ લહાવો છે. ઉનાળો પ્રકૃતિના સૌંદર્યને અલગ રીતે મૂકે છે. એક જુદા પ્રકારની જમાવટ કરે છે દિવાળીની રજાઓ કોને ગમે? એક વર્ગ એવો છે જેને દિવાળીની રજાઓ ખૂબ જ ગમે. અને એ છે...વિદ્યાર્થીઓનો વર્ગ. વિદ્યાર્થીઓને મન દિવાળીની રજાઓ એટલે જ વેકેશન, દિવાળીની રજાઓ એટલે લીલાલહેર, દિવાળીની રજાઓ એટલે મામાનું ઘર અને દિવાળીની રજાઓ એટલે બીજું ઘણું બધું. અને હા, ખાસ મોબાઈલ કે ઇન્ટરનેટ ઉપર વીડિયો ગેમ ના રમો પણ ખુલ્લા આકાશ નીચે રમતના મેદાનમાં ભારતીય રમત જેવી કે કબડ્ડી, ખોખો, ઊંચી કૂદ, સતોળિયો, લંગડી, થપ્પો, જેવી રમત રમી આ દિવાળીની રજાઓને યાદગાર બનાવો.

*"પરમેશ્વરી", પ્લોટ નં. ૧૬૫, વિજયનગર એરિયા,*
*હોસ્પિટલ રોડ, ખાવડા મેસૂબ ઘરની સામે,*
*ભુજ, કચ્છ- ૩૭૦ ૦૦૧.*
*મો. ૯૪૨૮૦ ૭૭૨૯૫.*

વાર્તા

# ટેરવાંનો સ્પર્શ

અજય સોની

શેખર ઝાંપો ખોલી અંદર આવ્યો. પીંછીના લસરકા જેવી હવાની લહેરખી એને વીંટળાઈ વળી. ફાર્મહાઉસની ફરતે વાળમાં ખીલેલા વેલાઓ ફૂલથી લડી પડ્યા હતા. એ બાજુથી નજર હટાવી તે રાતરાણી બાજુ વળ્યો. રાત પડતાં જ રાતરાણી પોતાની સુગંધ વહેતી મૂકશે. શેખરને રાત પડવાની તાલાવેલી થઈ. મેઘાને રાતરાણીની સુગંધ બહુ ગમતી. મેઘાએ એક વખત શેખરના મનની વાત કહી હતી.

– બારી બહાર રાતરાણી મહેકતી હોય ત્યારે પીંછીના લસરકાનો મિજાજ જુદો જ હોય છે. ખાલી કેન્વાસ ક્યારે રંગ બદલવા લાગે ખબર જ ન પડે.

ત્યારે પહેલી વાર શેખરને મેઘા પોતાની બહુ નજીક હોય એવું લાગ્યું હતું. જાણે ખાલી કેન્વાસ પર પહેલો લસરકો પડ્યો હોય.

– સાહેબ, કો'ક નો ફોન આવ્યો હતો. રામજી પોર્ચનાં પગથિયાં ઊતરતાં બોલ્યો. એના હાથમાં મોબાઈલ જોઈને શેખરને યાદ આવ્યું કે પોતે મોબાઈલ ફાર્મ હાઉસ પર ભૂલી ગયો હતો.

રામજી પાસે આવ્યો. શેખરે મોબાઈલની સ્ક્રીનલાઈટ ઓન કરી. બે મિસ્ડકોલ હતા. શેખરે મોબાઈલની સ્ક્રીનલાઈટ ઓફ કરી નાખી.

– જમવાનું શું બનાવું? રામજી બોલ્યો.

શેખરને ઓળો ખાવાનું મન હતું. પરંતુ યાદ આવ્યું કે મેઘાને નહીં ભાવે.

– પાલકનું શાક બનાવજે. અને હા, બે જણનું બનાવજે.

– નમીતા મેમસા'બ આવવાનાં છે? સારું, તો એમને ભાવતું રાયતું પણ બનાવીશ.

– ના, નમીતા નથી આવાની. શેખર રામજીના ચહેરા પર લટકતા આશ્ચર્યને જોઈ રહ્યો. એ હંમેશાં ફાર્મહાઉસ પર નમીતા સાથે જ આવતો. એટલે રામજીનો પ્રશ્ન સ્વભાવિક હતો. પરંતુ એને ક્યાં ખબર હતી કે નમીતા અને એ છ મહિનાથી...

રામજી થોડી વાર ઊભો રહ્યો. પછી ચાલ્યો ગયો. શેખર એની પીઠને એકધારું જોતો રહ્યો. અજવાસ ઘટી ગયો હોય એવું લાગતું હતું. એને ફરી ચાલવા જવાની ઈચ્છા થઈ. ત્યાં જ યાદ આવ્યું...કાલે સાંજે રામજી કહેતો હતો. સાંજટાણે શેઢે એરું-ઝાઝરું ફરતા હોય છે. ક્યાંક અજાણતાં પગ પડી જાય તો કરડે. શેખરને એકાએક થયું જાણે પોતાના શરીરમાં કોઈ અજાણ્યું ઝેર ચડી ગયું છે અને શરીર લીલું પડી રહ્યું છે.

એ કૂવા પાસેના હીંચકા પર બેઠો. મેઘાને કોલ કર્યો. બે રિંગમાં જ રિસીવ થઈ ગયો.

– વ્હોટ ઇસ ધિસ શેખર. મેં બે કોલ કરેલા. ક્યારની તારા કોલની રાહ જોઉં છું. નાઉ ટેલ મી વે.

– હા મેઘા, હું સેલફોન ફાર્મહાઉસ પર ભૂલી ગયેલો. તું ક્યાં છો અત્યારે?

– શિવગઢ પાસે એક ધાબા જેવું છે ત્યાં છું. અને બધા ટ્રક ડ્રાઈવરો મને જ તાકી રહ્યા છે.

– ઓકે. હવે એકાદ કિલોમીટર આગળ જઈશ એટલે મોટા ઝાડ પર એક સાઈનબોર્ડ આવશે. તેના પર રાયપુર લખ્યું હશે. એ કાચા રસ્તા પર ત્રણેક કિલોમીટર આગળ આવીશ એટલે ફાર્મહાઉસ આવી જશે. ગામમાં આવીને કોઈને પણ પૂછીશ એટલે બતાવશે.

– એટલો બધો ફેમસ છે તારો ફાર્મહાઉસ?

– ના, ગામમાં ફાર્મ ઘણાં છે પણ ફાર્મહાઉસ એક જ છે. અને બીજી વાત. અંધારું થઈ ગયું છે. કોઈ પણ મળે કાર ઊભી ન રાખજે. રસ્તો ન મળે તો મને ફોન કરજે. કોઈ અજાણ્યાને ન પૂછજે. સાઈનબોર્ડ પછીનો રસ્તો કાચો છે. સો બી કેયરફૂલી.

– કોઈ હોરર ફિલ્મ જેવું લાગે છે. ઇન્ટરેસ્ટિંગ. ઓકે બાય.

શેખર કશુંક બોલવા જતો હતો ત્યાં મેઘાએ ફોન કટ કરી નાખ્યો.

આપોઆપ હળવું ઝૂલતા હીંચકાને એણે ઠેસ મારીને ગતિ આપી. ફાર્મહાઉસમાં નીચે એક ઓરડામાં બત્તી ચાલુ હતી. ઉપરના રૂમ અને બાલ્કનીમાં અંધારું હતું. અંધારામાં બંગલો કોઈ જૂની હવેલી જેવી લાગતો હતો. નમીતાને બંગલા પર આવવું બહું ગમતું. શેખર અને નમીતા વારંવાર આવતા. થોડા દિવસ રોકાતા. ક્યારેક રજાના દિવસોમાં શેખર એકલો આવી જતો. ઉપરના રૂમમાં બેસીને ચિત્રો બનાવ્યા કરતો. ક્યારેક આખી રાત કામ કરતો. પરોઢે ખેતર પર ઝાકળ વળતી એટલે ફરવા જતો પાછો આવીને સૂઈ જતો. છેક સાંજે જાગતો.

ફાર્મહાઉસ પર દિવસ-રાતની કશી ખબર ન રહેતી. કોરું કેન્વાસ, પીંછી, ડિશ અને રંગોની ગંધથી એ ઘેરાયેલો રહેતો. નમીતા કહેતી.

તમે જ્યારે ફાર્મહાઉસ પર જાઓ છો ત્યારે મને પણ ભૂલી જાઓ છો. શેખર બોલતો નહીં પણ એને મનોમન થઈ આવતું, કદાચ સાચી વાત છે.

શેખરે મેઘાને ફાર્મહાઉસ વિશે કહ્યું ત્યારે એ રોમાંચિત થઈ ગયેલી. એણે રીતસરની અહીં આવવાની જીદ કરેલી. પણ શેખર બહાનાં બતાવતો હતો. દરેક વખતે વાત ટાળતો. શેખરને થયા કરતું કે ફાર્મહાઉસમાં એવું ઘણું બધું છે જેના પર નમીતાનાં ટેરવાંનો સ્પર્શ અકબંધ છે. શેખરને થતું કે ક્યાંક એ સ્પર્શની છાપ ઝાંખી ન પડી જાય. એના પર ધૂળના થર ચડતા જતા હતા પણ મેઘાના સ્પર્શની કલ્પના થઈ શકતી ન હતી. પછી મેઘાએ ફાર્મહાઉસ વિશે વાત કરવાનું બંધ કરી દીધેલું. શેખર પણ મેઘાની હાજરીમાં ફાર્મહાઉસની કશી વાત ન કરતો. શેખર ઘણા સમયથી નવું ચિત્ર શરૂ નથી કરી શક્યો. એનાથી વિપરીત મેઘાએ હમણાં ઘણાં ચિત્રો બનાવ્યાં હતાં. નવી શૈલીનાં અને જુદા જ રંગના શેડવાળાં. એ શેખરને બતાવતી. શેખર એના ચિત્રમાંના સ્પેસ, રંગો અને ભાવોને જોયા કરતો. એને થતું કે મેઘાનાં ચિત્રોમાં કશુંક ખૂટે છે. એનાં ચિત્રો જોઈને થતું કે થોડા લસરકા કરીને એના ચિત્રને બદલી નાખું. પરંતુ શેખર એવું ન કરી શકતો. એ જાણતો હતો કે એ ચિત્ર મેઘાનું છે. એના પર લસરકા કરવાનો હક્ક તેને જ છે. મેઘા ચિત્રોમાં પૂરબહાર ખીલી હતી. એનાં ચિત્રોમાં એનો રોમાંચ દેખાતો હતો. એ જોઈ યાદ આવતું કે મેઘાને પીંછી પકડતાં એણે જ શીખવી હતી. પોતે છેલ્લા ઘણા સમયથી નવું ચિત્ર શરૂ નથી કરી શક્યો. મનમાં સતત કશુંક ઘૂંટાયા કરતું હતું પરંતુ કેન્વાસ પર આકાર ધારણ કરતું ન હતું. પહેલી વાર ચિત્ર બનાવતો હોય એમ ડરી જતો. મેઘાને આ વિશે વાત કરી તો એણે કહ્યું - ક્રિએટીવ માણસોને આવી ઍરર આવતી હોય છે. ક્યારેક આવા સમયે કલાકારની ક્રિએટીવિટી ખત્મ પણ થઈ જાય.

એ જાણતો હતો કે આ ઍરર નથી. એને પોતાના કેન્વાસ પર લસરકા કરવાનું મન થતું ન હતું. ખાલી કેન્વાસ સામે એના હાથ બંધાઈ જતા. જ્યારે મેઘાનું ચિત્ર કરવા એના હાથ તલસતા હતા. પોતાની જાતને કશાકથી દૂર થતો જોઈ રહ્યો હતો. એ કોઈ એવી શક્તિ તરફ ખેંચાઈ રહ્યો હતો જેના કારણે પોતાના ધ્રુવથી છટકી ગયો હતો.

નમીતાને થોડા સમયથી એવું લાગતું હતું કે શેખર એની અવગણના કરી રહ્યો છે. જાણ કર્યા વિના એકલો ફાર્મહાઉસ પર જતો રહેતો. શેખરે મેઘા વિશે વાત કરેલી. નમીતાને મેઘાનું ખુલ્લાપણું ગમતું. જ્યારે પણ મળતી ત્યારે નિખાલસતાથી વાતો કરતી. ઘરે આવતી ત્યારે શેખર વિશે પૂછ્યા કરતી. નમીતાને ન ગમતું, પણ ધ્યાન ન આપતી. શેખર પણ એની તરફ ખેંચાતો હોય એવું લાગી રહ્યું હતું. ત્યારે નમીતાને શેખર સાથે ગાળેલી ક્ષણો માયાવી હોય એવું લાગ્યું હતું. જ્યારે શેખરે પોતાના એક પ્રદર્શનમાં મેઘાને સાથે લઈ જવાની વાત કરી હતી ત્યારે ન ગમતું હોવા છતાં નમીતા ના નહોતી પાડી શકી. નમીતાને એ વખતે મેઘા કોઈ જાદુગરણી હોય એવું લાગેલું. પણ શેખર વિશે વિચાર કરતાં એનું લોહી ઠરી જતું. એણે કશો વિરાધ કર્યો ન હતો. શેખરે પણ સહજતાથી વાત પૂરી કરી નાખેલી. નમીતાને નવાઈ લાગી હતી કે શેખર આટલી હદે બદલાઈ ગયો હતો? એનું મન કળી શકાતું ન હતું. એના દરેક પ્રોગ્રામ, પ્રદર્શનમાં એ નમીતાને સાથે લઈ જતો. ક્યારેક નમીતાની ઇચ્છા ન હોય તોપણ જવું પડતું. એ જ શેખરે એને હાંસિયામાં ધકેલી દીધી એ વાત ખટકતી હતી. નમીતાએ ક્યારેય શેખરને રોક્યો નથી. એ જાણતી હતી કે શેખર પોતાનાથી દૂર જઈ રહ્યો છે. પરંતુ નમીતા જિદ્દી બનીને એને જકડી રાખવા માંગતી ન હતી.

શેખરે હીંચકો અટકાવ્યો. એને હંમેશાં સાંજની હવામાં ઉદાસી ભળેલી હોય એવું લાગ્યું. પણ આજે સારું લાગતું હતું. રોમાંચ થતો હતો. મેઘાને ફોન કરવાનો વિચાર આવ્યો. પછી થયું કે નથી કરવો. અજાણતાં જ નમીતાનો વિચાર આવી ગયો. એ આગળ વિચારે એ પહેલાં ખૂણામાં પડેલા પાવડો અને કોદાળી દેખાયાં. એના પર નજર અટકી. એક વાર શેખર વહેલી સવારે પાવડો ખભે ભરાવીને રામજીની સાથે નીકળી પડ્યો હતો. રામજીએ ના પાડી હતી. શેખર માન્યો ન હતો. મોડેથી નમીતા જાગી ત્યારે રામજીની સાથે શેખરને કામ કરતો જોઈને નવાઈ લાગેલી. જ્યારે શેખર પરસેવાથી રેબઝેબ થઈને આવ્યો ત્યારે નમીતા હસી પડેલી. કેમ થાકી ગયા? તમારા હાથ પીંછી માટે બન્યા છે, પાવડા માટે નહીં. નમીતાને જોઈને શેખર હસી પડ્યો હતો, ત્યારે નમીતા પણ ક્યાં જાણતી હતી કે શેખર એના માટે નહીં પણ...

શેખર ઊભો થઈ ગયો. પાવડો, કોદાળી, નમીતા બધા વિચારો ખરી પડ્યા. એ નમીતા વિશે વિચારવા માંગતો ન હતો. છેલ્લા છ મહિનાથી એ તેના પપ્પાના ઘરે ચાલી ગઈ હતી. બન્ને વચ્ચે કશી વાત થઈ ન હતી. ફોન, મેસેજ, મેઈલ, કશું જ નહીં. જતી વખતે લેટર છોડી ગયેલી. એમાં કારણ જણાવ્યું ન હતું પણ શેખર સમજી ગયો હતો. એ પછી શેખરે સંપર્ક કરવાનો પ્રયત્ન કર્યો ન હતો. એને જરૂરી પણ લાગ્યું ન હતું. બન્ને વચ્ચે છેલ્લા ઘણા સમયથી તણાવ રહેતો હતો. સામાન્ય વાતચીત પણ થતી ન હતી. નમીતાને શેખરનું મેઘા સાથે રહેવું ગમતું ન હતું. નમીતા કશું જણાવતી ન હતી પણ એનું વર્તન બદલાઈ ગયું હતું. શેખર જાણતો હતો કે વચ્ચે મોટી તિરાડ આવી ગઈ છે. એ તિરાડનું કારણ મેઘા હોય એવું લાગતું ન હતું. પરંતુ હવે તિરાડ ત્રીજી બાજુથી પુરાઈ રહી હોય એવું લાગી રહ્યું હતું.

શેખરે સામેથી મેઘાને ફાર્મહાઉસ પર બે દિવસ રહેવા

આવવાનું કહ્યું ત્યારે મેઘાને નવાઈ લાગેલી. શેખરને હતું કે કદાચ મેઘા ના પાડી દેશે. પરંતુ એણે કશાય સવાલો કર્યા વિના હા પાડી. એને સારું લાગતું હતું કેમ કે શેખરે સામેથી કહ્યું હતું. શેખર અને નમીતા થોડા સમયથી અલગ છે એ મેઘાને ખબર ન હતી. શેખરે આ વિશે મેઘાને વાત કરી ન હતી. એને હતું કે એ વાત જાણીને કદાચ મેઘાનું વર્તન બદલાઈ જશે, એની આંખોમાં ઊછળતા રંગોની ભાત બદલાઈ જશે. એ પહેલાં જ શેખર કેન્વાસ ભરી લેવા માંગતો હતો. મનોમન ખાલી જગ્યાઓમાં રંગ પૂરતો જતો હતો. પરંતુ વારંવાર પીંછી અટકી જતી હતી. નમીતા સાથે ગાળેલો સમય યાદ આવી જતો હતો. એ સમયને ભૂંસી નાખવો સહેલો ન હતો. આછા થઈ ગયેલા સમયના જીવંત ટુકડાને હડસેલી શકાતા ન હતા. ફાર્મહાઉસની દરેક વસ્તુઓ પર, ખેતર પર વહેલી હવામાં, દરેક ઢેફામાં નમીતાના શ્વાસ સંભળાતા હતા. શેખર દરેક જગ્યાએથી છૂટવાનો પ્રયત્ન કરતો હતો. નમીતાની જગ્યાએ મેઘા સાથે ગાળેલો સમય કલ્પતો હતો. જેની સાથે જીવ્યા હોઈએ એનાં સ્મરણો પોતાના હાથે ભૂંસી નાખવા અઘરું કામ હતું. એ કામ શેખરથી થઈ શકે એમ ન હતું. એટલે જ મેઘાને બોલાવી હતી. અહીં રહેશે એટલો સમય એ દરેક વસ્તુથી પરિચિત થશે. નમીતાના સ્પર્શ પર જામેલી ધૂળને હટાવી પોતાનો સ્પર્શ આપશે. એ કામ મેઘાથી થઈ શકશે. એને ટાઈમ અને સ્પેસ આપવાં પડશે.

રામજી જમવા માટે બોલાવવા આવ્યો હતો. શેખરે ના કહી વળાવી દીધો. જમવાનું ઢાંકીને રાખી દેવાનું કહ્યું. રામજીએ કહ્યું કે મહેમાન આવે એટલે બોલાવજો. પણ શેખર ઇચ્છતો ન હતો કે રામજી આવે.

શેખરે ઝાંપા બાજુ જોઈ લીધું. કારની હેડલાઈટનું અજવાળું દેખાતું ન હતું. અંદર જઈને ડ્રોઈંગરૂમની ખુરશી પર બેઠો. ઉપરના માળે જવાની સીડી પાસેની દીવાલ પર પેઈન્ટિંગ લગાવ્યાં હતાં. શેખરે ના પાડી હતી તેમ છતાં નમીતાએ શેખરનાં પેઈન્ટિંગ લગાવ્યાં હતાં. શેખર એ ચિત્રોને અધૂરાં માનતો હતો એટલે પ્રગટ કર્યા ન હતાં. સ્ટુડિયોમાં પડ્યા રહેતાં. નમીતા ફંફોસીને બધાં ચિત્રો લઈ આવી. એ તો ઘરમાં લગાવવા માંગતી હતી. પણ શેખરે કમને ફાર્મહાઉસ પર લગાવવાનું કહ્યું. આનાકાની પછી નમીતા માની ગયેલી. શેખર એ ચિત્રોને જોઈ રહ્યો. દીવાલ ભરચક લાગતી હતી. હાથમાં સળવળાટ જાગ્યો. વિચાર આવ્યો કે દીવાલ પરથી ઉતારીને એમાં કામ કરું. એ ચિત્રોમાં ઘણીબધી શક્યતાઓ હતી. પરંતુ એમાં આગળ વધી શકાતું ન હતું. હવે લાગે છે એ ચિત્રો કદાચ અધૂરાં રહેવા જ સર્જાયાં હશે.

બહાર હોર્નનો અવાજ આવ્યો. શેખર સફાળો ઊભો થઈ ગયો. રામજી જાય એ પહેલાં પહોંચી જવા માંગતો હતો. બહાર નીકળ્યો ત્યાં રામજી ઉતાવળે જતો દેખાયો. શેખરે એને અંદર જવા કહ્યું. રામજી અસમંજસમાં અંદર જતો રહ્યો. શેખરે ઝાંપો ખોલ્યો. કાર અંદર આવી. હેડલાઈટ ઑફ કરી મેઘા કારમાંથી ઊતરીને બહાર આવી. શેખર એને જોઈ રહ્યો. ખુલ્લા વાળ અને જીન્સ પર એને ગમતા પર્પલ રંગનો કુર્તો પહેર્યો હતો. ચહેરા પર આછો મેકઅપ કર્યો હતો. શેખરે એની આંખોમાં જોયું. અંધારાના કારણે કશું દેખાયું નહીં.

— બહુ દૂર છે તારું ફાર્મહાઉસ. રસ્તામાં કેવા ડેન્જર ટર્ન છે! માય ગોડ એક વાર તો માંડ બચી. આટલું બોલી મેઘા આદત મુજબ મોટેથી હસી પડી. શેખર એના ચહેરાને એકધારું જોઈ રહ્યો.

— ચાલ ભૂખ લાગી હશે. જમવાનું તૈયાર છે.

— હા, બહુ ભૂખ લાગી છે. રસોઈ કોણે બનાવી? તેં?

— ના, રામજીએ. અહીં જ રહે છે. ફાર્મહાઉસની સંભાળ રાખે અને ખેતર વાવે. ચાલ મળાવું. શેખર રામજીની ઓરડી બાજુ જતો હતો. ત્યાં રામજી બહાર આવ્યો. શેખરના પગ અટકી ગયા.

— આ રામજી છે. શેખરે રામજી તરફ હાથ લંબાવતાં કહ્યું. રામજી મેઘાને જોઈ રહ્યો.

— અને આ...શેખર અટકી ગયો. આગળ શું બોલવું એ સૂઝ્યું નહીં. રામજી શેખરને જોઈ રહ્યો. ત્યાં જ મેઘા બોલી - હું મેઘા. શેખરની મિત્ર છું.

— જમવાનું ગરમ કરું છું. તમે બન્ને બેસી જાઓ.

રામજીના અજીબ વર્તનથી બન્નેને નવાઈ લાગી. રામજી કદી આ રીતે વર્તતો નહીં. એનું નમીતા સાથે સારું બનતું. નમીતા અહીં રહેતી એટલો સમય રામજી સાથે વાતો કર્યા કરતી. રામજી પણ ખેતીની, એના પરિવારની, ગામની વાતો કરતો. નમીતાને સાંભળવું ગમતું.

બન્ને અંદર આવ્યાં. ડ્રોઈંગરૂમ જોઈને મેઘા રાજી થઈ ગઈ. ઘડીભરમાં આખા રૂમમાં ફરી વળી. બધી વસ્તુ, દીવાલોને પોતાનો સ્પર્શ આપી દીધો. શેખરને સારું લાગ્યું. એ બન્ને હાથ ખિસ્સામાં ભરાવીને ઊભો હતો.

— શેખર બહુ સુંદર સજાવટ છે. કોણે કરી ...?

— નમીતાએ. ઝડપથી બોલીને શેખર બારી બહારનાં અંધારાંને તાકવા લાગી ગયો.

— અને આ વૉલપીસ...? એ પણ...

— હા...

— સોફાના કવર, ગાલીચો, વૉલપીસ, ડાઈનિંગ ટેબલની સજાવટ, શો-કેસમાં ગોઠવેલ કાચનાં વાસણો...બધું જ નમીતાની પસંદનું છે? મેઘાનો અવાજ અનાયાસે મોટો થઈને ધીમો પડી ગયો.

— હા મેઘા. છોડ એ બધું. આપણે જમી લઈએ. ચાલ હાથ-મોં ધોઈ લે.

બન્ને ડાઈનિંગ ટેબલ પર સામસામેની ખુરશી પર બેઠાં. મેઘા ચારેબાજુ બધી વસ્તુઓને અચરજ ભરી નજરે જોઈ રહી હતી. શેખરની ઈચ્છા હતી કે મેઘા ફાર્મહાઉસની દરેક વસ્તુને અડકે અને પોતાનો સ્પર્શ આપે. જામી ગયેલી ધૂળ ઉડાડીને પોતાના ટેરવાની છાપ છોડે. કેમ કે હવેથી...

શેખર કલ્પનાઓ કરી રહ્યો હતો. મેઘાના મનમાં ઉથલપાથલ મચી હોય એવું લાગતું હતું. અહીં આવી ત્યારે જે રોમાંચ હતો એ ફાર્મહાઉસ જોયા પછી ઓસરી ગયો હોય એવું દેખાતું હતુ.

રામજી આવ્યો. થાળી પીરસવા લાગ્યો.

— પાલકનું શાક બનાવવાનું કહેલું ને? રાયતું કેમ બનાવ્યું છે? શેખર ગુસ્સે થઈ ગયો. મેઘા શેખરનાં ખેંચાયેલાં ભવાંને જોઈ રહી.

— આજે પાલક નથી. રાયતું તો તમને ભાવે છે ને?

— મને ભાવે છે પણ...શેખરનો અવાજ ઊંચો થઈ ગયો. પથ્થર પર પાણી રેડ્યું હોય એમ શેખરના ગુસ્સાની રામજી પર કશી અસર ન થઈ. એ બોલ્યા વિના અંદર ચાલ્યો ગયો.

— ઇટ્સ ઓકે શેખર. મને ચાલશે.

— મેં એને કહ્યું હતું કે...શેખરે હોઠ ભીડી દીધા.

— એના પર ગુસ્સો ન કર શેખર. એને રાયતું બનાવવાની આદત છે. પાલક ખાનારી પહેલી વાર આવી છે. મેઘાએ જમવાનું શરૂ કર્યું. એના શબ્દો શેખરને ખૂંચી ગયા એ જેમ નમીતાથી દૂર જવા માંગે છે તેમ પરિસ્થિતિ એને નમીતાની પાસે લાવી દે છે. કશાક વિચારોમાં ખોવાયેલી મેઘા જમી રહી હતી. શેખર એના હોઠના વળાંકને જોઈ રહ્યો હતો.

એ દિવસે ચિત્ર બનાવતાં અચાનક જ લાઈટ ચાલી ગયેલી. સ્ટુડિયોમાં ગાઢ અંધારું છવાઈ ગયું હતું. બહાર વરસાદ વરસતો હતો. બન્ને પાસ પાસે ઊભાં હતાં. એકમેકના શ્વાસ સંભળાતા હતા. શેખરે પીંછીને સ્ટેન્ડ પર રાખીને મેઘાનો હાથ પકડ્યો હતો. અંધારામાં વધી ગયેલા શ્વાસનો અવાજ સ્પષ્ટ સંભળાતો હતો. એ મેઘાની બંધ આંખો અને ફફડતા હોઠને પી રહ્યો હતો. મેઘાએ પ્રતિકાર વિના પોતાની જાતને સોંપી દીધી હતી. શેખર કોરા કેન્વાસ પર લસરકા કરતો જતો હતો. એક અદભુત ચિત્ર આકાર લઈ રહ્યું હતું.

થોડી વારે વરસાદ અટકી ગયો. બન્ને ક્યાંય સુધી એકબીજાને વળગીને પડ્યાં રહ્યાં. અચાનક લાઈટ આવી. મેઘા સફાળી ઊભી થઈ ગઈ. ત્યારે પહેલી વાર શેખરને થયું કે મેઘાનું ન્યુડ પેઈન્ટિંગ બનાવવું જોઈએ. પરફેક્ટ સેપ છે.

— શું જુએ છે?

— તારા હોઠના વળાંકને જોઉં છું.

મેઘા કશું ન બોલી. શેખરને એમ હતું કે મેઘા શરમાઈ જશે.

— તું જમતો કેમ નથી?

— તારો ચહેરો પી રહ્યો છું. શેખર મનોમન એ વરસાદી સાંજને યાદ કરી રહ્યો હતો.

શેખરના શબ્દો સાંભળ્યા જ ન હોય એમ મેઘા અચાનક બોલવા લાગી.

— શેખર, ફાર્મહાઉસ તું કહેતો હતો તેનાથી ઘણું દૂર છે. અહીં આવી છું ત્યારથી અલગ જ ફીલ થાય છે. દરેક વસ્તુ મને ખેંચી રહી છે. પરંતુ પાસે જાઉં છું તો દૂર હડસેલતી હોય એવું લાગે છે. અહીં કશુંક અકબંધ છે જેને હું અડકવાનો પ્રયત્ન કરી રહી છું. કદાચ મારે એ ન કરવું જોઈએ. આસપાસ કોઈકના શ્વાસ સંભળાઈ રહ્યા છે. જે મને તારી નજીક આવતાં રોકે છે.

મેઘા એકધારું બોલી ગઈ.

— તને લાગી રહ્યું છે પણ એવું કાંઈ નથી. ફાર્મહાઉસની દરેક વસ્તુ પર મને તારો સ્પર્શ જોઈએ છે. હું ઇચ્છું છું કે તું બધે ફરી વળે. તારાં પગલાંની છાપ બધી જગ્યાએ અંકાઈ જાય. સવારે આપણે ખેતરે ફરવા જઈશું. તને બધું બતાવીશ. મારાં ઘણાંખરાં ચિત્રો અહીં બન્યાં છે. મારો શ્વાસ ફાર્મહાઉસ સાથે જોડાયેલો છે. હવે તું અહીં આવી ગઈ છો એટલે લાગે છે ખાલી જગ્યાઓ ભરાઈ જવાની છે. આપણે અત્યારે સૂઈ જઈએ. તને થાક લાગ્યો હશે. સવારે નિરાંતે વાત કરશું.

— શેખર, જે જગ્યાઓ પહેલેથી ભરેલી છે એને હું કઈ રીતે ભરી શકું? મારે નવી જગ્યા બનાવવી પડશે. જેના માટે અહીં સ્પેસ નથી લાગતો.

મેઘાએ યંત્રવત્ જમીને પાણી પી લીધું. શેખર પણ જમીને ઊભો થયો. મેઘાની વાતો સાંભળીને અંદર સતત ફાંસ વાગ્યા કરતી હતી. એ મેઘાની પાસે જવાનો પ્રયત્ન કરી રહ્યો હતો અને મેઘા સતત દૂર સરકતી જતી હતી. બન્ને વચ્ચે ન સમજાય એવી ધૂંધળાશ આવી ગઈ હતી. મેઘા બહાર પેસેજમાં આવીને ઊભી રહી. ઊંડા વિચારમાં હોય એવું લાગતું હતું. લાકડાના કઠેડાને પકડીને અંધારાને તાકી રહી હતી.

— શેખર, નમીતા ક્યાં છે? મેઘાએ સીધો સવાલ કર્યો શેખર ઈચ્છતો ન હતો કે મેઘા એના અને નમીતા વિશે કશુ જાણે. ત્યાં જ રામજી આવ્યો.

— ઉપર રૂમમાં પથારી કરી નાખી છે. ટેબલ પર પાણીનો જગ ભરીને રાખ્યો છે.

શેખર રામજીને જતો જોઈ રહ્યો. એકાએક પાછો ફર્યો.

— તમારી પથારી સ્ટુડિયોમાં કરી છે. આટલું બોલી ફરી ચાલ્યો ગયો. શેખરને ગુસ્સો આવી ગયો. આ વખતે એની પીઠ અરીસા જેવી લાગતી હતી.

**(અનુસંધાન : જુઓ પાના નં.-૬૩ ઉપર)**

વાર્તા

# પાણીનો અવાજ

રાજેશ અંતાણી

પાર્વતી દોડતી દોડતી પરસાળમાં આવી. પાર્વતીના હાથમાં સાવરણી અને સૂપડી. પાર્વતીએ પરસાળમાં આવીને આંગણામાં જોયું તો બાપા જોડામાં પગ ખોસતા હતા.

ઓચિંતી પાર્વતીને પરસાળમાં ઊભેલી જોઈને બાપા ચમક્યા : 'કાં પારી? શું થ્યો?'

'ઉંધેડી ગિડી આવી છે અધા, તેને કાઢવાની મથાકૂટ કંઈ તૂની કરું છું...'

'છડ છડ હવે. રાંધણિયામાં ચૂલો કંઈ તૂનો ધૂખ છે-એનો કાંક ઈલાજ કરને....ચૂલા માથે હાંડલી-બાંડલી ચડાવ-વેલી, નક્કર ખાવા ભેગા નઈ થઈએ...ઉંધેડી વારી...નક્કરતા....'

'ઈ તો મને ખબર છે અધા, પણ તમે પગમાં જોડા ખોસીને અટાણે ક્યાં હાલ્યા?'

'કાં વારી ન કર - કાલ તું નો તને કીધે રાખું છું. પાણી વારી નીકરી આવી છે - પંચાતમાં ભેરા થવાના છે બધા - પાણી સારું કરીને...'

'ઓહ! ઈ તો હું ભૂલી ગઈ. આ ઊંધેડીએ તો મારો માથો ફરાવી નાખ્યો છે. કેમે કરીને ઊંધેડી ઝાલી-ઝલાતી જ નથી. કંઈ તૂની રત પી ગઈ છે - તી અધા, ઝપાટે પાછા આવજો.'

'તી કાં? ઝપાટે -! જાઉં ઈ પે'લાં ઝપાટે આવું?'

'વથાણમાં પાણીનો ટાંકો આજે આવવો ખપે. વારો છે ને પાણીના ટાંકાનો. ઘરમાં સમુરો પાણીનો ટીપો નથી.''

'તારી ભાલી થાય - આવી જઈસ વેલી. બસ - રસોડામાં આંધણ ચડે એટલો તો પાણી છે ને ઘરમાં?'

'ઈ તો છે અધા...ઈ તો મેં મેળ કરી રાખ્યો' તો-'

'તો હાંઉ...'

બાપા પગમાં જોડા ખોસતાં ખોસતાં ડેલી સુધી દોડ્યા. જોરથી આગળિયો ખોલીને ડેલીને ધક્કો દઈને ખોલી. ડેલીની બહાર નીકળીને જોર દઈને ડેલી બંધ કરી.

પાર્વતી ડેલીની સાંકળનો અવાજ સાંભળી રહી. આંગણામાં સવારનો તડકો. લીમડાની ડાળી પર લટકતી પાણીની હાંડીની આજુબાજુ ચકલીનો મેળો. ઓટલા પર પથરાયેલાં ચણની આસપાસ કબૂતર...

પાર્વતીના મન ઉપર ભાર ઊતરી આવ્યો.

એણે સાવરણી અને સૂપડીનો ખૂણામાં ઘા કર્યો. જાણે એણે ઉંદરડી પકડવામાં હાર કબૂલી લીધી. પાર્વતીના મનમાં અચાનક નિરાશા ફરી વળી. પાર્વતીને એવું લાગ્યું કે એ જિંદગીથી હારી ગઈ છે. ધરતીકંપમાં બધાં ગયાં એના ભેગી પોતે હાલી ગઈ હોત તો સારું હતું. આવો કંટાળો તો ન હોત.

પાર્વતી પરસાળનાં પગથિયાં ઊતરી.

છેલ્લે પગથિયે ઢગલો થઈને બેસી ગઈ. સવારની ધીમી હવામાં ડોલતા લીમડાને જોઈ રહી. લીમડાની ડાળ ઉપર બેત્રણ પોપટ પણ આવીને ગોઠવાઈ ગયા હતા. સવારના સીધા તડકામાં પોપટની લાલ ચાંચ ચમકતી દેખાતી હતી.

અચાનક કંઈક યાદ આવતું હોય એમ પાર્વતી ઊભી થઈ ગઈ. ઘરમાં દોડીને રાંધણિયા સુધી પહોંચી ગઈ. રાંધણિયામાં આવીને જોયું તો ચૂલો ભડ ભડ સળગતો હતો.

પાર્વતી ચૂલા સામે બેસી ગઈ.

હાંડલીને નજીક ખેંચીને, પાણી ભરીને, આંધરણ ચૂલા પર મૂકી દીધું. ચૂલાનો ભડભડતો દેવતા પાર્વતી જોઈ રહી. આવું તો મનમાંય થાય છે. તપી ગયેલા મન ઉપર હાંડલી મુકાણી છે અને ઈ યે ભડ ભડ થાય છે - મનના તાપિયામાં પણ કાંક ભડ ભડ થાય છે...

આંગણામાં અત્યારે જ્યાં સવારનો તડકો છે ત્યાં, આંગણામાં જ ચોરી બંધાણી હતી. જે ડેલીમાંથી બાપા બહાર ગયા એ ડેલીની વચ્ચે લાડો બનીને આવેલો મહેશ વટથી ઊભો હતો. ઢોલ-શરણાઈના ઊંચા સૂરોના પડઘા આખાય ગામમાં પડતા હતા - ડેલી ઉપર બાંધેલું આસોપાલવનું તોરણ નીચે નમી આવ્યું હતું. બાઈએ મહેશને ડેલીમાં પોંખ્યો હતો. પાર્વતી રૂપલી સાથે શરમાતી ડેલી સુધી આવી હતી - મહેશને વરમાળા પહેરાવવા. રૂપલી ચોંટિયા ભરતી હતી. શરમથી પાર્વતીનો ચહેરો લાલ થઈ ગયો હતો...ધામધૂમથી પરણીને પાર્વતી સાસરે ગઈ હતી.

પાર્વતીની આંખો ભીની થઈ ગઈ. બધું ઓચિંતું બહુ યાદ આવી જાય છે. મહેશ તો ભુલાતો નથી. કેવો ઓળઘોળ થઈને પ્રેમ કરતો હતો મહેશ?! કુદરત નારાજ થઈ હોય એવો આકરો કાળ આવી ગયો. હજી લગનને સાત કે આઠ મહિના થયા હશે ત્યાં ભૂંડો ભૂકંપ આવી ગયો. કૂવે જઈને હાંડામાં પાણી ઠલવતી હતી. ઠૂંઠવાઈ જવાય એવી ટાઢ. કૂવામાંથી ડોલથી

સીંચીને પાણી હાંડામાં ઠલવતી હતી તેનો એકધારો અવાજ...એમાં મન મહેશ પાસે દોડી જવા માંગતું હતું - ને ત્યાં હાથમાંથી ડોલ છટકી ગઈ. આજુબાજુ બધું આમતેમ ડોલવા લાગતું. પાછળ જોયું તો આખુંય ઘર ધીરે ધીરે બેસતું હતું...રાડો પાડતાં લોકો દોડતા હતા-આમથી તેમ. હાલકડોલક થાતી ધરતી પર આડેધડ પગ મૂકીને પાર્વતી ઘર તરફ દોડી હતી...ઘરની નજીક જઈને જોયું તો આખુંય ઘર પડી ગયું હતું. તમામ સાસરિયાં ને મહેશ...

પાર્વતી ચમકી ગઈ.

હાંડલીમાંથી આવતો બૂડ બૂડ અવાજ. ભડ ભડ સળગતો ચૂલો. કપડાના છેડાથી પાર્વતીએ હાંડલી નીચે ઉતારી. પાર્વતીના કોમળ આંગળાં દાઝી ગયાં. પણ પાર્વતીને એની કાંઈ અસર ન થઈ.

પાર્વતી ઊભી થઈ.

છતમાં લટકતા શીકામાંથી બટેટા કાઢ્યા. પાણીથી ધોઈને બટેટા સમારવા લાગી. સાસરિયામાં પણ પાર્વતી આમ જ શાક સમારવા બેસતી. શાક સમારવામાં મશગૂલ હોય ત્યાં ઓચિંતો મહેશ સામે આવીને બેસી જતો...પછી એનો હાથ...

પાર્વતી ધ્રૂજી ગઈ.

મહેશના અનેક સ્પર્શ એના શરીરમાંથી પસાર થઈ ગયા. શાક છિનાયેલી આખીય થાળીને પાર્વતીએ હડસેલી. હાથમાં રહી ગયેલી છરીનો ઘા કર્યો.

પાર્વતીને થયું કે એ ધ્રુસકે ધ્રુસકે રડી પડશે કે શું? પાર્વતીનાં સાસરિયાંના વાવડ મળતાં પાર્વતીના બાપા દોડતા પાર્વતી પાસે આવી ગયા. તૂટેલા ઘરવાળા આંગણાંના એક ખૂણામાં ધોળો સાડલો પહેરીને બેઠેલી પાર્વતીને જોઈને ધ્રુસકે ધ્રુસકે રડવા લાગ્યા. થોડી વાર રહીને એણે પાર્વતીના કાનમાં કહ્યું - 'તારી બાઈ...છતની આડી ઉપર પડી ને ઇ...પણ...' ત્યારે પાર્વતી મૂઢ બનીને બાપાના ચહેરાને તાકી રહી...પછી છૂટથી રડી પડી...

શિયાળો ગયો અને ઉનાળો તપવા લાગ્યો...પાર્વતી બાપા સાથે પોતાના ગામમાં આવી ગઈ...બાપા સિવાય હવે કોઈ જ નહોતું...

પાર્વતી ચમકી.

લાગ્યું એને કોઈકે બોલાવી.

પાર્વતી ઊભી થઈ.

પરસાળ સુધી દોડી.

ડેલી વચ્ચે ઊભેલી રૂપલી દેખાઈ.

'કાં રૂપલી, શું થ્યો?'

'કાં વારી...હાલ વથાણમાં...પાણીના ટાંકા આવવાના વાવડ છે, પણ તારા ટપ્પરિયાં-ધોડ-વે'લી...નક્કર સમુરી પાણી વગરની રઈ જઈસ. વે'લી હાલ ઝપાટે...

'પણ રૂપલી, મારી તો હાંડી ચડી છે. રાંધણિયામાં - એને છડીને કેમ આવું? બાપા ખારા પાસે ઇ વરી વ્યાજમાં—'

'તારે જી કરવો હોય તે કર. હું આ હાલી-તારી જગા. ભાડી રાખીસ વેલી-ઝપાટે આવ. બીજી કોઈ લપછપમાં પડતી નંઈ નક્કર પાણીથી સાવ સસૂરી રહી જઈસ. હાલ-હાલ કર ઝપાટો...'

પાર્વતીની નજર પાસે રૂપા ખસી ગઈ.

થોડી વાર ડેલી વચ્ચેના શૂન્યાવકાશને પાર્વતી જોઈ રહી.

ઘરમાં પાછી ફરી.

પછી શું કરવું તે સૂઝ્યું નહીં.

રસોડાનું બધું કામ ઉતાવળે પતાવીને પાર્વતી પણિયારે ગઈ. હાંડા-બેડાં-ડોલ ઉપાડીને ડેલીની બહાર નીકળી. ડેલીને સાંકળ દઈને લાંબી સૂની શેરીને જોઈ રહી. આખીય શેરીમાં તડકો ક્યાંય સુધી લંબાઈને પડ્યો હતો.

પાર્વતી ઝડપથી ચાલીને વથાણ બાજુ નીકળી પડી.

વથાણમાં આવીને જોયું તો પાણીનું ટેન્કર આવી ગયું હતું. પાણીના ટેન્કરના છેડાથી વાસણની કતાર ક્યાંય સુધી લંબાઈ ગઈ હતી. વથાણમાં આખુંય તરસ્યું ગામ ભેગું થયું હતું - અને પાણીના ટેન્કરમાંથી પાણીના ધુરિયા હજી નીકળ્યા ન હતા.

'આવડો મોડો હોય?' રૂપા પાર્વતી પાસે આવી.

'કાં?'

'કાં સું? જોતી નથી? કેવી લાઈન લાગી છે તી? લે, હવે એમ કર મારાં ઠામણાં પછી તારાં ઠામ ઘુસાવી દે. કોઈ તારો નામ ન લે...ઝપાટો કર. આમ સૂની થઈને સું ઊભી છો?!

રૂપાએ પાર્વતીનાં ઠામ લઈને ગોઠવી દીધાં.

'તી હજી આ પાણીના ધુરિયા ટાંકામાંય છૂટતા કાં નથી?!

'માથાકૂટ છે - પારૂડી - પંચાતમાં ભેરા થ્યા છે ઈ બધા - સું કે' છે પછી બધો પાસે - જો'તાં તાપે કે'વો છે. જાણે પૂરો વૈશાખ...'

'છાંયડો ગોત રૂપલી...ઠામ કોઈ ન'ઈ ઉપાડી જાય' રૂપા આજુબાજુ જોવા લાગી. દૂર બાવળિયાની ઝાડી હતી...એમાં ખૂણો અને ખૂણામાં છાંયડો...

રૂપા પાર્વતીનો હાથ પકડીને બાવળ પાસે લઈ ગઈ. તપતી ધૂળના ઢગલા પાસે બન્ને બેસી ગયાં. આકરો તડકો પાણીના ટેન્કર પર સ્થિર થયો હતો...

'આ તો નિવેડો ઝપાટે આવે તો સાફ-'

'કાં?'

'કાં-સું? ઘરનાં કામ બધાં રૂલી પડસે - કાં વારી?

પાર્વતી આજુબાજુ જોવા લાગી.

છાંયો શોધીને લોકો આજુબાજુ બેસી ગયાં હતાં. પાર્વતીની નજર દૂર સુધી ફરી વળી. સામે વલુ મારાજની હોટલ. હોટલમાં કેટલાય લોકોની અવરજવર. એ બધા લોકોની વચ્ચેથી બહાર લંબાયેલા બાંકડા ઉપર સોહનને રકાબીમાં ચા પીતો જોયો.

પાર્વતીની આંખો ચમકી.

'જોયો? પારૂડી - જોયો? તારા વારો માસ્તર હોટલમાં ચાયની ચૂસકીયું લીયે છે...જા-ધોડ-મળી આવ...'

'રૂપલી...ઊંધા હાથની દઉં? છડ તને અટાણે પણ હલકાઈ સૂજે છે?'

રૂપા ખડખડાટ હસી પડી.

પાર્વતીને મજા ન આવી.

એણે રૂપાને ધબ્બો માર્યો.

રૂપા ધૂળમાં હાથ ખોડીને હસવા લાગી.

'નિશાળમાં છોરાઉંને ભણાવાને બદલે આ માસ્તર અટાણે ચાય ક્યાં પીવા નીકળી પડ્યો છે?' પાર્વતી મનોમન બોલી.

બાવળનો છાંયડો અને સામે હોટલ. હોટલમાં ચા પીતો સોહન.

વચ્ચેનો આખોય હિસ્સો મૃગજળ જેવો લાગતો હતો.

પાર્વતીએ ગરમ ધૂળમાં અંગૂઠો ખોસી દીધો. વચ્ચે દેખાતા મૃગજળની આરપાર, સોહનનો ચહેરો સ્થિર થઈ જતો હતો. આ સોહન પણ...

બાપા સાસરિયાના ગામથી લઈને પાર્વતીને પોતાને ગામ લઈ આવ્યા. એ પછીના દિવસો પાર્વતી માટે વસમા હતા. બાઈ પણ ન હતી - અને ઘરનું કોઈ ઠેકાણું પણ ન હતું. દિવસો ધીમી ગતિથી પસાર થતા હતા. મહેશ ભુલાતો ન હતો. મહેશનો પ્રેમ અને મહેશનો સ્પર્શ ભુલાતો ન હતો. જેઠ મહિનો ઊતરીને અષાઢ શરૂ થતો હતો. આકાશ અવનવા રંગો અને વાદળોના આકાર લઈને બધું વિખેરાઈ જતું હતું. એ દિવસોમાં શેરીમાં એક પુરુષ વળ્યો હતો - ધીમે ધીમે નજીક આવતો હતો...પાર્વતી એનો આકાર, શેરીની તૂટેલી દીવાલો વચ્ચેય ઓળખવા મથે ત્યાં એ આકાર નજીક આવી ગયો હતો...એ આકાર, ડેલીની સાંકળ ખોલતી પાર્વતીની સાવ નજીક આવીને ઊભો રહી ગયો. હાથમાં ઊંચકેલી સૂટકેસ નીચે મૂકી.

પાર્વતી અજાણ્યા પુરુષને જોઈ રહી.

'મોહનભાઈ સરપંચનું ઘર...ક્યું?'

પાર્વતીએ જમણી તરફ હાથ લંબાવ્યો.

પુરુષ પાર્વતીનો લંબાયેલો હાથ જોતો હતો.

'આભાર...'

પુરઉષને આગળ વધતાં પાર્વતી જોઈ રહી.

કોણ જાણે કેમ પાર્વતીને એ પુરુષનો અવાજ અને એની આંખોના ભાવ અસર કરી ગયા...પ્રશ્ન થતો હતો મનમાં : 'આ કોણ હશે...આ પુરુષ?'

સાંજે બાપાએ વાત કરી હતી.

'આપણા ગામની નિશાળ માટે કોઈ માસ્તર આવ્યા છે - બહારગામના છે. મોહનભાઈ સરપંચના મકાનના આંગણાની ઓરડીમાં ઈ રહેસે...ભલો ને શાંત લાગે છે. માસ્તર...'

પાર્વતીની આંખોમાં સાવ નજીક ઊભેલો પુરુષ આવી ગયો. એ માસ્તર, પછી તો બાપાને પણ મળવા આવતો થયો. બાપાએ એમનું નામ પણ કહ્યું હતું. સોહન ...બાપા મશ્કરીમાં કહેતા - 'માસ્તર, મેં મારી છોરીને અડધેથી નિશાળમાંથી ઉઠાડી મૂકી હતી. તમે એને ભણાવો-પછી એકડે એકથી...'

'જરૂર. શા માટે નહીં? અભ્યાસ તો ગમે તે વયથી થઈ શકે.' માસ્તર કહેતા.

પાર્વતી ભાવુક નજરથી માસ્તરને જોતી.

કંઈક હતું.

કંઈક ખેંચતું હતું.

સોહન શેરીમાં ધીમી ચાલે વળતો.

પાર્વતી જોઈ રહેતી.

સોહનના ચહેરા પર સતત ઉદાસી પથરાયેલી દેખાતી.

બહુ દૂરથી આવ્યો હતો એ સોહન.

પાછળ શું મૂકી આવ્યો હશે-

પાછળ-

પાર્વતીને મહેશ સતત યાદ આવતો.

પાર્વતી મહેશને યાદ કરતાં કરતાં ક્યારે સોહનની નજીક પહોંચી ગઈ એનો ખ્યાલ પણ ન રહ્યો.

એ સાંજે આકાશ કાળાં વાદળોથી ઘેરાયેલું હતું. ઝીણા ઝીણા છાંટા આંગણાની સૂકી જમીન પર પડતા હતા. ભીની હવાથી લીમડો ડોલતો હતો. પાર્વતી પરસાળનાં પગથિયાં પર બેસીને બાપાની રાહ જોતી હતી. ત્યાં ડેલી ખૂલી હતી-ધીમેથી. સોહન દેખાયો હતો-ભૂખરા અંધકારની વચ્ચે. ધીમે પગલે આવીને પાર્વતીની નજીક બેસી ગયો હતો-પરસાળના પગથિયે...અચાનક એણે પાર્વતીના હાથ ઉપર પોતાનો હાથ મૂકી દીધો. પાર્વતી ધ્રૂજી ગઈ. સ્તબ્ધ પણ થઈ ગઈ. મહેશના સ્પર્શ જેવો જ સ્પર્શ...

'પાર્વતી, મારે તમને મારી વાત કહેવી છે.'

પાર્વતીએ સોહન તરફ સીધી નજરે જોયું.

'મારાં લગન મીના સાથે થયાં હતાં. ત્રણેક વર્ષ પહેલાં મને હંમેશને માટે છોડીને ચાલી ગઈ. મારા જીવનમાં પથરાયેલા ખાલીપાને ભૂલવા હું અહીં આવી ગયો ત્યાં તમને...પાર્વતી, હું મીનાને ભૂલી શકતો નથી...બીજી તરફ તમારા પ્રત્યે...'

**(અનુસંધાન : જુઓ પાના નં.-૬૧ ઉપર)**

વાર્તા

# કાકાની નિશાની

માવજી મહેશ્વરી

આવનારા સૌ આવીને ચાલ્યા ગયા.

હવે રૂપાળા બંગલા ઉપર જામી ગયેલું ઉદાસીનું આવરણ હટવા લાગ્યું હતું.

કાકાની ઓળખાણ ઝાઝી. એક તો એમનો વ્યવસાય એવો કે જાત જાતના માણસો સાથે પનારો પડે. આમ તો બેસણાંની જાહેરખબર આપી હતી. તોય જેમને મોડા ખબર મળ્યા એવા કેટલાય લોકો પછીથી પણ આવ્યા હતા. તેમાંય ટેક્ષીવાળા, રિક્ષાવાળા, જૂના સમયના ટાંગાવાળા, અરે એક બિચારો બૂટપોલીશ કરનારેય આવ્યો. અમે તો ઠીક કાકીય કોઈને ઓળખતાં નહોતાં. શહેરમાં કાકાનો ચાહક વર્ગ મોટો. લોકોને એમના મૃત્યુનું ખરેખર દુ:ખ થયું હતું. પંદર દિવસની સતત આવનજાવનથી ઘર અસ્તવ્યસ્ત થઈ ગયું હતું.

આમ તો કાકાની હયાતીમાં એમના વિશાળ બંગલાની એકેય વસ્તુ એમની રજા વગર તસુભારેય હટે નહીં. એમનો એવો આગ્રહ કે દરેક વસ્તુ જ્યાં રહેતી હોય ત્યાં જ હોવી જોઈએ. હવે એ પોતે જ ચાલ્યા ગયા હતા. કાકી પોતાને સંભાળે કે ઘરનું ધ્યાન રાખે! દૂર દૂરથી આવેલા સંબંધીઓમાં કેટલાક એવાય હતા જેમની સાથે નાનાં છોકરાં હતાં. ખાસ તો કાકીના માવતર પક્ષમાંથી આવનારા પરિવાર સાથે આવ્યા હતા. છેક રાજસ્થાનમાંથી આવતા હોય તો સ્વાભાવિક છે કે બેચાર દિવસ રોકાય. એમની સાથે આવેલાં છોકરાંઓએ બંગલાની પાછળ આવેલા ગાર્ડનને ખાસ્સું નુકસાન કર્યું હતું. કાકા હોત તો ઊકળી ઊઠત. એમના માટે એમનો બગીચો સર્વસ્વ હતો. કાકા બગીચાને પોતાનું સ્વર્ગ કહેતા.

કાકાએ બગીચો પૂરો પ્લાનિંગથી બનાવ્યો હતો. એટલે સુધી કે કયા રંગના ફૂલછોડની બાજુમાં કયા રંગનો ફૂલછોડ વાવવો? બગીચા માટે પાર્ટટાઈમ માળી રાખેલો. જે અઠવાડિયામાં બે દિવસ આવતો. આમ તો માળી જાણકાર હતો પણ, કાકાને પૂછ્યા વગર નાનકડી ડાળી કાપવાની પણ તેની હિંમત ચાલતી નહીં. અરે! કાકીને પૂજા માટે ફૂલ જોઈતાં હોય તોય કાકાને પૂછવું જ પડે.

કાકાના આવા બગીચાની પંદર દિવસ સુધી કોઈએ સંભાળ લીધી નહોતી. ઘરમાં કાકાના મૃત્યુનો શોક હતો એટલે માળી પણ આવ્યો નહોતો. મેં થોડાક છોડને પાણી પાયેલું, પણ પાણી પાતાં પાતાં મન ભરાઈ આવેલું. પછી પાણી પાવાનું છોડી હું ઘેર ચાલી ગયેલી. પણ કાકા જે રીતે બગીચાની સંભાળ રાખતા એવી તો બીજું કોણ રાખે?

મને કાકાના બગીચાની બહુ ચિંતા થતી હતી.

હવે એ બગીચો કાકાની સ્મૃતિ છે. સ્મૃતિ જ નહીં, એમનો આત્મા કદાચ બગીચામાં ફરતો હશે. આજે મારે આખો દિવસ કાકી સાથે રહેવાનું છે. વેરણછેરણ થયેલું બધું સરખું કરવું છે. તરસ્યાં છોડવાંને પાણી પાવું છે. મારે જ હવે બગીચાની સંભાળ રાખવી પડશે. કાકાના જવાથી છોડવાં વીલાં વીલાં થઈ ગયાં છે. મારે એમની સાથે વાતો કરવી છે. હું છોડવાંને પૂછીશ કે, તમને કાકાની યાદ આવે છે? બિચ્ચારાં છોડવાં! કદાચ પાંદડાં ઢાળી દેશે. હવે કાકાનો વિરહ એમણે વેઠવો જ રહ્યો. મૃત્યુને થોડું રોકી શકાય છે. આમ જોકે કાકાની જવાની ઉંમર તો નહોતી જ. પાંસઠ વર્ષ કાંઈ બહુ ન કહેવાય. સાજાનરવા કાકા અચાનક ચાલ્યા જશે એવી તો અમે કલ્પના પણ શા માટે કરીએ? કાકીનેય ખબર ન પડી. ઊંઘમાં જ જીવ ઊગી ગયો. નહીંતર કાકીને ખબર ન પડે એવું બને ખરું! કાકી તો એમનો પડછાયો. પ્રાણ કહીએ તોય ચાલે. હવે તો કાકીનું ખોળિયું જ રહ્યું. ગઈ કાલે પંદર દિવસે કાકીના મોં પર જરા સ્મિત જોયું. તે પણ વિલાયેલું. જોકે હવે મારાથી એમને કેમ કહેવાય કે કાકી તમને સફેદ રંગ જરાય સારો લાગતો નથી.

કાકી મને ખૂબ ગમતાં. પણ જે દિવસે એમણે સફેદ રંગની સાડી પહેરી હોય તે દિવસે મને ન ગમે. મારાથી એમને કહ્યા વગર રહેવાતું નહીં. મારી વાત સાંભળી કાકી હસી પડતાં. મારી આંખમાં જોઈ રહીને કહેતાં : બબુ, તને ભલે સફેદ રંગ ન ગમતો હોય પણ, મને બહુ ગમે છે સમજી? આમ કહી મારા ગાલે ટપાલી મારતા.

હું જાણું છું હવે કાકીને એમનો પ્રિય સફેદ રંગ જ અકળાવશે. સફેદ સાડી સતત એમને કાકા ચાલ્યા ગયાની યાદ અપાવ્યા કરશે. પણ, હું કાકીને એકલાં નહીં પડવા દઉં. આગલી રાતે કાકી પાસે મોડે રાત સુધી બેઠી હતી. મેં એમને કહી દીધું : કાકી, મેં ત્રણ દિવસની રજા લઈ લીધી છે. આપણે ત્રણ દિવસ સાથે રહીશું. બગીચો સરખો કરીશું. કાકાનો આત્મા રાજી થશે. કાકીના હોઠ પર ત્યારે નાનકડું સ્મિત આવી ગયેલું. મને એવી બીક હતી કે કાકાની વાત નીકળશે એટલે કાકી રડી પડશે.

પણ કાકી ન રડ્યાં કે ન ઢીલાં થયાં. મને એમ થયું કે કદાચ કાકાની સ્મૃતિમાં સરી પડ્યાં હશે. હું કાકાને વિસરી શકતી નથી તો કાકી તો કેમ ભૂલી શકે?

કાકા એટલે બસ મારા કાકા.

અમારા સંબંધોનું જાળું હું કોઈનેય ઉકેલીને સમજાવી શકું તેમ નથી. કાકા મારા બાપુજીના દૂરના કે નજીકના ભાઈ નથી. અરે! અમારી જ્ઞાતિય એક નથી. છતાં મારી આંખ ખૂલી ત્યારથી હું એમને મારી આસપાસ જોતી આવી છું. મારો જન્મ થયો ત્યારે તે નવાસવા વકીલ બન્યા હતા. આમ જોઈએ તો વકીલાત એમનો વારસો છે. કાકાના પિતાજીય વકીલ હતા. મેં એમના પિતાજીને જોયા નથી. મેં તો કાકાને જોયા, જાણ્યા, અને અનુભવ્યાય ખરા. આજે હું જે કંઈ છું તે કાકાને આભારી છે. કાકા ન હોત તો મારું તો ઠીક, મારી માનું શું થયું હોત? મારા નપાવટ અને નમાલા બાપે મારી માને પહેરેલે કપડે કાઢી મૂકી ત્યારે હું માના પેટમાં હતી. એ વખતે કાકાની બાએ માને આશરો આપ્યો હતો. કાકાએ જ માને નોકરી અપાવી, મને ભણાવી, મારો ઉછેર કર્યો એમ કહું તોય ચાલે. હું જન્મી ત્યારે કાકા કુંવારા હતા. હું તો એમને જ પપ્પા કહેતી. એ સાંભળી મારી મા મને વઢતી. ખાસ તો કાકાના લગ્ન પછી મારી મા ધ્યાન રાખતી કે હું ભૂલથીય એમને પપ્પા ન કહી બેસું. મને કાકાનાં લગ્ન બરાબર યાદ છે. હું મા સાથે ટ્રેનમાં બેસીને એમની જાનમાં રાજસ્થાન ગયેલી. મેં કાકીને તે વખતે પહેલી વાર જોયેલાં. ત્યારે એ નવવધૂના પોશાકમાં હતાં. મને તે દિવસથી જ કાકીનું આકર્ષણ રહ્યું છે. ખાસ તો એમના ગોરા રૂપાળા ચહેરાનું. કાકી જાણે અદ્દલ આરસની પૂતળી.

એ વખતે શહેર કોટ વિસ્તારમાં જ હતું. અમારાં ઘર જોડાજોડ હતાં. બંગલો તો કાકાએ પછી બનાવરાવ્યો છે. કાકીની એવી ઇચ્છા હતી કે સોસાયટી વિસ્તારમાં એક અલગ મકાન હોય. જોકે કાકા હવેલી ઊભી કરી નાખશે તેવી કાકીને ખબર નહોતી. કાકાને સોસાયટી વિસ્તારમાં જવાનું બહુ મન ન હતું પણ કાકીનું માન રાખવા બંગલામાં રહેવા ગયા. કાકા-કાકી એ રીતે મારાથી થોડા દૂર ગયાં, પણ હું એકાંતરે એમને ત્યાં જતી. કાકા વગર મને ગમતું જ નહીં ને. મેં કાકાનાં અનેક સ્વરૂપો જોયેલા. રાતે વાંચતા, સવારે દોડવા જતા, કેસનો અભ્યાસ કરતા, કાકી સાથે ફરવા જતા, કાકીની યાદમાં ખોવાઈ જતા, કાકીને અડપલાં કરતાં. કેટકેટલાં સ્મરણો મારી ભીતર ભર્યા પડ્યાં છે. જ્યારથી મને સ્ત્રી-પુરુષના સંબંધોનો અર્થ સમજાવા માંડ્યો ત્યારથી એવું લાગ્યું છે જાણે કાકા-કાકીનાં ખોળિયાં જુદાં છે, પણ પ્રાણ એક છે.

હવે તો મારી પણ યુવાની ઓસરવા માંડી છે. વિચાર કરું છું તો બેચેની ઘેરી વળે છે. મારી સગર્ભા માને મારા બાપે તરછોડી દીધી અને જેમના દાંપત્યજીવનની કોઈને ઈર્ષ્યા આવે એવાં કાકા-કાકીને કુદરતે સંતાનસુખથી જ વંચિત રાખ્યાં. કદાચ એટલે જ કાકાની લાગણીઓ મારા તરફ વળી ગઈ હશે. કાકાએ કહ્યું હોય અને મેં ન કર્યું હોય એવું બન્યું નથી. મેં એમની બધી આજ્ઞાઓ માની છે. છતાં કાકા મને લગ્ન કરવા માટે હા પડાવી શક્યા નહીં. એમની એ આજ્ઞા મેં પાળી નથી. મને બરાબર યાદ છે દસેક વર્ષ પહેલાંનો એ દિવસ. એ દિવસે મારી મા અને હું એમના ઘેર હતાં. રાતે હીંચકા પર મારી બાજુમાં બેઠેલા કાકા મને લગ્ન કરી લેવા સમજાવી રહ્યા હતા. હું મક્કમ હતી. મેં ચોખ્ખું કહી દીધું : કાકા, પ્લીઝ આજ પછી આ વાત ક્યારેય કાઢતા નહીં. મારે લગ્ન નથી કરવાં તે નથી જ કરવાં. એકાએક એમનો ચહેરો ફરી ગયેલો. તેમણે બૂમ મારીને મારી મા અને કાકીને બોલાવ્યાં અને મારો ઊધડો લઈ નાખતાં કહેલું : સમજાવો આ મૂર્ખ છોકરીને કે લગ્ન કરી લે. વય વીતી ગયા પછી જે પ્રશ્નો ઊભા થશે ત્યારે એની સાથે આપણે નહીં હોઈએ. શું કરશે એકલી? કેમ જીવશે? ક્યારનો પ્રેમથી સમજાવું છું...આ જડ જેવી સમજતી જ નથી.

એમનો ઘાંટો સાંભળી કાકી ડઘાઈ ગયેલાં. હું હસવા લાગેલી. ખબર નહીં કેમ હસતાં હસતાં જ મને રડવું આવી ગયેલું. કાકીએ મને બાથમાં લેતાં કાકાને કહેલું : શું તમેય આ બિચ્ચારીની પાછળ પડ્યા છો. એ નાની નથી. એને લગ્ન કરવાં હશે તો કરી લેશે. તમે તો જાણે એના બાપ હો તેમ...

કાકીનું વાક્ય સાંભળી કાકા એકદમ ચૂપ થઈ ગયેલા. તે દૂર અંધકારમાં તાકી રહેલા. કાકા ઉદાસ થઈ જાય એ મને જરાય ગમતું નથી. હું એમને અડીને બેસી ગયેલી. એમણે મારી આંખોમાં જોતાં કહેલું, તારી માને શું જવાબ આપું બોલ? એ જ મને કહે છે કે બબુને સમજાવો.

મારું નામ સોનલ છે પણ કાકા-કાકી મને બબુ જ કહેતાં. મેં એમના ખભા પર માથું ઢાળી દેતાં કહેલું, કાકા, તમે મારી કાકીને જેટલો પ્રેમ કરો છો એટલો પ્રેમ કરનાર મને મળશે ત્યારે તમને પૂછવાય નહીં આવું.

એ જ વખતે લાઈટ જતી રહેલી. કાકી ટૉર્ચ લેવા અંદર ચાલ્યાં ગયાં. મારી મા મારી નજીક આવીને ઊભી રહેલી.

વર્ષો પહેલાંની વાતો પણ જાણે ગઈ કાલે બન્યું હોય એટલું તાજું છે બધું.

હવે કાકા નથી રહ્યા. મારી જવાબદારી વધવાની છે. મારે હવે એક નહીં, બે જણીને સાચવવી પડશે. મારી રિટાયર્ડ મા અને કાકા વગરનાં કાકી. મારી મા તો પતિ વગર એકલી જીવી ગઈ છે. પુરુષ વગર મહત્ત્વનાં વર્ષો પસાર કરી એકલતાને પચાવી ગઈ છે. પણ, કાકીએ એકલતા અનુભવી જ નથી. કાકા પડછાયાની જેમ સતત કાકીની સાથે રહ્યા છે. એટલે હવે મારે કાકીને જરાય એકલાં પડવાં દેવાં નથી. મેં બધું વિચારી લીધું છે. મારી છ-સાત કલાકની નોકરી પછી મને કામેય શું? કાકીને

આર્થિક ચિંતા નથી. પણ કાકા વગરના ઘરમાં કાકી એકલાં સૂનમૂન બેસી રહે તે મારાથી કેમ જોવાય?

નવ વાગે આવી જઈશ એવું આગલી રાતે ઊઠતી વખતે મેં કાકીને કહેલું, તોય દસ વાગી ગયા. થોડો સંકોચ પણ થયો કે જ્યારે મેં સામેથી કાકીને કહ્યું છે અને હું મોડી પહોંચું તો કેવું લાગશે. કાકીને ત્યાં પહોંચતાં સહેજેય વીસેક મિનિટ થઈ ગઈ. મને ખબર હતી કે મારા વગર કાકીને કશું નહીં સૂઝે. કાકાની છબી સામે તાકીને બેઠાં હશે. છેલ્લા પંદર દિવસથી રોજ રડે છે. આજે અમે બે એકલાં હોઈશું. કદાચ નવેસરથી રડે ખરા. પણ હવે કાકીને રડવા દેવાં નથી. હસતાં રાખવાં છે. કાકી હસે છે ત્યારે એમના ડાબા ગાલમાં નાનો એવો ખાડો પડે છે. આજે તો કાકાને યાદ કરીને એમને હસાવવાં છે.

મેં ગેઈટ ખોલ્યો. આંગણું વળાઈ ગયું હતું. ચંદનની અગરબત્તીની મીઠી સુવાસ ફેલાયેલી હતી. સીડી પ્લેયર પરથી શાસ્ત્રીય સંગીતની ધૂન રેલાતી હતી. મુખ્ય દરવાજો બંધ હતો. મને જરા નવાઈ લાગી. બગીચા બાજુથી કશોક અવાજ આવતો હતો. એક દરવાજો બગીચા તરફ ખૂલતો હતો. હું બાઉન્ડરીની ધારે ધારે ચાલી બગીચા તરફ ગઈ. પણ જોતાં જ ડઘાઈ ગઈ.

કાકી સાડીનો છેડો કમરમાં ખોસી નીચા નમી કામ કરી રહ્યા હતા. આ પહેલાં મેં કાકીને ક્યારેય બગીચામાં કામ કરતાં જોયાં જ ન હતાં. એમની ગોરી કૂખો પરથી પરસેવાના રેલા ઊતરતા હતા. કદાચ કાકી ઘણી વારથી કામ કરી રહ્યા હશે. એમના હાથમાં ખૂરપી હતી. સામેનું દૃશ્ય જોઈ મને મારી આંખો પર વિશ્વાસ બેસતો ન હતો. કાકીએ મોટા ભાગનાં કૂંડામાંથી ફૂલછોડ ઉખેડી નાખેલાં. ખેંચીને ઉખેડેલાં છોડનાં મૂળિયાં સાથે ચોંટેલી માટી આમતેમ વેરાયેલી પડી હતી. જાણે ઝનૂનથી ઉખેડ્યું હોય તેમ ચારેક કૂંડાં આડાં પડી ગયાં હતાં. મારાથી સહન ન થયું. હું રીતસર દોડી અને એમનો હાથ પકડી લેતાં બોલી ગઈ : અરે કાકી આ શું? તમને ખબર છે તમે શું કરી રહ્યાં છો?

મને લાગ્યું હું રડી પડીશ.

કાકીએ કૂંડામાંથી વધુ એક છોડ ઉખેડ્યો. બાંય વડે કપાળ પરનો પરસેવો સાફ કરતાં બોલ્યાં, બબુ, તું આવી ગઈ? સારું થયું ચાલ. આ બધો કચરો બહાર ફેંકી દઈએ.

મારું ગળું ભરાઈ આવ્યું હતું. શું બોલવું તે મને સૂઝતું ન હતું. કાકાના પ્રિય બગીચાની અવદશા ઉપર નજર ફેરવતાં મેં કહ્યું : કાકી, તમે આ બધું ઉખેડી નાખ્યું? તમે? અરે! કોઈ છોડનું પાંદડું તોડે તોય કાકાનો જીવ બળી જતો. એમના આત્માને કેટલું દુઃખ થશે! તમને તો ખબર છે આ બધી કાકાની નિશાનીઓ છે. બીજા કોઈએ નહીં અને તમે જ આ છોડવા ઉખેડી નાખ્યા?

કાકીએ મારી સામે જોયું. તેમના હોઠ પર જુદી જાતનું સ્મિત રમી રહ્યું હતું. કોઈ અજબ પ્રસન્નતાથી તેમનો ચહેરો ખીલી ગયો હતો. માટીવાળા હાથે જ મારા ગાલ પર ટપલી મારતાં બોલ્યા : ગાંડી છોકરી, એ છોડવાંની ચિંતા શા માટે કરે છે? આપણે બીજાં નહીં વાવી શકીએ? તને ગમે એવાં, મને ગમે એવાં. આપણે એ છોડવાંને પાણી પાશું. એમના પરેય ફૂલ આવશે. તને ગમે એવાં, મને ગમે એવાં. અને હવે ફૂલ ચૂંટતાં આપણને કોઈ નહીં રોકે.

મેં ફરી એક વાર ઉખેડી નખાયેલાં છોડવાં પર નજર નાખી. મારી આંખોમાં પાણી આવી ગયાં. મને રડતી જોઈ કાકી વહાલથી બોલ્યાં : લે, એમાં રડવાનું હોય? ચાલ, તને મસાલાવાળી મસ્ત ચા પીવડાવું. તારા કાકા તો કેટલીય નિશાનીઓ અને નિશાન છોડતા ગયા છે. ગાંડી, તુંય મારા માટે તો તારા કાકાની નિશાની જ છો ને!

કાકી આગળ થયાં. એમની સુડોળ કમરનો થરકાટ આટલાં વર્ષોમાં મારા ધ્યાને આવ્યો નહોતો. કાકી માટીથી ખરડાયેલા પગ સાફ કર્યા વગર ઘરમાં દાખલ થયાં.

હું ઊભી હતી...બગીચા અને બારણાની વચ્ચે!

## પાણીનો અવાજ

**(અનુસંધાન : પાના નં.-૫૮ ઉપરથી ચાલુ)**

પાર્વતીને આછા અંધકારમાં સોહનની ભીની આંખો દેખાતી હતી.

'તમારા વિશે મેં જાણ્યું છે. આપણે આપણો ભૂતકાળ ન ભૂલીને પણ સાથે રહી શકીએ...બસ એ જ કહેવા આવ્યો છું - તમને હું યોગ્ય લાગું તો..આપણે...

આકાશમાં વીજળીનો લિસોટો.

સોહન ઝડપથી ચાલ્યો ગયો.

પછી...

વાસણના અવાજોથી પાર્વતી ચમકી ગઈ. જાણીતા ટેન્કરમાંથી ધુરિયો છૂટવો શરૂ થયો હતો.

'હાલ હાલ. પારૂડી. આપણાં ઠામ કોઈક ટપાવી જાસે–'

પાર્વતી ઊભી થઈ.

સામે હોટલમાં જોયું. સોહન પણ ઊભો થયો.

પાર્વતી સ્થિર ઊભી રહી.

સોહન ઝડપથી પાર્વતી તરફ આવતો દેખાયો.

સોહન આવતો હતો. સોહન પાર્વતીની નજીક આવતો હતો. શેરીની તૂટેલી દીવાલો વચ્ચેથી આવતો હતો ત્યારે ન ઓળખાતો સોહન, અત્યારે ઓળખાતો હતો.

સોહન નજીક આવતો ગયો.

પાર્વતીની નજર સોહન તરફ સ્થિર.

પાર્વતી સાંભળતી રહી...પાણીના ટેન્કરમાંથી વછૂટતો, ધક્કા સાથે બહાર પડતો પાણીનો અવાજ. ■

નિબંધ

# કોણે કહ્યું, વીતેલો સમય પાછો આવતો નથી?

ધીરેન્દ્ર મહેતા

પ્રિય મિત્ર કવિ શ્રી રાજેન્દ્ર શુક્લની એક ગમતી ગઝલના શેરની પંક્તિ અવારનવાર યાદ આવે છે. આ રહ્યો એ શેર :

*'હું કદી ઊંચા સ્વરે બોલું નહીં,*
*એકદમ નજદીક આવે તો કહું.'*

'ઊંચો સ્વર' એટલે? કોઈ કુશળ ગવૈયાના કેળવાયેલા કંઠે સાંભળવા મળે એ ઊંચો સ્વર-તારસ્વર? એવો સ્વર તો આપણા આખા અસ્તિત્વને ખેંચી લે છે. દેખીતી રીતે જ આ એની વાત નથી. તો? રોજ-બ-રોજની બોલચાલમાં ઘણીય વાર તંગ ચહેરે આપણે કહેવું પડતું નથી - 'ઊંચા સ્વરે બોલવાની જરૂર નથી?' જોકે, એય ખરું કે આમ કહેતી વખતે આપણે પણ આપણો સ્વર લગભગ તરડાઈ જાય એટલો ઊંચો કરતા હોઈએ છીએ! આમ કેમ? શબ્દ કંઈ હોઠેથી આવતો નથી. હોઠેથી તો એ બોલાય છે. આવે છે તો એ અંદરથી - આપણી આખી મનોદશાને પોતાની અંદર સમાવીને. અંદર ઊછળતા આવેગ, ચિત્તક્ષોભ, આક્રોશ, પ્રતિક્રિયાઓ, એવા કંઈ કંઈ વંટોળ, ઘૂમરીઓ પોતાની સાથે લઈને... આ બધું હોઠેથી બહાર આવતા શબ્દને ઉછાળે છે, સ્વરને ઊંચો લઈ જાય છે... વંટોળ ઊંચે ચઢે છે ત્યારે પોતાની સાથે શું લઈ જાય છે? સુકાયેલાં પાંદડાં, તરણાં-તણખલાં, ધૂળ, કચરો...ઊંચા સ્વરે ફેંકાતા શબ્દો પણ...

આવી નિઃસત્ત્વ, તુચ્છ ચીજોને ઝીલવા ખોબો ધરીને કોણ ઊભું રહે? પણ 'ચંદ્રીએ મોકલેલાં અમૃત' હોય કે 'ઝીણાં ઝરમર વરસે મેહ' કે 'સાહેબની મેડિયુંનાં ચૂએ નેવાં...' તો આપણા એને અંજલિમા ઝીલવા આતુર થઈ ઊઠીએ, ખરું ને?

આ અમૃત, ઝીણી ઝરમર કે સાહેબની મેડિયુંનાં નેવાંની ચુવાક ક્યાંથી આવે છે? આભ જેવા અતાગ ઊંડાણમાંથી. અને આ શબ્દ? કવિ શ્રી ન્હાનાલાલે જે 'પુણ્યાત્માનાં ઊંડાઓ' ને 'આભ જેવા અગાધ' કહ્યાં એ ઊંડાણોમાંથી, પરિશુદ્ધ ચિત્તમાંથી - અક્ષુબ્ધ, નિરાવેગ, કોમળ...ત્યાં...થી આવતા શબ્દને ઊંચા સ્વરની જરૂર ખરી? અને આ સ્થિતિ સ્થાયી છે, પ્રાસંગિક નથી - 'હું કદી ઊંચા સ્વરે...'

જેમ ચંદ્રીએ મોકલેલાં અમૃત, ઝીણા ઝરમર મેહ, સાહેબની મેડિયુંનાં નેવાં ઝીલવાં હોય તો એની નજીક જવું પડે તેમ આ મૃદુ શબ્દ સાંભળવા હોય તો એની સાવ પાસે જવું પડે, થોભવું પડે; ત્યાંથી ચાલી નીકળાય નહિ કંઈ. ફારસી-ઉર્દૂ કવિતાનો આ રમલ છંદ આપણા હરિગીતને મળતો છે. કવિઓએ જેમ હરિગીતના લયના આવર્તનના અનેક પ્રયોગ કરેલા છે તેમ આ રમલ છંદમાં પણ કરેલા છે. એના મંદ પ્રવાહી સરળ લયમાં કવિનો મંદ મૃદુ સ્વર વહી આવે છે, છેક અહીં લાગી.

એ સ્વરમાં પણ વાત કહેવાનો ઉમળકો છે, ઉત્કંઠા છે (તમને એમ લાગ્યું?) અને વાત પણ કંઈક એવી છે, જે સૌની આગળ માંડી શકાય એવી નથી, એ તો રોજ-બ-રોજની જળોજથામાંથી જાતને તારવીને જરાવાર એકદમ નજદીક આવીને બેસી શકે એની આગળ ગોઠડી રૂપે માંડી શકાય એવી છે : વાત કહેવી તો છે પણ —

વળી, આ વાત કંઈ દિમાગ લડાવીને કે વિચારી વિચારીને કહેવાતી નથી - આ વાત, જે મનના (દિલના કહોને!) એક ખૂણે સંચિત થતી રહી છે - આજે વરસોથી અને પછી દિલના ખૂણેથી પ્રસરી તો ઝમતું ઝમતું અંદર ઊતરીને જે સંચિત થયું તે...

સંચિત થયું જ હશે ને, નહિ તો આમ આ દિવસોમાં - કોઈ વાર નહિ ને હવે - અત્યારે - એમ તો વચ્ચેનાં વારસોમાં પણ કશુંક ઝબકી તો જતું ક્યારેક, એ વેળા ક્ષણાર્ધ પૂરતું રોકાઈ પણ જવાતું ....ગમે ત્યારે-અરે, મોંસૂઝણું પણ ન થયું હોય ત્યારે, શયનકક્ષના અંધકારની વચ્ચે અચાનક ઊઘડી ગયેલી આંખની સાથે બારીમાંથી દેખાઈ ગયેલો કોઈ તારો ભટકાઈ જાય અને થાય કે આખીય રાત આ એકલો આમ મારી સામે?...ક્યારેક બળબળતા બપોરે કોઈ ઝાડની નીચે ધખધખતી ધૂળમાં આળોટી રહેલી છાયા, જેવો હું ત્યાંથી નીકળું કે મને ઢાંકી દે...દોરી (જીવાદોરી?) કપાઈ જવાથી છેક ઊંચેથી ભોંય ભેગા થવા જઈ રહેલા, માથું ધુણાવી ધુણાવીને આ સ્થિતિ સાથે સંઘર્ષ કરી રહેલા પતંગને અચાનક કોઈ અજાણ્યું વૃક્ષ પોતાના હાથ જેવી ડાળી લંબાવીને ઝાલી લે ને પતંગ પાછો ખુલ્લા આકાશમાં ઊડવા લાગે એવી કોઈ ક્ષણે...આ દશ્યોએ કોઈ એક સમયની ઘટનાનું, ભેટી ગયેલી કોઈ વ્યક્તિનું, ઊભી થયેલી પરિસ્થિતિનું રૂપ લઈ લીધું હોય...ને એક ઝબકાર થઈ ગયો હોય...

પણ એ તો ઝબકાર જ, એટલે કે ક્ષણાર્ધનો ખેલ! ફરી પાછા —

પણ હવે?

હવેનો ખેલ તો સાવ જુદો જ છે - નિરંતર ચાલી રહેલો

ખેલ! અત્યાર સુધી એ બધું ક્યાં હતું, જે હવે આમ સામે આવીને લીલા કરી રહ્યું છે! કવિ બચ્ચને તો કહ્યું હતું, 'જો બીત ગઈ સો બાત ગઈ.' પણ વાતથી તો અળગા ક્યાં થઈ શકાય છે?

હા, હતું તો મને પણ એમ જ કે અક્કેક બનાવ, જે બની જાય છે તે વીતી જાય છે... અક્કેક વ્યક્તિ, જે છૂટી પડી જાય છે તે જુદી પડી જાય છે... પણ જો એમ હોય તો પછી આ શું છે, જેણે મારા વર્તમાનને ભરી દીધો છે!... પણ વર્તમાન તો હવે કેટલો છે? આ મારી ક્ષીણ થતી જતી હયાતી જેટલો! અને ભવિષ્ય? એને વિશે તો હવે કશી જિજ્ઞાસા નથી. એના ભણી તો દૃષ્ટિ જ જતી નથી....એટલે આજુબાજુ આગળપાછળ જે વિસ્તર્યું છે એ તો છેક ક્યાંયથી વહી આવ્યું છે તે જ છે. ફરક માત્ર એટલો છે કે તે ક્ષણે હતું એવું આ ક્ષણે નથી એને વિશે કશું કુતૂહલ કે નથી કશી અવઢવ, જો કંઈ હોય તો છે નર્યું નિરામય વિસ્મય!

હા, આ જ તો છે સ્મૃતિલોક, જેમાં ટકી રહી શકાય છે. મરણની સામે ટક્કર લઈ શકે તેવી એકમાત્ર શક્તિ-સ્મરણ! જે ભૂતકાળની સરહદને ભૂંસી નાખીને કોઈ પણ ક્ષણે સમ્મુખ થઈ જાય છે!

કહે છે કે સમય તો સરિતા જેવો છે : દૂરદૂરથી વહી આવે છે, આપણને સ્પર્શ્યા કરે છે અને વહી જાય છે...કોણે કહ્યું કે એ ફરી આવતો નથી? અરે, આવે છે ને રોકાય પણ છે, અને તે પણ એવી રીતે કે એમ લાગે, જાણે થંભી ગયો છે - થંભી ગયેલા જળની જેમ, ક્યારેક કાચની સપાટીની જેમ, જેમાં તમે તમારો ચહેરો નીરખ્યા કરો...ક્યારેક એ થંભી જઈને પણ તરંગાયા કરે...લહેરાઈ લહેરાઈને તમને સ્પર્શ્યા કરે...

અને જ્યારે એ વહી જાય છે ત્યારે? વહી ગયેલો સમય પણ સ્મૃતિમાં સંચિત થયો હોય છે અને પછી બાષ્પીભૂત થઈને વાદળ રૂપે ઝરમરવા લાગે છે...એ રીતે ઝરમરવા લાગે છે એ પણ પેલી વહી નીકળેલી સરિતાનાં જ જળ હોય છે - વહી ગયેલો સમય સ્મૃતિ રૂપે ઝરમર ઝરમર વરસે છે અને ભીંજવે છે... ■

## ટેરવાનો સ્પર્શ

**(અનુસંધાન : પાના નં.-૫૫ ઉપરથી ચાલુ)**

શેખર ઊંધું ફરીને મેઘાને જોઈ રહ્યો. એને લાગ્યું જાણે બન્ને વચ્ચે કોઈ અજાણ્યું અંતર આવી ગયું છે. સહજ નથી થઈ શકાતું. મેઘા માટે કરેલી જગ્યાઓમાં કચરો ભરાઈ રહ્યો છે. જોરદાર પવનના કારણે ધૂળ ઊડી રહી છે. જૂનાં જાળાં તૂટી રહ્યાં છે. એ મેઘાનો હાથ પકડવા પોતાનો હાથ આગળ લંબાવે છે. મેઘા શેખરના ચહેરાને એકાદ ક્ષણ જોઈ રહે છે. એની આંખોમાં છવાયેલું ધુમ્મસ આજે અજાણ્યું લાગે છે. મેઘા ત્યાંથી ખસીને અંદર ચાલી જાય છે. સીડી ચડવા લાગે છે. દીવાલ પર લાગેલું પેઈન્ટિંગ જોઈને અટકી જાય છે.

— આ તારાં ચિત્રો છે શેખર?

— હા મેઘા, અધૂરાં છે. કામ આગળ નથી વધતું. શેખર મેઘાની લગોલગ ઊભો રહેતો બોલ્યો.

મેઘાએ ઝાટકાથી શેખર બાજુ જોયું. મેઘાના હોઠ અડધો વેંત દૂર હતા. મેઘા એની આંખોમાં એકધારું જોઈ રહી હતી. શેખરે મેઘાની કમરે હાથ વીંટાળ્યો.

— તેં ઘણા સમયથી નવું ચિત્ર શરૂ નથી કર્યું. એનું કારણ આ અધૂરાં ચિત્રો છે. હવે સમય આવી ગયો છે શેખર. દીવાલ પરથી ઉતારીને થોડા લસરકા કર. તારાં ચિત્રો તારો સ્પર્શ ઝંખે છે. તારે જ એના પરથી ધૂળના થર ઉડાડવા પડશે. અહીંની દરેક વસ્તુઓ પર કોઈનો સ્પર્શ અંકિત થયેલો છે. ભલે એ ટેરવાંની છાપ પર ધૂળ ચડી ગઈ હોય પણ મારાથી ન અડકાય. ક્યાંક બધું ખડી પડશે.

મેઘા અન્યમનસ્કપણે બોલીને ઉપર ચાલી ગઈ. શેખરને એને જતી જોઈને વિચાર આવ્યો કે એની પાછળ જાય અને એને બાથમાં ભરીને સૂઈ જાઉં. ત્યાં જ યાદ આવ્યું કે રામજી કહી ગયો હતો કે તમારી પથારી સ્ટુડિયોમાં કરી છે. શેખર દીવાલ પર લાગેલા પોતાના પેઈન્ટિંગને જોઈ રહ્યો. ઘણા સમય પછી પોતાના પેઈન્ટિંગને જોઈને હાથમાં સળવળાટ જાગ્યો. મનમાં ચાલતી ઊથલપાથલ સ્થિર થઈ ગઈ. રંગોની ભાત રચાવા લાગી. હાથ પીંછીને ઝંખી રહ્યા. શેખરે એ ચિત્રોને દીવાલ પરથી ઉતાર્યા. ધૂળ ઝાટકીને ફટાફટ ઉપર સ્ટુડિયોમાં લઈ ગયો. આખી રાત પીંછીના લસરકા ચાલતા રહ્યા. કેન્વાસ રંગ બદલવા લાગ્યું. ખૂટતા રંગો ભરાવા લાગ્યા. કામ કર્યા પછી ચિત્રને જોઈ રહ્યો. ઘણુંબધું બદલાઈ ગયું હતું. મોડી રાત સુધી કામ કર્યા પછી એ ત્યાં જ સૂઈ ગયો. પથારીમાં પડ્યા પછી ક્યાંય સુધી છતને તાકતો રહ્યો. સ્ટુડિયોમાં ફેલાયેલું અંધારું સતત ભીંસી રહ્યું હોય એવું લાગતું હતું.


સવારે ઊઠીને એ બાલ્કનીમાં આવ્યો ત્યારે ભળભાંખળું થયું હતું. ખેતર પર ગાઢ ધુમ્મસ છવાયેલું હતું. તેમ છતાં ખેતરની લીલાશ જોઈ શકાતી હતી. દૂર ક્ષિતિજ અસ્પષ્ટ હતી પણ પાસેનું એકદમ સ્પષ્ટ દેખાતું હતું. મનને ગમી જાય એવી ઠંડક હતી. એને નમીતાનો પ્રસન્ન ચહેરો યાદ આવી ગયો. ઝાકળમય સવારના એ અને નમીતા ખેતરમાં ચાલવા જતાં. ક્યારેક નમીતા કહેતી - આ રીતે ચાલતાં ચાલતાં ખેતરમાં ઢળી પડું તો પણ કોઈ રંજ નથી. આટલું બોલીને નમીતા શેખરનો હાથ સજ્જડ પકડી લેતી. પછી એના ખભે માથું ઢાળી દેતી.

એણે બન્ને હાથ ખુલ્લા કરીને ઊંડો શ્વાસ લીધો. ઝાકળમાં નમીતાનો સ્પર્શ ભળેલો હોય એવું લાગતું હતું. રામજી ઝાંપો બંધ કરીને આવી રહ્યો હતો. એના ચહેરા પર જુદી જ તાજગી હતી. ગાડાંવાટ પર દોડી જતી મેઘાની કાર પળવારમાં ઝાકળમાં ભળીને અદૃશ્ય થઈ ગઈ. શેખરે એ બાજુથી નજર હટાવીને ખેતર પર ઝૂકી પડેલા આકાશ તરફ નજર સ્થિર કરી. ■



નિબંધ

# આ કોઈ ખાસ પર્વની જ્ઞાનવાર્તા નથી



રતિલાલ 'અનિલ'

વિચાર વ્યક્તિગત હોય ત્યારેય એનું ધોરણ સામાજિક હોવું જોઈએ અને સર્વસાધારણ હોવું જોઈએ. સમાજમાં રહેનારની અંગતતા સામાજિક હોવી જોઈએ. અંગત આનંદના ધોરણને સામાજિકતાનો પાસ હોઈ શકે. આનંદની અનિવાર્યતા પણ સહાનંદના ધોરણે હોઈ શકે. સામાજિકતા બહુ મોટી શરત છે. સાધારણીકરણ માનવીયકરણ હોઈ શકે. ઉચ્ચાવચતાનાં ધોરણો હોઈ શકે અને છે, પણ ઊંડી ખીણો પાસે ઊભેલું મહાશિખર તળેટી પર ઊંચે રહીને ગર્વથી મૂંગું તોયે અટ્ટહાસ્ય કરતું હોય તો એ શિખર રહી શકવાનું નથી. માણસ શિખરની યાત્રા કરવા જશે અને પોતાનાં માન્યતા, આદર આપોઆપ અને અનાયાસ વ્યક્ત કરે જ છે, ત્યાં કોઈક દેવસ્થાન હોય એટલે એ યાત્રા કરે છે. પણ જીવવા માટે ફરી સપાટી પર આવે જ છે અને તેની જીવનયાત્રા મેદાનીસમૂહમાં જ હોય છે. મેદાનમાંયે ટેકરી, ટીંબા હોઈ શકે છે પણ બહુ ઓછાં. મહદ્અંશે જીવન તો સપાટી પર જ જીવાતું હોય છે અને જીવનયાપન માટે જે વાનાં જોઈએ તે મેદાની સપાટી પર જ ઊપજે છે, શ્રમ દ્વારા ઉપજાવાય છે. શિખરના દેવને ચઢાવાતાં શ્રીફળ તળેટીના મેદાનમાં ઊગેલી અને ઊભેલી નાળિયેરી જ આપે છે. પૂજાની સામગ્રી પણ બધી મેદાની સમાજ જ ઉત્પન્ન કરે છે. નજર ઊંચે જાય એ માટેનાં અનાયાસ, કુદરતી સ્થાનો હોય અને આપોઆપ હોય છે. આ પૃથ્વીની રચના એવી સહજ થઈ છે. માણસે રમતનાં મેદાન પણ મેદાનમાં જ રચ્યાં હોય છે. સમાજરચના એવી થઈ કે સર્વસામાન્યમાં પણ ઉચ્ચ, સર્વોત્તમ હોય તેમના પ્રત્યે આદર સહજ અહોભાવ હોય જ. માણસને જીવવા માટે ધાન્ય જોઈએ તે તો સરખા, સપાટ મેદાનમાં જ ઉગાડી શકાય, તે કંઈ આપોઆપ ઊગે નહીં. ખેડ અને વાવણી કરવી પડે. થોડી વાડી પણ ફળ માટે હોય અને હોય છે. સપાટી પર વૈવિધ્યની એકતા હોય, હોવી જોઈએ. વૈવિધ્ય પણ સમાજીકરણ પામ્યું હોય. આનંદ સહિત સહાનંદ પણ હોય. માણસ જીવવા માટે શ્રમ કરે છે, તે એમ કરીને પોતાને કામ દ્વારા કેળવતો અને માણસ રૂપે વધારે કુશળ યોગ્ય થતો હોય, થવો જોઈએ. માણસ કામ કરે છે ત્યારે પોતાને કેળવતો હોય છે, કેળવે છે. અતિકુશળ માણસ સમાજને મળતો રહે છે. શરૂઆતે જે કામ અઘરું લાગતું તે સતત અભ્યાસે હાથવગું સહજ થાય છે. કામ કરતો માણસ પોતાને કેળવે પણ છે. જે નવા મહેતાજી હિસાબ ગણવામાં ખાસ્સો સમય લે છે તે અનુભવી મહેતાજી તેના કામના અભ્યાસે કરીને સરળ બનાવે છે, તો માણસ જેમ જેમ મોટો થતો જાય તેમ તેમ તે સમાજ માટે વધારે સરળ થતો જતો હોવો જોઈએ પણ હવે બને છે ઊલટું. તે વધારે મોંઘો થાય છે અને પોતાના વિશેષત્વની વિશેષ કમાણી માગે છે! સામાજિકતાનો અર્થ જ બદલાય છે અને એવું મોટા પ્રમાણમાં બને ત્યારે પર્વત હેઠળનું મેદાન વાસ્તવમાં સરખું નહીં પણ વ્યવહારમાં ઉબડખાબડ હોય છે અને કાળક્રમે બન્યું એવું એટલે યુગોનાં ડહાપણ જ્ઞાન અને શ્રમને કારણે જે વિપુલ એવું ઊતરે છે. બને છે તેના ઢગલા અને ક્યાંક ક્યાંક બીજે વેરાન જેવું સર્જાય છે. જોકે ઝાઝી વસતિ ત્યાં જ હોય છે. સામાજિકતાનો છેદ ઊડતો જાય છે અને અસમાનતા સર્જાય છે ત્યારે કહેવાતુ મેદાન, પણ મેદાન હોતું નથી. આજે જે અસમાનતા, અસહજતા છે તે મેદાનોમાં, મેદાની જીવનમાં જ છે. મેદાન એકંદરે સમાન સપાટીનું છે પણ ત્યાં ઝૂંપડાં અને સો સો માળની હવેલી છે. એ હવેલી રહેવા માટેનાં ઘણાં મકાનોની જમીનો બચાવે છે એ એક સાદો તર્ક છે પણ વાસ્તવમાં એવું નથી. પાટનગરમાં રાજાનો મહેલ એ કલ્પના નહોતી, પણ મહેલનું મહાનગર એવું નહોતું, હવે છે. એમાં રહેનારાઓ પણ ધરા પર આવવું જ પડે છે કારણ જે કંઈ કર્મ કરવાનું છે તે તો મેદાનની સપાટી પર જ કરવાનું હોય છે. આ સૂર્ય કેન્દ્રમાં રહીને બધે પ્રકાશ દ્વારા વિસ્તરે છે. તે પોતાને માટે સો માળના બિલ્ડિંગનો ઉપલો માળ ઇચ્છતો નથી. જેઓ સમાજમાં ઊંચા સ્થાને હોય તેઓ આસપાસને પોતીકું થયેલું નજીકનાને આપવા માટે! કોઈ માનવસૂર્ય પોતાની બધી ઊર્જા પોતાને માટે પોતાના જ પ્રકાશ માટે યોજે-પ્રયોજે ત્યારે એ પાવરહાઉસનો માલિક હશે, સૂર્ય નહીં.

વિશેષ અને શેષ : એવા વર્ગ તો રહેવાના પણ તેમનાં સૌનાં સમાન, લગોલગ, અડોઅડ જ રહેવાના. એમાં કોણ આપણું અને કોણ પરાયું એ ભાવ સમાજજીવનના ભાગલા જ પાડે. આપણી દૂરતા પણ નજીક હોય. ઊંચાઈ એ નજીકની દૂરતા છે, પણ એ ઊંચાઈ પણ સમાજમાં જ હોય, નજીક જ હોય અને ઉચ્ચતા આસપાસ અલગતા સર્જતી ઊંચી વાડ ન હોય. એ તો નજીકને દૂર રાખનારું અને નજીકથી દૂર રહેવાનું અલગતા જન્માવનારું પ્રયોજન હોય અને સત્ય એ છે કે માણસ, માણસની વચ્ચે, પાસે જ હોય. માણસ માટે એ જરૂરી છે. દૂરના એકાંતે કે કોઈ ગુફામાં રહેનાર તો કોઈ કોઈ હોય અને એવા હતા પણ ખરા, પણ તેઓ પોતાની એકની, એકાંતિક પ્રાપ્તિ વહેંચવા

સમાજમાં આવતા હતા, આવતા રહેતા હતા. સાધુ કે ઋષિ પણ સામાજિક જ હોય. સ્વની એકાંતિક, એકની પ્રાપ્તિ પણ બહુજન સમાજ માટે હોય. સામાન્ય માણસનું શૌર્ય અને તપ પણ છેવટે તો સમાજ માટે જ હોય છે. ખાણમાં રહેલુ સોનું ખાણ છોડે ત્યારે તે સમાજ માટે જ હોય છે. જોકે સોનું માણસ શોધી કાઢે પણ છે. પણ એ કેટલું હોય? એના અલંકારો હોય, માણસ સાંસ્કૃતિક બને ત્યારે તે કપડાં સિવાય સુશોભનોય અંગીકાર કરે છે, પણ કામ કરતો માણસ ઓછાં જરૂરી કપડાં અને પોતાના કામનાં ઓજાર જ રાખે છે અને સુવર્ણનાં ઓજાર હોઈ શકતાં નથી. હળ જે જમીન ખેડે છે તેની ચાંચ લોખંડની હોય છે. સુવર્ણનાં આભૂષણ હોય પણ મહારાણી શય્યા પર નિંદ માટે ત્વચાને ખૂંચતાં આભૂષણો ઉતારી નાખે છે અને કામક્રીડામાં તો વસ્ત્રો પણ. એ સહજ હોય છે, એમાં કશું સૂગ કે અસંસ્કારીપણું ન હોય. પરંતુ સમાજ સામે આવવા માટેનુંય એક સ્વરૂપ હોય છે, તે ધારણ કરવું પડે છે. પરંતુ એ આગવી વિશિષ્ટતા પણ રહેતી નથી ત્યારે જ પોતે જ ભૂષણ અને આભુષણ જેવા હોય તેઓ સ્વ સ્વરૂપે જ સમાજ પાસે આવે છે. માણસમાં અલંકાર પણ કોઈ વિશેષ માણસ જ હોય છે. પેલાં ઘરેણાં નહીં. આ પૃથ્વીના માણસને સમજાય એવો સાદો નિયમ એ છે કે માણસ, માણસ માટે હોય ત્યારે પૃથ્વી પર હોય તે અને માણસે સર્જ્યું હોય તે માણસ માટે હોય. સ્વ પણ સહિત હોય, સ્વ તો જીવ છોડે ત્યારે જ ન હોય પણ તેણે જીવન દરમિયાન સર્જ્યું હોય તે તો ફરજ હોય કે સંપત્તિ સમાજ માટે જ રહે છે. સમાજ એ કુટુંબોનું બનેલું મહાકુટુંબ હોય છે, અને જે કંઈ વિવિધ સર્જાય છે તે પણ સમાજ માટે સર્જાય છે અને અહીં એવો કોણ છે જે સામાજિક નથી? ન હોય તો હોવો જોઈએ. માત્ર પોતાના આદર સત્કાર અને પૂજન માટે સમાજ પાસે આવે છે તેણે જાણવું જોઈએ કે પહાડપર્વત પોતાના સ્થાને જ હોય છે. પૂજન, પ્રાર્થના ઉઘરાવવા માટે મેદાનમાં આવતા નથી, આવી શકતા નથી. પણ મહામાનવ સમાજમાં આવે છે પોતાની ઉચ્ચતા વહેંચવા સર્વસાધારણની સપાટી ઊંચે આણવા, પૂજાઆરતી માટે નહીં. જોકે ગુણજ્ઞ જન સામાન્ય આપોઆપ જ આપમેળે એવું કરશે. ઉચ્ચતાના જ્ઞાનઅજ્ઞાને કરી પ્રજાએ એવું કર્યું જ છે, પ્રજા વિચારવાને બદલે માન્યતાના આધારે આગળ આવે ત્યારે એવું બને છે, તેનો ભાવસહિત અસ્વીકાર કરી પૂજનીય જ પ્રજાને જનસામાન્ય પ્રત્યે આભાર વ્યક્ત કરી કરવા જેવું કરી, નાહક આ બધામાં સમય અને શક્તિ વાપરી, વેડફે નહીં એવું સહજપણે પ્રગટ કરે. એ માટેનાં પ્રવચનો, સંભાષણો હોય નહીં. સમાજ બાળકોનો હોતો નથી છતાં ગુણજ્ઞપણે એવું કરે તો આદરસહિત અસ્વીકાર એ એક શાબ્દિક પ્રવચન કરતાં વધારે પ્રભાવક હોય છે. માર્ગદર્શક બધા માર્ગો પોતાની પાસે આવે, અટકે, ભેળા થાય એવું કદી ન ઇચ્છે. બધા માર્ગ પોતે પ્રજા પાસે જઈ શકે એ માટે પોતે પ્રયાણ અને પ્રવાસ કરે. મહામાનવ તો પ્રવાસતીર્થ હોય, પ્રવાસીઓને પોતાની દિશામાં બોલાવતું અને પર્વ વીત્યે સૂની નજરે તીર્થાટન કરનારાઓને જતાં જોઈ રહેતું કોઈ સ્થૂળ તીર્થ નહીં. જંગમ તીર્થ તો ફરતું રહે છે. લોકો વચ્ચે રહે છે. લોકોને કામ છોડી તીર્થે જવું પડે એવું સ્થિર તે હોય નહીં. સાધુ તો ચાલતા ભલા કહેવાયું છે તેનું મર્મસત્ય જાણવું જોઈએ. કોઈ બુદ્ધ એક જ સ્થાને તીર્થ રચી બેસી રહ્યા અને લોકોને બોલાવતા રહ્યા એવું એમના વિશે જાણ્યું છે ખરું? લોકો ચાલે છે કહેવાય પણ કોઈ ચાલે 'વિહાર' કહેવાય ત્યારે એનો વિશેષ અર્થ હોય છે અને એમની પાસે એવું શું છે કે જે તમારી પાસે નથી? તેઓ જનતા પાસે આવે છે એ કહેવા, સમજાવવા માટે કે તમારી પાસે ઘણું બધું છે પણ તે તમે જાણતા નથી. કામના બોજે કે તેના થાકે સર્વસામાન્યમાં વિશેષ વ્યાપક થઈને વહેંચાઈ જાય છે. જ્ઞાન એવું છે કે તે માત્ર પોતાને હોય નહી, તે વહેંચવું પડે તે છતાં તે વહેંચી દેનારનું તો રહે છે જ, જેઓ શારીરિક શ્રમ કરે છે તેમની પાસેય હૃદય અને ચિત્ત તો હોય છે પણ તેઓ જે સર્જન કરતા હોય તેમાં અર્પે છે. તેમને જોઈતું જરૂરી આપનારે તેમની પાસે જવું જોઈએ. એટલા માટે સાધુએ પરિવ્રાજક હોવું જોઈએ અને તે હોય. પરિવ્રાજક તો કહે : અહીં આસપાસ જે દેખાય છે તે તમારું સર્જન છે એની સામાન્ય વ્યવસ્થા તો છે પણ અંતે તો તે ભોગવટા માટેની સ્થૂળ છે, શરીર સ્થૂળ જ છે અને ઉપભોગ માટે તે ઘણાં વાનાં માગે છે પણ સર્જનાર જ સર્વોપરી છે, જે સર્જન થયું છે તે નહીં. કામમાં નિરંતર ગળાડૂબ રહેનારને તેની નિરાંતના સમયે એવું કહેનાર કોઈક તો હોય, હોવા જોઈએ. બધું જ 'હું' સાથે સંકળાયેલી, પદાવલિ અને પેરેગ્રાફ છે પણ તેનાથી સાર્થ વાક્ય રચાવું જોઈએ, એવો કયો કર્તા છે કે 'અકાર્યનો કરનાર હું જ છું.' કેટલાક કામ સાથે માત્ર કર્મ જોડાયેલું હોય છે. તે પરંપરિત હોય તો કર્તાના પોતાનો વિચાર એમાં હોતો નથી. પરંપરાના પ્રવાહમાં કચરો પોતે કશું કરતો નથી, માત્ર તણાય છે. જીવનનો ગતિમાન પ્રવાહ એવો છે કે એમાં અયોગ્ય એવું પણ તણાતું આવે ને પ્રવાહમાં રહે. કાર્યની પણ રૂઢ પ્રણાલિકા હોય છે અને ગતિમાન કાર્યની પ્રણાલી પણ રૂઢ અને જડ થઈ શકે છે. નિરંતર કામ કરનારે એ કહેનારું કોઈ હોય તે સારું છે. એ કામ જમાદાર કે હવાલદાર ન કરી શકે. તેઓ માત્ર તેમને સોંપવામાં આવેલ કાર્યે અધિકારી છે અને તે વ્યવસ્થા રૂઢ થતાં જડ પણ બને અને હવાલદારને પોતે સર્વસામાન્ય હોવા છતાં સત્તાને કારણે પોતાના વિશેષ માને છે અને તેનો ગર્વ ફરજની બહાર કે ઉપરવટ હોય એ કહેનારું તો કોઈ હોય અને હોવું જોઈએ. સુપરવિઝન એ કોઈ ઉચ્ચ અધિકારીનું નહીં પણ કામ કરનારનું યોગ્ય હિત જોનાર હોય તે કહે અને તે હુકમ નહીં કરે. પણ ચાલો કામ થઈ ગયું, આજનું કામ થઈ ગયું તો ચાલો આપણે વિનોદગોષ્ઠી કરીએ એવું કહેનારો અને હેતાળ ગોષ્ઠી કરનાર જોઈએ. માત્ર અન્ન પકવવાથી જ અન્નની સાર્થકતા પૂર્ણ થતી નથી. એ નિર્દોષ,

**(અનુસંધાન : જુઓ પાના નં.-૪૬ ઉપર)**

સત્યકથા

# માલબાઈના રતિયાનું હોઠવાજું

ભાનુબેન એમ. સાવલા

એક તો દુકાળનું વરસ હતું અને માથે કાળઝાળ ઉનાળો. માલબાઈના નેસમાંથી ઘણા માલધારીઓ ઢોરાં સાથે હિજરત કરવા લાગ્યા હતા. નેસડાની પાછળ દૂર સુધી સુક્કા ભઠ્ઠ વગડામાં ઘુમરી ખાતો ઊનો-ઊનો પવન ડમરી ઉડાડતો હતો. પાણીને બદલે ઝાંઝવાનો ભાસ છેતરામણો લાગતો હતો. ક્યાંક કોઈ રડ્યો ખડ્યો આંકડો કે દૂર એકાદ ખીજડો નજરે પડતો. ખીજડા પર બચેલા લીલા અંકુરોને ખાવા બકરાં બે પગે ઝાડ થઈ મથતાં રહેતાં. માલબાઈ ઘરડાં સાસુને માટે અહીં જ રહી હતી. એમ થોડાં ઘરોમાં હજી વસતિ હતી. માલબાઈનાં બે નાનાં સંતાનો થોડી આવક કરી આપતાં હતાં. થોડો ઉપાડ ઘરાકોમાંથી પણ મળેલો. ચારેક ગાયોનું દૂધ એ કાયમી ઘરાકોને પહોંચાડી આવતી.

ઝગમગતાં બે બોઘણાંમાં દૂધ ભરી, ઘરાકોને પહોંચાડવા માલબાઈ અને ધનબાઈ માધાપરથી ભુજ જવા બપોરે ત્રણ વાગે ઘેરથી નીકળી. વૈશાખના ધોમધખતા તાપમાં સડસડાટ ચાલતી માલબાઈ થોડી મોર (આગળ) નીકળી ગઈ કે ધનબાઈએ ટોકી, “કાં અલી! આટલી તકડી (ઉતાવળી) થાશ. જરાક મંધરી (ધીરી) હાલને!” માલબાઈએ કહ્યું, “આજ ભલા બાપાને ઘેર મેંમાણ આયાં સે, તી ખીરું વેલું પહોંચાડજે એમ ગંગાબાએ કીધું ‘તું.” કહી એણે હજી ઝડપથી પગ ઉપાડ્યો. ભુજ પહોંચી બંને રબારણો છૂટી પડી ગઈ. માલબાઈ જ્યુબિલી ચોકમાં ડૉ. સંઘવીને ઘેર દૂધ આપી વાણિયાવાડ થઈ શાકપીઠ પાસે ભલાબાપાની ડેલીએ આવી. ઉલાળિયું ઊંચું કરી કમાડ ખોલી, આંગણામાંથી જ સાદ દીધો, “માડી! ખીરું ગની (લઈ) લ્યો.” ભલા-બાપાને કાને બહેરાશ હતી તેથી પરસાળમાં હીંચકે બેઠાં બેઠાં જ તેમણે પોતાની ઘંટડી જોરજોરથી વગાડી. બહાર આવતાં ગંગાબાએ જરા છાસિયું કર્યું, “ટોપ લઈને આયું રઈ એટલી વાર તો થાય ને.”

ગંગાબાની પાછળ એમની અમેરિકન પોતરાવહુ પણ બહાર આવી. માલબાઈ અચરજથી એને જોતી રહી કે ગંગાબા કહે, “આપણા ઈશાનની વહુ છે. ઈશાન અને લીઝા અમેરિકાથી એકાદ મહિના માટે ફરવા આવ્યાં હતાં. માલબાઈ દૂધ ભરતી હતી તે બધી ક્રિયાઓને લીઝા બહુ રસથી જોઈ રહી હતી. માલબાઈનો પહેરવેશ-કાળું મલીર અને આભલાંવાળી ‘બેકલેસ’ કંજરી માથે ઝીણા ભરતની ઓઢણી, હાથમાં બલૈયાં અને ગોફાવેલાં છૂંદણા. લીઝા ઊભી થઈ અને માલબાઈની ફરતે ગોળ આંટો મારી પાછી એની પાસે બેઠી. એણે એની કાંબિયું પર હાથ ફેરવ્યો અને એક હાથનો ખોબલો ઉછાળીને ઘરેણું બહુ વજનદાર છે એવો ઈશારો કર્યો. પછી કંજરીના આભલા પર ટેરવાં ફેરવી લઈ, એક આંગળી અને અંગૂઠાનો ગોળાકાર બનાવી, આ બહુ સુંદર છે એવો અભિનય કર્યો. માલબાઈને ભારે સ્વાણ (રમૂજ) થઈ. તે ખીખી હસતી રહી.

હવે ઈશાન પણ બહાર આવ્યો કે લીઝાએ આવી કંજરી ખરીદવાની ઈચ્છા દર્શાવી. એણે માલબાઈને પૂછ્યું, “માલીકાકી! આ કંજરી ક્યાંથી લાવ્યા? અમારે લેવી હોય તો ક્યાં મળશે?” માલબાઈ બોલી, “હું આઠ વર્ષની હતી ત્યારથી આણાં માટે આઠ-દસ કંજરીઓ ભરી હતી. વાર પરબે હજીયે હું પહેરું છું.” જાણીને લીઝાની આંખો પહોળી થઈ ગઈ. બે-ત્રણ દુકાનોનાં નામ આપી બોઘણાં લઈ, એ જતી રહી.

સાંજે ઈશાન અને લીઝા બજારમાં નીકળ્યાં. માલબાઈએ કહી હતી તેવી કંજરીઓ એક દુકાનમાં મળી. ભાવ આઠ હજારથી શરૂ થતો હતો. ઘણા પીસ જોયાં. માલબાઈની કંજરીની તોલે કોઈ ન દેખાઈ એટલે નિરાશ થઈ ઘેર પાછાં ફર્યાં. ગંગાબાએ ઉપાય બતાવ્યો. “માલબાઈના ઘેર જાજો તો કાંઈક મેળ પડશે.”

બીજે દિવસે સવારે દસ વાગે ગાડી લઈ બંને માધાપર, માલબાઈના નેસમાં પહોંચી ગયાં. રાજી થઈ એણે ખાટલો ઢાળી આપ્યો. પરદેશી મહેમાનને જોવા પડોશીઓ પણ ભેગાં થઈ ગયાં. ઈશાને માલબાઈને કહ્યું, “માલીકાકી! લીઝાને તમારી કંજરી જોવી છે.” માલબાઈ ઘરમાં જઈ પટારામાંથી એક પોટલી લઈ આવી. ઉપરનું કાપડ છોડતાં. રાણી કલરની અતિશય સુંદર, અતલસની કંજરી લીઝાના હાથમાં આપી. ઝીણા સફાઈદાર રબારી ભરત અને આભલાં જડેલી સુંદર કંજરી જોઈ એ અમેરિકન છોકરી તો ઘેલી જ થઈ ગઈ. પતિને અંગ્રેજીમાં પૂછ્યું, “શું આપણને વેચાતી આપશે?” ઈશાને પૂછ્યું, “માલીકાકી! આ મને વેચાતી આપશો?” સાસુની રજામંદીથી એણે હકાર સુણાવ્યો કે ઈશાને પોતાનું વૉલેટ કાઢી હજારની આઠ નોટો ગણી, પણ લીઝાએ કહ્યું, “ઈશાન! ગીવ હર ટેન બક્સ.” હજાર હજારની દસ નોટો! ધાર્યું નહોતું એટલી રકમ મળતાં માલબાઈએ તરત કંજરી લીઝાને પહેરાવી. ગોરી છોકરી પર આ કલાત્મક નમૂનો ઑપી રહ્યો હતો. કંજરી લઈને ઈશાન અને લીઝા ગયાં કે તરત માલબાઈ પણ સાસુની રજા લઈ, “બાઈજી! હમણાં આવું છું” કહી બસમાં ભુજની બજારમાં આવી. એકમાત્ર વાંજિત્રોની

દુકાનમાં જઈ દુકાનદારને કહ્યું, “ભા! ચપ (હોઠ) થી વગાડવાનું સખર (સરસ) વાજું બતાવો.” રબારણ ઘરાકને જોઈ એણે સસ્તાં ‘માઉથ ઑરગન’ બતાવ્યાં. માલબાઈને એક પણ વાજું ગમ્યું નહિ. એણે સારું વાજું માગ્યું. દુકાનદારે અતિશય મોંઘો પીસ બતાવ્યો. વાજું બહુ સુંદર હતું. સ્ટીલના જડતરની કિંમત હતી રૂા. ૬૦૦૦/- સાંભળીને એ સડક થઈ ગઈ. “ભા, આટલું મોંઘું?” “માડી, આ ઈમ્પોર્ટેડ વાજું છે. વળી એમાં બંધ કરવાની આંકડી પણ છે.” કહી તેણે વાદ્ય વગાડીને એની ખૂબી પણ બતાવી. બહુ સમજ ન પડી પણ દીકરા રતિયા પાસે છે તેનાથી આ ઘણું વધારે સરસ છે. ભાવની થોડી રકઝક કરી રૂા. ૫૫૦૦/- માં વાજું પેક કરાવી ઘેર પહોંચી ગઈ.

વાટમાં ઘાસના ડેલાવાળાને એક ટ્રક પૂળા નાખવાનું પણ કહી દીધું. સાસુ માટે જરૂરી દવાઓ લઈ ઘેર આવી કે ઢોરોના ભાંભરડા સાંભળી ઝટ ઝટ ઘાસ નીર્યું અને પાણીની કૂંડી ભરી. પછી પોતાનાં બંને સંતાનોની રાહ જોતી ઉંબરામાં બેઠી. સાસુએ તો કહ્યું પણ ખરું, “સવારની ધોડાધોડી (દોડાદોડી) કરસ તે જરા સા ખા, (શ્વાસ લે) ઓઢણાથી પવન નાખતી દૂર ક્ષિતિજે નજર કરી મનમાં પ્રાર્થી રહી. “પ્રભુ! હેમખેમ પાર ઉતારજે.” ત્યાં બંને સંતાનો, રતિયો અને ગૌરી હડી કાઢતાં આવ્યાં. તરત ગૌરી માના ખોળામાં ભરાણી. કંજરી ઊંચી કરી ચાર વર્ષની છોકરી માને ધાવવા લાગી. સાસુ થોડા ગુસ્સે થઈ ધીમા અવાજે બોલ્યાં, “આ ચૂસારો છોડાવ, છોડી મોટી થઈ છે.” સાંભળીને ગૌરી ધાવતાં ધાવતાં ઉંકારા કરવા લાગી કે માલબાઈને એના પર હેત ઉભરાણું. એણે દીકરીને બચ્ચીઓથી નવડાવી નાખી. થોડીવાર પછી એણે બંને ભાઈબહેનને રોંઢો કરવા બેસાડ્યાં. બંને સંતાનો ભૂખ્યા ડાંસ થયેલાં તે હુસ-હુસ કરતાં ખાવા લાગ્યાં કે માએ બંનેને ટોક્યાં, “આમ તકડાં તકડાં ખાવ ર્યાં, જરા ચખી ચખીને (ચાવીને) ખાવ.” રોંઢો ખાઈને બેઠાં કે માલબાઈએ દીકરાને પેલું પેકેટ આપ્યું. રતિયો “આમાં શું છે માડી?” માલબાઈ : “ખોલીને જો!” ઉપરનો કાગળ હટાવી બોક્સ ખોલ્યું કે સુંદર મજાનું હોઠવાજું દેખાયું. વાજું જોઈને રતિયો તો ઊછળી જ પડ્યો. તરત હોઠ પર લઈ એણે ગીત શરૂ કર્યું, “હૈ અપના દિલ તો આવારા... ન જાને કિસપે આયેગા....” મુખ્ય ગીતમાં એની ધૂનનો પીસ માઉથ ઓરગન પર જ વગાડાયો છે. એ ધૂન પણ એણે એટલી સરસ વગાડી કે આઠ વર્ષના રતિયાનું ગીત સાંભળવા અને એનું નવું વાજું જોવા પડોશીઓ ભેગાં થઈ ગયા. એક કાને સાંભળતાં બેઠાં. ગીત પૂરું કરી રતિયો માને વળગી પડતાં બોલ્યો, “માડી! ક્યાંથી લાવી આવું ધજ (સરસ) વાજું?” માલબાઈ : “તને ગમ્યું ને બેટા! હવે બેય ભા-ભેણ આ વગાડવા જાજો.” કહેતી એ આડું જોઈ ગઈ. એની આંખો છલકાઈ પડી તી ને જીવ કળીએ કળીએ કપાતો હતો. કુમળાં બાળકોની કમાઈ પર નભવાના દાડા દેખવા પડ્યા હતા.

નેસને છેવાડે મામદમિંયાનું ઘર હતું. મામદમિંયા રતિયાના ગુરુ હતા. રતિયો દોડતોકને મામદમિયાંને વાજું બતાવવા આવ્યો. વાદ્ય જોઈ એ પણ રાજી થયા. રોજ રાતે રતિયો ગુરુ પાસે હોઠવાજું અને જોડિયા પાવા વગાડતાં શીખતો. પેઢી દર પેઢીથી મળેલું સંગીત મામદમિંયાના રકતમાં વણાયેલું હતું. એમને રતિયામાં એક અચ્છો કલાકાર નજરે પડતો હતો. અને ખૂબ ઊલટથી ગુરુ આ વિદ્યાર્થીને સંગીતનો વારસો આપી રહ્યા હતા.

સૂરજબારીનું સ્ટેશન છોડી ‘કચ્છ એક્સપ્રેસ’ ગાંધીધામ તરફ આગળ વધી કે ટુ ટાયરનાં પેસેન્જરો બેગ બિસ્તરા બાંધવામાં પડ્યાં. કમ્પાર્ટમેન્ટમાં ચહલ પહલ થોડી ધીમી પડી કે દરવાજા તરફથી કોઈ વાદ્યનો સૂર સંભળાયો. કર્ણપ્રિય મંજુલ સૂરાવલિમાં, “જાને કહાં ગયે વો દિન કહેતે થે તેરી...” ગીત વગાડતો ૮-૯ વર્ષને છોકરો અને સાથે પાંચેક વર્ષની એની બહેન જેવી દેખાતી ભાઈબહેનની જોડીએ દેખા દીધી એના હાથમાં માએ આણેલું નવુંનક્કોર હોઠવાજું હતું. કોઈ સિદ્ધહસ્ત કલાકારની જેમ ડોક ત્રાંસી કરીને “મેરા નામ જોકર”નું ગીત એ વગાડી રહ્યો હતો. સૂર પાકા, વાદ્ય પરની પકડ બેનમૂન, વાદ્ય વગાડતી વખતે એની અનોખી “બોડી લેંગ્વેજ અને સાદાં છતાં સાફ સુથરાં વસ્ત્રો પરથી ડોકાતી ગરીબી. આખો કમ્પાર્ટમેન્ટ એના સૂરની સાથે આ પ્રખ્યાત ગીત ગણગણી રહ્યો હતો.

એક કૂપેની બારી પાસે ઝોકે ચડેલા બે ભાઈઓ, અલી અને હસન, આ સૂરાવલિઓ સાંભળી એકમેકની સામે એવી રીતે જોઈ રહ્યા હતા કે જાણે એમને પોતાના કાન પર વિશ્વાસ નહોતો બેસતો. આટલા સચોટ અને મીઠા સૂરે કોણ વગાડી રહ્યું હશે? વાજું વગાડતો પેલો છોકરો સામેના પેસેજમાં ઊભો કે બંને ભાઈઓ એકીટશે, એક કાને એનું ગીત સાંભળતા રહ્યા.

ગીત પૂરું થતાં એની નાનીબેન ડબલું ખખડાવતી બધાં પેસેન્જર્સ પાસે ફરવા લાગી. સૌએ રાજી થઈને યથાશક્તિ રકમ એના ડબ્બામાં નાખી. હસન પાસે આવતાં એણે બંને ભાઈબહેનને પોતાની પાસે બેસાડ્યાં. ખિસ્સામાંથી પર્સ કાઢી જે નોટ હાથમાં આવી તે ડબ્બામાં મૂકી. છોકરો નાનો હતો પણ રૂા. ૧૦૦૦/- ની નોટને ઓળખતો હતો. એ અવિશ્વાસથી હસન સામે જોતો રહ્યો કે અલીએ એને કહ્યું, “દોસ્ત! આ હજારની નોટ જ છે. તેં આટલું સરસ વગાડ્યું તેની બક્ષિસ.” સાંભળતાં નોટ ખિસ્સામાં મૂકતાં બોલ્યો, “ગૌરી! રાખજે, ઘડીકમાં પાછો આવું રચ્યો,” કહી બારણા તરફ ચાલ્યો. નાનું ફ્લેગ સ્ટેશન આવ્યું કે ગાડી થોભી ન થોભીને પ્લેટફોર્મ પર કૂદકો મારી છોકરો ઊંધી દિશામાં હડી કાઢીને દોડ્યો. છેવાડે ઊભેલી કોઈ જૈફ ઉંમરની વ્યક્તિને નોટ પકડાવી, એમની ચરણરજ લઈ એજ ઘડીએ પાછો દોડ્યો. ગાર્ડે સીટી મારી ત્યાં એણે છેલ્લો ડબ્બો પકડી લીધો અને જરાવારમાં બેન પાસે આવી ઊભો અને બોલ્યો, “સાયબ! આંજો બહુ પાડ.” એની કચ્છી મિશ્રિત બોલવાની ઢબ પર હસન વારી જ ગયો હતો.

ત્યાં એક ચાવાળો ચાય...ચાય...કરતો નીકળ્યો. ખાવાના શોખીન અલીએ એની પાસેથી ચા ને ગાંઠિયા મંગાવ્યા. બહેન-

ભાઈને પાસે બેસાડી તેમને ચા-ગાંઠિયા ખાવા આપ્યા. બંને છોકરાં સંકોચાયાં. એમનો સંકોચ ટાળવા હસને સહજ અવાજે કહ્યું, "અરે દોસ્ત! આટલું સરસ વગાડ્યું છે ત મુંજી (મારી) સાથે ચા-ગાંઠિયા તો ખા." પોતાના જેવી જ બોલી સાંભળી છોકરાનો સંકોચ દૂર થયો. બંનેએ ચા-ગાંઠિયા ખાધા.

હવે હસન એની સાથે વાતે વળગ્યો. પહેલા એનું નામ પૂછ્યું. એણે કહ્યું, "મારું નામ રતિયો. અને આ મારી ભેણ ગૌરી." આગળ થોડી પૂછપરછ કરતાં ખબર પડી કે ભરવાડ જ્ઞાતિના આ બાળકો શાળાએ જતાં જ નહોતાં. દુકાળના વર્ષમાં માબાપને મદદ કરવા આમ ટ્રેનમાં ભિક્ષાવૃત્તિ કરતાં હતાં.

હસને એને બીજું કોઈ ગીત સંભળાવવાનું કહ્યું. અદાપૂર્વક હોઠ પર વાજું ગોઠવી એકદમ રમતિયાળ અદામાં એણે સૂર છેડ્યા, "લાલ મેરી પત રખીયો બલા ઝૂલેલાલન, સિંધડી દાં, સેવર દાં, સતી શાબાશ કલંદર..." જેમ જેમ ગીત વાગતું ગયું, આખો પેસેન્જર્સ વર્ગ, અલી અને હસન બધા ટ્રાન્સમાં આવી ઝૂમી રહ્યા હતા. છેલ્લે એણે મસ્ત કલંદરને અલગ અલગ તાનમાં, અલગ અલગ રીતે વગાડ્યું. પૂરી પંદર મિનિટ ગીત વાગતું રહ્યું. તે દરમિયાન કોઈ પણ પેસેન્જર ન તો ઊઠ્યા, ન બોલ્યા, ન શોર કે કોલાહલ.

ગીત પૂરું થતાં અલીએ રતિયાને ઊંચકી લીધો. એની આંખોમાં આંસુ તગતગી રહ્યાં હતાં. એને તેડીને નાચતો એ બોલ્યો, "દોસ્ત! આજથી તું રતિયો નહિ, રતન છો." અલી અને હસન હકીકતમાં બોલિવુડના બહુ જાણીતા સંગીતકારો હતા.

આ બંને હીરાપારખુ ઝવેરીઓને રતનની અંદર રહેલા કલાકારને પોતાની સાથે રાખવાની ઇચ્છા થઈ. આગળ ઉપર યોગ્ય કારવાઈ કરી, તેમણે આ નગીનાને એવો તરાશ્યો કે દરેક પાસાથી એ પહેલદાર નંગ જેવો ચમક્યો. અલી અને હસને રતનના માતાપિતાની સંમતિથી શાળામાં ભણવા મૂક્યો. તેનો બધો ખર્ચ આ કલાપારખુ ઝવેરીઓએજ આપ્યો. શાળા પછી કૉલેજની તાલીમ અને સાથે સંગીતનું શિક્ષણ લેતા એ યુવાન થયો. અલી અને હસનના બેંડમાં એ બેંડને સંભાળી રહ્યો છે. વળી શનિ-રવિની રજાઓમાં પોતાના સંગીત ક્લાસમાં બીજાં બાળકોને તૈયાર કરી રહ્યો છે અને જરૂરિયાતવાળા વિદ્યાર્થીઓની ફી પણ લેતો નથી. એની મુખ્યકલા તો એણે એટલી વિકસાવી કે હોઠવાજાથી (માઉથ ઓરગન) એણે વિવિધ પ્રયોગો કર્યા પરદેશમાં પણ એના શો થવા લાગ્યા.

ધીરે ધીરે એના પિતાએ પણ પશુધન વધાર્યું અને દૂધની ડેરીની સ્થાપના કરી. અને માલબાઈ-હાડોહાડ કામગરી બાઈએ પોતાની દીકરીના આણા માટે રબારી ભરતના પરિધાન તૈયાર કર્યાં અને ભુજોડીના હસ્તકલા કેન્દ્રમાં ભરતકામ શીખવવા પણ જવા લાગી.

*મુંબઈ.*
*ફોન : (૦૨૨) ૨૬૨૮૩૬૧૨*

## મહાસતી મૂમલ

**(અનુસંધાન : પાના નં.-૪૮ ઉપરથી ચાલુ)**

અર્થાત્ હે લાલ ધોતિયું પહેરનારા મારા વ્હાલા સોઢા! તું પાછો આવ. તારી પ્રતીક્ષામાં અત્તરના દીવા કરીને હું આખી રાત જાગું છું. અને તું આવીશ એવા શુકન લેવા કાગડો ઉડાવી રહી છું.

આવી અનેક બેતો શાહ લતીફે મૂમલને નિમિત્ત કરીને કચ્છી લોકસાહિત્યમાં રચી છે, જે આજે પણ ઘરેઘરે ગવાય છે. જે ઝૂરે નહીં તે પ્રેમ જ ન હોય. મૂમલ ઝૂરતી રહી, પણ રાણો ન આવ્યો તે ન જ આવ્યો.

પણ મૂમલ ન હારી. સાચો પ્રેમ કદી હારતો નથી, ભલે તે ફના થઈ જાય. મૂમલે નક્કી કર્યું કે જો રાણો ન આવે તો કાંઈ નહીં, હું પોતે સામે ચાલીને તેને ઘેર જઈશ. આપણે ત્યાં વર કન્યાને આણું કરીને વાજતે-ગાજતે પોતાને ઘેર લઈ જતા હોય છે. તેમાં કન્યાનું સન્માન રહેલું હોય છે, પણ જો વર આણું જ ન મોકલે, કન્યાને તેડાવે જ નહીં, વર્ષો વીતી જાય તો પછી કરવું શું? તેમાં પણ સામેનો મુરતિયો પૂરેપૂરો પ્રેમી હોય, વફાદાર હોય, તે પણ ઝૂરતો હોય તો કરવું શું? આવા કેસમાં મધ્યસ્થ વ્યક્તિ બહુ મહત્ત્વનો ભાગ ભજવતી હોય છે. પણ બધાંને યોગ્ય મધ્યસ્થ મળતા નથી.

મૂમલે નક્કી કર્યું : હું પોતે જ મારું આણું લઈને સામે ચાલીને રાણાને ઘેર જઈશ. એ તો મારું જ ઘર છે. મારે ક્યાં પારકે ઘરે જવું છે? પોતાના ઘરે જવામાં વળી માન-પાનની શી જરૂર?

મૂમલે પુરુષનો વેશ ધારણ કર્યો અને ઘોડા વેચનાર સોદાગર તરીકે ઉમરકોટ પહોંચી ગઈ. રાણા સાથે પરિચય થયો. રાણો તો મૂમલને ઘોડાનો સોદાગર જ સમજે છે, પણ રહી-રહીને રાણો મૂમલ સામે ટગર-ટગર જોયા કરે છે : "મારી મૂમલ આવી જ હતી. ક્યાં હશે! શું કરતી હશે?" રાણો સ્તબ્ધ થઈ જાય છે. મૂમલે કારણ પૂછ્યું તો મોટા નિસાસા સાથે રાણાએ મૂમલને યાદ કરી. તરત જ મૂમલે પુરુષવેશનો ત્યાગ કર્યો અને સ્ત્રીવેશ ધારણ કરી લીધો. રાણો તો ફાટી આંખે જોતો જ રહી ગયો. બંનેની આંખોમાં હર્ષનાં આંસુ દડદડ વહેવા લાગ્યાં. મૂમલ દોડીને રાણાને વળગી પડી - એવા જોરથી વળગી કે કદી છુટાય જ નહીં. રાણાએ પણ મૂમલને એવા જોરથી દબાવી દીધી કે તે છૂટવા માગે તોપણ છુટાય નહીં. પણ આ શું? હજી બંને છૂટાં કેમ નથી પડતાં! ખરેખર તો હર્ષના અતિરેકમાં બંનેએ બાથ ભીડીને જ પ્રાણ છોડી દીધા હતા! બંને સાથે જીવી તો ન શક્યાં, પણ બંને સાથે મરીને ધન્ય થઈ ગયાં! રાજા - મહારાજાઓ કે શેઠિયાઓની કથા ન હોય, કથા તો પ્રેમીઓની હોય. શાહ લતીફ પોતાના એકતારામાં આ કથાને શેરીએ-શેરીએ ગાતો ફરે છે. આ જ મોટી શ્રદ્ધાંજલિ કહેવાય. ■

મંથન

# આ દિવાળી વેકેશનને યાદગાર કેમ બનાવશો?

ડૉ. મિહિર એમ. વોરા

સૌ પ્રથમ તમામ બાળકો અને શિક્ષકો મિત્રોને દિવાળીની અને નવા નૂતન વર્ષની શુભેચ્છાઓ. મિત્રો વેકેશન એટલે જય વસાવડા ના મત પ્રમાણે વેકેશન ઈટ + લવ + સ્લીપ + ફન, રિપીટ. ગુજરાતની મોટાભાગની શાળા કૉલેજોમાં દિવાળી એટલે વેકેશનનો ગાળો. આ સમયમાં બાળકો શાળા અથવા કૉલેજમાંથી અભ્યાસ જેવી દૈનિક પ્રવૃત્તિમાંથી રાહત મેળવે છે. માનવીના મગજને વિકસવા માટે સમયની જરૂર પડે છે અને અભ્યાસમાંથી વિરામ મળતાં મગજ અને શરીરમાં શક્તિનો પુનઃસંચાર થાય છે. આ માટે વેકેશનની ખાસ જરૂર પડે છે. મોટાભાગના બાળકો પરીક્ષાની તૈયારી કરતી વખતે વેકેશનના સપના જોતા હોય છે અને વાલીઓ વેકેશનનું પ્લાનિંગ પણ પહેલેથી જ કરી લે છે, પરંતુ જ્યારે શાળા અથવા કૉલેજમાં વેકેશન પડે ત્યારે તેઓ આ પ્લાનિંગ ભૂલી જાય છે. સામાન્ય દિવસોમાં દરેક જણે જોયેલા સપના, વિચારો અથવા મનમાં આવેલા ખ્યાલને લખી લેવા જોઈએ અને જ્યાં સુધી પરીક્ષા પૂર્ણ ન થાય ત્યાં સુધી તેને જોવા જોઈએ નહીં. આનાથી ખાસ હેતુ સિદ્ધ કરી શકાશે. તમારું મન પરીક્ષાની તૈયારી ઉપર કેન્દ્રિત રહેશે અને જ્યારે વેકેશન શરૂ થાય ત્યારે શું કરવું તેનું તમારી પાસે પ્લાનિંગ તૈયાર હશે. આનાથી ઘણો સમય બચશે અને તમે વેકેશનમાં અપેક્ષા મુજબના પ્લાનિંગમાં સક્રિય બની રહેશો. વેકેશન દરમિયાન કેટલીક પ્રવૃત્તિઓ ખાસ કરવી જોઈએ. વેકેશનમાં મોટી સંખ્યામાં લોકો રાજ્યનો, દેશનો અને વિદેશ પ્રવાસ કરતાં હોય છે. આનો ઉદ્દેશ્ય પરિવાર સાથે સારો સમય વિતાવવો, નવા સ્થળો જોવા, આરામ કરવો અને સારી પ્રવૃત્તિઓ કરવાનો હોય છે. વેકેશનની મજા માણવાનો મતલબ એ નહીં કે માત્ર નાણાનો જ ખર્ચ કરવો. રોજિંદા જીવનમાં તમે બાળકોને પૂરતો સમય આપી શકતા નથી. પરિવાર સાથે પ્રવાસ કરવાથી માતા-પિતા અને બાળકોને સાથે મળીને એકબીજાને વધુ સારી રીતે સમજવામાં મદદ મળી રહે છે, બાળકો વિવિધ પરિસ્થિતિમાં માતા-પિતાના વ્યવહારનું અવલોકન કરતાં હોય છે. એટલે કે તેમના તણાવયુક્ત અને હળવાશની પળો. જેને બાળકો અનુસરે પણ છે. બાળકો એમ્યુઝમેન્ટ પાર્ક, મ્યુઝિયમ, જોવા લાયક સ્થળોનો પ્રવાસ કે પછી શોપિંગ, આમાંથી શું કરવા ઈચ્છે છે તે અંગે તેમની સાથે ચર્ચા કરીને પસંદગીની પ્રવૃત્તિ કરવાથી તેમનું મગજ વધુ વિકસે છે. વેકેશનમાં પ્રવાસ કરવાનું આયોજન કરતાં પહેલાં આ બાબતોને હંમેશાં ધ્યાનમાં રાખો - શું તમે પરિવાર સાથે પ્રવાસ કરવાનો છે અથવા સંબંધીની મુલાકાત લેવાની છે. અથવા નવા સ્થળની મુલાકાત લેવાની છે કે પછી બાળકોને મનોરંજન પૂરું પાડવાનું છે. આનાથી તમે સૌથી મહત્ત્વપૂર્ણ ઉદ્દેશ માટે મહત્તમ સમયની ફાળવણી કરી શકો. જો તમે પરિવાર સાથે સમય વિતાવવા માગતા હોવ તો બધા સાથે મળીને એક પ્રવૃત્તિમાં જોડાય તેવું આયોજન કરો. છેલ્લાં થોડાં વર્ષોથી શહેરોમાં બાળકોને સમર વર્કશોપમાં મોકલવાનો ટ્રેન્ડ શરૂ થયો છે. આ વર્કશોપમાં ભાગ લેવાથી બાળકો નવી પ્રવૃત્તિઓમાં ભાગ લેવા પ્રેરાય છે અને કૌશલ્યો શીખે છે, જે તેઓ રોજિંદા જીવનમાં ક્યારેય શીખી શકતા નથી. જો કે, આ મોંઘું હોઈ પણ શકે અને નહીં પણ. સામાન્ય રીતે ક્લાસિસ, શાળાઓ અને સંસ્થાઓ દ્વારા સમર વર્કશોપનું આયોજન કરાતું હોય છે. આનો ઉદ્દેશ્ય બાળકોને નવીન પ્રવૃત્તિઓમાં સાંકળીને નિપુણ બનાવવાનો હોય છે. જો તમે તમારા બાળકનું એડમિશન ડાન્સ વર્કશોપમાં કરાવો, અને જો તમારા બાળકમાં ડાન્સની છૂપી પ્રતિભા હશે તો વર્કશોપમાં આ પ્રતિભાને નિખરવા માટે પ્લેટફોર્મ મળી રહેશે. બાળકો ઉપર તમારી ઈચ્છાઓ થોપશો નહીં અને હંમેશાં તેમની સાથે વાત કરીને તેમની રૂચિ અનુસારની પ્રવૃત્તિઓમાં બાળકોને સાંકળો. બાળકોને સક્રિય રાખવા અને તેમની પસંદગીની પ્રવૃત્તિમાં કાર્યરત બનાવવા માટે સમર વર્કશોપ શ્રેષ્ઠ પ્લેટફોર્મ છે. તમારા બાળકની સાથે અભ્યાસ કરતાં અન્ય વિદ્યાર્થીઓની માતા સાથે વાત કરો અને અન્ય પ્રોગ્રામ પણ જાણકારી પ્રાપ્ત કરો. વેકેશન માણવાનો આ પરંપરાગત પ્રકાર રહ્યો છે. એટલે કે કોઈ ચોક્કસ બાબતમાં સંપૂર્ણપણે સક્રિય ન રહેવું. માનસિક અને શારીરિક આરામ માટે આ વધુ એક સારો વિકલ્પ છે. વર્ષ દરમિયાન બાળકોને એવાં પણ સમયની જરૂર હોય છે કે જ્યારે તેઓ કોઈપણ ચોક્કસ પ્લાન વિના સવારે ઉઠે. આનાથી તેમની સર્જનાત્મકતાને બળ મળી રહે છે. જો કે, તમારે આ બાબતે ધ્યાન રાખવું પણ જરૂરી છે. ઘણાં કિસ્સામાં બાળક આળસુ થઈ જાય છે. અથવા તો તે બિનઉત્પાદક પ્રવૃત્તિઓમાં સંકળાઈ જાય છે. આમાં ટીવી જોવું, ઘરની બહાર મિત્રો સાથે રમવાને બદલે કોમ્પ્યુટર, ટેબલેટ અને મોબાઈલ ઉપર ગેમ્સ રમવી વગેરેનો સમાવેશ થાય છે. આ વેકેશનમાં ઘણી સારી

(અનુસંધાન : જુઓ પાના નં.-૫૧ ઉપર)

ચિંતન

# અપરાધની તીવ્ર લાગણી

ફાધર વર્ગીસ પોલ

થોડા વખત પહેલાં મારા પર એક બહેનનો ફોન હતો. એમણે મને પૂછ્યું, “ફાધર, હું આપની પાસે ‘કન્ફેશન’ કરી શકું?” એમણે ‘કન્ફેશન’ વિશે ક્યાંક વાંચ્યું કે સાંભળ્યું હતું. ‘કન્ફેશન’ એટલે કેથલિક ખ્રિસ્તી ધર્મનો પ્રાયશ્ચિત સંસ્કાર. પ્રાયશ્ચિત સંસ્કાર ખ્રિસ્તી ધર્મના સાત સંસ્કારોમાંનો એક છે. પ્રાયશ્ચિત સંસ્કાર ‘સમાધાન સંસ્કાર’ તરીકે પણ ઓળખાય છે.

ફોન કરનાર બહેને મને કહ્યું, “ફાધર, હું આપની પાસે મારા ‘કન્ફેશન’ માટે આવી શકું?”

એ બહેનના પ્રશ્ન પરથી મને લાગ્યું કે, પ્રશ્ન પૂછનાર બહેન કેથલિક ખ્રિસ્તી તો નથી. કેથલિક ખ્રિસ્તી હોત તો તેઓ મને પૂછ્યા વિના મારી પાસે સમાધાન સંસ્કાર માટે આવી શકે છે. એટલે જ મેં માન્યું કે, એ બહેન કોઈ ઈતર ધર્મની વ્યક્તિ છે.

પ્રાયશ્ચિત સંસ્કાર વિશે અગાઉ મેં એકથી વધારે લેખો લખ્યા છે. એટલે અહીં ફરી એ વિશે લખવા ઇચ્છતો નથી, પણ એ સંસ્કાર વિશે ટૂંકમાં ખ્યાલ આપીને પાપ અને પશ્ચાતાપ અંગે થોડી વાત કરીશ. ‘મોઢામોઢ સમાધાન સંસ્કાર’ નામે ‘કન્ફેશન’ વિશેનો મારો પ્રથમ લેખ ‘જીવન પટોળામાં ધર્મની ભાત’ નામના પુસ્તકમાં છે. (ગુજરાત સાહિત્ય પ્રકાશ, આણંદ ૧૯૮૯, પૃ. ૫૨-૬૦)

બધા માણસો નાનાંમોટાં પાપ કરે છે. પાપ એક બાબત છે તો પાપનું પરિણામ કે પાપ પ્રત્યેનો પ્રતિભાવ બીજી બાબત છે. પાપ અંગે દરેકનો પ્રતિભાવ ભિન્ન ભિન્ન હોય છે. અમુક લોકો કરેલાં પાપનો દિલથી પસ્તાવો કરી જીવન આગળ ધપાવે છે; તો અમુક લોકો પોતે કરેલાં પાપના અપરાધની લાગણીથી ખૂબ પીડાય છે. આમ, પાપનો પશ્ચાતાપ અને પાપના અપરાધની લાગણી બે ભિન્ન બાબત છે.

મને ફોન કરનાર બહેનની વાતથી મને ખ્યાલ આવ્યો કે, એ બહેન પાપના અપરાધભાવથી ખૂબ પીડાય છે. આવી પરિસ્થિતિમાં ખ્રિસ્તી લોકો સામાન્ય રીતે પ્રાયશ્ચિત સંસ્કારનો આશ્રય લઈને પ્રાયશ્ચિત સાંભળનાર પુરોહિત પાસે જઈને પોતાનાં પાપનો એકરાર કરવા સાથે યોગ્ય સલાહસૂચન કે કાઉન્સેલિંગ મેળવે છે. સમાધાન સંસ્કાર અંગે આવા સ્પષ્ટ ખ્યાલ વિના એ બહેને મને કન્ફેશન વિશે પૂછ્યું હશે એવું હું માનું છું.

પાપ અંગેના સ્પષ્ટ ખ્યાલ અને પશ્ચાતાપ સાથે પ્રાયશ્ચિત કરનાર વ્યક્તિ પ્રાયશ્ચિત સંસ્કાર માટે પ્રભુ ઈસુના પ્રતિનિધિ ધર્મગુરુ પાસે જાય છે અને પાપનો એકરાર કરે છે. પોતે કરેલાં પાપ માટે માણસ મનમાં દુઃખ અનુભવીને પાપને ધિક્કારવા અને સુધારવાના નિર્ણય લે છે. આમ, પશ્ચાત્તાપ કરનાર વ્યક્તિ પુરોહિત આગળ પોતાના પાપનો એકરાર કરે છે.

ગાંધીજીની આત્મકથા ‘સત્યના પ્રયોગો’ માં પશ્ચાતાપ, અપરાધની લાગણી અને પ્રાયશ્ચિતનો સુંદર દાખલો આપણને વાંચવા મળે છે. ગાંધીજીએ બાળપણમાં બીડી પીવા, માંસ ખાવા અને ચોરી કરવા જેવાં પાપો કર્યા હતાં. અને એને કારણે કિશોર ગાંધીએ અપરાધની ઊંડી લાગણી અનુભવી હતી. અને એટલી હદ સુધી ગાંધીજી અપરાધની ઊંડી લાગણી અનુભવતા હતા કે ગાંધીજી મૌખિક રીતે પોતાનાં પાપનો એકરાર કરી શકતા નહોતા. એટલે તેમણે પાપના અપરાધના ભારથી પીડાઈને પોતાની આત્મકથામાં લખ્યું છે, “અમે તો આપઘાત કરવાનો નિશ્ચય કર્યો!” (નવજીવન ટ્રસ્ટ ૨૦૦૬, પૃ.-૨૨)

ગાંધીજીનું સદ્‌ભાગ્ય કે એમના અંતરાત્માની પ્રેરણાથી એમણે બધાં પાપો એક કાગળ ઉપર લખીને એકરાર કરી લીધો અને બીમાર બાપુજીના હાથમાં લખેલી એ ચિઠ્ઠી આપીને પોતાનાં પાપોની કબૂલાત કરી. બાપુજીના પગે પડીને તેઓ રડી પડ્યા અને પાકો નિર્ણય કર્યો કે, ભવિષ્યમાં આવું પાપ ન કરવું. સમાધાન સંસ્કારમાં ફરી પાપ ન કરવાનો દૃઢ નિર્ણય હોય છે.

DEEP JYOT
STATIONERY MART
MFG. OF : EXERCISE & ACCOUNT BOOKS & ALL TYPES OF OFFICE FILES
JAYESH S. PAREKH
M. : 98241 06623
FACTORY : Plot No. 4601, G.I.D.C., Ankleshwar-393 002.
Ph. : 253137

મને ફોન કરનાર બહેનનાં પાપ કે 'કન્ફેશન' ના ખ્યાલ અંગે મને કંઈ ખબર નથી. પ્રાયશ્ચિત સંસ્કાર તો એ સંસ્કારને બરાબર સમજનાર ખ્રિસ્તી લોકો સુધી જ સીમિત છે. પણ હું માનું છું કે, એ બહેન પણ પોતાનાં પાપોથી કે પોતાના અપરાધની ઊંડી લાગણીથી મુક્તિ મેળવવા અંગે યોગ્ય સલાહસૂચન મેળવી શકે છે. જરૂર લાગે તો માર્ગદર્શન કરનાર કોઈ પુરોહિત કે સલાહસૂચન આપનાર કોઈ કાઉન્સેલરના માર્ગદર્શનથી પાપમાંથી મુક્તિ મેળવીને સુધારાના રસ્તે પોતાનું જીવન આગળ ધપાવી શકે છે.

ઈશ્વર પર શ્રદ્ધા રાખનાર વ્યક્તિ માટે શ્રદ્ધા જ યોગ્ય પ્રેરણા અને માર્ગદર્શન પૂરું પાડી શકે છે. ખ્રિસ્તી લોકો ઈશ્વરને બાપ કે પિતા કહીને સંબોધે છે અને પોતાને ઈશ્વરપિતાનાં જ સંતાનો સમજે છે. જોકે, મારા મુસ્લિમ બંધુઓને ઈશ્વરને 'પિતા' કહેવામાં વાંધો છે. થોડા વખત પહેલાં મેં અંગ્રેજીમાં વાંચેલા એક પુસ્તકની વાત યાદ આવે છે. એ પુસ્તકમાં એક મુસ્લિમ બહેન બિલ્કીસ શેખની ધર્મપલટો કરીને ખ્રિસ્તી ધર્મ સ્વીકાર કરવાના સાહસની વાત છે. એનું શીર્ષક છે : 'I Dared to call Him Father' મેં એને (ઇશ્વરને) પિતા કહેવાની હિંમત કરી.

બિલ્કીસ શેખના આત્મકથાના પુસ્તકમાં ભગવાનને ઈશ્વરપિતા તરીકે સ્વીકારવામાં એમણે સામનો કરેલા પડકારો અને જોખમોની વાત સાથે ઈશ્વરને પિતા તરીકે સ્વીકારવામાં પોતે અનુભવેલી હિંમતની તથા આધ્યાત્મિક શાંતિની વાત છે. ઈશ્વરપિતા અને ખ્રિસ્તી ધર્મ સાથેના સંબંધની વાત છે.

બાઈબલમાં કહ્યું છે તેમ, ખ્રિસ્તી લોકો ઈશ્વર પિતાને પ્રેમસ્વરૂપ માને છે, પ્રેમની પ્રતિમૂર્તિ માને છે. ઈસુ ખ્રિસ્તના સમગ્ર જીવનનો સંદેશ હતો કે, ઈશ્વર આપણા પિતા છે અને આપણે બધાં એનાં સંતાનો છીએ. આપણે પાપ કરીએ ત્યારે આપણને ખોટું કર્યાનું ભાન થાય છે. આપણને અંતરાત્માના અવાજથી દુઃખ થાય છે, પીડા થાય છે. એ રીતે આપણી ઉપર અઢળક પ્રેમ રાખનાર ઈશ્વરપિતાને પણ દુઃખ અને અપરાધની તીવ્ર લાગણી અનુભવનાર વ્યક્તિના દયાળુ પિતા તરીકે સમજી શકીએ.

ભારે ગુનો કે અત્યાચાર કર્યાની ઊંડી લાગણી માણસને હચમચાવી શકે છે. અપરાધ અને હતાશાની લાગણીથી પીડાતો માણસ જીવનમાં જ આશા ખોઈ શકે છે અને આત્મહત્યા જેવાં પગલાં ભરી શકે છે. આવા લોકો, બધા માણસો, વિશેષ તો પાપી લોકો ઈશ્વરનો અનહદ પ્રેમ પામી શકતા નથી. એટલે ઈશ્વર પર ભરોસો રાખી શકતા નથી.

ભારે અપરાધની લાગણીથી નિરાશાની ગર્તામાં સપડાયેલા માણસે પોતાના માટે પ્રેમસ્વરૂપ ઈશ્વરના અચલ પ્રેમને પારખવા અને સ્વીકારવાની તાતી જરૂર છે. કોઈ પણ પાપી માણસ પાપ અને હતાશાનો રસ્તો છોડીને પ્રેમસ્વરૂપ ઈશ્વરપિતા તરફ વળી શકે છે. તેઓ બાઈબલમાં આપેલા ઉડાઉ દીકરાની જેમ પોતાના ગુનાનો પશ્ચાતાપ કરીને પૂરા ભરોસાથી પોતાના ઈશ્વર પિતા તરફ વળી શકે છે. ઈશ્વર પિતા તો ઉડાઉ દીકરાના પિતાની જેમ ફેલાયેલા હાથે પાપી માણસને આવકારવા હંમેશાં તત્પર રહે છે.

સમાધાન સંસ્કાર દ્વારા ખ્રિસ્તી ધર્મગુરુ પાપી માણસ માટેની ઈશ્વરની કરુણા અને બિનશરતી પ્રેમનો અને માફીનો સંદેશ આપે છે. ઈશ્વરનાં પ્રેમ, કુટુંબ અને માફીમાં અટલ શ્રદ્ધા રાખીને પાપી માણસ પશ્ચાતાપી દિલે પોતાનાં પાપોમાંથી મુક્તિનો અનુભવ કરે છે. સમાધાન સંસ્કારનું એ હાર્દ છે.

પાપી માણસ ઈશ્વર પરની પોતાની શ્રદ્ધાથી જાણે છે કે, એના પરનો ઈશ્વરનો પ્રેમ એનાં પાપ કે પુણ્ય પર આધારિત નથી. ઈશ્વરનો માણસ પરના પ્રેમનો આધાર ખુદ ઈશ્વર પોતે છે. કારણ, ઈશ્વરે બિનશરતી પ્રેમથી એને સર્જ્યો છે. તે સ્વીકારે કે ના સ્વીકારે પણ ઈશ્વરનો એના માટેનો પ્રેમ હરહંમેશાં એની સાથે છે જ. એક માનવપિતા ખૂબ પ્રેમ અને સમજૂતીથી પોતાના બાળકની સંભાળ રાખે છે. એથીય વિશેષ પ્રેમ અને દયાથી ઈશ્વર પિતા પાપી માણસની સારસંભાળ રાખે છે, એને માફી આપે છે.

આ શ્રદ્ધાને પોષવા માટે અને ગમે તે પરિસ્થિતિનો સામનો કરવા માટે બાઈબલની કેટલીક ઉક્તિઓ કોઈ પણ માણસ માટે મદદરૂપ થઈ શકે છે. "બીશો નહિ", "ડરીશ નહિ", "ગભરાશો નહિ" બાઈબલની એવી ઘણી ઉક્તિઓમાંથી માણસ પ્રેરણા અને હિંમત મેળવી શકે છે. અહીં મારે માટે પ્રેરણારૂપ ચારેક ઉક્તિઓ ઉતારું છું. "જો, મેં તારા નામનું છૂંદણું મારી હથેળી ઉપર છૂંદાવ્યું છે. તારા કોટકાંગરાને હું સતત સંભાર્યા કરું છું" (યશાયા ૪૯, ૧૬). "ખાતરી રાખજો કે યુગના અંત સુધી સદા તમારી સાથે છું" (માથ્થી ૨૮, ૨૦.) "તમે મારા મિત્ર જ છો" (યોહાન ૧૫, ૧૪). "હિંમત રાખો, એ તો હું છું, બીશો નહિ" (માથ્થી ૧૪, ૨૭). ■

Aristo™ STAINLESS STEEL

**Mfrs. of Aristo Brand Stainless Steel Utensils**

**ARISTO PLUS**
177/A, Panjrapole Road, Opp. Sarvoday Nagar, Mumbai-400 004.
Tel. : 2242 6555 / 2242 2666 • Fax : 2242 7324
E-mail : aristo_steel@yahoo.co.in • www.aristosteel.com

સમાજ ચિંતન

## સંબંધોના સથવારે

# જીવન એક પતંગ

ઇલા કે. શાહ

મકરસંક્રાંતિનો મોજીલો માહોલ શરૂ થયો. ઉત્તરાયણનું સુપ્રભાત સિનેમાનાં ગીતગુંજન અને વિવિધ પ્રકારોનાં શોરબકોર સાથે આગમન કરી ચૂક્યું.

નાનકડો વીર દાદાજીનો હાથ પકડી ઉપર અગાશીમાં જવા માટે જીદ કરી રહ્યો હતો. "ચલોને દાદા, મારે પતંગ ઉડાડવી છે. મારે કપાયેલો પતંગ પકડવો છે."

"હા, બેટા, હમણાં ઠંડી બહુ લાગશે, જરા તડકો આવે, સૂર્યનારાયણનાં દર્શન થાય એટલે જઈએ." દાદા સૌરભભાઈએ કહ્યું.

બા પાસે જઈને તેમનો સાડલાનો છેડો ખેંચ્યો. "બા, જુઓને દાદા હમણાં ના કહે છે. તમે આવોને મારી સાથે પતંગ ચગાવવા." પ્રભુતાબેન પ્રભુસેવામાં હતાં. પણ પ્રેમથી વીરને પાસે બોલાવી પ્રસાદ આપી સમજાવ્યું કે હમણાં થોડીવારમાં જ જઈશું હોં."

વીરના પપ્પા રોહન અને મમ્મી વિરાજ થોડું રસોઈઘરનું કામકાજ સમેટી અગાશીમાં લઈ જવાનો સામાન એકત્ર કરતાં હતાં. પતંગો, દોરી-ફિરકી, ખુરશીઓ વગેરેની સાથે વિધવિધ નાસ્તો પણ લીધો. અગાશીમાં ચીકી ખાવાની, તલના લાડુ સાથે સેવમમરા, ભેળ, જમરૂખ, બોર ખાવાની પણ ઓર મજા આવે. વિરાજે યાદ કરી બધું જ મુકાવી દીધું. પછી (સાસુમાને) મમ્મીને કહ્યું, "મમ્મીજી, તમારે ને પપ્પાજીએ આજે અગાશીમાં જ આનંદ માણવાનો છે. નીચે ઉપર ચઢઊતર કરવાની નથી. બપોરે જમણમાં ઊંધિયાની વ્યવસ્થા પણ કરાવી દીધી છે. ત્યારબાદ તાપ લાગે ને આરામ કરવો હોય તો અગાશીની નજીકની નાની રૂમમાં જતાં રહેજો. ચાર વાગ્યાથી પછી મજા જ મજા. તમને તો મમ્મીજી પતંગનો ખૂબ શોખ છે ને? ચાલો, આપણે આકાશના મેદાનમાં ઉતરી બધાંના પતંગ કાપીએ." વિરાજે પ્રેમપૂર્વક કહ્યું. ને બધાં સાથે જ અગાશીમાં ગયા.

"ચાલો, મમ્મીજી તમારી ફિરકી પપ્પાજીને સોંપી દો ને આવી જાવ. હું પણ રોહનને ફિરકી પકડાવી પતંગ ચગાવીશ" વિરાજે કહ્યું. ને મમ્મીજીનો પુરાણો શોખ જાગૃત થયો. બંને સાસુ-વહુએ સાથે પતંગ ચગાવી. પેચ લડાવ્યો. વહુએ સાસુનો પતંગ કાપ્યો. બંનેએ નિર્દોષ આનંદ માણ્યો. નાનકડા વીરની પતંગ ચડતી નહોતી. તેથી તે ઉદાસ થઈ ગયો. રોહને કહ્યું, "લે વીર ફિરકી પકડ, જો હું તને પતંગ ચગાવીને આપું."

"ના, હું મારી જાતે જ ચગાવીશ. મમ્મી, છૂટ આપને." મમ્મીએ છૂટ આપીને વીરની પતંગ ચડી ગઈ. પવનનું જોર સરસ હતું. કૂણો તડકો શરીરને ગમતો હતો. હવે રોહન અને વિરાજે પતંગ આકાશમાં ઝંપલાવ્યું. રોહને દૂર દૂર સુધી પતંગને જવા દીધો. વિરાજે ફિરકી બરોબર પકડી હતી. પેચ વારંવાર થતાં ઘણાં પતંગો કાપ્યા, ને હે...કાપ્યો છે...! કપાઈ ગયો...ના મોટા નારા સાથે જીતની ખુશી મેળવી.

જોતજોતામાં આકાશ રંગબેરંગી પતંગોથી છવાઈ ગયું છે. જાણે આભલાં મઢ્યાં હોય! હે આવ્યો છે, હે કાપ્યો છો...કાટ્ટા...પેચ જામ્યો છે...પકડો...પકડો...લપટાવ્યો છે. વગેરે પ્રકારના અવાજો સંભળાય છે. ટેપરેકોર્ડરમાંથી અવનવા ફિલ્મી ગીતોનાં સૂર સૌનાં મનને ડોલાવે છે.

આ રીતની ઉત્તરાયણની મોજ માણતાં સૌરભભાઈ અને પ્રભુતાબેન પતંગનું સાંન્નિધ્ય માણતાં માણતાં અતીતના (ભૂતકાળના) સ્મરણોને સંકોરે છે. તો ભવિષ્યની ચિંતામાં પણ ખોવાઈ જાય છે. પ્રભુતાબેન બોલ્યાં : 'જુઓ, આપણા જીવનનો સંબંધ પતંગ સાથે પણ છે. પતંગ એટલે તમે ને દોરી એટલે હું. બંને એકબીજાને સથવારે જ ઊંચે જાય. બરોબરને ...?"

"હા, તારી વાત સાવ સાચી છે, પણ તેનું છે શું?" સૌરભભાઈએ પૂછ્યું.

"દોરી વગર પતંગ ઉપર ચડે જ નહીં, તેમ પુરુષની ઝળહળતી સફળતા પાછળ એક સ્ત્રી જ હોઈ શકે છે. પણ જો પતંગ આકાશમાં ઊંચે જાય, દોરી છોડાવીને દૂર ચાલ્યો જાય ને તે પછી કપાઈ જાય ત્યારે? દોરી નીચે પડે ને પતંગ એકલો અટૂલો ઝોલાં ખાતો ખાતો ક્યાંક પડે! પુરુષ વગર સ્ત્રીનું જીવન પણ આવું જ ને! દોરીની જેમ સ્ત્રીને કેવી રીતે વિચરવું પડે છે." પ્રભુતાબેને ગૂઢ વાતો જણાવી.

"તું કહે છે તે બરોબર જ છે. જીવન એક કટી પતંગ જેવું જ છે ને! પરંતુ ચડતાં પતંગ વચ્ચે કોઈ ઝોલ મારી પેચ લડાવે ને ભાર દોરી સાથે દૂર સુધી જાય તે પણ કપાઈ જાય ત્યારે દોરી સાથે ગયેલો પતંગ જાણે બંને સ્ત્રી-પુરુષ સાથે ચાલ્યા જતાં હોય તેવું લાગે. પણ કોઈ ખેંચાખેંચ કરીને કે પછી ઢીલ છોડીને પતંગ કાપે તે પણ હે કાપ્યો છે...ની બૂમો પાડે ત્યારે જેનો પતંગ કપાય તેને કેટલું દુઃખ થાય છે. કાપનારની ઈર્ષ્યા દેખાઈ આવે છે ને તેને જાણે જગ જીત્યાનો અહેસાસ થાય છે."

સૌરભભાઈએ સૂર પુરાવ્યો. બંને જણ પતંગ રસિયાઓની મોજ માણતાં આવી ગૂઢ વાતો કરવાં મશગૂલ થઈ ગયા. ત્યાં તો નાનકડો વીર આવીને કહે, "બા જુઓને મારી દોરીનું ગૂંચળું વળી ગયું., દાદા, તમે ઉકેલી આપો ને! મારી દોરીમાં બહુ ગાંઠો પડી ગઈ છે, હવે હું શું કરું?"

"હા બેટા હવે અમારે શું કરવાનું? આવા ગૂંચળાં જ ઉકેલવાના છે." વીર બિચારો આવી માર્મિક વાત ક્યાંથી સમજે!

વળી પાછો તે કહે, "દાદા, મારી પતંગ ફાટી ગઈ છે, તમે પટ્ટી લગાવી સાંધી દોને...મારે હનુમાનદાદા જેવડી પૂંછડી પતંગ પર લગાડવી છે. જુઓ, દાદા સામેની તરફ એક આવો જ પતંગ ચડે છે. મને તેવો કરી આપોને!"

"લાવ બેટા, તારો પતંગ આખો બનાવી દઉં, ને આવી પૂંછડી પણ કરી દઉં." દાદાએ કહ્યું.

બા, દાદાને મનમાં થયું કે તેઓએ તો જિંદગીમાં આવેલી મુસીબતોમાં કેટલાંય ગૂંચળાઓનો ઉકેલ શોધ્યો હતો. જીવનની એક ગૂંચ આ દોરીની ગૂંચ જેવી જ હોય છે. ઉકલે તો ઠીક નહીં તો કાપીને ફેંકવું પડે. મહામહેનતે પડેલી ગાંઠો ઉકેલી આખી દોરી કરીએ, પણ એ જીવનમાં પડેલી અંટસની ગાંઠોને ઉકેલવામાં કેટલી મહેનત પડે છે. વીરને આ બધું તો ક્યારે સમજાશે. મનમાં આવું વિચારતાં બા, દાદાએ પતંગને સાંધ્યો ને પૂંછડી પણ બનાવી પતંગ આપ્યો. વીર ખૂબ ખુશ થયો.

બપોરનાં ગરમાગરમ ઊંધિયા-જલેબીની મોજ માણીને પછી આરામ કર્યો. પણ સાંજની ઉત્તરાયણ પણ મન ભરી માણી. અંધારું થતાં ફટાકડા ફૂટવા માંડ્યા. આકાશ અવનવી રોશનીથી ઝળહળી ઊઠ્યું. પ્રભુતાબેને પતંગોત્સવ પતિ તથા પરિવારની સાથે માણ્યો. તેઓનું મન બોલ્યું કે આપણા જીવતરની દોરી તો પ્રભુના હાથમાં જ છે ને! જીવન પતંગને ઉડાડવાનું કામ આપણું નથી, ને જાણે પ્રભુને કહી રહ્યાં હોય તેમ ગણગણ્યાં.

*"ઓ વ્હાલા મારી જીવનપતંગ તુજ ઉડાવજે.*
*તારે હાથે દોર કનૈયા, તું મુજને સંભારે રે..."*

ત્યારબાદ અંધકાર છવાતાં સૌ અગાશીમાંથી નીચે ઊતર્યા.

---

## અનેકાંત

**(અનુસંધાન : પાના નં.-૭૫ ઉપરથી ચાલુ)**

મારા તરફથી નાની મોટી આર્થિક મદદ હોય છે પણ તેણે મારા ઘરને અને મારા જીવનને વ્યવસ્થિત કરવામાં મને મદદ કરી છે. કહી શકાય કે અમે બંને એકબીજાને સાચવી લઈએ છીએ. મને વિચાર આવ્યો કે, 'શું હું અને એ.....'

મેં મારા વિચારો અને લાગણીઓ અને પરિસ્થિતિ વિશે મારા નજીકના મિત્રને વાત કરી. તો એ મારા પર ગુસ્સે થઇ ગયો અને બોલ્યો, 'ગાંડો થઈ ગયો છે? તારી અને આ છોકરી વચ્ચે ઉંમરનો કેટલો બધો તફાવત છે? અને આવી છોકરીઓ તો એ જ પ્રયત્નમાં જ હોય કે ક્યારે આવા શ્રીમંત ઘરના માણસને ફસાવી દઈએ. આ છોકરી તને ફસાવવા માંગે છે. આ પ્રેમ નથી, સમજ્યો?'

હું ખૂબ જ મૂંઝાયેલો છું. શું કરું? મારા મનમાંથી એ જતી નથી પણ એના મનમાં શું છે એ કેવી રીતે સમજી શકાય? શું કરું? મારી લાગણીનું માનું? કે મારા મિત્રની વાત માનું? સમજ નથી પડતી.

*લિ. શાંતમ્.*

*તમે લાલિત્યાજી ત્યારે તેમને જવાબ આપેલ કે :*

*"શાંતમભાઈ,*

મને તમારા મિત્રની વાત સાચી લાગે છે. શું કરવા કોઈ દેખાવડી છોકરી તમારા જેવા મોટા માણસના પ્રેમમાં પડે? સમાજને પણ તમે શું જવાબ આપશો કે તમારી દીકરીની ઉંમરની છોકરી સાથે લગ્ન કરશો. ઘણા બધા સવાલોના જવાબ આપવા પડશે. તેમ છતાં મારું સૂચન એ છે કે એ છોકરીને તમારાથી સાચો પ્રેમ છે કે નહીં તેની એક પરીક્ષા કરી જુઓ. અને તમને યોગ્ય લાગે તો તમારું એકાકી જીવન પણ સુધરી શકે."

તમારા આ જવાબ પરથી, લાલિત્યાજી, શાંતમે પ્રેમ છે કે વાસના, એની એક અગ્નિપરીક્ષા લેવાનો વિચાર કર્યો. પણ શાંતમે એ વિચાર ન કર્યો કે અગ્નિપરીક્ષામાંથી કેવળ સીતા બહાર આવી શકે અને કદાચ થોડી પળોની રાહ જોઈ હોત તો તે પણ બહાર આવી શકત.

★

વાચક મિત્રો, આ ઘટનાનો અંત શું હોઈ શકે?

*બી-૧૨, રૂપ દર્શન, જુહુ ગલી,*
*અંધેરી (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૫૮.*

MILAN® MASALA

**K. K. MASALAWALA**
31, K.N. ROAD, MASJID (W), MUMBAI-400 009.
TEL. : 2377 4209 2375 7674
TELEFAX : 2379 0883

MILAN® MASALA

સંવેદન

# અનેકાંત

મયૂર દેઢિયા

રોજની જેમ આજે પણ સવારની કડક ખાસ ઇન્ડોનેશિયાથી મંગાવેલ કોફીની સુગંધની ચુસ્કી લેતાં તમે ટેબલ પર પડેલી ચિઠ્ઠીઓ જોવાની શરૂઆત કરી.

થોડા સમય માટે પણ તમારા માદક રૂપના સહારે ફિલ્મી દુનિયા ગજાવનાર તમને હવે કોઇ ફિલ્મ નહીં મળ્યાને કારણે અને Page-3 માં રહેવા માટે તમે આ અખબારની ખાસ સલાહકાર કોલમ ચાલુ કરી.

અને થોડા વખતમાં જ થોડા વિવાદાસ્પદ વિધાનો અને સૂચનોને કારણે તમારી કોલમ ચાલવા લાગી. લોકો તમારી કોલમમાં તેમના દુઃખ અને તેમની મૂંઝવણો માટે તમારી સલાહ લેતા થયા. ધીરે ધીરે તમને આમાં પણ મજા આવવા લાગી. તમે ખાસ કરીને એવી ચિઠ્ઠીઓના જવાબ આપવાનું રાખતા કે જેમાં લોકોને થોડી ઉત્સુકતા અને થોડા ગલગલિયા થાય અને સંપાદકને પણ આવું લોકોમાં આપવું ગમતું કારણકે તેના થકી લોકો ખાસ અખબાર લેતા.

આજે તમારા હાથમાં આ ચિઠ્ઠી આવી અને તમે તે વાંચવાની શરૂઆત કરી.

પ્રિ. લાલિત્યાજી,

હું તમારી કોલમની નિયમિત વાચક છું અને તમારા સૂચનો હંમેશાં વાચું છું. મારી મૂંઝવણ હું તમને વર્ણવું છું. કૃપા કરી માર્ગદર્શન આપશો.

હું એક ૨૨ વર્ષીય યુવતી છું. અમારા ખાલી ઘરમાં હું અને મારી ખૂબ નાની ઉંમરે વિધવા થયેલ મા છે. મારા જન્મ પછી તુરત પિતાના અવસાન બાદ મારી મમ્મીએ પોતાનું સ્વમાન તેમજ દુનિયાભરના બોજા સહીને મને ઉછેરી અને આજે હું કૉલેજના છેલ્લા વર્ષમાં છું. નાનપણથી જ મુશ્કેલ જીવન અને કઠોર પરિસ્થિતિએ મને સમજદાર અને સહનશીલ બનાવી દીધી છે. સ્વમાન અને આત્મગૌરવ ગળથુથીમાં મળવાને કારણે ક્યારેય પણ કૉલેજમાં બાપના પૈસે દેખાડો કરનાર કે કોઈપણ લક્ષ્ય વગર ટાઈમ પાસ કરનાર યુવકો તરફ આકર્ષાઇ નથી.

અમારું ઘરખર્ચ મારી મમ્મી બીજા ઘરોમાં ઘરકામ અને રસોઈ કરીને કાઢતી અને હું પણ તેમાં મદદ કરતી. હમણાં છેલ્લા એક વર્ષથી મમ્મીની તબિયત ખરાબ રહેવાને કારણે રસોઇની તેમજ બીજી જવાબદારી મારી ઉપર આવી ગઈ હતી. મમ્મી એક વિધુરને ત્યાં રસોઈ કરવા જતી હતી.ત્યાં મેં પણ જવાનું ચાલુ કર્યું. થોડો તેમનો પણ પરિચય આપું.

‘શાંતમ્’ નામ પ્રમાણે જ ખૂબ જ શાંત અને સરળ સ્વભાવના. પત્નીનું અકાળે અવસાન થતાં વિશાળ બંગલામાં એકાકી જીવન જીવે છે. સંતાન વગરના ટૂંકા દાંપત્યજીવન બાદ પોતાની ઓફિસ - ઘરની લાઇબ્રેરી અને સુંદર મ્યુઝિક સિસ્ટમના સહારે દિનચર્યા ગુજારતા. સગા સંબંધીઓની વણમાંગી સૂચનાઓ છતાં બીજા લગ્ન કરવા તૈયાર ના થયા.

મેં જ્યારે પહેલા દિવસે તેમના બંગલામાં પ્રવેશ કર્યો ત્યારે તેમણે મને જોઈ આશ્ચર્ય વ્યક્ત કર્યું અને પૂછ્યું, ‘હું કેમ આવી છું?’ મારી પાસે બધી વાત સાંભળી તેમણે મારી મમ્મીની સારવાર માટે ડૉક્ટરની પણ ભલામણ કરી. પહેલા દિવસથી જ તેમની સાલસતા મને સ્પર્શી ગઈ.

ધીરે ધીરે હું રોજ તેમને ત્યાં જતી થઈ. મારી ટ્યૂશન ફી અને કૉલેજ ફી પણ મારી ખૂબ જ ના હોવા છતાં તેમણે ભરી. મને પણ તેમની લાઇબ્રેરી અને સંગીતમાં ખૂબ મજા આવવા લાગી. મારા અને તેમના શોખ પણ ખૂબ જ મળતા હતા. મને તેમના માટે ખૂબ જ આદર અને લાગણી થઈ ગઈ. મારી નાની નાની વાતોમાં રસ લઇ મને યોગ્ય સલાહ સૂચન કરતા. મને ક્યારેક હસીને કહેતા, ‘મને તારી આદત પડતી જાય છે.’ હું પણ હસીને જવાબ આપતી કે, ‘સારી આદત પડે તેમાં કંઈ ખોટું નથી.’

પણ અઠવાડિયા પહેલાંની એક ઘટનાએ મને અંદરથી હચમચાવી દીધી. એ દિવસે રોજની જેમ હું શાંતમ્ ના બંગલે રસોઇ કરવા ગઈ ત્યારે રસોડામાં કામ કરતી વખતે ઓચિંતા જ શાંતમે આવી મને પાછળથી જકડી લીધી અને હું એકદમ ગભરાઈ ગઈ.

મને જકડેલી હાલતમાં જ પોતાની સામે લાવી, હું કાંઈ સમજું તે પહેલા તસતસતું ચુંબન ચોડી દીધું. હું અવાક્ થઈ ગઈ. મારા મનમાં એક જ પળમાં હજારો વિચાર એકસાથે આવી ગયા કે આ શું થઈ રહ્યું છે?

હું ખૂબ જ પ્રામાણિકતાથી કહીશ કે મારા શરીર માટે આ એક પહેલો, ન માણેલો સ્પર્શ હતો. પણ મન ખૂબ જ આક્રમક રીતે પ્રતિકાર કરી રહ્યું હતું. શરીર અને મનની આ વિરોધાભાસી

સ્થિતિમાં થોડી પળો વીતી ગઈ અને અચાનક શાંતમે મને છોડી તેમના બેડરૂમમાં જતા રહ્યા. આવી અસમંજસવાળી સ્થિતિમાં થોડીવાર રહ્યા પછી જેમ તેમ જલ્દી રસોઈ કરી હું ઘરે આવી.

આ ઘટના મારા મન પરથી કબજો છોડતી નથી. મારી મમ્મીને આમ તો હું બધી જ વાત કરું પણ હજુ સુધી આ વાત કહી નથી. મારી મમ્મી પણ મને પૂછપૂછ કર્યા કરે છે કે કેમ શાંતમભાઈના ઘરે નથી જતી? હું આ ઘટનાનું સાચું અર્થઘટન નથી કરી શકતી. કદાચ નાની ઉંમર, કાચી સમજ અને અલ્પ અનુભવને કારણે હું સમજી નથી શકતી કે આ શું હોઈ શકે? સાથે સાથે સમાજ - વ્યવહાર અને ઉંમરના તફાવતને કારણે ડર પણ લાગે છે.

લાલિત્યાજી મારે શું કરવું જોઈએ?

આશા છે, મારા પત્રનો ઉત્તર જરૂર આપશો.

*લિ.*

*એક કળી, જેને ભમરો સ્પર્શી ગયો.*

પત્ર વાંચી તમે થોડી પળો માટે વિચારે ચડી ગયા. તમારી નજર સામે થોડીવારમાં તમારું ફિલ્મી જીવન યાદ આવી ગયું. કેવા દિવસો હતા એ! તમારા રૂપની ચારેબાજુ ચર્ચા થતી. એવામાં કેટકેટલા લોકોએ તમને આકર્ષવા પ્રયત્ન કર્યા અને કેવી રીતે તમે તે જમાનાના ખૂબ જ ઇન્ટેલિજન્ટ ગણાતા મોટી ઉંમરના ડાયરેક્ટરના પ્રેમમાં પડ્યાં અને કેવી રીતે એણે પણ તમારું શારીરિક - માનસિક શોષણ કરી તરછોડી દીધાં. બધું થોડી સેકંડોમાં આંખ સામેથી નીકળી ગયું.

તમે એકદમ જ કલમ હાથમાં પકડી જવાબ લખવાનો ચાલુ કર્યો.

*પ્રિય કળી,*

તારો પત્ર વાંચ્યો. જે પ્રામાણિકતાથી તે લખ્યું છે, તેને માટે અભિનંદન. અને સાચે જ તું કાચી ઉંમરની નાસમજ યુવતી છે.

તારા લખાણ પરથી મને સમજાય છે કે તું કઇ સ્થિતિમાંતી ગુજરી રહી છે. તારી ઉંમર હજી નાની છે. ઘણી દુનિયા જોવાની બાકી છે. તારા કોમળ, નિખાલસ અને શુદ્ધ મનનું કોઈપણ તરફ આ ઉંમરે આકર્ષાવું એ સ્વાભાવિક છે. પણ યાદ રાખ, તારા શરીરને ભોગવવા માટે કેટલાયે ભમરાઓ તૈયાર જ હશે. ત્યારબાદ જે પીડામાંથી તું પસાર થઈશ તેની કલ્પના પણ કરવી મુશ્કેલ છે. માટે મારી સલાહ એ છે કે આવી વ્યક્તિથી તું એકદમ દૂર જ રહે અને સંપૂર્ણ સંબંધો તોડી નાખ. ઇશ્વરનો પાડ માન કે તું આમાંથી સારી રીતે છૂટી ગઈ.

આવા સંબંધોનો અંત વાસના પૂરી થતાં, પૂરો થઈ જાય છે. માટે તું સારું પાત્ર જોઈ તેની સાથે લગ્ન કરી, બાકીની જિંદગી આરામથી કાઢ. આવા સંબંધો લાંબો વખત નથી ચાલતા. તારો અભ્યાસ પૂર્ણ કર, ને તારી મમ્મીનો ખ્યાલ રાખે તેવો યોગ્ય વર શોધ.

*લિ. લાલિત્યા.*

તમે આ ઉત્તર લખી કવરમાં મૂકીને તમારા નોકર બહાદુરને કહ્યું, 'યે સંપાદક સાહબ કો દે દેના' અને તમે બહાર જવા નીકળી ગયા.

Page-3 ની પાર્ટીઓ - મોભાદાર માણસોના ૧૦૦%ના પ્લાસ્ટિકિયા સ્મિતો અને ખોટા દેખાડાની દોડભાગમાં તમે અઠવાડિયા પહેલાનો એક પત્ર અને તેનો ઉત્તર ભૂલી ગયા. જે આ પ્રમાણે હતો.

*પ્રિય લાલિત્યાજી,*

સાદર પ્રણામ. તમારી કોલમનો એક નિયમિત વાચક છું. ભગવાનની મહેરબાનીથી હું એક અત્યંત સુખી ઘરનો યુવક છું. મારાં લગ્ન મને ગમતી યુવતી સાથે ૧૫ વર્ષ પહેલાં થયેલાં. અમારું દાંપત્યજીવન ખૂબ જ સુંદર હતું. પણ કોણ જાણે કોની નજર લાગી, મારી પત્નીનું બે વર્ષ પહેલાં અવસાન થઈ ગયું. દુનિયા મને ભાર લાગવા લાગી. પત્ની વગર જીવન મુશ્કેલ લાગવા લાગ્યું. સગાવહાલાંઓએ બીજા લગ્નની સલાહ આપી પરંતુ મારું મન તે માટે તૈયાર નહોતું. મેં વાંચન અને સંગીતમાં મારી જાતને ખૂંપાડી દીધી.

અચાનક મારી જિંદગીમાં એક વ્યક્તિનો પ્રવેશ થયો. અમારા ઘરે વર્ષોથી રસોઇ કરવા એક બહેન આવે છે. એ બીમાર પડતાં એમની દીકરી એમના વતી રસોઈ કરવા આવી. પહેલી જ નજરે એને જોતાં મને ન સમજી શકાય એવી લાગણી થઈ. મને એ ગમી.

એની મમ્મીની સારવારમાં એને મદદરૂપ થયા પછી એના અભ્યાસમાં અને જીવનમાં પણ હું પ્રવેશવા લાગ્યો. મને એની હાજરી અને સોબત ગમવા લાગ્યાં. એની સાથે વાત કરવાની કે એની સાથે વધુ સમય વિતાવવાની નાની મોટી તકને હું ઝડપી લેવા લાગ્યો. જીવન ફરીવાર મને સૂરીલું લાગવા લાગ્યું છે.

ખૂબ જ ટૂંકા સમયમાંય વર્ષોનો પરિચય હોય એમ લાગે છે.

**(અનુસંધાન : જુઓ પાના નં.-૭૩ ઉપર)**

Office No.-7, Lokhandwala Building,
3/5, Garibdas Street, Vadgadi,
Masjid Bunder (W), Mumbai-400 003.
Tel. : (022) 23468106, (RIM) 32422541,
9324308802 Fax : 23468109
Customer Care : 9324945601
E-mail : nishant.vltc@gmail.com ■ www.vltc.in

NAVIN ORIENT

*VIJAY LAXMI TRANSPORT CARRIERS*
**NAVIN ORIENT CARRIER**
THE TRANSPORT FOR RAJASTHAN ■ THE TRANSPORT FOR MADHYA PRADESH
FLEET OWNERS ■ TRANSPORT CONTRACTORS ■ CARGO MOVERS

રેખાચિત્ર

પગમેં ભમરી

# મારી સહિયરો - પરમા અને ભરમા

લીલાધર માણેક ગડા

અભિયાનનાં પ્રમુખ અને કચ્છ મહિલા વિકાસ સંગઠનનાં સૂત્રધાર લતાબેન સચદેએ ૧૬ જૂનનાં સવારે ફોન કરી દુઃખદ સમાચાર આપ્યા કે ખાવડા પચ્છમ વિસ્તારનાં મહિલા કાર્યકર, આરોગ્ય કાર્યકર પરમાબેનનું ફેફસાનાં કેન્સરને કારણે અવસાન થયું છે. આમીરખાનની ફિલ્મ 'લગાન' નું ફિલ્મીકરણ થયું છે એ ગામ જામકુનરિયાની ધાઈ Mid Wife તરીકે પરમાબેન જાણીતાં હતાં. વારસામાં મળેલા ધાઈ વ્યવસાયની પરંપરાને તેમણે બખૂબી નીભાવી હતી. પ્રસૂતા બહેનો અને આમ તો એ પથંકની તમામ બહેનો માટે તેઓ Friend, Philosopher અને Guide હતા. પોતાના વ્યવસાયની પારંગતતા એટલી હતી કે, પ્રસૂતાબેનને છઠ્ઠા, સાતમા મહિને જણાવી દેતાં કે પ્રસૂતિ સામાન્ય હશે કે સીઝર કરાવવું પડશે. એમ વાયકા છે કે પ્રસૂતા બહેનની ચાલ પરથી તેઓ કહી શકતાં કે બાળક કે બાળકી અવતરશે. સોનોગ્રાફી વિના પરમાનું વિધાન ભાગ્યે જ ખોટું પડતું અને પરમાનું માર્ગદર્શન અને સલાહ એટલાં વેધક હતાં કે બાળક-બાળકીનાં નિર્દેશ થયા પછી કોઈ પણ પ્રસૂતાને એના પરિવારે ગર્ભપાત કરાવ્યો નથી. પૂરી છ ફૂટ બે ઇંચની ઉંચાઈ, પડછંદ કાયા, ગોરો વાન ધરાવતાં પરમાબેનનું વ્યક્તિત્વ અત્યંત પ્રભાવશાળી હતું.

આજથી દોઢ વર્ષ અગાઉ લતાબહેને આવી જ રીતે મને ગામ કુરનની (ગામ કુરનમાં ધોળાવીરા જેવા જ સિંધુ સંસ્કૃતિનાં અવશેષો પ્રાપ્ત થયા છે) ધાઈબહેન ભરમાનાં દુઃખદ અવસાનનાં સમાચાર આપ્યા હતા. પરમાની જેમ ભરમાએ પણ ધાઈમા તરીકે સુંદર કાર્ય કર્યું હતું. ધરતીકંપમાં ભરમાનું ઘર પડી ભાંગ્યુ તેની સાથે સાથે તેનું કુટુંબ પણ તૂટી ગયું. છોકરાઓ જુદા થઈ ગયા. પતિ અપંગ અને અશક્ત હતા અને બીમાર પડી ગયા. મર્યાદિત આવકમાં પતિના દવાનો ખર્ચ અને ઘરખર્ચ ચલાવવો મુશ્કેલ હતો. માથે કરજ થઈ ગયું હતું. કચ્છ મહિલા વિકાસ સંગઠન, ભોજાય સર્વોદય ટ્રસ્ટ તરફથી મળતી સહાય પૂરતી ન હતી. પારિવારીક ત્રાસ ભરમા માટે અસહ્ય થઈ પડ્યો. એક દિવસે માનસિક અસ્વસ્થતાની અવસ્થામાં ભરમાએ આત્મહત્યાનું અવિચારી પગલું ભર્યું અને એ મૃત્યુને શરણે ગઈ. પરમાથી તદ્દન ભિન્ન વ્યક્તિત્વ ભરમાનું હતું. પાંચ ફૂટની ઉંચાઈ, એકવડિયો બાંધો, ભારોભાર સૌમ્યતા અને સરળતા, ધીમો મીઠો અવાજ અને સરળ વ્યક્તિત્વ ધરાવતી ભરમાને આપઘાત કરવો પડ્યો એ એના જીવનની કરુણતા હતી.

પરમા અને ભરમા બન્ને સખીઓ પોતાના વ્યવસાયમાં પારંગત. વ્યવસાયને તેઓ પવિત્ર માને એટલે એનો દુરુપયોગ કરે જ નહીં. પ્રસૂતિ પછી પરિવાર જે ઇનામ આપે તે લઈ લેવાનું. એમના શબ્દોમાં "કોઈ પણ બાઈ પેટ રહે એટલે અમારી પાસે આવે અને તે દિવસની એની કાળજી, એની તંદુરસ્તી એ અમારો ધર્મ બની જાય. પાંચમા મહિનાથી અમારી અવરજવર નિયમિત થઈ જાય. અમારી પાસે વજનનાં કાંટા નહીં. લોહીની ટકાવારી (હેમોગ્લોબીન) જાણવાનું સાધન નહી પરંતુ અમારી પાસે સૂઝ ખરી. અમારી નજર પ્રસૂતાબાઈની તબિયત, વજન, લોહીની ટકાવારી ઇત્યાદિનાં વધઘટનો હિસાબ રાખે અને એ પ્રમાણે અમે પરિવારને ખોરાક, સારવારની ભલામણ કરીએ. પરિવાર સાથે અમારો યજમાનનો નાતો. અમારું કામ છે પ્રસૂતાબાઈને છુટકારો અપાવવાનો. પ્રસૂતિની છેલ્લી ઘડીઓ વખતે બાઈની પીડા, ચીસાચીસ, રાડારાડ બધાનાં સાક્ષી બનીએ અને પ્રસૂતિ થયા પછી જન્મેલા બાળકને સાફસુથરું કરી, કપડામાં લપેટી, અમારી દીકરી સમ બાઈને પડખે સુવડાવીએ ત્યારે અમને જે આનંદ થાય એ શબ્દોમાં કહી ન શકાય. બાળક ચપચપ કરી ધાવણ લે ત્યારે અમારું મન એવા હિલોળે ચડે કે અમારી છાતી પણ ભરાઇ જાય." અમે રસપૂર્વક પરમા અને ભરમાની વાતો સાંભળતા. કેટલાક કિસ્સાઓ તેઓ વર્ણવે જ્યારે બે બે દિવસ આંખનું મટકું માર્યા વગર તેઓ પ્રસૂતાબહેનો પાસે બેસી રહ્યા છે. એ તેમની પીડા હતી કે દાયણ તરીકે તેમના વ્યવસાયને શહેરીજનનો હલકું ગણી રહ્યા છે. સદીઓથી આ પરંપરા તેમની પાસે રહી છે અને ક્યારે પણ, કોઈપણ ધાઈબહેને આજના ડૉક્ટરોની જેમ બહેનોનું આર્થિક શોષણ નથી કર્યું. પૈસા માટે આગ્રહ નથી કર્યો, ખોટા ખર્ચાઓ નથી કરાવ્યા અને સમાજે જે આપ્યું તેનો સહર્ષ સ્વીકાર કર્યા છે. ગામમાં સત્તર જુદી જુદી કોમ કે નાતો હોય પણ ધાઈઓને મન સૌ એક સરખાં. ધર્મ અથવા અર્થ (પૈસા) નો ભેદ ધાઈબહેન નથી કરતી અને આ પવિત્રતા અત્યાર સુધી સચવાઈ રહી છે એને માટે તવંગર, ગરીબ દરેક સરખાં. આ બે બહેનો પરમા અને ભરમા પાસે અમને ઘણું જાણવાનું મળ્યું. ગામડામાં રહેલી અભણ ધાઈબહેનો પાસે જીવન અંગેની સરળ ફિલસૂફી હતી. એમને મન દરેક જન્મતો બાળક કૃષ્ણ અને બાળકી રાધા. ગામડાને સદીઓ સુધી

અવિરત સેવા આપનાર પરમા અને ભરમા જેવી લાખો ધાઈબહેનોને કરોડો નમસ્કાર.

પરમા અને ભરમા સાથે ૧૯૯૯માં મારો પરિચય થયો. ભોજાય સર્વોદય ટ્રસ્ટે સ્ત્રીઓનાં પ્રજનન અવયવોનાં રોગ માટે ઑપરેશન શિબિરો શરૂ કરી ત્યારે કચ્છ મહિલા વિકાસ સંગઠન સાથે મળી કાર્યવાહી શરૂ કરી. પોતાની બીમારી માટે ડૉક્ટરો પાસે નિદાન કરાવવા-તપાસણી કરાવવા દર્દી બહેનો ક્ષોભ, શરમ અને સંકોચ અનુભવતી હતી એ અડચણ દૂર કરવા સંગઠને અમને એ માટે ધાઈબહેનો મિડવાઈફોને વિશ્વાસમાં લેવા સૂચન કર્યું.

ભોજાય સર્વોદય ટ્રસ્ટ અને કચ્છ મહિલા વિકાસ સંગઠને આરોગ્યની દૃષ્ટિએ સૌથી પછાત એવા વિસ્તારમાં ધાઈબહેનો સાથે ખાવડામાં મિટિંગ ગોઠવી જેનું આયોજન ભરમા અને પરમાને સોંપવામાં આવ્યું. આખા પચ્છમ અને બન્ની વિસ્તારનાં દરેક ગામડે રૂબરૂ જઈ અને આ સભા માટે આવવા ધાઈબહેનોને સમજાવ્યા. આ મિટિંગમાં લગભગ ચાલીસેક ધાઈઓ હાજર હતી. સુષ્માબેન આયંગરે આ મિટિંગનો ઉદ્દેશ સમજાવ્યો અને ત્યાર પછી પરમાબેનનું સંબોધન હતું. શુદ્ધ કચ્છી લહેકામાં પરમાએ કહ્યું "ખાવડેથી ૧૦૦ ગાઉ છેટે ભોજાય આય અને ઓથેથી હી ભાવર આયા અંઈ પાં બાઈએજી પીડા ઓછી કેલા" ખાવડાથી સો ગાઉ દૂર ભોજાયથી આપણી બહેનોની પીડા હળવી કરવા ભાઈઓ આવ્યા છે અને ત્યાર પછી અમને ચેતવણીનાં સૂર સાથે સંબોધન કર્યું "હેનાં પેલા આ વારેજી કઈ સંસ્થાઉં અચી વેઇઉં, ભારી ભારી ગાલ્યું કેઆં, પણ કમ કીં ન કેઆં, સુષ્માબેન ભેરા અંઈ આયા એતરે અસાંકે ભરોસો વેઠો નેકા અસી અચું પણ ન." આ અગાઉ તમારી જેમ બીજી સંસ્થાઓ આવી, મોટી વાતો કરી પણ કામ કંઈ નથી કર્યું. આપ સુષ્માબેન સાથે આવ્યા છો એટલે ભરોસો બેઠો છે નહીં તો અમે આવીએ પણ નહીં.

ત્યાર પછી ભરમાબેને પોતાની વાત મૂકી કે આપ જે કાર્ય કરવા અહીં આવ્યા છો એનું મહત્ત્વ અમે સમજીએ છીએ. અમારી પાસે બહેનો પોતાના શરીરની આ તકલીફો માટે આવે છે, પરંતુ અમારી પાસે એનો કોઈ ઇલાજ નથી. અમે માત્ર સુવાવડ કરાવી જાણીએ છીએ. ઘણી બહેનોનાં શરીર બહાર આવી ગયાં છે (ગર્ભાશયનું બહાર આવવું Prolapse of Uterus), વાંગો, લોહીનું વહેવું ઇત્યાદિ બીમારીઓ છે. એનો ઇલાજ કરી આપશો તો સેંકડો બહેનો પીડામુક્ત થશે.

એમણે બહેનોને ઉદ્દેશીને કહ્યું "આપણે સંકોચ છોડી ડોક્ટરી તપાસ કરાવવા બહેનોને સમજાવી પડશે અને આપણે સૌ સાથે મળી આ કામ કરીશું" ભોજાય ટ્રસ્ટ વતી મેં અને બાઈએ ધાઈ બહેનોનો આભાર માન્યો અને બાંહેધરી આપી કે જે કામ અમે હાથમાં લીધું છે એ આપણા સૌનું કામ છે. બહેનોનાં દુઃખ હળવાં થશે તો એમનાં આશિર્વાદ આપણા પર વરસી રહેશે. બીજા દિવસે ડૉક્ટરોની ટીમ આવી. થોડીક બહેનો તપાસણી માટે આવી હતી, જેમાંથી નવ બહેનોને ઑપરેશન માટે ભોજાય આવવાનું હતું. મેં પરમા અને ભરમાને ભોજાય આવવા નિમંત્રણ આપ્યું. વળતા દિવસે નવને બદલે છ બહેનો સાથે પરમા અને ભરમા ભોજાય આવી. બેઉ બહેનો આઠ દિવસ ભોજાય રોકાઈ. આઠ દિવસ દરમિયાન એમની સાથે સ્ત્રી આરોગ્ય, પ્રસૂતિ, સ્ત્રીઓની અન્ય સમસ્યાઓ ઇત્યાદિ અંગે ઘણી વાતો થઈ અને રૂઢિગત માન્યતાઓ, સ્ત્રીઓનું આર્થિક, સામાજિક અને શારીરિક શોષણ ઇત્યાદિના અજબ-ગજબ કિસ્સાઓ વર્ણવ્યા. ઘણી વખત પોતે એનાં મૂક સાક્ષી બની રહે છે ત્યારે પોતે કેટલી માનસિક પીડા ભોગવે છે એની વાતો કરી. કોઈ એક સમાજશાસ્ત્રી ન કરી શકે એટલું વિશ્લેષણ આ બહેનો કરતી. છેલ્લા દિવસે ડૉ. અભંગ પ્રભુ, પરમા, ભરમા, બાઈ અને હું અમે પાંચ જણ બેઠા અને પરમાએ ડૉ. અભંગને વિનંતી કરી, અમને ગર્ભાશયનાં રોગો, ગર્ભાશયનું કેન્સર એ અંગે તાલીમ આપો તો અમે વધારે સારી રીતે કામ કરી શકીશું.

ડૉ. અભંગ પ્રભુએ એમની આ વાત પકડી લીધી. મુંબઈ આવી ટાટા હોસ્પિટલમાં એમનો પંદર દિવસનો તાલીમ પ્રોગ્રામ ગોઠવ્યો. અબડાસા, લખપત અને ખાવડાની દસ ધાઈબહેનો તથા આરોગ્ય કાર્યકરોને મુંબઈ બોલાવ્યા જેમાંથી ૮ બહેનો પહેલી વખત કચ્છ બહાર પગ મૂકતી હતી. પરમા અને ભરમાને આ ટીમનું નેતૃત્વ સોંપાયું. ટાટા હોસ્પિટલે પણ આ બહેનોને તાલીમ આપવા માટે ગુજરાતી ડૉક્ટરને જવાબદારી સોંપી. પંદર દિવસની તાલીમ પશ્ચાત આ બહેનો માટે ભોજાય ભગીની મંડળે મુંબઈમાં સ્નેહમિલનનું આયોજન કર્યું હતું જેમાં ધાઈબહેનોએ એમના શબ્દોમાં કહીએ તો પેટ છૂટા કરવાની એમની પ્રવૃત્તિની પેટછૂટી વાતો કરી.

તાલીમ પૂરી કરી કચ્છ આવ્યા પછી પરમા અને ભરમાએ અનોખો અને અનૂઠો કાર્યક્રમ સ્વસૂઝથી હાથમાં લીધો. ધાઈબહેનો સાથે નાના ગ્રુપોમાં તેમણે લીધેલી તાલીમની વાતો કરી એમને તાલીમબદ્ધ કરી. દર પંદર દિવસે યોજાતી આ મિટિંગોમાં હું, બાઈ અને અધા હાજર રહેતા. ત્રણ ચાર મહિનામાં પરમા અને ભરમાએ ભોજાય સર્વોદય ટ્રસ્ટનાં કાર્યક્રમને આગળ ધપાવવા

॥ ક્ષમા વીરસ્ય ભૂષણમ્ ॥
રાયચંદ કાનજી ધુલ્લા પરિવાર - સુથરી
"ધુલ્લા વિલા", બંગલા નં.-૨૦, ડ્રીમલેન્ડ સોસાયટી, જયશાસ્ત્રી નગર, એન.આર. હાઈલેન્ડ પાર્ક, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૨.
ફોન : ૨૫૯૨૪૪૪૬, ૨૫૬૨૪૫૪૪, ૨૫૯૧૪૫૪૪, ૬૬૩૪૩૫૭૭

પચાસેક ધાઈબહેનોની તાલીમબદ્ધ ફોજ ઊભી કરી. આ ત્રણ મહિનાની રખડપટ્ટીમાં લગભગ બન્ની, ખાવડામહાલ અને પચ્છમપટ્ટ ફરી વળ્યો. બાઈ પરમા અને ભરમાની ઓળખ આપે ત્યારે કહેતી "આ બે બહેનો અધાની જેદલો છે, સહિયરો છે."

ભોજાય સર્વોદય ટ્રસ્ટ યોજિત સ્ત્રી રોગ શિબિરોનો લાભ લેવા માટે બહેનોને પ્રેરણા, માર્ગદર્શન અને વિશ્વાસ આપવામાં પરમા અને ભરમાનો અમૂલ્ય ફાળો છે. ૮૦% જેટલી મુસ્લિમ બહુમતી ધરાવતા ખાવડાનાં રૂઢિચુસ્ત સમાજમાં પ્રજનન અવયવો અને ગુપ્તાંગો અંગે સમજણ અને જાગૃતિ ફેલાવવામાં તેમણે કોઈ કસર બાકી રાખી ન હતી. કટ્ટરવાદી મૌલાનાઓ સામે પરમાએ પડકાર ફેંકેલો એ કિસ્સો મને યાદ છે. ખાવડાની તપાસ શિબિરમાં સવાસો (૧૨૫) જેટલી બહેનો હાજર હતી. કોઈકે અફવા ફેલાવી હતી કે અહીં કોટ્રો તપાસને બહાને સંતતિ નિયમનનાં ઑપરેશનો કરે છે. ચારેક મૌલવીઓ ત્યાં દોડી આવ્યા અને શોરબકોર મચાવ્યો. મને પણ ધમકી આપી કે અમે હમણાં જ આ બધું બંધ કરાવશું. પરમા ત્યાં હાજર હતી. તપાસ માટે આવેલી બહેનોને ઉદ્દેશી એણે તપાસનો હેતુ, ભોજાય ટ્રસ્ટની કામગીરી ઈત્યાદિની વાતો કરી અને પછી મૌલાનાઓને ઉદ્દેશીને કહ્યું કે હવે તમે પણ તમારી બાજુ રજુ કરો અને જે બહેનો તપાસ કરાવવા ઈચ્છતી ન હોય તે ભલે ચાલી જાય. મૌલાનાઓની રજૂઆતને પરમાએ તર્કબદ્ધ રદીયો આપ્યો અને પરિણામે ૧૨૫ બહેનોમાંથી માત્ર છ બહેનો તપાસ કર્યા વગર ગઈ અને બાકી બહેનોએ તપાસ શિબિરનો લાભ લીધો. ખાવડા પંથકમાં પરમા અને ભરમા પર બહેનો ભરોસો રાખતી. સ્ત્રીરોગ શિબિરનું ખાવડા કેન્દ્ર ન હોય ત્યારે આ બહેનો સ્વયં તપાસ શિબિરનું આયોજન કરી, તપાસ કરી દર્દીઓને ભોજાય મોકલતી જેમાંથી ૮૦% જેટલા દર્દીઓ ઑપરેશન યોગ્ય જાણીતા તેઓ લીધેલી તાલીમનો આ ફાયદો હતો.

ગામ બિદડાનાં અમેરિકા સ્થિત હંસ મારૂની દીકરી શીલા (જે હવે ગાયનેકોલોજિસ્ટ છે) દોઢેક વર્ષ ખાવડા, ભુજ, ભોજાય રોકાઈ. ખાવડા પંથકમાં સ્ત્રી આરોગ્ય અને સુવિધાઓ અંગે સંશોધન કર્યું. આ કાર્યમાં પરમા અને ભરમા બહુ મદદરૂપ થઈ. કચ્છ મહિલા વિકાસ સંગઠન, ધાઈ સંગઠન અને ભોજાય ટ્રસ્ટ સાથે મળી સ્ત્રીઓ માટે એક નાનકડી હોસ્પિટલ શરૂ કરી જેનાં સંચાલનની જવાબદારી પરમા અને ભરમાને શીરે આવી. 'જેદલેં જો જતન' નામે વિશિષ્ટ કાર્યક્રમ શરૂ થયો જેમાં પ્રસૂતા બહેનોની પાંચમાં મહિનાથી પ્રસૂતિ સુધીનું માર્ગદર્શન, દવાઓ, રસીકરણ ઈત્યાદિની સર્વ વ્યવસ્થા ત્યાં ગોઠવાઈ હતી. ખાવડામાં મોકાની જગ્યા પરનું સરકારી મકાન ત્યારના જિલ્લા વિકાસ અધિકારીએ આપ્યું હતું ત્યાં "જેદલેં જો જતન" નામે હોસ્પિટલ વ્યવસ્થિતપણે ચાલતી હતી. બે વર્ષ પછી રાજકારણીઓની નજર આ મોકાના મકાન પર બગડી. જિલ્લા વિકાસ અધિકારીની પણ બદલી થઈ હતી એટલે સરકારે આ મકાન પાછું લઈ લીધું. ત્યાર પછી હોસ્પિટલ ખાવડાથી અડધો કિ.મી. દૂર KMVS નાં કેમ્પસમાં ખસેડવામાં આવી. જગ્યા દૂર હોતાં એનો ઉચિત લાભ લઈ શકાતો ન હતો પરિણામે સમગ્ર કાર્યક્રમ સ્થગિત થઈ ગયો. અમે સૌએ નિરાશ થઈ આ પ્રોજેક્ટ બંધ કર્યો અને અમારાથી વધારે નિરાશા આ બહેનોને થઈ.

પરમા અને ભરમાને કારણે ભોજાય સર્વોદય ટ્રસ્ટની પ્રવૃત્તિઓને વેગ મળ્યો. નિરક્ષર, અભણ બહેનોનું યોગદાન કેટલું મોટું છે એના અમે સાક્ષી છીએ. ભોજાય શિબિરમાં આ બહેનો આવે ત્યારે સાંજે વિયારૂ પછી રેઆણ થાય. ક્યારેક પરમા, ભરમા, બાઈ અને હું અમે ચાર જ જણ હોઈએ. આ બધું સ્મૃતિમાં સચવાયેલું છે. ચારમાંથી ત્રણ પાત્રોએ વિદાય લઈ લીધી છે. પરમાના મૃત્યુના સમાચાર પછી શિબિરનાં આલબમો ઉથલાવ્યા અને પરમા અને ભરમાનાં ફોટાઓને નીરખી આંખની કોરે આંસુ ધસી આવ્યાં. ■

## નવા વરસને જુદી જુદી ભાષામાં અભિનંદન આપવાની રીત.

- ★ ઉર્દુ : ઈદ મુબારક
- ★ ફ્રેંચ : ન્યુ ફેરવાઓ
- ★ બંગાળી : સુખી નૂતન વસનર
- ★ ગુજરાતી : એ રામ રામ નવા વરહના
- ★ લેટીન : વિ. આકાર અળુસભિ ગઈ
- ★ સંસ્કૃત : નૂતન વર્ષ સુખદ ભવ
- ★ જર્મન : ગલુક સિમનય બદુર
- ★ અંગ્રેજી : હેપ્પી ન્યુ ઈયર
- ★ સિંધી : ન્યુ સાલ મુબારક
- ★ તમિલ : શું શું વર્ષ માગેજ
- ★ કચ્છી : મિલન આઈ દિન
- ★ કન્નડ : શુભ કોણા વસન વાગડી

*પ્રેષક : રજનીકાંત પારેખ - અમદાવાદ*

GIRISH © 2567 5418 • MUKESH © 2568 5279

203, New Anant Bhuvan, 2nd Floor,
257/65, Narshi Natha Street, Mumbai-400 009.
Tel. : (022) 23756332, 23751250 Fax : 91-22-23750452

Ramji Devshi Shah & Co.
CUSTOM HOUSE AGENT

સ્વાસ્થ્ય

# મારા દીકરાને ભણવાનું મન થતું નથી

## (Adolescence Depressive Disease)

ડૉ. મણિલાલ ગડા, ડૉ. દિપ્તી શાહ (ગડા)

વિશ્વ આરોગ્ય સંસ્થા (World Health Organisation)નું ૨૦૧૭નું સૂત્ર છે "ડિપ્રેશનમાં એક્સપ્રેશન" (Depression Let's talk). વિશ્વમાં ડિપ્રેશનની બીમારીના કિસ્સાઓમાં ઝડપથી વધારો નોંધાયો છે જે ચોંકાવનારો છે. ૨૦૦૫થી ૨૦૧૬ના સમયમાં ૧૮%નો વધારો ડિપ્રેશનની બીમારીના કિસ્સામાં નોંધાયો છે.

કિશોરો તથા યુવાનોમાં (૧૫થી ૨૯ વર્ષના) પણ ડિપ્રેશનની બીમારીના કિસ્સાઓ વધ્યા છે. ૧૫થી ૨૯ વયના યુવાનોમાં થતાં મરણના કારણોમાં આત્મહત્યાથી થતાં મરણનું કારણ બીજા નંબરે છે, જે ભયજનક છે. યોગ્ય નિદાન તથા યોગ્ય સારવારથી આ મરણો અટકાવી શકાય છે.

- **કેસ સ્ટડી :**

"ડૉક્ટર, મારા ૧૫ વર્ષના દીકરા અશ્વિનને છેલ્લા એકાદ વર્ષથી ભણવાનું મન થતું નથી. ઘણું સમજાવ્યું, ઘણી વિનંતી કરી પરંતુ અશ્વિનને ભણવામાં રસ પડતો નથી. પાઠ્ય પુસ્તકો હાથમાં લે છે, થોડો વખત વાંચીને મૂકી દે છે. વાંચેલું યાદ રહેતું નથી. બે વર્ષ પહેલા ૮મા ધોરણમાં ૮૫% ગુણાંક વાર્ષિક પરીક્ષામાં મળ્યા હતા. મારા અશ્વિનને શું થઈ ગયું છે? ડૉક્ટર કાંઈક કરો. બહુ આશા લઈને અમે આવ્યા છીએ." ક્લિનિકની કેબિનમાં દાખલ થતાં અશ્વિનના મમ્મી-પપ્પાએ ઉપરોક્ત માહિતી આપી.

મમ્મીએ વધુ માહિતી આપતાં જણાવ્યું કે, "અશ્વિનનું વજન છેલ્લા ૪-૫ મહિનામાં બેએક કિલો ઓછું થઈ ગયું છે (૧૫ વર્ષના કિશોરમાં વજન વધવું જોઈએ, ઘટવું તો ન જ જોઈએ. વજન ઘટવું, બીમારીનું એક ચિહ્ન છે.) ભૂખ ખૂબ જ ઓછી થઈ ગઈ છે. જમવામાં રુચિ નથી. એની મનગમતી વાનગી પણ એને હમણાં ભાવતી નથી. નબળાઈ ખૂબ લાગે છે. સ્કૂલેથી આવીને અશ્વિન ઘણી વખત સૂઈ જાય છે. મિત્રો જોડે બહાર રમવા જતો નથી. હોમવર્ક પણ પરાણે કરે છે."

ફેમિલી ડૉક્ટરને બતાડ્યું હતું. વૈદ્યકીય તપાસ નોર્મલ હતી. લેબોરેટરી તપાસ (લોહી, પેશાબ, સંડાસ) નોર્મલ હતી. એક્સ-રે, સોનોગ્રાફી પણ નોર્મલ હતા. ટોનિક તથા ભૂખ લાગવા માટેની દવાઓ આપેલ. ફરક ન પડ્યો. સ્પેશિયાલિસ્ટ ડૉક્ટરનો અભિપ્રાય લીધો. બીજી દવાઓ આપી. લક્ષણો ઘટવાને બદલે વધતા ગયા.

વૈદ્યકીય તપાસ, લેબોરેટરી તપાસ, એક્સ-રે, સોનોગ્રાફી નોર્મલ હતા તથા લક્ષણો વધતા હતા. તેથી એક હિતેચ્છુએ અશ્વિન માટે મનોચિકિત્સકનો અભિપ્રાય લેવાની સલાહ આપી.

લેખકે મનોવૈજ્ઞાનિક રીતે અશ્વિનની ઊંડાણમાં માહિતી અશ્વિન અને એના મમ્મી-પપ્પા પાસેથી મેળવી. અશ્વિનને લગતા અલગ અલગ ક્ષેત્રોમાં તાજેતરમાં થયેલા કાર્યોના ફેરફારો વિશે માહિતી મેળવી. નીચે પ્રમાણેના અગત્યના ફેરફારોની નોંધ મેળવી. જેને લીધે નિદાન કરવાનું સરળ બન્યું.

★ **શિક્ષણ ક્ષેત્ર :** દોઢેક વર્ષથી અશ્વિનનું ભણવામાં મન લાગતું ન હતું. એકાગ્રતા (concentration) ઓછી થઈ ગઈ હતી. ગ્રહણશક્તિ (grasping) ઘણી જ ઘટી ગઈ હતી. સ્મરણ શક્તિ (memory) પર નકારાત્મક અસર થઈ હતી. ભણવાની ક્ષમતા દોઢેક વર્ષથી ઘટી ગઈ હતી. ૮મા ધોરણની વાર્ષિક પરીક્ષામાં ૮૫% માર્કસ મળ્યા હતા. ૯મા ધોરણની વાર્ષિક પરીક્ષામાં ૫૦% માર્કસ મળ્યા હતા. ૧૦મા ધોરણની યુનિટ ટેસ્ટમાં દરેક વિષયમાં માંડ માંડ પાસ થયેલ.

★ **મિત્રોનું ક્ષેત્ર (Peer group) :** થોડાક સમયથી પોતાના મિત્રો જોડે અશ્વિન રમવા જવાનું ટાળતો હતો. બિલ્ડિંગમાં ક્રિકેટ રમવા પણ જતો ન હતો. નોર્મલ સમયમાં અશ્વિન પોતાના અભ્યાસ સિવાયનો સમય મિત્રો જોડે પસાર કરતો હતો. રમતમાં સક્રિય ભાગ લેતો હતો. ટીમનો કેપ્ટન હતો.

★ પોતાના કઝીન જોડે પણ બહાર ફરવા ઘણા સમયથી ગયો ન હતો. એમની જોડે ફોન પર પણ વધારે વાતચીત કરતો ન હતો.

★ સ્કૂલની પિકનિકમાં પણ અશ્વિન ગયો ન હતો. જે બધા માટે નવાઈની વાત હતી.

★ **મનના લક્ષણો :** અશ્વિનને પોતાની આનંદદાયક પ્રવૃત્તિઓમાંથી રસ ઉડી ગયો હતો. વાંચનનો શોખ ખૂબ જ ઓછો થઈ ગયો હતો. પોતાનો આત્મવિશ્વાસ ઓછો થઈ ગયો હતો. "ભણવાનું એના માટે અઘરું છે, પરીક્ષામાં નાપાસ થશે" એવા નકારાત્મક વિચારો સતત આવતા હતા.

★ **ચીડિયાપણું :** નાની, નજીવી બાબતોમાં અશ્વિન જલ્દી ચિડાઈ જતો હતો. જે અશ્વિનના સ્વભાવની વિરુદ્ધ હતું.

★ **શારીરિક લક્ષણો :** ઉપર વર્ણવેલ લક્ષણો - ભૂખ ઓછી લાગવી, વજન ઘટી જવું, નબળાઈ, અશક્તિ લાગવી - ઉપરાંત અશ્વિનને વારંવાર માથાનો દુખાવો થતો હતો.

★ **ઊંઘ :** રાત્રે વ્યવસ્થિત ઊંઘ આવતી ન હતી. સવારમાં ઉઠવાનું મન થતું ન હતું. પરાણે ઉઠતો હતો. સવારમાં સ્ફૂર્તિ લાગતી ન હતી.

● **નિદાન :**

(૧) મનના તથા શારીરિક લક્ષણો, (૨) નોર્મલ શારીરિક વૈદ્યકીય તપાસ તથા (૩) નોર્મલ લેબોરેટરી તથા એક્સ-રે અને સોનોગ્રાફી તપાસ પરથી અશ્વિનનો કેસ કિશોરાવસ્થામાં ડિપ્રેશનની બીમારી (Adolescence Depressive Disease)નો કેસ છે.

અશ્વિનના કિસ્સામાં ડિપ્રેશનની બીમારી તરફ ધકેલનારા પરિબળો :

૧. **દાદાનું મૃત્યુ :** અશ્વિનમાં ડિપ્રેશનની બીમારીના લક્ષણો શરૂ થયા એના ચારેક મહિના પહેલાં એના દાદાનું અવસાન થયેલ. અશ્વિનના દાદા જોડે લાગણીભર્યા, હૂંફભર્યા સંબંધો હતા. દાદાના અવસાનથી અશ્વિનના સંવેદનશીલ મન પર ઊંડો આઘાત લાગ્યો હતો. લેખક જોડે આ વાત કરતાં અશ્વિનની આંખમાં આંસુ આવી ગયા હતા.

૨. **ખાસ મિત્રનો કાર અકસ્માત :** અશ્વિનને તકલીફોની શરૂઆત થઈ એના બેએક મહિના પહેલા એના ખાસ જીગરજાન મિત્રનો કાર અકસ્માત થયો હતો. મિત્ર એક દિવસ બેશુદ્ધ રહ્યો હતો. પગમાં ફ્રેક્ચર થયું હતું. ધીમે ધીમે મિત્રની તબિયત સુધારા પર હતી પરંતુ અશ્વિનના મન પર આઘાત લાગ્યો હતો.

૩. **કાકાને ડિપ્રેશનની બીમારી :** અશ્વિનના કાકાને ડિપ્રેશનની બીમારી થયેલ. સારવાર બાદ કાકા નોર્મલ છે તથા દવાઓ પણ બંધ છે.

ઉપરોક્ત પરિબળોનો (સામાજિક ઘટનાઓ તથા અનુવાંશિક પરિબળ) સમન્વય થતાં અશ્વિનના કિસ્સામાં મગજના જ્ઞાનતંતુઓમાં ન્યુરોટ્રાન્સમિટર્સની માત્રામાં ફેરફારો થતાં ડિપ્રેશનની બીમારી થયેલ.

● **સારવાર :**

૧. **કાઉન્સેલિંગ :** કોગ્નિટીવ બિહેવિયર થેરાપી (Cognitive Behaviour Therapy – CBT)ની અલગ અલગ પદ્ધતિઓ અપનાવી. અશ્વિન તથા તેના મમ્મી-પપ્પાએ સંપૂર્ણ સહકાર આપ્યો.

★ અશ્વિનને સ્કૂલના સમય બાદ બાહ્ય રમતમાં રસ લેવા પ્રોત્સાહિત કર્યો. મિત્રોને બોલાવી મમ્મીએ જાતે રસ લઈ અશ્વિનને રમત માટે મેદાનમાં મોકલાવવાની શરૂઆત કરી. શરૂઆતમાં અશ્વિન ના પાડતો, પરંતુ મમ્મી તથા મિત્રો મક્કમ રહેતા, અશ્વિને સહકાર આપ્યો. રમત રમ્યા બાદ અશ્વિનને સારું લાગતું. ધીમે ધીમે અશ્વિનને રમતમાં રસ આવવા માંડ્યો.

★ મમ્મીએ ઘરના કુટુંબીજનોની એક પિકનિકનું આયોજન કર્યું. આમાં અશ્વિનને જવાબદાર વ્યક્તિ તરીકે સક્રિય ભાગ આપ્યો. દરેક નિર્ણયો અશ્વિનની હાજરીમાં એના અભિપ્રાય પ્રમાણે લેવાતા. અશ્વિને ફોન કરીને બધા કુટુંબીજનોને આખા કાર્યક્રમ વિશે જાણકારી આપી. કાર્યક્રમ ખૂબ જ સફળ થયો. આથી અશ્વિનનો આત્મવિશ્વાસ વધ્યો.

આ પ્રકારના બીજા બે કાર્યક્રમોનું આયોજન અશ્વિને કર્યું. કાર્યક્રમો સફળ થયા અને અશ્વિનનો આત્મવિશ્વાસ વધતો ગયો.

૨. **દવાઓ :** ડિપ્રેશનની બીમારીમાં હતાશા પ્રતિરોધક દવાઓ (Antidepressant Medication) મુખ્ય ઘટક છે. ડિપ્રેશનની બીમારીમાં મગજમાં આવેલા મનના અવયવોમાં (લિમ્બિક સિસ્ટમ, એમીગડેલા, હિપ્પોકેમ્પસ, પ્રિ-ફ્રન્ટલ કોરટેક્ષ, હાઈપોથેલામસ વગેરેમાં) ન્યુરોટ્રાન્સમિટર્સની માત્રામાં ફેરફારો થાય છે. આ દવાઓથી આ ફેરફારો પૂર્વવત પ્રમાણે નોર્મલ થાય છે. જેથી મનના તથા શારીરિક લક્ષણો કાબૂમાં આવે છે.

ત્રણ મહિનાની સારવારમાં નોંધપાત્ર સુધારો થયો. અભ્યાસમાં મન લાગવા માંડ્યું, એકાગ્રતામાં વધારો થયો, ગ્રહણશક્તિ વધી. યુનિટ ટેસ્ટમાં સારા માર્કસ મળ્યા.

કિશોરો / કિશોરીઓમાં થતી ડિપ્રેશનની બીમારી વિશે ઊંડાણમાં આવતા લેખમાં જાણકારી મેળવીશું.

*(ક્રમશઃ)*

તીર્થ પટ

**હરીભાઈ ભીખાભાઈ પેઈન્ટર**

જૈન ધર્મના કેન્વાસ પેઈન્ટીંગ, તીર્થપટ, માર્બલ કાર્વિંગ તીર્થપટ - તીર્થ રચના બનાવનાર

★ તળાવ એરીયા, પ્રાઈમરી સ્કુલ સામે, પાલીતાણા-૩૬૪ ૨૭૦. ★ ૧૩, બાલમંદિર શોપીંગ સેન્ટર, તળેટી રોડ, પાલીતાણા.

Tel. : (02848) 252454 • Mo. 94262 46176, 99240 36761

સ્વાસ્થ્ય

# પિત્તાશયમાં થતી પથરી અને તેની સારવાર

ડૉ. તપન શાહ, M.S. (Gen Surgery) FMAS FICS (USA)

આજકાલ પથરી અને તેના દુખાવા વિશે રેડિયો, ટી.વી. અને છાપામાં ચર્ચાઓ થાય છે, પરંતુ તેના વિશે આપણને કેટલી ખબર છે? કોને બતાવવું, ક્યારે બતાવવું? સારવારના ઓપ્શન્સ શું છે?

- **પથરી વિશે જાણવા જેવું :**


શરીરમાં પથરી ઘણી જગ્યાએ થઈ શકે છે.

૧. કિડની, પેશાબની નળી, મૂત્રાશય

૨. પિત્તાશય, પિત્તની નળી

૩. સ્વાદુપિંડ (PANCREAS)

***અહીં આપણે પિત્તાશય તથા તેમાં થતી પથરી વિશે જાણીશું.***




પિત્તાશયનું કામ પિત્તનો સંગ્રહ કરવાનું છે. પિત્ત એક જાતનો અંતઃસ્ત્રાવ છે જે લીવરમાં બને છે અને ચરબીના પાચનનું કામ કરે છે. જ્યારે ઉપયોગ ના હોય ત્યારે પિત્તાશયમાં તેનો સંગ્રહ થાય છે અને તેને ઘટ્ટ બનાવે છે. પિત્તાશયમાં જ્યારે પથરી થાય છે ત્યારે તે તેમાં ચેપ - ઇન્ફેક્શન કરે છે. જેના કારણે નીચેનાં લક્ષણો જોવા મળે છે.

૧. પેટ ભારે થવું.

૨. પેટના ઉપરના ભાગમાં દુખાવો થવો.

૩. ઊલટી - ઊબકા આવવા.

૪. તાવ આવવો.

જો ઉપર પ્રમાણેના લક્ષણો જોવા મળે તો તરત જ ડૉક્ટરનો સંપર્ક કરવો.

પિત્તાશયની તકલીફના સંદર્ભમાં સોનોગ્રાફી તથા લોહીની તપાસ સૌપ્રથમ જરૂરી બને છે. જો કમળો થયો હોય અથવા તેના લક્ષણો જોવા મળે તો M.R.I. કરાવવો જરૂરી બને છે કે જેથી જાણી શકાય કે પથરી પિત્તની નળીમાં આવીને અટકી નથી ને?

એકવાર નિદાન થયા પછી ઑપરેશનનો પ્રકાર નક્કી કરવામાં આવે છે.

પિત્તાશયની પથરી દવાથી કાઢી શકાતી નથી તેમજ ખાલી પથરી કાઢી શકાતી નથી. તેમાં પિત્તાશય જ કાઢવું પડે છે અને જો પથરી પિત્તની નળીમાં અટકી હોય તો endoscopy કરીને, કાઢીને stent મૂકવામાં આવે છે.

***પિત્તાશયનું ઑપરેશન ૨ પ્રકારે કરવામાં આવે છે :***

૧. ટાંકાવાળું અથવા

૨. દૂરબીનથી - Laproscopy.

ઑપરેશન પછી દૂરબીનના ઑપરેશનમાં ૨ દિવસ અને ટાંકાવાળા ઑપરેશનમાં ૫-૬ દિવસ દાખલ રહેવાની જરૂર પડે છે.

ઑપરેશન પછી ખાવા-પીવામાં વધારે પરેજી રાખવાની જરૂર પડતી નથી. ફક્ત તેલવાળો, મસાલાવાળો તેમજ ચરબીવાળો ખોરાક પ્રમાણમાં ઓછો લેવો, નહીં તો પેટમાં ગેસ વધારે થવો અથવા ખોરાક લીધા પછી ઝાડા થવા જેવી તકલીફો જોવા મળે છે. ■

*લગ્નજીવન સાઈકલ જેવું છે. એનાં બંને ચક્રો જો બરાબર હોય તો તે ચાલે. એક ચક્રમાં પંક્ચર પડ્યું હોય તો બીજું ચક્ર સારું હોવા છતાં પણ નકામું છે.*

પ્રદેશ

# કામણગારું કચ્છ : ભુજની ભવ્યતા

દિનેશચંદ્ર જગજીવન શાહ

વિશ્વના પ્રવાસન ઉદ્યોગમાં કચ્છનું નામ અનેરી ઊંચાઈએ દાખલ થયું છે. આ ઉદ્યોગે કચ્છના વિકાસની નવી કેડી પ્રસ્થાપિત કરી છે. આજે માહિતી આપવી છે કચ્છના જોવાલાયક સ્થળોની. જેથી કચ્છના પ્રવાસે આવતી વ્યક્તિને કચ્છ વિશે જાણકારી મળે અને પ્રવાસમાં સુગમતા રહે.

શરૂઆત કરીએ કચ્છના પાટનગર ભુજથી. આ ભુજનું સ્થાપન સંવત ૧૬૦૫ માગસર સુદ પાંચમના તા. ૦૬-૧૨-૧૫૪૯માં થયું. જેની સાથે ભુજિયા ડુંગર પરના ભુજંગ નાગ વાર્તા સંકળાયેલ છે. ૨૩.૧૫ ઉત્તર અક્ષાંસ અને ૬૯.૪૦ પૂર્વ અક્ષાંસ પર આવેલ ભુજ શહેરની ઉત્તરે મોટું રણ છે. ભુજ શહેરમાં પાંચ નાકા અને છઠ્ઠી બારી આવેલી છે. ૨૬મી જાન્યુઆરી, ૨૦૦૧ના ભૂકંપે ભુજને તહસનહસ કરી નાંખ્યા બાદ આ શહેર પ્રજાના મનેબળથી નવસર્જન પામેલ છે. તેનો વિસ્તાર પણ ૫૬ કિલોમીટર સુધી વિસ્તર્યો છે. વર્ષોથી પ્રતિબંધિત રહેલા ઐતિહાસિક ભુજિયા ડુંગરની તળેટીમાં ભૂકંપથી મૃત્યુ પામેલ મૃતકોની યાદમાં ૪૬૦ એકર વિસ્તારમાં સ્મૃતિવનનું નિર્માણ રૂપિયા ૧૫૫ કરોડના ખર્ચે થઈ રહ્યું છે. જેમાં મૃતકોની યાદમાં ૩૩,૫૦૦ વૃક્ષો રોપાશે તથા ૫૦ જેટલા ચેક ડેમ પણ બનાવાશે જેથી આ વિસ્તાર હંમેશાં હરિયાળો રહે.

બોલીવુડની ફિલ્મોમાં ચમકતી છતરડી અને ગુજરાતના સૌથી જુના અને ખેંગારજી ત્રીજાના સમયમાં સ્થપાયેલા કચ્છ મ્યુઝિયમ પણ ભૂકંપ બાદ નવિનીકરણ પામેલ છે. તેમજ અહીંની જનરલ હોસ્પિટલનું નૂતનીકરણ ૧૦૦ કરોડના ખર્ચે કરવામાં આવ્યું છે. હાલ ત્યાંથી મેડિકલ કોલેજનું પણ વિદ્યાધામ ઊભું થયું છે. જેનું સંચાલન અદાણી ગ્રુપ દ્વારા થાય છે.

કચ્છ યુનિવર્સિટીની સ્થાપનાથી કચ્છનું એજ્યુકેશન ધોરણ એક આગવું સ્થાન ધરાવે છે. દેશભરમાંથી વિદ્યાર્થીઓ મેડિકલ, એન્જિનિયરિંગ, ભૂસ્તરશાસ્ત્ર વગેરેના અભ્યાસ માટે આવે છે.

આઇના મહેલ, પ્રાગમહેલ, હિલગાર્ડન, રાજેન્દ્રપાર્ક વગેરે ફરવાના સ્થળો મહત્ત્વના છે. હેન્ડિક્રાફ્ટના હબ ભુજોડી અને ત્યાં આવેલ હિરાલક્ષ્મી પાર્ક પણ કચ્છની અજરખ-બાટીકના કાપડ, વસ્ત્રો વગેરેની અગ્રીમ પસંદગી છે.

ભુજના ફરવા લાયક સ્થળોમાં પ્રાગમહેલ વિશે જણાવવાનું કે ઇટાલિયન બાંધણીના ઉત્કૃષ્ટ નમૂના રૂપ પ્રાગમહેલમાં પાશ્ચાત્ય અને ભારતીય કલાનો સુમેળ જોવાલાયક છે. તેમાં કચ્છ કલાનો સાંસ્કૃતિક વારસા સમા આઇના મહેલ, રાજવાટીકા, સુંદર ટાવર, ટીલામેડી, પંચતન દરગાહ, રાણી મહેલ, દાનેશ્વર મહાદેવ જેવા સુંદર જોવા લાયક સ્થળો આવેલાં છે.

**છતરડી :** કચ્છના સાંસ્કૃતિક વારસા સમી, મહારાવશ્રી લખપતજીની છતરડી શિલ્પ-સ્થાપત્યનો બેનમૂન સમૃદ્ધ વારસો છે. ત્યાં બોલીવુડની ફિલ્મોનું ચિત્રીકરણ થયેલ છે.

**કચ્છ મ્યુઝિયમ :** ગુજરાતનું સૌથી જૂનું, શિલ્પ, કલા, લઘુઉદ્યોગો, હુન્નર કલાના સચવાયેલા સુંદર નમૂનાઓ માણવાલાયક છે.

**હમીરસર તળાવ :** ભુજના હૃદયસમા વિશાળ તળાવ જેની વચ્ચે રાજેન્દ્ર પાર્ક આવેલો છે તે લખોટા બાગ તરીકે પણ ઓળખાય છે. અહીં દેશ-દેશાવરના વિવિધ પક્ષીઓનો નજારો માણવાલાયક છે.

**જમાદાર ફતેહ મહંમદનો ખોરડો :** કચ્છના કેમ્બવેલ તરીકે જાણીતા ફતેહ મહંમદના ખોરડામાં પથ્થર તથા લાકડાનું સુંદર કોતરકામ જોવાલાયક છે. બાજુમાં નાનીબા પાઠશાળા, જેમાં ઇ.સ. ૧૯૨૫માં જ્યારે પૂ. ગાંધીજી કચ્છમાં આવેલ ત્યારે ત્યાં રોકાણ કરેલ હતું.

**શરદબાગ :** મહારાજા પ્રાગમલજી બીજાએ બંધાવેલો આયુર્વેદિક વનસ્પતિ, તેમજ વિવિધ રંગોથી સુશોભિત બોટેનિકલ ગાર્ડન અને તેનો બંગલો તથા કોટાયના સૂર્યમંદિરની પ્રતિકૃતિ જોવાલાયક છે.

આ ઉપરાંત નવું સ્વામિનારાયણ મંદિર, કચ્છની કુળદેવી માં આશાપુરાનું મંદિર તથા હમીરસર તળાવ પાસે આવેલ રામકુંડ, નવું આકાર પામેલ હિલગાર્ડન, મહાદેવના નાકા પાસે આવેલ મોહંમદ પન્નાહની મસ્જિદ, ચાડવા રખાલ વગેરેની મુલાકાત પણ માણવા લાયક છે.

ભુજિયા ડુંગરની ભવ્યતા વિશે જાણવું પુરાતત્ત્વના વિદ્યાર્થીઓ માટે એક અભ્યાસ બની રહેશે.

ભુજિયા ડુંગરની દીવાલ જોતા એવું લાગે કે અહીં ચીનની દીવાલ ક્યાંથી આવી. આ તોતિંગ દીવાલ મૂળ તો કિલ્લો છે. એક સમયે શહેર આ કિલ્લાની વચ્ચે વસતું હતું, ૧૮મી સદીમાં બનેલ આ દીવાલ એક સામાન્ય દીવાલ નથી. બાંધકામની દૃષ્ટિએ પણ આ દીવાલ અભ્યાસનો વિષય છે. કાળમીંઢ પથ્થરની બનેલ આ દીવાલ ચીનની દીવાલ સાથે ઘણી સામ્યતા ધરાવે છે. બન્ને

(અનુસંધાન : જુઓ પાના નં.-૮૬ ઉપર)

કચ્છી ભાષાની પ્રસાદી

## મામઇદેવજી વાણી

# જડે મેઘો થીંધો રા, તડે મડઇ થીંધી મસાણ

મુકુંદ કે. મહેતા 'અલ્પ'

મામઇ દેવજી વાણીથી કોકજ કચ્છી અજાણ હુંધો. મામઈજી ભવિષ્યવાણી અખરે અખર સચી પણ પઈ આય.

મડઇ ઈતરે પાંજી કચ્છ મડઈ. કોક જમાને મેં મડઇ બંધરજી જાહોજલાલી, મું જેરા બુઝુર્ગે તો દઠાં જ હુનો.

મેઘો થીંધો રા, તડે મડઇ થીંધી મસાણ

હી મામઈજી વાણી, અજ મડઈજા હાલ દસીને સચ્ચા દશાજેંતી.

"મડઇ થીંધી મસાણ"જા બ અરથ પણ નકરેંતા. હકરો અર્થ ઇ ક જડે મહારાવશ્રી (માધુભા) વિજયરાજજી દેવ થ્યા તડેં ઈનીકે અગ્નિદાહ વિજયવિલાસ (મડઈમેં) મેં દેવાંણો. બ્યો અરથ ઇ ક મડઈજી જાહોજલાલી - આઝાદી પુઆ લુપ્ત થઈ વઇ. વેપાર વાણિજ્ય સમુરો બંધ થઈ વ્યો ને મડઈ સાવ સૂમ થઈ વઇ - મસાણ જેડી શાંતિ - સજી મડઈમેં પ્રસરી વઇ.

હી રીતે આઝાદી પુઆ રાવશ્રી મેઘરાજજી (મદનસિંહજી) જો રાજ્યાભિષેક તો નામમાત્ર જો થયો પણ ખરેખર તો રાજાશાહી લુપ્ત થઈ વઇ ને કચ્છ સી સ્ટેટમાં ચીફ કમિશ્નરની નિગેહબાની હેઠલ અચી વ્યો.

મુંકે ગાલ કઇણી આય મામઈજી વાણીજી, ને કેરી હૂઈ મડઈજી રોનક ને જાહોજલાલી તેંજી.

તો અચો, દશો મડઇ બંધરજી રોનક ને જાહોજલાલીજી કથા.

માડુજી ગ્રહ દશા ભધલે, તીં જમીનજી ગ્રહદશા પણ ભધલે તેંજો દાખલો મડઇ પૂરો પાડેતી. આઝાદી પેલાં દેશ-વિદેશમેં વ્યાપારીક વાવટા ફરકધા હુઆ ઇ મડઈજી હાલત અજ દયનીય થઈ વૈ.

કેરી હુઈ મડઈજી રોનક?

મડઈ બંધર સ્ટીમ્બરેંજી આવન જાવનથી સતત ધબકધો હો. કાંઠેવાળે નાકેથી કરીને ઠેઠ ધરિયા સુધી વ્યાપારીક પેઢીયું (વખારું) હારબંધ સતત વ્યાપારીક વ્યવહારથી કાર્યશીલ હુઇયું. વડે મેં વડી સ્ટીમર કંપની સિંધિયા સ્ટીમ નેવિગેશન અગ્રસ્થાને હુઇ. હી સ્ટીમ કંપની મારફતે કરોડો અબજો કોરીયેંજો વાણિજ્ય વ્યવહાર થીંધો હો. બઈ પણ ઘણી નંઢી - વડી કંપનીયું પણ કાર્યરત હુઇયું. ઈન સમયમેં ટ્રક ખટારેંજો તો અસ્તિત્વ જ ન હો. બળધ ગડા (ટેંકડા)થી બંધરથી ગામ, ને આજુબાજુજા શેરોમાંથી જે માલસામાન નિકાસ કરેલાય જેટી સુધી પુગધો હો ને દેશ-વિદેશમેં નિકાસ થીંધો હો.

વ્યાપારીયેંજી ભીડ ને ગડેથી ભીડ સતત ભરચક રોંધી હુઈ. નાકે બાર, ખલફાન પ્રાઈમસ સ્કુલ ને સરકારી એવી સ્કુલ ને નિશાળમેં નંઢે બાળકેંકે છડેલાય માવતરેં જોકે વિનણો પોંધો હો એરી ભીડ રોંધી હુઈ.

મડઇ તરમેં બસરેજી ખજુરજી વાડિયા ને કોલ્હાપુરી ગુળજી ભીલીયું સ્ટીમ્બર મારફતે અચધી હુઇયું ને શેરમેં ઈનજી ખાસ સ્પેશિયલ ધુકાનું હુઇયું. બ ઢીંગલે શેર (કચ્છી શેર) ખજુર ને બ ઢીંગલે શેર કોલ્હાપુરી ગુળ મલધો હો. મીઠાઈજી ગચ્ચ મડે ધુકાનુતેં ઘરાઉ ઘી જી મીઠાઈ મલધી હુઈ. વેજીટેબલ ઘી જો નાલો કેં સુણ્યો ન હુઓ. કચ્છી માડુમેં મીઠાશ ને ભાઈચારો બોરો હો, હિંધુ - મુસલમાન ભાઈચારેતી સંપીને રોંધા હુઆ.

વાહન વ્યવહારજી ગાલ કરીયાં, ત આજુબાજુજે ગામડેમેં વનેલાય બળધ રેંકડેજો વપરાશ થીંધો હો ને મડઈથી ભુજ વનેલાય સજે ડીં મેં હકડી લાલ મોટર ખાનગી કંપની હલાઈંધી હુઈ. મડઈથી ભુજજી ટિકીટ બ કોરી હુઈ, અડધી ટિકીટજી હકરી કોરી.

ગરીબ માડુ મડઈથી ભુજ ઊઠ ગાડીમેં મુસાફરી કરધા હોઆ. ઉઠ ગાડીજી ટિકીટ આધિયો (અઠ ઢંગલા) હોઆ. સાંજ જો છ વગે મડઈથી નકરલ માડુ ભરભાંખરે સવારજો ભુજ પોંચધો હો.

રેડિયેજો નાલો સુણ્યો ના હો, અમીર માડુ જે ઘરમેં કોક કોક ઘરમેં મૂડીવાજો સુણાંધા હો માડુએંજી આમદાની ઓછી હુઈ તીં જરૂરિયાત પણ સાવ મર્યાદિત હુઇ.

એકંદરે પ્રજા સંતોષથી રોંધી હુઈ ને કજીયા કંકાસ ઓછા થીંધા હુઆ.

ત્રાંભિયો, દોકડો, ઢીંગલો, ઢબુ, પાયલો, આઢીયો, કોરી, અડધીયો ને પાંચિયો — હી હો કચ્છજો ચલણ. પાંચિયો, ઢીંગો નાણો ઘણાય, મધ્યમવર્ગજે માડું જે ઘરજો સજે મહિનેજો કારોભાર દેઢ-બ પાંચિયેથી હલધો હો. ત્રે વર્ગજે કર્મચારીજો પગાર મહિને પંધરો કોરી, પટાવાળા જથે વર્ગજો પંજથી સત કોરી ને અમલધારજો પગાર વી થી પંજી કોરી હો. ગામડે ગામમં ધ્રૂ (તલાટી) રાજા જેડે રૂભાભથી કારભાર હલાઈંધો વો.

ગરીબ ખેડૂ વર્ગ બેહાલ વો. ખેતીજી જે પેધાસ થીયે તે મંજાથી રાજભોગ, હવાલદારથી કોટવાલ તલાટી સુધી હી મણે ઉપજેલ મોલ મંજાથી ભાગ પડાઈંધા હોવા. ખેડૂજે ભાગમેં મડ ૩૦-૪૦ ટકા અનાજ અચધો હો.

મુંકે માફ કરી જા, પણ મામઇ દેવજી વાણી, 'મડઇ થીંધી મસાણ'જી ગાલ કરધે કરધે ગાડી આડે પટે ચડી વઈ, પણ મુંકે લગેતો કે મડઈઝી તેં સમયજી પરિસ્થિતિ વાચક વર્ગ કે જણાયણી જરૂરી લગે તેંથી કલમ કે જરા છુટ દની આય. મૂળ ગાલ તે અચાં તો અજજી તારીખ મેં કચ્છમેં બે નંબરજો ગણાંધો મડઈ શેર અજ અંધારે મેં ઝોલા ખાયતો. નબળી લીડરશીપ, ઉપેક્ષિત

(અનુસંધાન : જુઓ પાના નં.-૮૬ ઉપર)



# બાલુડેં જયું ગાલિયું

**સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા**

## બચુડો

અધા : પુત્તર બચુડા?

બચુડો : કો અધા કુરો કમ આય?

અધા : પાંજે ગાભુકાકાજી છોરી વાલેકાકાજી છોરે ભેરી પેણઈ. પણ અનાંતા અઠવાડો નાંય થ્યો ને ઝઘડા કુરેજા થીંયેતા? જરા તપાસ ત કર...

બચુડો : (તપાસ કે ને ચેં) વાલેકાકાજો છોરો ને ગાભુકાકાજી છોરી ભેરા ભણ્યા તે તડેં વાલેકાકાજો છોરો ગાભુકાકાજી છોરી કે ચેં વે મું ભેરા વીંયા કર મુંજા અધા ગામડા વડેમેં વડા માહું અંઇ. સે છોરી સમજઈ કી કોઈ વડે હોદ્દે તે હુંધા. અતરે વીંયા કરેલા તૈયાર થે વઇ. પણ વીંયાં કે પુઆ ખબર પઈ ક વાલેકાકાજી ઉંમર ૧૦૮ વરે વી... ગામમેં સૌથી વડા વા. અતરે હાણે છોરીકે થીયેતો મુંકે છેતરેમેં આવઈ આય. તેમેં રોજ ઝઘડા થીંયેતા.

## ખિલજા મ ભલા

મેનેજર : (નોકરી માટેના ઉમેદવારને) તારું ક્વોલિફીકેશન શું છે?

ઉમેદવાર : સાહેબ, હું પીએચ.ડી. છું.

મેનેજર : સમજાયું નહીં. પીએચ.ડી?

ઉમેદવાર : હા... પાસ્ડ હાઈસ્કૂલ વીથ ડિફિકલ્ટી.

☺ ☺ ☺ ☺ ☺

ભક્ત : (સંતને નમસ્કાર કરી કહ્યું) પ્રભુ, એવી પત્નીને શું કહેવાય જે સુંદર હોય, બુદ્ધિશાળી હોય, સમજદાર હોય, ઈર્ષ્યાખોર ન હોય, રસોઈ પણ મજેદાર બનાવી શકતી હોય?

સંત : (આંખો બંધ રાખીને કહ્યું) વત્સ, આને અફવા કહેવાય.

☺ ☺ ☺ ☺ ☺

શિક્ષિકા : બોલ અમી, તારા ઘરમાં સૌથી નાનું કોણ છે?

અમી : મારા પપ્પા.

શિક્ષિકા : એ કઈ રીતે બને?

અમી : પપ્પા હજુ પણ મમ્મી સાથે જ સૂવે છે જ્યારે અમે બધા જુદા જુદા સૂઈએ છીએ.

☺ ☺ ☺ ☺ ☺

શિક્ષક : બાળકો, ઘરે ઘરે શૌચાલય બનાવવાના શું ફાયદા છે?

પપ્પુ : સર, વાતાવરણ શુદ્ધ રહે છે.

શિક્ષક : શાબ્બાસ. બીજો ફાયદો?

પપ્પુ : લાઈનમાં ઊભું રહેવું પડતું નથી અને થોડું થોડું આગળ સરકવું પડતું નથી.

☺ ☺ ☺ ☺ ☺

ઈલેશ : (તેના દોસ્ત મંગેશને) એક બેવફાની યાદમાં મેં જામ લઈ લીધો.

મંગેશ : વાહ... વાહ...

ઈલેશ : પછી બ્રેડ પર લગાવી ખાઈ ગયો. હું કાંઈ દારૂડિયો નથી.

☺ ☺ ☺ ☺ ☺

મમ્મી : રાજુ, ક્યાં જાય છે?

રાજુ : બાથરૂમમાં નહાવા માટે.

મમ્મી : પણ મોબાઈલ લઈને...?

રાજુ : હા... ડોલ ભરાય ત્યાં સુધી મારે શું કરવું?

☺ ☺ ☺ ☺ ☺

મોન્ટુ : કાલથી આપણે મળવાની જગ્યા બદલવી પડશે.

ગર્લફ્રેન્ડ : કેમ? આ જગ્યા શું ખોટી છે?

મોન્ટુ : તારી પોળના છોકરાઓ મારી પાછળ કૂતરા દોડાવે છે અને પાછા ગીત ગાતા ગાતા કહેતા હોય છે... ભાગે છે કેમ? જબ પ્યાર કિયા તો ડરના ક્યા...

☺ ☺ ☺ ☺ ☺

યુવક : (યુવતીને) આઈ લવ યુ.

યુવતી : જો હું પણ તને આઈ લવ યુ કહું તો તું શું કહીશ?

યુવક : ખુશીથી પાગલ થઈ, મરી જઈશ.

યુવતી : જા... તારી જિંદગી શાંતિથી જીવીજા. હું તને આઈ લવ યુ નહીં કહું... બસ?

☺ ☺ ☺ ☺ ☺

પ્રેયસી : ડિયર, તમે મારી નજીક આવી મારા કાનમાં અંગ્રેજીમાં મીઠું મીઠું બોલો... મને આ સાંભળવું બહુ જ ગમશે.

પ્રિયતમ : ધ્યાનથી સાંભળજે.... સોલ્ટ... સોલ્ટ...

☺ ☺ ☺ ☺ ☺

એક કાકી ત્રણ બાળકો સાથે બસમાં ચડ્યા.

કંડક્ટર : આ છોકરાંઓની ટિકિટ લેવી પડશે. કેટલી ઉંમર છે?

કાકી : નાનો બે વરસનો, વચલો અઢી વરસનો અને અને મોટો ત્રણ વરસનો.

કંડક્ટર : કાકી, ટિકિટ ભલે ના લો, પણ બાળકો વચ્ચે અંતર તો નવ મહિનાનું રાખીને કહો!

કાકી : દોઢ ડાહ્યા, તું ચાંપલાશ બંધ કર. વચલો મારી દેરાણીનો છે!

*૮/૨૬, ગંગામણિ ફ્લેટ્સ, વસંતનગર સોસાયટી, ગોપાલચોક, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮. ફોન : ૨૫૪૬૮૧૬૦*

# આંજો કાગર

આદિપુરમાં છેલ્લા લાંબા સમયથી પોસ્ટમેનની જગ્યા ખાલી હોવાથી ટપાલ અત્યંત અનિશ્ચિત રીતે મળે છે. માહે જુલાઇ અને ઓગસ્ટના 'મંગલ મંદિર'ના બે માસના અંકો ઓગસ્ટની ૨૪ તારીખે મળ્યા. આવા સંજોગોમાં પ્રતિભાવ, લેખો વગેરે મોકલવામાં ફરજિયાત મારી અનિયમિતતા થઈ જાય છે.

ગઈકાલે સપ્ટેમ્બરનો અંક મળ્યો.

સપ્ટેમ્બરના અંક માહેના વાર્તા, લેખો વિશે જણાવું તો, અંકોમાં પ્રતિભાસંપન્ન લેખો, વાર્તાઓ અંકને વિશેષ રોચક અને સમૃધ્ધ બનાવે છે. જે કાળજીથી અંકનું સંપાદન થાય છે તે ખરેખર સરાહનીય અને સંપાદક પાર્ટીને અભિનંદન આપવા લાયક છે.

સપ્ટેમ્બરના અંકમાં પ્રો. કે.ટી. શાહનો લેખ વાંચી માંડવી કચ્છ વિભાગમાંથી (૧૯૫૦-૫૧) લોકસભા માટેના સ્વતંત્ર પક્ષનાં ઉમેદવાર તરીકે તેઓ ઊભા હતા એ યાદ તાજી થઈ. હું તે સમયે જી.ટી.માં ભણતો હતો. અમે મિત્રો અમારી રીતે તેમનો પ્રચાર કરતા હતા.

અન્ય લેખોમાં શ્રી રજનીકુમારની વાર્તા ઝેર, હૃદયસ્પર્શી લાગી. હર્ષદ પંડ્યા - સત્યનો સાથ, આઈ.કે. વીજળીવાલા - ભગવાન પર ગુસ્સો, ઈલા શાહ - સમસ્યા સૌની વગેરે સામગ્રી અંકને સ્ટાન્ડર્ડ અંકનો દરજ્જો આપે છે.

ટૂંકમાં અંક પ્રગતિની ઊંચાઈને આંબવા પ્રતિબદ્ધ છે એ હકીકત સાબિત થાય છે.

'મંગલ મંદિર' સદા વધુ સમૃદ્ધ બનતું રહે એવી મનોકામના સાથે.

***મુકુંદ કે. મહેતા 'અલ્પ' - આદિપુર, કચ્છ***
***મો. ૯૯૦૯૭ ૨૩૭૮૩***

★

'મંગલ મંદિર'નો સપ્ટેમ્બર-૨૦૧૭નો અંક વાંચ્યો. વાંચીને મને લાગ્યું કે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા તાજેતરમાં પાલનપુરમાં આવેલ અભૂતપૂર્વ પૂર અને અતિવૃષ્ટિ સમયે, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે પોતાના ભૌગોલિક કાર્યક્ષેત્રની બહાર પણ સેવાનું જે કાર્ય કરેલ છે તેને ના બિરદાવીએ તો કદાચ એક કચ્છી જૈન તરીકે આપણે નગુણા કહેવાઈએ. તેથી આ 'આંજો કાગર' લખેલ છે. આવા સત્કાર્યની અનુમોદના જેટલી કરો તેટલી ઓછી છે. હું શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની આવા ઉમદા સેવાકાર્ય બદલ નતમસ્તક અનુમોદના કરું છું. આ પ્રસ્તાવના બાદ હું શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના આવા જ અન્ય સુકૃત્યો જે મારી જાણમાં છે, તે રજૂ કરવાનું અત્રે સુયોગ્ય અને યથોચિત લાગતાં નીચે પ્રમાણે પ્રસ્તુત કરું છું. આ પ્રસ્તુતિમાં કદાચ કોઈ મહત્ત્વનું કાર્ય રહી ગયું હોય તો ક્ષમાયાચના.

આમ તો સામાન્ય રીતે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું કાર્યક્ષેત્ર અમદાવાદ અને ગાંધીનગરના ભૌગોલિક વિસ્તાર પૂરતું જ સીમિત છે. પરંતુ જ્યારે કોઈ પણ કુદરતી આફતની ઘટના હોય કે અન્ય એવું કાર્ય જે સમાજના બહોળા વર્ગના કલ્યાણ અર્થે હોય અને ખાસ કરીને કચ્છી જૈનોના લાભ માટે હોય ત્યારે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ પોતાના ભૌગોલિક કાર્યક્ષેત્રની બહાર પણ સારા એવા સેવાના સુકાર્યો કરે છે. સેવાની કોઈ સીમા ના હોય, કોઈ સીમાડા ના હોય તેવી ઉત્તમ ભાવના માત્ર વિચારમાં નહીં પણ વ્યવહારમાં અમલ બહુ ઓછી સંસ્થાઓ કરે છે. જેમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ અપવાદ છે અને 'બહુજન હિતાય, બહુજન સુખાય' આ વાક્યને ધ્યાનમાં રાખીને અનેક પ્રવૃત્તિઓ કરે છે. સમાજના દરેક ઉંમરના સભ્યોની અલગ જરૂરિયાતોને ધ્યાનમાં લઈને વિવિધ સમિતિઓની રચના અને કાર્યક્રમોનું સુંદર અને સફળ આયોજન વખતોવખત કરે છે જેની નોંધ પણ લેવી જરૂરી છે.

વર્ષ ૨૦૦૬માં સુરતમાં આવેલ સૌથી ભયંકર પૂર કે રેલ વખતે અન્ય સેવા સમાજો, મંડળો, સંસ્થાઓ તથા મહાજનોની સાથે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે પણ સુરત સ્થાયી થયેલ કચ્છી જૈનોને સારી એવી સહાય કરેલ. તે ઉપરાંત લગભગ દસેક વર્ષ પહેલાં સમગ્ર દેશમાંથી કચ્છી જૈન યુવક યુવતીઓનો પરિચય મેળો તથા તેની સાથે થેલેસેમિયાના રોગની તપાસ પણ ખૂબ જ અલ્પ રજિસ્ટ્રેશન ફી લઈને બે દિવસ માટે લગ્નોત્સુક પાત્રની સાથે એક વડીલને રહેવા તથા જમવાની સુંદર વ્યવસ્થા કરેલ. જેનો હું વ્યક્તિગત સાક્ષી છું. તે ઉપરાંત સમગ્ર ગુજરાતના કચ્છી જૈન સેવા સમાજો, મંડળો અને મહાજનો જેવી સંસ્થાઓના આગેવાનોનું એક દિવસનું વિચાર વિમર્શ સંમેલનનું આયોજન પણ તદ્દન નિઃશુલ્ક કરેલ. જેનો સુખદ અનુભવ પણ વીસરાય નહીં.

વર્ષ ૨૦૦૬માં લગભગ આ જ મહિનામાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના અગ્રણીઓ સુરત પધારેલ અને સુરતની તમામ કચ્છી જૈન સેવા સંસ્થાઓ, મહાજનો, સમાજો અને મિત્રમંડળોના કાર્યકર્તાઓ અને આગેવાનોની એક બેઠક યોજેલ અને શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની માફક શ્રી કચ્છી જૈન સેવા સમાજ સુરત - નવસારીની સ્થાપના કરવા માટે પહેલ પણ કરેલ. જેના માટે ૨૪ કાર્યકર્તાઓની એક કાર્યકારી સમિતિની રચના પણ થયેલ અને જેમાં સહભાગી થવાનું સૌભાગ્ય મને પ્રાપ્ત થયેલ. કોઈપણ કારણસર શ્રી કચ્છી જૈન સેવા સમાજ સુરત - નવસારી પ્રગતિ ના કરી શક્યું. પણ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે દક્ષિણ ગુજરાતના કચ્છી જૈનોની એકતા અને ઉત્કર્ષ માટે સંન્નિષ્ઠ, સક્રિય અને પ્રશંસનીય કાર્ય કરેલ છે જેનો ઉલ્લેખ કરવો જરૂરી છે.

વર્ષ ૨૦૧૨માં સમસ્ત ગુજરાતના કચ્છી જૈન યુવક યુવતીઓ માટે બે દિવસની એક સુંદર અને સફળ વર્કશોપ પણ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે યોજેલ. હમણાં જ મારા હાથમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા નવેમ્બર ૨૦૧૭માં ૨૦થી ૪૦ વર્ષના કચ્છી જૈન યુવક યુવતીઓ માટે બે દિવસની એક સુંદર વર્કશોપના આયોજનનું પેમ્ફલેટ આવ્યું છે. જેમાં

વ્યાપારિક જાગૃતતા, વ્યાપારનો વિસ્તાર અને વ્યાપારને વેગ જેવા વ્યાપારને લગતા વિવિધ પાસાંઓ પર માર્ગદર્શન આપવામાં આવશે. અને *આ વર્કશોપનું સૌથી પ્રશંસનીય પાસું એ છે કે તેમાં ભાગ લેવા માટે કોઈ રજિસ્ટ્રેશન ફી નથી તથા બે દિવસના રહેવા જમવાની તમામ સવલત કે વ્યવસ્થા આયોજક સેવા સમાજ તદ્દન જ નિઃશુલ્ક કરશે!*

ભારતમાં ઘણા જૈન સમાજો, મંડળો, મહાજનો, ધાર્મિક અને સામાજિક સંસથાઓ કે સંસ્થાનો છે. મોટાભાગની સંસ્થાઓ આર્થિક રીતે સમૃદ્ધ પણ છે અને *ધાર્મિક પ્રસંગો ખૂબ ધામધૂમથી ઉજવે પણ છે અને તેવા પ્રસંગોએ તે સંસ્થાના સભ્યો બધા કાર્યક્રમો નિઃશુલ્ક માણે છે. પણ જ્યારે આવા સમાજસેવાના કાર્યો કરવાના હોય અને તે પણ સંસ્થાના સામાન્ય સદસ્યો સિવાયના માટે હોય ત્યારે ભાગ્યે જ નિઃશુલ્ક કાર્યક્રમો યોજાય છે.* આ કારણસર હું વ્યક્તિગત રીતે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદને એક આદર્શ સેવા સંસ્થા માનું છું. આ રીતે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ પોતાના નામમાં જોડાયેલ સેવા શબ્દને યથાર્થ ઠરાવે છે. આ વિશેષ સુકૃત્યો ઉપરાંત અન્ય નિયમિત સેવાઓમાં પાલડી ખાતે તબીબી સેવા અને કોઈ કોઈ કિસ્સામાં સહાય, ભોજનશાળા તથા અતિથિ ગૃહ, લગ્નોત્સુક યુવક યુવતી માટે રજિસ્ટ્રેશન કાર્ય તથા કારકિર્દી માટે માર્ગદર્શન ગણી શકાય. આજકાલ 'સૌનો સાથ સૌનો વિકાસ' આ વાક્ય બહુ જ ચલણમાં છે પણ તેને અમલમાં મૂકનાર બહુ ઓછી સંસ્થાઓમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ નેત્રદીપક છે. નવેમ્બર ૨૦૧૭માં ૨૦થી ૪૦ વર્ષના કચ્છી જૈન યુવક - યુવતીઓ માટે બે દિવસની વર્કશોપની સફળતા માટે શુભેચ્છા પાઠવીને વિરમું છું.

*પ્રવીણચંદ્ર શામજી શાહ (ધરમશી) - સુરત*
*મો. ૯૯૭૮૯ ૦૩૨૪૭*

# અન્ય સંસ્થાના સમાચાર

## શ્રી ગીતાબેન રાંભિયા સ્મૃતિ અહિંસા ટ્રસ્ટ

તા. ૨૭ ઓગસ્ટ, ૨૦૧૭ના રોજ ગીતાબેન રાંભિયાના ૨૪માં શહીદ દિન નિમિત્તે આંબાવાડી ગીતા સ્મારક પાસે ભાવભીની શ્રધ્ધાંજલિનો એક કાર્યક્રમ રાખવામાં આવેલ હતો. જેમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના માનદ્ મંત્રી શ્રી કે.આર. શાહ અને કચ્છી સમાજ - અમદાવાદના શ્રી મનસુખભાઈ પટેલ અને શ્રી વાલજીબાપા હાજર રહેલ. ઉપરાંત ગૌભક્ત ચૈતન્ય મહારાજ, માંડવીની પોળ એસોસિએશનના પ્રમુખ તથા ખાડિયા વિધાનસભાના ધારાસભ્ય ભૂષણભાઈ પટ્ટ, કોર્પોરેટર મયૂરભાઈ દવે, વી.એચ.પી.ના નારણભાઈ પટેલ, જાગૃતિબેન પંડ્યા, મેયરશ્રી ગૌતમભાઈ શાહ, ગૌસેવા આયોગના ચેરમેન શ્રી વલ્લભભાઈ કથીરિયા અને સંસ્થાના પ્રમુખ શ્રી હીરજીભાઈ પાસુભાઈ શાહ વગેરેએ કાર્યક્રમમાં હાજરી આપી શ્રધ્ધાંજલી આપી હતી.

ગૌરક્ષક ગીતાબેનને ૨૦૧૮-૧૯ના રોજ મરણોત્તર ગૌરક્ષક ઍવોર્ડ ગુજરાત સરકાર દ્વારા ૨૬મી જાન્યુઆરીના રોજ એનાયત કરવામાં આવશે. કચ્છની આ પ્રથમ મહિલા છે, જેને સરકાર તરફથી મરણોત્તર ઍવોર્ડ મળશે.

તેમજ રાષ્ટ્રીય પ્રવક્તા સ્વદેશી સ્વરાજ મંચના પ્રમુખશ્રીએ ભારત સરકારને રજૂઆત કરેલ છે કે ગૌરક્ષક ગીતાબેન રાંભિયાને 'ભારત રત્ન' ઍવોર્ડથી સન્માનિત કરવામાં આવે.

## કામણગારું કચ્છ : ભુજની ભવ્યતા

**(અનુસંધાન : પાના નં.-૮૨ ઉપરથી ચાલુ)**

